भगोयत्र, भगो अत्र । अघोयत्रा, अघो अत्र । अवर्णादिति किम् ? निधिरत्र । भोस् इत्यादय आमन्त्राणे सकारान्ता अव्ययाः ।

જે રુ પદાન્તે આવેલ હોય અને તે રુ ની બરાબર પૂર્વે અ વર્ણ રહેલો હોય તથા રુ ની પછી તરત જ સ્વર આવેલો હોય તો તે રુ ના બદલે ર્ નો ય થાય છે. તથા અવ્યયરૂપ ભોસ્, ભગોસ્ અને અઘોસ્ ના રુ ની પછી તરત જ સ્વર આવેલો હોય તો તે રુ ના ર્ નો પણ ય બોલાય છે.

कर् + आस्ते – कय् + आस्ते = कयास्ते=કોણ બેસે છે ?

भोर् + अत्र – भोय् + अत्र = भोयत्र=હે ! અહીં.

भगोर् + अत्र – भगोय् + अत्र = भगोयत्र=હે ! અહીં.

अघोर् + अत्र – अघोय् + अत्र=अघोयत्र=હે ! અહીં.

॥ ९ ॥ अवर्णभोभगोऽघोर्लुगसन्धिः १।३।२२

अवर्णाद्भो इत्यादिभ्यश्च रोर्घोषवति परे लुक् स्यात्, स च न सन्धिहेतुः । देवा यान्ति । भो यासि । भगो हस । अघो वद ।

પદાન્તે આવેલા રુ ના ર્ થી બરાબર પૂર્વે જો અ વર્ણ આવેલો હોય અને એ ર્ પછી તરત જ ઘોષ વ્યંજન આવેલો

હોય તો ર્ બોલાતો નથી, પણ લુપ્-લોપ-પામી જાય છે અને પછી લોપવાળા પ્રયોગમાં કોઇપણ પ્રકારની સંધિ થાય નહિ.

અ વર્ણ એટલે અ, આ, આ૩ એમ
देवार्+यान्ति=देवा यान्ति – દેવો જાય છે.
भोर्+यासि=भो यासि – ભો ! તું જાય છે.
भगोर्+हस=भगो हस – ભગો ! તું હસ.
अघोर्+वद=अघो वद – અઘો ! તું બોલ.

[१/३/२०, १/३/२१ તથા १/३/२२ માં સૂત્રમાં રુ નો જ ર્ સમજવો, પણ જે 'ર્' રુ નો ન હોય તે સમજવો.]

॥ १० घोषवति १।३।२१

अतः परस्य रेर्घोषवति उः स्यात् । धर्मो जयति ।
सामान्यशास्त्रतो नूनं, विशेषो बलवान् भवेत् ।
परेण पूर्वबाधो वा, प्रायशो दृश्यतामिह ॥१॥
रोरित्येव । प्रातर्याति ।

પદાન્તે આવેલા અ પછી તરત જ રુ નો ર્ આવ્યો હોય અને પછી તરત જ ઘોષ વ્યંજન આવ્યો હોય ત્યાં ર્ ને બદલે उ થાય છે.

धर्मर्+जयति – धर्मउ+जयति = धर्मो जयति (જુઓ १/२/६) ધર્મ જય પામનાર છે.

प्रातर् + याति=प्रातर्याति=સવારે તું જાય છે. આમાં ર નો ર ન હોવાથી પ્રાતર્યાતિ એમને એમ જ થાય.

॥ ११ ॥ रो रे लुग् दीर्घश्चादिदुतः १।३।४१

रस्य रेफे परे लुक् स्यात्तत्सन्नियोगे च पूर्वस्थानां अ इ उ इत्येषां दीर्घः । मुनी राजते । साधू राजते । पुना रमते । अकारात्परस्य रेस्तु घोषवतीत्युकारः । जिनो राजते ।

ર પછી તરત જ ર આવી જાય તો આગલો ર બોલાતો નથી. પણ નહીં બોલાતા ર થી તરત જ પૂર્વમાં અ હોય તો આ બોલાય છે, ઇ હોય તો ઈ અને ઉ હોય તો ઊ થાય છે.

અ નો આ–पुनर् + रात्रिः पुना रात्रिः = ફરીને રાત.
અ નો આ–पुनर् + रमते = पुना रमते = ફરીને રમે છે.
ઇ નો ઈ–मुनिर् + राजते = मुनिराजते = મુનિ શોભે છે.
ઇ નો ઈ–अग्निर् + रथेन = अग्निरथेन = રથ વડે અગ્નિ.
ઉ નો ઊ–साधुर् + राजते = साधूराजते = સાધૂ શોભે છે.

॥ १२ ॥ रो लुप्यरि २।१।७५

रेफवर्जिते वर्णे परे पदान्तस्थस्याह्नो नस्य स्यादिलुपि सत्यां रः स्यात् । अहरधीते । अहर्गणः । लुकि तु—

વિભક્તિનો લોપ થયા પછી અહન્ શબ્દના પદાન્તે આવેલા વ્યંજનનો ર્ થાય છે, જો તે છેડાના વ્યંજન પછી ર ન હોય તો.

આ સૂત્ર દ્વારા એ યાદ રાખવાનું છે કે—ર્ ને રુ ના ર્ થી જુદો જ ગણવાનો છે એથી આ ર્ ને ૧/૩/૨૦ અને ૧/૩/૨૧ સૂત્ર ન લાગે.

अहन् + सू = अहन् = अहर् अधते – દિવસે ભણે છે.
,, ,, ,, ,, अहर्दत्ते – દિવસે આપે છે.

॥ १३ ॥ अह्नः २।१।७४

अहन्संबन्धिनो नस्य पदान्ते रुः स्यात् । हे दीर्घाहो निदाघ । अरीति किम् । अहोरूपम् ।

अहन् શબ્દમાં પદાન્તે આવેલા ન્ નો ર બોલવો.

સંબો. એ. વ. दीर्घाहन् + सू = दीर्घाहर् = दीर्घाहः – हे दीर्घा हो निदाघः – હે લાંબા દિવસવાળા ઉનાળા ! પ્ર. એ. વ. दीघाहा निदाघः – લાંબા દિવસવાળો ઉનાળો.

अहो रुपम् – अहन् + रुपम् = अहोरुपम् – દિવસનું રૂપ થયું. પણ અહીં અંત્ય વ્યંજન પછી ર્ આવ્યો છે તેથી अहर्रुपम् નું अहारुपम् ન થયું.

॥ १४ ॥ वाऽहर्पत्यादयः १।३।५८

एषु विसर्गाद्यभावो वा स्यात् । अहर्पतिः । अह>पतिः । अहःपतिः । गीर्पतिः । गी>पतिः । गीःपतिः ।

'अहर्पति' वगेरे अनेक એવા शब्दो छे. જેમાં र् नो विसर्ग विકલ્પે थाय छे. એકવાર विसर्ग બોલાય અને એકવાર र् પણ બોલાય तथा એ જ शब्दोमां १/३/२१ नियम द्वारा र् नो उ विકલ્પે थाय छे એટલે એકવાર विसर्ग બોલાય छे अने એકવાર उ પણ બોલાય छे अने ते उ नो ओ थाय छे.

अहर् + पतिः = अहर्पतिः अथवा अहःपतिः = सूर्य.

अहर् + पतिः = अह>पतिः = सूर्य.

गीर् + पतिः = गीर्पतिः, गी>पतिः अथवा गीःपतिः = गिरानो पति, पंडित.

॥ १५ ॥ एतदश्च व्यञ्जनेऽनग्नञ्समासे १।३।४६

एतच्छब्दात्तच्छब्दाच्च परस्य सेर्व्यञ्जने परे लुक् स्यात् । एष दत्ते । स लाति । अकि नञ्समासे च न । एषकः कृती । सको याति । अनेषो याति । असो वाति ।

एतद् शब्द अने तद् शब्दने लागेलो प्रथमा એક

વચનનો સ્ (સિ) પ્રત્યય, તેના પછી તરત જ કોઇ પણ વ્યંજન આવેલો હોય તો બોલાતો નથી.

જે एतद् તથા तद्र શબ્દને अक પ્રત્યય લાગેલો હોય તેને અહીં લેવાનો નથી તથા જે एतद् તથા तद् શબ્દ नञ् સમાસમાં આવેલો હોય તેને પણ અહિં લેવાનો નથી.

एष + सि + दत्ते – एष दत्ते – એ આપે છે.
स + सि + लाति – स लाति – તે લે છે–ગ્રહણ કરે છે.
अक – एषक + सि + कृति – एषकः कृती – એ વિદ્વાન્
सक + सि + याति – सकोयाति – તે જાય છે.

नञ्। સમાસ – अनेष + सि + याति = अनेषो याति – એ નહીં એવો જાય છે.

अस + सि + याति = असो याति – તે નહીં એવો જાય છે.

॥ १६ ॥ तदः सेः स्वरे पादार्था १।३।४५

तच्छब्दात्परस्य सेः स्वरे परे लुक् स्याद्यदि ।
सेर्लुकि सत्यामेव श्लोकादिपादः पूर्येत ।
सैष दाशरथीं रामः सौषधीरनुरुध्यति ।।
अन्यत्र यथाप्राप्तम् ।
स एष भरतो राजा स एष नलभूपतिः ॥२॥

સર્વનામ त શબ્દને લાગેલો પ્રથમા એકવચનનો પ્રત્યય

स् (सि्) ने तेनी पछी तरत ज स्वर आवेलो होय अने पादनी – श्लोकना चरणनी पूर्ति करवानुं प्रयोजन होय तो बोलवामां आवतो नथी.

तद् + सि = सः + एष दाशरथी रामः – स + एष + दाशरथी रामः – सैष दाशरथी रामः – ते आ दशरथनो पुत्र राम.

(उपरना उदाहरणमां पादनी सरखाई माटे प्रथमा एकवचन होवा छतां नहीं बोलवुं.)

स एष भरतो राजा—आ पादमां प्रथमा एकवचन बोलवानी जरूर छे. अहीं पण उपरना दृष्टांतनी जेम एकवचनने नहीं बोलवानो आग्रह राखवामां आवे तो 'सैष भरतो राजा' एम उद्दो छंदनो भंग थशे. कारण पादमां आठ अक्षरो होवा जोईए. तेथी आ प्रयोगमां पादनी सरखाई माटे प्रथमा एकवचनने बोलवुं ज जोईए.]

॥ १७ ॥ न सन्धिः १।३।५२

उक्तः सर्वोऽयं सन्धिर्विरामे न स्यात् । दधि अत्र । जिनः जयति ।

संहितैकपदे नित्या, नित्या धातूपसर्गयोः ।
नित्या समासे वाक्ये तु, सा व्यपेक्षामपेक्षते ॥३॥

વિરામમાં આવેલાં કોઇ પણ સ્વર કે વ્યંજનના ઉચ્ચારણમાં કશો ફેર પડતો નથી.

दधि + अत्र = दध्यत्र न थाय–દહીં અહીં [અહીં દધિ બોલીને અટકવું અને ત્યારબાદ જ અત્ર બોલવું.]

जिनः जयति – જિનેશ્વર પરમાત્માનું મંદિર જય પામે છે. આ પાસે–પાસેના શબ્દો વચ્ચે વચ્ચે અટકીને બોલાય તો જ વિરામમાં આવેલા છે એમ સમજવું.

સંધિ કયાં કરવી જોઈએ તથા સંધિ કરવાનું કયાં અનિયત છે. અર્થાત્ બોલનારની ઇચ્છા પર અવલંબે છે તે અંગે વૈયાકરણોએ ઉપરનો નિયમ આપેલ છે.

જયાં એક જ પદ હોય ત્યાં સંધિ કરવી જ જોઈએ.

એક પદ–नदी + औ – नद्यौ । वधू + औ = वध्वौ । जन + ऐस् – जनैः વગેરે.

જયાં ધાતુ અને ઉપસર્ગ વચ્ચે સંધિનો સંભવ હોય ત્યાં સંધિ કરવી જ જોઇએ.

ધાતુ અને ઉપસર્ગ–उद् + नमति – उन्नमति । उद् + सरति – उत्सरति । उत् + टङ्कते = उट्टङ्कते । આ પ્રયોગમાં સંધિ કર્યા વિનાનાં उद्नमति વગેરે પદો બોલાય જ નહીં.

સમાસ–અધ્યારુઢ. અહીં અધિ અને આરૂઢનો સમાસ છે તેથી અધિઆરુઢ એમ ન બોલાય. મિષ્ટાન્ન–અહીં પણ મિષ્ટ-અન્ન ન થાય.

વાકય—જ્યાં કોઇ વાકય હોય ત્યાં બોલનારની ઇચ્છા સંધિ કરવાની હોય તો સંધિ કરે અને ઇચ્છા ન હોય તો સંધિ ન કરે.

।। इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय
श्री विनयविजयगणिविरचितायां हेमलघुप्रक्रियायाम्
रेफसन्धिः समाप्तः ।।



अथ विभक्तिर्विभाव्यते ॥

॥ १ ॥ अधातुविभक्तिवाक्यमर्थवन्नाम १।१।२७

धातुविभक्त्यन्तवाक्यवर्जमर्थवच्छब्दरूपं नाम स्यात्ततः स्यादयः सप्त विभक्तयो योज्यन्ते ।

જે ધાતુ રૂપ ન હોય અર્થાત્ ક્રિયાપદરૂપ ન હોય એટલે કે અ ધાતુ જ હોય, જેને છેડે વિભક્તિ ન લાગેલી હોય તથા જે વાકયરૂપ ન બનેલ હોય એવો કોઈ પણ શબ્દ જો અર્થ-વાળો હોય તો તેને નામરૂપ સમજવો. જેમ કે-વૃક્ષ, સ્વર, ધવ અને ચ આ ચારે શબ્દોમાં કોઈ પણ શબ્દ ધાતુરૂપ નથી, વિભકત્યંત પણ નથી અને વાકયરૂપ પણ નથી તથા તે પ્રત્યેક શબ્દ અર્થવાળો પણ છે માટે તે પ્રત્યેક શબ્દ નામરૂપ કહેવાય. વૃક્ષ = ઝાડ. સ્વર્ – સ્વર્ગ. ચ – અને. ધવ – પીપળાનું ઝાડ અથવા પતિ – ધણી.

અહન્ એ ક્રિયાપદ છે માટે નામ ન કહેવાય. 'અહન્' એ 'હન્' ધાતુનું ભૂતકાળનું રૂપ છે. વૃક્ષાન્ એ વિભકત્યન્ત પદ છે. વૃક્ષ શબ્દનું દ્વિતીયાનું બહુવચન છે માટે નામ ન કહેવાય. સાધુઃ ધર્મં બ્રુતે એ વાકયરૂપ છે માટે નામ ન કહેવાય. અહન્– હણ્યું. વૃક્ષાન્ – વૃક્ષોને. સાધુઃ ધર્મં બ્રુતે – સાધુ ધર્મને બોલે / કહે છે.

॥ २ ॥ स्यौ जसित्यादि १।१।१८

सि औ जस् इति प्रथमा । अम् औ शस् इति द्वितीया । टा भ्यां भिस् इति तृतीया । ङे भ्यां भ्यस् इति चतुर्थी । ङसि भ्यां भ्यस् इति पञ्चमी । ङस् ओस् आम् इति षष्ठी । ङि ओस् सुप् इति सप्तमी । तत्राप्यर्थैकत्वविवक्षायां प्रथमैकवचनं सिः । इकार उच्चारणार्थ इत् । देव स् इति स्थिते । सो रुः । रः पदान्ते विसर्गस्तयोः । देवः । द्वित्वे, देव औ । ऐदौत्सन्ध्यक्षरैरिति । देवौ । बहुत्वे, देव जस् । जकारो विशेषणार्थः ।

स्यौजस्–अमौशस्–टाभ्यांभिस्–ङेभ्यांभ्यस्–ङसिभ्यांभ्यस्–ङसोसाम्–ङ्योस्सुपां त्रयी त्रयी प्रथमादिः ।

१	सि	औ	जस्	प्रथमा	विभक्ति	કહેવાય.
२	अम्	औ	शस्	द्वितीया	,,	,,
३	टा	भ्याम्	भिस्	तृतीया	,,	,,
४	ङे	भ्याम्	भ्यस्	चतुर्थी	,,	,,
५	ङसि	भ्याम्	भ्यस्	पंचमी	,,	,,
६	ङस	ओस्	आम्	षष्ठी	,,	,,
७	ङि	ओस्	सुप्	सप्तमी	,,	,,
८	सि	औ	जस्	आमंत्रण	,,	,,

આમ આઠ વિભક્તિઓ ગણાવી શકાય ખરી, પણ પ્રથમા

અને આમંત્રણ વિભક્તિ બન્ને એક સરખી છે. માટે કુલ વિભક્તિઓ સાત જ છે, આઠ નહીં. અને બીજી રીતે વિચારીએ તો સિ ઔ જસ્ એ એક પ્રથમ ત્રુમખું છે અને એથી એની જેવાં બાકીનાં બીજા કુલ છ જ ત્રુમખાં છે તેથી 'સાત જ' અર્થ આપોઆપ થઈ જાય છે. જો કોઈ આઠમું, નવમું કે દશમું જૂમખું હોત તો જરૂર આઠ કે તેથી આગળ સંખ્યાનો અર્થ થાત, પણ એવું નથી તેથી સાત આગળ જ અટકી જવું પડે છે.

॥ ३ ॥ अत आः स्यादौ जस्भ्याम्य १।४।१

स्यादौ जसि भ्यामि ये च परे अत आः स्यात्। ततः समानानां तेनेति दीर्घे, देवाः।

अदीर्घो दीर्घतां याति नास्ति दीर्घस्य दीर्घता।
पूर्वं दीर्घस्वरे दृष्टे परलोपो विधीयते ॥१॥

यद्वा 'पर्जन्यबल्लक्षणप्रवृत्तिः' इति दीर्घस्यापि दीर्घत्वम्। द्वितीयैकवचने, देव अम्—

નામના અ કાર પછી તરત જ સ્યાદિ વિભક્તિના જસ્, ભ્યામ્ અને ય પ્રત્યય લાગેલો હોય તો તે અ કારનો આ થાય છે.

देव + जस् = देवा + अस् (જુઓ ૧/૨/૧) देवास् = (જુઓ ૨-૧-૭૨) સ નો ર્) देवार (જુઓ ૧/૩/૫૩)= देवाः = દેવો.

देव + भ्याम् = देवाभ्याम् = બે દેવો વડે, બે દેવો માટે અથવા બે દેવોથી.

सुख + य = सुखाय-સુખને માટે.

॥ ४ ॥ समानादमोऽतः १।१।४६

समानात्परस्यामोऽकारस्य लुक् स्यात् । देवम् । देवौ । बहुवचने, देव शस् । शकारः प्राग्वत् ।

જેને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર છે એવા નામની પછી લગોલગ દ્વિતીયાના એકવચનનો अम् પ્રત્યય આવેલો હોય તો अम् પ્રત્યયના अ નું ઉચ્ચારણ ન કરવું-લોપ કરી દેવો.

अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ – આટલા (દશ) સમાન સંજ્ઞાવાળા સ્વરો છે. (જુઓ ૧/૧/૭)

પું. अ – देव + अम् = देव + म् = देवम् = દેવને.

સ્ત્રી. आ – माला + अम् = माला + म = मालाम् = માલાને.

એવી જ રીતે मुनिम् – મુનિને. साधुम् – સાધુને. बुद्धिम्– બુદ્ધિને. धेनुम् – ગાયને. नदीम् – નદીને. वधूम् – વહુને. વિગેરે ઉદાહરણો જોઇ લેવા.

॥ ५ ॥ शसोऽता सश्च नः पुंसि १।४।४९

शस्संबन्धिनाऽकारेण सह पूर्वसमानस्य दीर्घः स्यात्, तत्सन्नियोगे च पुंलिङ्गे शसः सस्य नः स्यात्। देवान्। तृतीयैकवचने, देव टा। टकार इत्—

જે નામને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર આવેલો હોય તે નામ પછી દ્વિતીયાના બહુવચનનો 'शस्' પ્રત્યય લાગેલો હોય તો નામના છેડાનો સમાનસંજ્ઞક સ્વર અને अस् (शस्) નો अ એ બન્નેને સ્થાને દીર્ઘ સ્વરનું ઉચ્ચારણ કરવું—એટલે નામને છેડે જે સમાનસંજ્ઞક સ્વર હોય તેને દીર્ઘ બોલવો તથા નામ પુલ્લિંગમાં હોય તો જ अस् ના स નો न् બોલવો. પુલ્લિંગમાં ન હોય તો स એમનો એમ જ રહે અને તેનો र् થઈને વિસર્ગ થઈ જાય.

પુંલ્લિંગ—

સમાનસંજ્ઞક સ્વર अ – देव + अस् = देवास् – देवान् = દેવોને.

,, ,, इ – मुनि + अस् = मुनीस् = मुनीन् = મુનિઓને.

સ્ત્રીલિંગ—

સમાનસંજ્ઞક સ્વર आ – माला + अस् = मालास् = मालाः = માલાઓને.

,, ,, ई – नदी + अस् = नदीस् = नदीः = નદીઓને.

ઉપર જણાવેલ સ્ત્રીલિંગી પ્રયોગોમાં કયાંય સ નો ન્ થાય જ નહીં.

॥ ६ ॥ टाङसोरिनस्यौ १।४।५

आत्परयोष्टाङसोरिनस्यौ स्याताम् । देवेन । अतः आः स्यादौ इत्याऽऽत्वे । देवाभ्याम् ।

નામને છેડે આવેલા અ પછી તરત જ તૃતીયાના એક વચનનો ટા પ્રત્યય આવેલો હોય તો ટા ને બદલે इन બોલવો તથા નામને છેડે આવેલા અ પછી ષષ્ઠીના એકવચનનો ङस् પ્રત્યય આવેલો હોય તો ङस ને બદલે स्य બોલવો.

देव + टा = देव + आ = देव + इन = देवेन=દેવ વડે.

यद् + ङस = यद् + अस = य + अस् = य + स्य = यस्य - જેનું. (२/१/४१)

॥ ७ ॥ भिस ऐस् १।४।२

आत्परस्य स्यादेर्भिस ऐस् स्यात् । देवैः । चतुर्थ्यैकवचने, देव ङे । ङकारो ङित्कार्यार्थः सर्वत्र ।

નામના અ કાર પછી તરત જ સ્યાદિ વિભક્તિનો भिस् પ્રત્યય આવેલો હોય તો भिस् ને બદલે ऐस् બોલાય છે.

देव + भिस् = देव + ऐस = देवैः (જુઓ ૧–૨–૧૨ તથા ૨–૧–૭૨ તથા ૧–૩–૫૩)

॥ ८ ॥ ङेङस्योर्यातौ १।४।६

अकारात्परस्य ङेर्यो, ङसेश्च आत् स्यात् । अत आ इत्यात्वे देवाय । देवाभ्याम् । देव–भ्यस् इति स्थिते—

નામને છેડે આવેલા અ પછી તરત જ ચતુર્થી વિભક્તિનો ङे પ્રત્યય આવેલો હોય તો તેને બદલે य બોલવો તથા પંચમી વિભક્તિનો ङसि પ્રત્યય આવેલો હોય તો તેને બદલે आत् બોલવો.

देव + ङे = देव + ए = देव + य = देवाय – દેવને માટે (જુઓ ૧–૪–૧)

देव + ङसि = देव + अस् = देव + आत् = देवात् – દેવથી (જુઓ ૧/૨/૧)

॥ ९ ॥ एद्बहुस्भोसि १।४।४

बहुत्वे स्यादौ सादौ भादौ ओसि च परेऽत एत्स्यात् । देवेभ्यः । पञ्चम्येकवचने, देव ङसि । इकारो ङसो विशेषार्थः । ङेङस्योरित्यात् । देवात् । देवाभ्याम् । देवेभ्यः । टाङसोरिति ङसः स्याऽऽदेशे, देवस्य । ओस्येत्वेऽयादेशे, देवयोः । देव–आम् इति स्थिते—

આદિમાં સ કારવાળા અને મ કારવાળા બહુવચનના સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય તથા ઓસ્ પ્રત્યય લાગેલો હોય તો તેનાથી બરાબર પૂર્વે આવેલા નામના અંત્ય અ ને સ્થાને ए બોલાય છે.

આદિમાં स – इदम् + सुप्=इदम्+सु = अ+सु = एषु – એઓમાં (જુઓ ૨/૧/૩૬ તથા ૨/૩/૧૫)

આદિમાં भ् – इदम् + भिस् = अ + भिस् = एभिः – એઓ વડે. (જુઓ ૨/૧/૩૬, ૨/૧/૭૨ તથા ૧/૩/૫૩)

ओस् = देव + ओस् = देवे + ओस् = देवय् + ओस् = देवयोः – બે દેવોનું અથવા બે દેવોમાં (જુઓ ૧/૨/૨૩, ૨/૧/૭૨ તથા ૧/૩/૫૩)

ઉપરના ઉદાહરણ માટે ખાસ એ લક્ષ્ય રાખવાનું છે કે– જે વ્યંજન સ્વર વગરનો હોય તેને પછી તરત જ આવેલા સ્વર સાથે જોડી દેવો.

देवय् + ओस् = देवयोः ।

॥ १० ॥ ह्रस्वाऽऽपश्च १।४।३२

ह्रस्वादावन्तात् स्त्रीदूदन्ताच्च परस्यामो नाम् स्यात् ।

જે શબ્દના છેડાનો સ્વર હ્રસ્વ છે તેવા શબ્દોને, જે શબ્દોને સ્ત્રીલિંગસૂચક આય્–આ–પ્રત્યય લાગેલો છે તેવા શબ્દોને તથા સ્ત્રીલિંગી દીર્ઘ ઈ કારાંત તથા દીર્ઘ ઊ કારાન્ત શબ્દોને–

એ દરેક શબ્દોને લાગેલા ષષ્ઠી બહુવચનના આમ્ પ્રત્યયને બદલે નામ્ બોલવો.

હ્રસ્વ–અ પું. देव+आम्=देव+नाम्=देवानाम्–દેવોનું.
,, –इ સ્ત્રી. मति+आम्=मति+नाम्=मतीनाम्–મતીઓનું.
,, –उ પું. भानु+आम्=भानु+नाम्=भानूनाम्–સૂર્યોનું-ભાણોનું.
દીર્ઘ–આ સ્ત્રી. माला+आम्=माला+नाम्=मालानाम्–માળાઓનું.
,, –ई સ્ત્રી. स्त्री+आम्=स्त्री+नाम्=स्त्रीनाम्–સ્ત્રીઓનું.

॥ ११ ॥ दीर्घो नाम्यतिसृचतसृभ्यः १।४।४७

तिसृ–चतसृ–परान्तवर्जसमानस्य नामि परे दीर्घः स्यात् । देवानाम् । सप्तम्येकवचने, देवे । द्विवचने, देवयोः । बहुवचने, एद्बहुस्भोसि इत्येत्वे, देव–सु इति स्थिते—

નામને છેડે સમાન સંજ્ઞાવાળો સ્વર હોય અને તેને લગોલગ ષષ્ઠીના બહુવચનનો નામ્–આમ્–પ્રત્યય લાગેલો હોય તો તે સમાન સંજ્ઞક સ્વરનું દીર્ઘ ઉચ્ચારણ થાય છે.

देव + आम् = देव + नाम् = देवानाम् – દેવોનું. તેવી જ રીતે वनानाम् = વનોનું. मुनिनाम् = મુનિઓનું. साधूनाम् = સાધુઓનું અને पितॄणाम् = પિતાઓનું. (જુઓ ૧/૪/૩૨) ઉપરના ચારેના ઉદાહરણો ઉપર મુજબ સમજી લેવા.

तिसृ શબ્દ, चतसृ શબ્દ તથા ष કારાંત અને र કારાંત નામોનો આ નિયમ ન થાય.

तिसृ+आम्=तिसृ+नाम् = तिसृणाम्–ત્રણ સ્ત્રીઓનું. વિગેરે સમજી લેવું.

॥ १२ ॥ नाम्यन्तस्थाकवर्गात् पदान्तः कृतस्य सः शिड्नान्तरेपि २।३।१५

नाम्यन्तस्थाकवर्गेभ्यः परस्य पदमध्ये वर्तमानस्य केनचित् सूत्रेण कृतस्य सस्य षः स्यात्, शिटा नकारेण च व्यवधानेपि स्यात् । देवेषु ।

નામી સ્વર, અંતસ્થ અક્ષરો અને ક વર્ગના અક્ષરો પછી આવેલા અને પદની મધ્યે રહેલા તથા કોઈ નિયમથી કરેલાં અથવા કોઇ નિયમથી કરેલા અક્ષરમાં રહેલાં સ્ નો ષ થાય છે. નામી, અંતસ્થ અને ક વર્ગ થઈ પછી તરત સૂ આવેલો હોય અથવા તે બેની વચ્ચે શિટ્ અક્ષરો આવેલા હોય અને ન કાર આવેલો હોય તો પણ સ નો ષ થઈ જાય છે.

દેવ + સુ = દેવેષુ – દેવોમાં.
આશિ + સ્ + આ = આશિષા – આશિષ વડે
નદી + સુ = નદીષુ – નદીઓમાં. વાયુષુ, વધૂષુ, પિતૃષુ. ઇષા, ગોષુ, નૌષુ, સિષેવે વગેરે ઉદાહરણો કરી લેવા.

॥ १३ ॥ अदेतः स्यमोर्लुक् १।४।४४

अकारान्तादेकारान्ताच्च सेस्तदादेशस्याऽमश्च संबोधने लुक् स्यात्। संबोधनाभिव्यक्तये हेशब्दस्य प्राक्प्रयोगः। हे देव। हे देवौ। हे देवाः। एवं घटपटादयोऽकारान्ताः पुंलिङ्गाः। सर्वादीनां तु विशेषः। सर्व विश्व उभ उभयट् अन्य अन्यतर इतर डतर डतम त्व त्वत् नेम समसिमौ सर्वार्थौ। पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायाम्। स्वमज्ञातिधनाख्यायाम्। अन्तरम्बहिर्योगोपसंव्यानयोरपुरि। त्यद् तद् यद् अदस् इदम् एतद् एक द्वि युष्मद् अस्मद् भवतु किम्, इत्यसंज्ञायां सर्वादिः। ऐते सर्वादयस्त्रिलिङ्गाः। तत्र पुंलिङ्गे रूपाण्युच्यन्ते। सर्वः। सर्वौ।

અ કારાંત તથા એ કારાંત નામ પછી લગોલગ આવેલા સંબોધનસૂચક સિ (स्) અને અમ પ્રત્યયો ન બોલવા અર્થાત્ તે બન્ને પ્રત્યયોનો લુક્-લોપ કરી દેવો.

અ કારાંત – સિ – स् – हे देव + स् = हे देव – હે દેવ.

એ કારાંત – સિ – स् – अतिहे + स् = हे अति हे ! – હેને ટપી ગયેલાં હે !

અમ્ – हे उपकुम्भ + अम् = हे उपकुम्भ ! – હે કુંભની પાસેના.

॥ १४ ॥ जस इः १।४।९

सर्वादेरकारान्तस्य जस इः स्यात् । सर्वे । सर्वं । सर्वौ । सर्वान् । सर्वेन इति जाते—

અ છેડાવાળા सर्व વગેરે શબ્દોને લાગેલા તથા તે શબ્દોની સાથે જ સાક્ષાત્ સંબંધ ધરાવતા जस् પ્રત્યયને બદલે इ બોલવો.

सर्व + जस् = सर्व + अस् + इ = सर्व + इ = सर्वे – બધા.

सर्वं + जस् = सर्व + अस् + इ = सर्व + अम् – सर्वं – દરેકને આપો.

॥ १५ ॥ रषृवर्णान्नो ण एकपदेऽनन्त्यस्याऽल-चटतवर्गशसान्तरे २।३।६३

रेफषकारऋवर्णेभ्यः परस्य एभिः सहैंकपदस्थस्याऽनन्त्यस्य नो णः स्यात्, लादीन्विना शेषवर्णव्यवधानेऽपि भवति । सर्वेण । एकपद इति किम् ? अग्निर्नयति । चर्म्मनासिकः । अनन्त्य इति किम् ? सर्वान् । लादिवर्जन किम ? विरलेन । मूर्च्छनम् । दृढेन । तीर्थेन । रशना । रसना । सर्वाभ्याम् सर्वैः ।

र् ष् ऋ वर्णु એટલે હ્રસ્વ ऋ કે દીર્ઘ ऋ પછી આવેલા

ન નો ણ થાય છે. જે શબ્દમાં ર્, ષ્ અને ઋ વર્ણ હોય અને જે ન્ નો ણ્ કરવો છે તે ન્ એ બન્ને એક પદમાં હોવા જોઇએ; એટલું જ નહિ પણ ન્ તદ્દન છેડે ન હોવો જોઇએ. તદુપરાંત ર્ ષ્ અને ઋ વર્ણ તેમજ ન્ એ બેની વચ્ચે લ, ચ વર્ગ, ટ વર્ગ, ત વર્ગ, તાલવ્ય શ્ અને દન્ત્ય સ્ ન હોવો જોઇએ.

सर्व + इन् – सर्वे + न् – सर्वेण – બધા વડે. [ર્ અને ન વચ્ચે વ્ તથા એ – सर्वे + न – सर्वेण થાય છે.]

अग्निः + नयति – अग्निर्नयति – અગ્નિ લઈ જાય છે.
चर्म + नासिकः – चर्मनासिकः –જેની નાસિકા ચામડાની છે.

ઉપરના બન્ને પ્રયોગમાં ર્ અને ન્ બન્ને એક જ પદમાં નથી પણ જુદાં જુદાં પદમાં છે.

बिरलेन – વિરલ વડે. અહીં ર્ અને ન્ ની વચ્ચે લ આવેલો છે.

मूर्छनम् – મૂર્છા. અહીં ર્ અને ન્ ની વચ્ચે છ આવેલો છે.

दृढेन – દૃઢ વડે. અહીં ર્ અને ન્ ની વચ્ચે ઢ આવેલો છે.

तीर्थेन – તીર્થ વડે. અહીં ર્ અને ન્ ની વચ્ચે થ આવેલો છે.

रशना – કંદોરો. અહીં ર્ અને ન્ ની વચ્ચે શ આવેલો છે.

रसना – જીભ. અહીં ર્ અને ન્ ની વચ્ચે સ આવેલો છે.

॥ १६ ॥ सर्वादेः स्मैस्मातौ १।४।७

सर्वादेरकारान्तस्य ङे-ङस्योः स्मै-स्मातौ स्याताम् । सर्वस्मै । सर्वाभ्याम् सर्वेभ्यः । सर्वस्मात् सर्वाभ्याम् सर्वेभ्यः । सर्वस्य सर्वयोः ।

છેડે અ કારવાળાં सर्व વગેરે જે અનેક सर्व નામો છે. તે નામોને લાગેલા અને તે નામોની જ સાથે સાક્ષાત્ સંબંધ ધરાવનારા ચતુર્થી એકવચન ङे-એ પ્રત્યયને બદલે स्मै પ્રત્યય તથા તેવા જ પ્રકારના પંચમીના એકવચન ङसि-अस-પ્રત્યયને બદલે स्मात् પ્રત્યય વાપરવો.

सर्व + ङे – सर्व + ए – सर्वस्मै – સર્વને માટે.

सर्व + ङसि – सर्व + अस – सर्वस्मात् – સર્વથી.

सर्वादि પાઠ જોઈ લેવો. सर्वादिના અર્થો પણ સમજી જોઈ લેવા.

॥ १७ ॥ अवर्णस्यामः साम् १।४।१५

अवर्णान्तस्य सर्वादेरामः साम् स्यात्। एत्वषत्वे। सर्वेषाम्।

સર્વાદિ માં ગણાવેલા જે શબ્દોને છેડે અ વર્ણ (અ કે આ) આવેલો હોય અને તેવા શબ્દને તે જ શબ્દની સાથે સંબંધ ધરાવતો ષષ્ઠીના બહુવચનનો આમ્ પ્રત્યય લાગેલો હોય તો તે આમ્ ને બદલે સામ્ બોલવો.

અ–સર્વ+આમ્–સર્વ+સામ્–સર્વેષામ્–સર્વેનું.

આ – વિશ્વા + આમ્ – વિશ્વા+સામ્ – વિશ્વાસામ્ – સમગ્ર સ્ત્રીઓનું.

॥ १८ ॥ ङेः स्मिन् १।४।८

सर्वादेरकारान्तस्य ङेः स्मिन् स्यात्। सर्वस्मिन्। सर्वयोः। सर्वेषु। हे सर्व, हे सर्वौ, हे सर्वे।

અ છેડાવાળા सर्व વગેરે શબ્દોને લાગેલા તથા તે શબ્દોને સાથે જ સાક્ષાત્ સંબંધ ધરાવતા સપ્તમીના એકવચન ङि-इ ને બદલે स्मिन् થાય છે.

सर्व+ङि–सर्व+इ+स्मिन्–सर्वस्मिन्–सર્વમાં.

॥ १९ ॥ नवभ्यः पूर्वेभ्य इ-स्मात्-स्मिन्वा १।४।१६

पूर्वादिनवकात्जस्ङसिङीनाम् इ-स्मात्-स्मिनो वा स्युः । पूर्वे पूर्वाः । पूर्वस्मात्, पूर्वात् । पूर्वस्मिन्, पूर्वे । नवकादिति किम ? त्ये ।

पूर्व, पर, अवर, दक्षिण, उत्तर, अपर, अधर, स्व, अन्तर- એ નવ શબ્દોને જ પ્રથમા બહુવચનમાં લાગેલા જસ્ ને બદલે इ વિકલ્પે બોલવો તથા પંચમીના એકવચનમાં લાગેલા ङसि ને બદલે स्मात् અને સપ્તમીના એકવચનમાં લાગેલા ङि ને બદલે स्मिन् વિકલ્પે બોલવો.

पूर्व+जस्-पूर्व+अस्=पूर्वे અથવા पूर्वाः=પૂર્વના લોકો.
पूर्व+ङसि=पूर्व+अस्=पूर्वस्मात् અથવા पूर्वात्=પૂર્વથી.
पूर्व+ङि=पूर्व+इ=पूर्वस्मिन् અથવા पूर्वे=પૂર્વમાં.

त्ये શબ્દ ઉપર જણાવેલા નવ શબ્દોમાં નથી. તેથી તેનું त्य + जस् = त्य + अस = त्ये એવું એકજ રૂપ થઈ શકે, પણ બીજું त्याः ન થાય त्ये એટલે તેઓ.

॥ २० ॥ नेमार्द्धप्रथमचरमतयायाल्पकतिपयस्य वा १।४।१०

नेमादीनां शब्दानां तयायप्रत्ययान्तानां च जस इर्वा

स्यात्। नेमे, नेमाः। द्वितये, द्वितयाः। त्रये, त्रयाः। अत्र नेमशब्दस्य सर्वादित्वान्नित्यं प्राप्ते, शेषाणां चाप्राप्ते विकल्पः।

નેમ, અર્ધ, પ્રથમ, ચરમ, અલ્પ અને કતિપય શબ્દોને લાગેલા જસ્ પ્રત્યયને બદલે વિકલ્પે ઇ બોલવો તથા જે નામને છેડે તય પ્રત્યય આવેલો હોય અને અય પ્રત્યય આવેલો હોય તેવા તય તથા અય પ્રત્યયવાળા નામને લાગેલા જસ્ પ્રત્યયને બદલે ઇ પ્રત્યય વિકલ્પે બોલવો.

નેમ+જસ્=નેમ+અસ્=નેમ+ઇ=નેમે અથવા નેમાઃ

અર્ધ+જસ્=અર્ધ+અસ્=અર્ધ+ઇ+અર્ધે અથવા અર્ધાઃ

(તેમ તેવા બીજાનું રૂપ પણ થાય) આમાં માત્ર એક નેમ શબ્દને સર્વાદિ તરીકે નેમે એવું એક રૂપ જ પ્રાપ્ત હતું તે આ નિયમ થી નેમે, નેમાઃ એમ બે રૂપ થયાં અને બાકીના અર્ધ વિગેરે શબ્દોને કેવળ અર્ધાઃ પ્રથમાઃ એવું જ પ્રાપ્ત હતું તેને બદલે આ નિયમથી અર્ધે – અર્ધાઃ, પ્રથમે – પ્રથમાઃ એવાં બે રૂપ થયાં.

સૂત્રમાં રહેલા શબ્દોના અર્થો જાણવા સારૂ લખેલ છે – નમ – અર્ધુ, અર્ધ – અર્ધુ, અડધુ પ્રથમ – પહેલું. ચરમ –છેલ્લુ, તય પ્રત્યય–દ્વિતિય–બે અવયવવાળુ, અય પ્રત્યય–ત્રય અવયવ-વાળું, અલ્પ–અલ્પ–થોડું અને કતિપય–કેટલું ક.

॥ २१ ॥ द्वन्द्वे वा १।४।११

द्वन्द्वसमासे सर्वादीनां जस इर्वा स्यात्। पूर्वापरे, पूर्वापराः।

કોઈ સર્વાદિ શબ્દ બીજા સર્વાદિ શબ્દ સાથે દ્વન્દ્વ સમાસમાં આવેલો હોય અથવા દ્વન્દ્વ સમાસને છેડે સર્વાદિ શબ્દ હોય ત્યારે તેવા દ્વન્દ્વ સમાસવાળા સર્વાદિ શબ્દને લાગેલા જસ પ્રત્યયને બદલે ઇ વિકલ્પે બોલવો.

पूर्वापर+जस्+इ=पूर्वापरे–पूर्वापराः=पूर्व–पश्चिम વચ્ચે.
पूर्व+उत्तर=पूर्वोत्तर–पूर्वोत्तरे, पूर्वोत्तराः–પૂર્વ અને ઉત્તર વચ્ચે.

॥ २२ ॥ न सर्वादिः १।४।१२

द्वन्द्वे सर्वादिः सर्वादिर्न स्यात्। पूर्वापराय। कतर-कतमानाम्।

સૂત્ર ૧૧ માં સૂચવ્યા મુજબ જે સર્વાદિ શબ્દ, દ્વન્દ્વ સમાસમાં હોય તેને સર્વાદિ રૂપે ન સમજવો. એટલે એવા દ્વન્દ્વ સમાસમાં આપેલા સર્વાદિ શબ્દને સર્વાદિ ને જે સ્મૈ, સ્માત્, સ્મિન્, વગેરે પ્રત્યયો લાગે છે તે ન લાગે.

પૂર્વાપર શબ્દનું પૂર્વાપરાય (ચ. એ. પૂર્વના અને પછીના

माटे) ३५ थाय, पंचमी એકવચન पूर्वपरात् थाय, पण पूर्वापरस्मात् न थाय. पूर्वापर नुं स એક. पूर्वापरस्मिन् न थाय, पण पूर्वापरे थाय–पूर्वमां अने परामां.

कतरकतम शब्दनुं षष्ठी બહુવચન कतरकतमानाम् ३५ थाय = કેટ કેટલીઓનું.

॥ २३ ॥ तीयं ङित्कार्ये वा १।४।१४

तीयान्तं ङे–ङसि–ङिषु सर्वादिर्वा स्यात् । द्वितीयस्मै, द्वितीयाय । द्वितीयस्मात्, द्वितीयात् । द्वितीयस्मिन्, द्वितीये । तृतीयस्मै, तृतीयाय । तृतीयस्मात्, तृतीयात् । तृतीयस्मीन्, तृतीये । शेषं देववत् ।

उभशब्दो नित्यं द्विवचनान्तः । उभौ २ । उभाभ्याम् ३ । उभयोः ३ । उभयशब्दस्य द्विवचनाभावः । एवं च द्वित्वे उभशब्दः, एकत्वबहुत्वयोश्चौभयशब्दः प्रयोज्यः– उभयो मणिः उभये देवमनुष्याः । मासशब्दस्य विशेषः—

જે શબ્દને છેડે તીય પ્રત્યય લાગેલો હોય તે શબ્દને જ્યારે ઙે, ઙસિ, ઙસ, અને ઙિ પ્રત્યયો લાગેલા હોય ત્યારે તે પ્રત્યયોને બદલે સ્મૈ, સ્માત્, સ્મિન્ તથા સ્યૈ, સ્થાઃ વગેરે વિકલ્પે થાય છે.

स्मै–द्वितीय+ङे=द्वितीय+ए = द्वितीयस्मै અથવા द्वितीयाय – બીજાને માટે.

स्यै–द्वितीया+ङे=द्वितीया+ए = द्वितीयस्यै અથવા द्वितीयायै – બીજીને માટે.

એ રીતે બીજા ઉદાહરણો અન્યત્રથી જાણી લેવા.

નોંધઃ– द्वितिय – क – द्वितीयक આ પ્રયોગમાં ङे, ङसि વગેરે કોઈ પ્રત્યય લાગેલા નથી, પણ क પ્રત્યય લાગેલો છે તેથી द्वितीयक શબ્દ સર્વાદિ રૂપે ન ગણાય. તે કારણે તેનું ચતુર્થીનું એકવચન द्वितीयकस्मै ન થાય પણ द्वितीयकाय (બીજાને માટે) થાય.

॥ २४ ॥ मासनिशाऽसनस्य शसादौ लुग्वा २।१।१००

शसादौ स्यादावेषां लुग्वा स्यात् । 'षष्ठ्या निर्दिष्टेऽन्त्यस्य कार्यम्' । मासः, मासान् । मासा मासेन ।

બીજી વિભક્તિના બહુવચનથી માંડીને બધા સ્યાદિ પ્રત્યયો એટલે સપ્તમી સુધીના તમામ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે मास्, निशा અને आसन શબ્દના અંતના સ્વરનો લોપ વિકલ્પે થાય છે.

मास + शस् = मास् + अस् = मासः અથવા मासान् – મહિનાઓને.

निशा + शस् = निश् + अस् = निशः અથવા निशाः – રાત્રિઓને.

आसन + इ = आसन् + इ = आसनि અથવા आसने – આસન ઉપર.

બીજા ઉદાહરણો અન્યથી જોઈ લેવા.

॥ २५ ॥ नाम सिदय्व्यञ्जने १।१।२१

सिति प्रत्यये यवर्जव्यञ्जनादौ च परे नाम पदं स्यात् । अवर्णभोरिति रुलुकि माभ्याम् । "धुटतृस्तीयः" इति दत्वे मादुभ्याम्, मासाभ्याम् । सर्वविभक्तिषु वा लुगिति केचित्–माः, मासः ।

જે પ્રત્યયની સાથે માત્ર એક નિશાનરૂપે स् લાગેલો હોય તે પ્રત્યય सित् (सू + इत्) પ્રત્યય કહેવાય.

य સિવાયનો વ્યંજન જે પ્રત્યયની આદિમાં હોય તે अय् વ્યંજન પ્રત્યય કહેવાય.

જે નામને सित् પ્રત્યય લાગેલો હોય તે નામ 'પદ' કહેવાય તથા જે નામને यू સિવાયનો બીજો કોઈ વ્યંજન આદિમાં હોય એવો પ્રત્યય લાગેલો હોય તે નામ પણ 'પદ' કહેવાય.

सित्-भवत्+ईयस्=भवदीय+सू=भवदीयः-प्रथमानुं એકવચન भवदीयः= આપનો.

अय् व्यंजनादि प्रत्यय-पयस्+भ्याम्=पयोभ्याम् - तृतीया, चतुर्थी અને પંચમીનું દ્વિવચન. पयस् એટલે દૂધ અથવા પાણી.

पयोभ्याम् = બે દૂધ અથવા બે પાણી વડે:- બે દૂધ અથવા બે પાણી માટે. બીજા પ્રયોગો अन्य જોઈ લેવા.

॥ २६ ॥ दन्तपादनासिकाहृदयासृग्यूषोदकदोर्य-कृच्छकृतो दत्पन्नस्हृदसन्यूषन्नुदन्दोषन्यकञ्शकन् वा २।१।१०१

शसादौ स्यादौ परे दन्तादीनां दशानां दत्प्रभृतयो दशादेशाः वा स्युः । दतः, दन्तान् । दद्भ्याम् । पदः, पादान् । पद्भ्याम्, पादाभ्याम् ।

બીજી વિભક્તિના બહુવચનથી માંડીને સાતમી વિભક્તિ સુધીની स्यादि વિભક્તિઓ લાગી હોય ત્યારે दन्त નો दत्, पाद નો पद्, नासिका નો नस्, हृदय નો हृद्, असृग् નો असन् यूष નો यूषन्, उदक નો उदन्, दोष् નો दोषन्, यकृत् નો यकन् અને शकृत् નો शकन् વિકલ્પે બોલાય છે.

द्वि. બહુ. – दन्त+अस=दत्+अस=दतः અથવા दन्तान् – દાંતોને.

पाद + अस्=पद्+अस्=पदः અથવા पादान् – પગોને.

અન્ય પ્રયોગો બીજેથી જોઈ લેવા.

॥ २७ ॥ अनोऽस्य २।१।१०८

ङ्यामघुट्स्वरे च अनोऽस्य लुक् स्यात् । यूष्णः, यूषान् ।

નારી જાતિનો સૂચક ई પ્રત્યય અને घुट् પ્રત્યયો સિવાયના આદિમાં સ્વરવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગ્યા હોય ત્યારે अन् ના अ નો લોપ કરવો.

राजन् + ई = राज् + न् + ई = राज् + ञ् + ई = राज्ञी – રાણી.

राजन् + अस् = राज् + न् + अस् = राज् + ञ् + अस् = राज्ञः – રાજાઓને.

॥ २८ ॥ नाम्नो नोऽनह्नः २।१।९१

पदान्ते नाम्नो नस्य लुक् स्यात्, स चेदह्नो स्यात् । यूषभ्याम्, यूषाभ्याम् ।

કોઈ પણ નામના છેડે આવેલા न् નો લોપ કરવો. માત્ર अहन् શબ્દને આ નિયમ ન લાગે.

राजन्+स्=राजान्+स=राजा–રાજા.

राजन्+पुरुषः=राजपुरुषः=રાજાનો પુરૂષ.

अहन् + एति = अहरेति આ પ્રયોગમાં अहन् પદ છે તેથી તેના न् નો લોપ ન થાય. (જુઓ ૨/૧/૭૫) બીજા પ્રયોગ અન્ય જોઈ લેવા.

॥ २९ ॥ ईङौ वा २।१।१०९

ईकारे ङौ च परेऽनोऽस्य लुग्वा स्यात्। यूष्णि, यूषणि, यूषे।

અન્ પછી દીર્ઘ ई કાર આવેલો હોય અથવા સપ્તમીના એકવચનનો इ (ङि) પ્રત્યય આવેલો હોય તો अन् ના अ નો વિકલ્પે લોપ કરવો.

પ્ર. દ્વિ. વ. } – सामान् + इ = સામ્ની અથવા સામની–બે
દ્વિ. દ્વિ. વ. } સામગાનો અથવા બે સામગાનોને

સપ્તમી એ. વ. राजन्+इ (ङि) = राजू+न्+इ+राज्+ञ्+इ = રાજ્ઞી અથવા રાજનિ–રાજામાં.

॥ ३० ॥ लुगातोऽनापः २।१।१०७

आप्वर्जस्याकारस्य ङ्यां शसादौ स्वरे परे च लुक्

स्यात् । विश्वपः । विश्वपा । विश्वपाभ्याम् । अदेतः स्यमोरित्यत्रात एव लुक उक्तत्वात् सम्बोधने सिलोपाभावः । हे विश्वपाः । एवं सोमपाप्रभृतयः । इकारान्तो मुनिशब्दः –मुनिः ।

નારી જાતિના સૂચક ई પ્રત્યય અને घुट् પ્રત્યયો સિવાયના આદિ માં સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગેલ હોય તો નારી જાતિના સૂચક आप् પ્રત્યય સિવાયના આ નો લોપ થાય છે.

દ્વિ. બહુ. વ. कीलालपा+अस्=कीलालप्+अस्=कीलालपः – લોહી પીનારાઓને.

ચ. એ. વ. हाहा+ए (ङे)=हाह्+ए=हाहे देहि=હાહા નામના ગાંધર્વને આપ.

દ્વિ. બહુ. शाला+अस्=शालाः – શાળાઓને.

शाला શબ્દમાં નારીજાતિસૂચક + आप् પ્રત્યયનો આ છે. માટે આ નિયમ ન લાગ્યો.

॥ ३१ ॥ इदुतोऽस्त्रेरीदूत् १।४।२१

स्त्रेरन्ययोरिदुतोरौता सह क्रमेण ईत् ऊत् इति दीर्घः स्यात् । मुनी ।

જે શબ્દને છેડે હ્રસ્વ इ કે હ્રસ્વ उ આવેલા હોય અને

તે શબ્દ પછી તરતમાં જ પ્રથમા અને દ્વિતીયાનાં દ્વિવચનનો औ આવેલો હોય તો શબ્દના છેડાના इ અને औ એ બન્નેને બદલે એકલો દીર્ઘ ई જ બોલવો તથા શબ્દના છેડાના उ અને औ એ બંનેને બદલે એકલો દીર્ઘ ऊ જ બોલવો.

इ કારાંત–પ્ર. દ્વિ.–मुनि+औ=मुन्+ई=मुनी–બે મુનિઓ.
,, ,, દ્વિ. દ્વિ.–मुनि+औ=मुन्+ई=मुनी–બે મુનિઓને.
उ કારાંત પ્ર. દ્વિ.–साधु+औ=साध्+ऊ=साधू–બે સાધૂઓ.
,, ,, દ્વિ. દ્વિ –साधु+औ=साध्+ऊ=साधू–બે સાધૂઓને.

આ નિયમ ફક્ત એક સ્ત્રિ શબ્દને એટલે કે હ્રસ્વ થયેલા સ્ત્રિ શબ્દને ન લગાડવો.

॥ ३२ ॥ जस्येदोत् १।४।२२

इदुदन्तयोर्जसि परे एदोतौ स्याताम् । मुनयः । मुनिम् । मुनी । मुनीन् ।

જે શબ્દને છેડે હ્રસ્વ इ હોય અને તેને પ્ર. બહુવચનનો जस् પ્રત્યય લાગેલો હોય તો इ ને બદલે ए બોલવો. તથા જે શબ્દને છેડે હ્રસ્વ उ હોય અને તેને પ્રથમાના બહુવચનનો जस् પ્રત્યય લાગેલો હોય તો उ ને બદલે ओ થાય.

इ-मुनि+जस्=मुनि+अस्=मुने+अस्=मुनयः–મુનિઓ.
उ-साधु+जस्=साधु+अस्=साधो+अस्=साधवः–સાધુઓ.
બીજા પ્રયોગ અન્યત્રે જોઈ લેવા.

॥ ३३ ॥ टः पुंसि ना १।४।२४

इदुदन्ताभ्यां पुंसि टाया ना स्यात् । मुनिना । मुनिभ्याम् । मुनिभिः ।

હ્રસ્વ ઇ કારાંત અને હ્રસ્વ ઉ કારાંત નામ નરજાતિમાં હોય અને તેને તૃતીયા એકવચનનો ટા પ્રત્યય લાગેલો હોય તો ટા ને બદલે ના થાય છે.

इ–टा–अतिस्त्रि + आ = अतिस्त्रिणा – સ્ત્રીને ટપી જાય એવા પુરૂષ વડે.

उ–टा–अमु + आ – अमुना–આ વડે.

बुद्धि હ્રસ્વ ઇ કારાંત છે, પણ નારીજાતિનો છે તેથી તેને લાગેલા ટા નો ના ન થાય.

इ–टा–बुद्धि + आ – बुद्धया–બુદ્ધિ વડે.

धेनु શબ્દ હ્રસ્વ ઉ કારાંત છે, પણ નારીજાતિનો છે તેથી તેને લાગેલા ટા નો ના ન થાય.

ऊ–टा–धेनु + आ – धेन्वा–ગાય વડે.

॥ ३४ ॥ ङित्यदिति १।४।२३

दिद्भर्जिते ङिति स्यादौ परे इदुतोरेदोतौ स्याताम् । मुनयो मुनिभ्याम् । मुनिभ्यः ।

જે શબ્દને છેડે હ્રસ્વ ઇ હોય અને તેને ङ નિશાનવાળા

स्यादि प्रत्ययो એટલે ङे, ङसि અને ङस् પ્રત્યયો લાગેલા હોય તો इ ને બદલે ए થાય. તથા જે શબ્દને છેડે હ્રસ્વ उ હોય અને તેને પણ ङ નિશાનવાળા સ્યાદિ પ્રત્યયો લાગેલા હોય તો उ ને બદલે ओ થાય છે.

અહીં જે ङ નિશાનવાળા પ્રત્યયો લેવાના છે તે માત્ર ङ् નિશાનવાળા જ હોવા જોઇએ પણ ङ् અને ट् એવા બે નિશાનવાળા ન હોવા જોઇએ.

इ-ङे-अतिस्त्रि+ए=अतिस्त्रो+ए=अतिस्त्रये = સ્ત્રીને ટપી જાય એવા પુરૂષ માટે.

उ-ङे-साधु+ए=साधो+ए-साधवे - સાધુને માટે.

इ-ङसि-अतिस्त्रि+अस्=अतिस्त्रो+अस्=अतिस्त्रो+र्=अतिस्त्रोः आगतम्=સ્ત્રીને પણ ટપી જાય એવા પુરૂષ પાસેથી આવેલું.

उ-ङसि-साधु+अस्=साधो+अस्=साधो+र्=साधोः आगतम्= સાધુ પાસેથી આવેલું.

इ-ङस् अतिस्त्रि+अस्+अतिस्त्रो+अस्=अतिस्त्रो+र् = अतिस्त्रोः स्वम्=સ્ત્રીને પણ ટપી જાય એવા પુરૂષનું ધન.

उ-ङस्=साधु+अस्-साधो+अस्=साधो+ र् = साधोः स्वम् = સાધુનું ધન-તપ.

॥ ३५ ॥ एदोद्भ्यां ङसिङसो रः १।४।३५

प्रत्ययस्य स्थानिनो विधिः सर्वस्य स्यात् । मुनेः । मुनिभ्याम् । मुनिभ्यः । मुनेः । मुन्योः मुनीनाम् ।

ङित्यदिति १/४/२३ ना नियम द्वारा જે શબ્દોના અંત્ય इ નો ए તથા અંત્ય उ નો ओ થયા પછી તેમને લાગેલા પંચમીના એકવચન ङसि નો તથા ષષ્ઠીના એકવચન ङस् નો र् કરી નાખવો તથા જે શબ્દોને છેડે ए કે ओ આવેલા હોય તેવા શબ્દોને લાગેલા ङसि નો તથા ङस् નો પણ र् કરી દેવો.

ङसि-इ નો ए – मुनि + असि = मुने – अस् + मुने + र् = मुनेः – મુનિથી.

ङसि-उ નો ओ – भानु+असि=भानो + अस् = भानो + र्= भानोः – ભાણુથી.

ङस्-इ નો ए – मुनि + अस् = मुने + अस् = मुने + र् = मुनेः – મુનિનું.

ङस्-उ નો ओ – भानु + अस् = भानो + अस् = भानो + र्= भानोः – ભાણુનું.

હ્રસ્વ इ-मुनि + आम् = मुनि+नाम = मुनीनाम् – મુનીઓનું બીજા ઉદાહરણો અન્યથી જોઈ લેવા.

॥ ३६ ॥ डिर्डौ १।४।२५

इदुदन्तात्परो डिर्डौ स्यात् ।

હ્રસ્વ इ કારાંત અને હ્રસ્વ उ કારાંત નામને લાગેલા

સપ્તમીના એકવચનનો ङि પ્રત્યય ડૌ રૂપે બોલવો. અહીં ङि પ્રત્યય માત્ર ङ् નિશાનવાળો જ સમજવો, પણ જે ङि પ્રત્યય ङ् અને ट् એમ બે નિશાનવાળો હોય તેને અહીં ન સમજવો.

इ-मुनि+ङि=मुनि+डौ-औ=मुनौ-મુનિમાં

उ-धेनु+ङि=धेनु+डौ-औ=धेनौ-ગાયમાં.

बुद्धि+ङि=बुद्धि+दाम्=बुद्धि+आम्=बुद्ध्याम्-બુદ્ધિમાં.

આ પ્રયોગમાં ङ् અને ट् એમ બે નિશાનવાળો ङि છે માટે અહીં આ નિયમ ન થાય.

॥ ३७ ॥ डित्यन्त्यस्वरादेः २।१।११४

अन्त्यो यः स्वरः तदादेः शब्दस्य डित्प्रत्यये लुक् स्यात्। "आद्यन्तवदेकस्मिन्"। मुनौः। मुन्योः। मुनिषु। संबोधने—

શબ્દને છેડે આવેલા સ્વર તથા શબ્દને છેડે આવેલા સ્વરની પૂર્વના-આદિના-ભાગનો સ્વરસહિત લોપ કરી નાખવો. જો તે શબ્દ પછી ड નિશાનવાળો પ્રત્યય આવ્યો હોય તો.

સ. એ. मुनि+ई (ङि)=मुनि+डौ=मुन्+औ=मुनौ – મુનિમાં (જુઓ ૧/૪/૨૫)

,, ,, साधु+ई (ङि)=साधु+डौ=साधू+औ=साधौ- સાધુમાં (જુઓ ૧/૪/૨૫)

पितृ+अस् (ङस्)=पितृ+डुस्=पित्+उस्=पितुः–પિતાનું (જુઓ ૧/૪/૩૭)

महत्+डा+करः =महत्+आ + करः = मह् +आ + करः = महाकरः = મોટાઓનો હાથ (જુઓ ૩/૨/૬૮)

॥ ३८ ॥ ह्रस्वस्य गुणः १।४।४१

सिना सह गुणो भवति । हे मुने, हे मुनी, हे मुनयः । एवं रविप्रभृतयः । साधुप्रभृतय उकारान्ता अप्येवम्–साधुः, साधू, साधवः । साधुम्, साधू, साधून् । साधुना, साधुभ्याम्, साधुभिः । साधवे, साधुभ्याम् साधुभ्यः । साधोः, साधुभ्याम्, साधुभ्यः । साधोः, साध्वोः, साधूनाम् । साधौ, साध्वोः, साधुषु । हे साधो, हे साधू, हे साधवः । अतिक्रान्तः स्त्रियमतिस्त्रिः—

જે શબ્દોને આમન્ત્રય–સંબોધન–નો સૂચક પ્રત્યય લાગેલ હોય તે શબ્દોના છેડાના હ્રસ્વ સ્વરનો લાગેલા સંબોધન સૂચક સ્ પ્રત્યય સાથે જ ગુણ કરી દેવો અર્થાત્ ઇસ્ નો એ, उस् નો ઓ તથા ऋस् નો अर् કરવો.

પુ–मुनि+स्=हे मुने ! (इस નો એ)–હે મુનિરાજ.
પ્ર. દ્વિ. साधु+औ=साधू+ऊ=साधू–એ સાધુઓ.
દ્વિ. દ્વિ. साधु+औ=साधू+ऊ=साधू–એ સાધુઓને.

ऊ-साधु+जस्=साधु+अस्=साधो+अस्=साधवः-साधुओ.

ऊ-ङे-साधु+ए=साधो+ए=साधवे-साधुने माटे

ह्रस्व ઉ. પું. साधु + आम् = साधु + नाम् = साधुनाम् - साधुओनुं

પુ. ઉ. साधु+अम्=साधु+म्=साधुम्-साधुने.

समानसंज्ञक स्वर उ-साधु + अस् = साधूस् = साधून - साधुओने.

साधु+इ (ङि)=साधु+डौ=साध्+औ=साधौ-साधुमां.

(જુઓ ૧/૪/૨૫)

॥ ३९ ॥ स्त्रियाः २।१।५४

स्त्रिया इवर्णस्य स्वरादौ प्रत्यये परे इयू स्यात् । अतिस्त्रियौ। जसि, ततीयादौ च मुनिवत्। अतिस्त्रियः ।

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય તો સ્ત્રી શબ્દના ઈ વર્ણને ઇય બોલવો.

अतिस्त्रि+औ=अतिस्त्रिय्+औ=अतिस्त्रियौ-સ્ત્રીને ટપી ગયેલાં બે અથવા બે જણને.

अतिस्त्री + अस् = अतिस्त्रीः (જુઓ ૧/૪/૪૯) અથવા अतिस्त्री + अस् = अतिस्त्रियू + अस् = अतिस्त्रियः -સ્ત્રીને ઉલ્લંઘી ગયેલાઓ.

॥ ४० ॥ वाऽम्शसि २।१।५५

स्त्रिया इय । अमि शशि च वा । अतिस्त्रिम् अतिस्त्रियम् । अतिस्त्रियः अतिस्त्रिन् । अतिस्त्रिणा । अतिस्त्रये । अतिस्त्रेः २ । अतिस्त्रौ । ओसि च इयादेशः–अतिस्त्रियोः २ । तथोक्तम्—

"औस्यौकारे च नित्यं स्यादम्–शसोस्तु विभाषया ।
इयादेशोऽचि नान्यत्र स्त्रियाः पुंस्युपसर्जने" ॥ १ ॥

अनामन्त्यस्य सखिशब्दस्य सेर्डा–वक्तव्यः ("ऋ-दुशनस्पुरुदंशोऽनेहसश्च सेर्डा" सखा । अतिसखा । आमन्त्रणे तु हे सखे ।

બીજી વિભક્તિના એકવચનનો અમ્ તથા બહુવચનનો શસ્ લાગ્યો હોય ત્યારે સ્ત્રી શબ્દના ઈ વર્ણ નો इय् વિકલ્પે થાય છે.

अतिस्त्री+अम्=अतिस्त्रिम्–સ્ત્રીને.

अतिस्त्री+अम्=अतिस्त्रियू+अम्=अतिस्त्रियम्–સ્ત્રીને.

अतिस्त्री+अस्=अतिस्त्रिय+अस्=अतिस्त्रियः–સ્ત્રીઓને.

इ–टा–अतिस्त्रि+आ = अतिस्त्रिणा – સ્ત્રીને ટપી જાય એવા પુરૂષ વડે.

इ–ङे–अतिस्त्रि+ए=अतिस्त्रे+ए=अतिस्त्रये–સ્ત્રીને પણ ટપી જાય એવા પુરૂષ માટે.

इ-ङस्-अतिस्त्रि+अस्=अतिस्त्रे+अस्=अतिस्त्रोः – સ્ત્રીને ટપી જનારા.

બાકીના ઉદાહરણો અન્યથી જોઈ લેવા.

॥ ४१ ॥ सख्युरितोऽशावैत् १।४।८३

इदन्तस्य सखिशब्दस्य स्वसम्बन्धिन्यन्यसम्बन्धिनि वा सिवर्जे शेषे घुटि ऐत् स्यात् । सख्यौ सखायः । सखायम् सख्यौ सखीन् ।

નપુંસકમાં વપરાતા પ્રથમા અને દ્વિતીયાના બહુવચનરૂપ इ (शि) પ્રત્યય ને છોડીને બાકીના ઘુટ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે છેડે હ્રસ્વ इ વાળા सखि શબ્દના इ નો ऐ બોલવો.

પ્ર દ્વિ. सखि+औ=सखै+औ=सख्यौ–બે મિત્રો.

પ્ર. બ. सखि+अस्=सखै+अस्=सखायः–ઘણા મિત્રો.

દ્વિ. એ. सखि+अम्=सखै+अम्=सखायम्–મિત્રને.

દ્વિ. દ્વિ. વ. सखि+औ=सखै+औ=सख्यौ–બે મિત્રને.

સ્ત્રીલિંગી સખી શબ્દ દીર્ઘ इ કારાંત હોય તો તેને આ નિયમન થાય. હે सखे ! હે મિત્ર ! આ પ્રયોગ સંબોધનના એકવચનને સૂચવે છે. તેથી આ પ્રયોગમાં શેષ ઘુટ્ પ્રત્યય વપરાયલો નથી એટલે सखि નું सखै ન થાય.

॥ ४२ ॥ न नाङिदेत् १।४।२७

केवलसखिपतेर्यष्ठायाना ङिति परे एच्चोक्तः, स न स्यात् । सख्या सख्ये । केवलेत्युक्तेः समस्तस्य स्यात् । प्रियसखिना । प्रियसखये । पञ्चभीषष्ठ्येकवचनयोरेत्वनिषेधात् "इवर्णादेः०" इति यत्वे—

કોઇ બીજા શબ્દ સાથે નહીં જોડાયેલા હ્રસ્વ ઇ કારાંત સખિ તથા પતિ શબ્દને લાગેલા તૃતીયાના એકવચન ટા નો ના કરવો નહીં તથા ङित्यदिति (१/४/२३) નો નિયમ પણ લગાડવો નહીં. અર્થાત્ ङ નિશાનવાળા પ્રત્યયોને લીધે જે ઇ નો એ કરવાનું સૂચન કરેલું છે તે કેવળ સખિ અને પતિ શબ્દને લાગુ ન થાય.

ટા–सखि + आ = सख्या થાય પણ सखिना ન થાય – મિત્ર વડે.

ङे–सखि + ए = सख्ये થાય પણ सखये ન થાય – મિત્ર માટે.

प्रियसखि+आ=प्रियसख्या થાય પણ प्रियसखिना ન થાય– પ્રિય મિત્ર વડે.

प्रियसखि + ए = प्रियसख्ये થાય પણ प्रियसखये ન થાય – પ્રિય મિત્ર માટે,

॥ ४३ ॥ खितिखीतीय उर् १।४।२६

एतत्सम्बन्धियात्परयोर्ङसिङसोरूर् स्यात् । सख्युः ।

જે શબ્દના છેડે હ્રસ્વ ખિ, હ્રસ્વ તિ, દીર્ઘ ખી તથા દીર્ઘ તી આવેલા હોય અને તેમના ખ્ય તથા ત્ય થયેલા હોય તો તેવા શબ્દને એટલે સખ્યૂ અથવા પત્યૂ શબ્દને પંચમીના એકવચનનો ઙસિ તથા ષષ્ઠીના એકવચનનો ઙસ લાગેલા હોય તો તે ઙસિ અને ઙસ ને બદલે ઉર્ થાય.

ખિ–પં. એ. સખિ + અસ્–સખ્ય્+અસ્=સખ્ય્+ઉર્ = સખ્યુઃ – સખિથી, મિત્રથી.

ખિ-ષ. એ સખિ+અસ્–સખ્ય્+અસ્=સખ્ય્ + ઉર્ = સખ્યુઃ – સખિનું–મિત્રનું.

॥ ४४ ॥ केवलसखिपतेरौः १।४।२६

केवलसखिपतिभ्यामिदन्ताभ्यां परो ङिरौः स्यात् । सख्यौ । केवलेत्येव । प्रियसखौ । केवलः पतिशब्दः प्रथमाद्वितीययोर्मुनिवत्, तृतीयादौ च सखिवत् । पत्या । पत्ये । पत्युः २ । पत्यौ । समस्तश्च सर्वत्र मुनिवत्–मुनिपतिना । द्विशब्दो नित्यं द्विवचनान्तः–

માત્ર એકલા એટલે બીજા કોઇ શબ્દ સાથે નહીં

જોડાયેલા એવા હ્રસ્વ ઇ કારાંત सखि શબ્દને તથા એવા જ માત્ર એકલા હ્રસ્વ ઇકારાંત पति શબ્દને લાગેલા સપ્તમીના એકવચન ङि ને બદલે औ બોલવો.

सखि+इ=सखि+औ=सख्यौ-સખિમાં-મિત્રમાં.

प्रियसखि+इ=प्रियसखि+औ=प्रियसख्यौ - પ્રિયમિત્રવાળામાં.

टा-पति+आ=पत्या-પતિ વડે.

ङ-पति+ए=पत्ये-પતિ માટે.

ङसि-पति+अस्=पत्युः=પતિથી.

ङस-पति+अस्=पत्युः-પતિનું.

पति+इ=पति+औ=पत्यौ-પતિમાં.

॥ ४५ ॥ आद्धेरः २।१।४१

द्विशब्दपर्यन्तानां त्यदादीनां स्वसम्बन्धिनि स्यादौ तसादौ च परे अः स्यात् । द्वौ । द्वौ । द्वाभ्याम् द्वाभ्याम् द्वाभ्याम् । द्वयोः २ । स्वसम्बन्धिनीति किम् ? प्रियद्वौ नरौ । त्रिशब्दो नित्यं बहुवचनान्तः-त्रयः । त्रीन् । त्रिभिः । त्रिभ्यः २ ।

स्यादि विभक्तिओ लागी होय त्यारे अने तसादि प्रत्ययो लागेला होय त्यारे त्यदादि માં गणावेलां त्यद् थी માંડીને द्वि शब्द सुधीना शब्दोनी अन्त्य वर्णनो अ थाय छे.

प्र. એ. व. त्यद्+सु=त्य+अ+सु=त्यस्=स्यः-તે.

प्र. तथा द्वितीं. द्विव. त्यद्+औ=त्य्+अ+औ=त्यौ=તે બે અથવા તે બેને.

द्वि+औ=द्व्+अ+औ=द्वौ–બે અથવા બેને

॥ ४६ ॥ त्रेस्त्रयः १।४।३४

आमि त्रेस्त्रयः स्यात् ॥ "अनेकवर्णः सर्वस्य" त्रयाणाम् । तत्सम्बन्धिविज्ञानात्–प्रियत्रीणाम् । त्रिषु । कतिशब्दो नित्यं बहुत्वे—

સંખ્યાવાચક त्रि શબ્દને જ્યારે ષષ્ઠીના બહુવચનનો आम् પ્રત્યય લાગેલો હોય ત્યારે त्रि શબ્દને બદલે त्रय શબ્દ થાય છે.

त्रि+आम्=त्रय+आम्=त्रय+नाम=त्रयाणाम्–त्रणुं.

(જુઓ ૧/૪/૩૨ તથા ૧/૪/૪૭)

॥ ४७ ॥ डतिष्णः सङ्ख्यायाया लुप् १।४।५४

डति-ष-नान्तानां सङ्ख्यावाचिनां स्वजस्-शसोर्लुपू स्यात् । कति २ । कतिभिः कतिभ्यः २ कतीनाम् । कतिषु । स्वेति किम् ? प्रियकतयः प्रियकतीन् । एवं यति-ततिशब्दौ ।

જે નામને છેડે अति (डति) પ્રત્યય છે તે कति, यति, तति, વગેરે સંખ્યાસૂચક નામોને તથા ષ કારાંત અને ન કારાંત

એવાં સંખ્યાવાચક નામોને લાગેલાં પ્રથમાનાં તથા દ્વિતીયાનાં બહુવચન બોલવામાં આવતાં નથી એટલે આ નામોની બાબતમાં તે બન્નેનો લોપ થયેલો જાણવો.

अति–डति–प्र. બ. कति+ अस् = कति = કેટલાંક
(જુઓ ૧/૧/૩૯)

द्वि. બ. कति+अस्=कति–કેટલાંકને

॥ ४८ ॥ धातोरिवर्णोवर्णस्येयुव् स्वरे प्रत्यये २।१।५

सप्तम्या आदिः । धातोरिवर्णोवर्णयोः स्वरादौ प्रत्यये इयुवौ स्याताम् । नियौ । नियः । निया । नीम्याम् ३ । निये । नियः २ ।

જ્યારે આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના इ વર્ણનો इय બોલવો અને उ વર્ણનો उव् બોલવો.

नी+औ=निय्+औ=नियौ–બે લઈ જનારા. તેવી જ રીતે ઉપરના અન્ય ઉદાહરણો અન્યથી ફરી લેવા.

ने+अनम्=नयनम्–આંખ.

॥ ४९ ॥ निय आम् १।४।५१

नियः परस्य डेराम् स्यात् । नियाम् । हे नीः । एवं,

लूः लुवौ लुवः । लुवि । हे लूः । सेनानीशब्दस्य विशेषः । सेनां नयतीति सेनानीः ।

नी शब्दने लागेला सप्तमी એકવચનના इ (ङि) प्रत्ययने બદલે आम् प्रत्यय બોલવો.

नी+इ=निय्+इ=निय्+आम्=नियाम्–લઈ જનારામાં.

બીજા ઉદાહરણો અન્યથી જોઈ લેવા.

॥ ५० ॥ क्विव्वृत्तेरसुधियस्तौ २।१।५८

क्विवन्तेनैव या वृत्तिः (समासः) तस्याः सुधीशब्द-वर्जितायाः सम्बन्धिनो धातोरिवर्णोवर्णयोः स्वरादौ स्यादौ य्वौ स्याताम् । सेनान्यौ । सेनान्यः ४ (१-३, २-३, ५-१, ६-१) । सेनान्यम्, सेनान्याम् । सप्तम्येकवचने "निय आम्" सेनान्याम्, हे सेनानीः । एवं ग्रामणी-प्रभृतयः । सुल्वूः । सुल्वौ सुल्वः । सुल्वां । सुल्वि । हे सुल्वूः । एवं खलपूप्रभृतयः । अत्र सुधीशब्दवर्जनात्तस्य नीशब्दवत्प्रक्रिया । सुधीः सुधियौ । सुधियाम् । सुधियि ।

આદિમાં સ્વરવાળા પ્રત્યયો લાગ્યા હોય ત્યારે ધાતુના इ વર્ણનો इय् અને उ વર્ણનો उव् થાય છે, જે શબ્દનો સમાસ क्विबन्त પદ સાથે જ થયેલો હોય એવા શબ્દના इ

વર્ણ અને ઉ વર્ણ હોવા જોઈએ. આ નિયમ સુધી શબ્દને લગાડવો નહીં.

કૃદન્ત પ્રકરણમાં ક્વિપ્ પ્રત્યય બતાવેલો છે તે જેને છેડે હોય તે પદને ક્વિબન્ત સમજવું.

सेनानी+औ=सेनान्यौ–બે સેનાઓને લઈ જનારો.

सेनानी+अस्=सेनान्यः–બે સેનાઓને લઈ જનારને ?

सेनानी+इ=सेनानी+आम्= सेनान्यम् અને सेनान्याम् – બે સેનાઓને લઈ જનારાઓનું.

लू + क्विप् = लु, सु + लु + अस् (जस्) – सुल्वः – સારું કાપનારાઓ.

॥ ૫૧ ॥ दृन्पुनर्वर्षाकारैर्भुवः २।१।५९

दृनादिपूर्वस्य भुवः स्वरादौ स्यादौ वः स्यात् । दृन्भ्वौ । दृन्भ्वः । क्विव्वृत्तेरिति वत्त्वे सिद्धे नियमार्थमिदम् । 'सिद्धे सत्यारम्भो नियमार्थ' इति । तेनान्यो भूशब्दो लूशब्दवत्–स्वयम्भूः । स्वयम्भुवौ । यवान्क्रीणातीति यवक्रीः ।

જેનો સમાસ ક્વિબન્ત સાથે થયેલો છે એવા भू શબ્દના ઉ વર્ણનો આદિમાં સ્વરવાળા સ્યાદિ પ્રત્યયો લાગે ત્યારે વ્ બોલવો પણ એ भू શબ્દની પહેલાં दृन्, पुनर्, वर्षा અને कार શબ્દો જ હોવા જોઇએ.

भू + क्विप्-भु-दृन् + भु+औ – दृन्भ्वौ – એક પ્રકારની બે નાગણ.

भू + क्विप्-भु-दृन् + भु+अस – दृन्भवः –ઘણી સાપણોને/નાગણોને.

॥ ५२ ॥ संयोगात् २।१।५२

संयोगात्परयोर्घातोरिवर्णोवर्णयोः स्वरादौ इयुवौ स्याताम् क्विब्वृत्तेरित्यस्यापवादः । यवक्रियौ यवक्रियः । एवं कटप्रूशब्दोऽपि । सुश्रीशब्दस्य ङित्सु विशेषः—

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય અને ધાતુના इ વર્ણ તથા उ વર્ણની પૂર્વે સંયુક્ત અક્ષર આવેલો હોય તો इ વર્ણનો इ બોલવો અને उ વર્ણનો उव् બોલવો.

यवक्री+औ=यवक्रिय्+औ=यवक्रियौ અથવા यवक्रियः–જવને ખરીદનારા બે જણ.

कटप्रू+औ=कटप्रूव् + औ = कटप्रुवौ – સાદડી પરોવનારા બે જણ.

॥ ५३ ॥ वेयुवोऽस्त्रिया १।४।३०

इयुवूस्थानिनौ यौ नित्यस्त्रीलिङ्गावीदूतौ तदन्तात्

स्त्रीवर्जात्परेषां स्यादेर्ङितां दै दास् दास् दामो वा स्युः । सुश्रियै, सुश्रिये । सुश्रियाः सुश्रियः, २ ।

જેમને છેડે સ્ત્રીલિંગી દીર્ઘ ઈ અને દીર્ઘ ઊ છે એવા જ શબ્દોને અહીં લેવાના છે. જેમને છેડે આવેલા ઈ ને બદલે इय् અને જેમને છેડે આવેલા ઊ ને બદલે उव् બોલાતો હોય તેવા સ્ત્રીલિંગી જ દીર્ઘ ઇકારાંત તથા દીર્ઘ ઊકારાંત શબ્દોને લાગેલા એકવચનની ङित् પ્રત્યયોને બદલે એટલે ચતુર્થીના ङे, પંચમીના ङसि, ષષ્ઠીના ङस् અને સપ્તમીના ङि પ્રત્યયને બદલે અનુક્રમે વિકલ્પે दै, दास् दास् તથા दाम्-आम् સમજવા.

ई-ङे-सुश्री+ए=सुश्री+ऐ=सुश्रियै અથવા सुश्रिये-શ્રી લક્ષ્મીને માટે.

ई-ङसि-सुश्री+अस्=सुश्री+आस्=सुश्रियाः અથવા सुश्रियः – શ્રી લક્ષ્મીથી.

ई-ङस=सुश्री+अस्=सुश्री+आस् = सुश्रियाः અથવા सुश्रियः – લક્ષ્મીનું.

એજ પ્રમાણે અન્યરૂપો સમજીને સાધી લેવા.

મૂળસૂત્રમાં अस्त्रियः શબ્દ મૂકેલો છે તે એવું સૂચન કરે છે કે આ નિયમ સ્ત્રી શબ્દને ન લગાડવો. તેથી સ્ત્રી શબ્દનું स्त्रियै એવું એક જ રૂપ થઇ શકે છે, પણ स्त्रियै, स्त्रिये એવાં બે રૂપ ન થાય.

स्त्री+ए=स्त्री+ऐ=स्त्रियै-સ્ત્રી માટે. (જુઓ ૧/૪/૨૯)

॥ ५४ ॥ आमो नाम्वा १।४।३१

सुश्रियाम्, सुश्रीणाम् । सुश्रियाम्, सुश्रियि ।

જેનો इय् થાય છે તેવો દીર્ઘ ઈ કાર જેમને છેડે છે એવા સ્ત્રીલિંગી દીર્ઘ ઇ કારાંત શબ્દોને તથા જેનો उव् થાય છે એવો દીર્ઘ ઊ કાર જેમને છેડે છે એવા સ્ત્રીલિંગી દીર્ઘ ઊ કારાંત શબ્દોને લાગેલા ષષ્ઠી બહુવચનના आम् પ્રત્યયને બદલે नाम् વિકલ્પે બોલવો. આ નિયમ ફક્ત સ્ત્રી શબ્દને લાગતો નથી.

सुश्री+ इ = सुश्री + आम् = सुश्रियाम् અથવા सुश्रियि =સારી લક્ષ્મીઓમાં.

इ-आम्=सुश्री+आम्=सुश्री+नाम्=सुश्रीणाम् અથવા सुश्रियाम् –સારી લક્ષ્મીઓનું.

उ–आम्–भ्रू + आम् + भू + नाम् = भ्रूणाम् અથવા भ्रुवाम्–ભવાઓનું.

સ્ત્રી શબ્દને પણ આ નિયમ લાગતો નથી તેથી स्त्रीणाम् એવું એક જ રૂપ થાય છે પણ स्त्रीणाम् તથા स्त्रीयाम् એવાં બે રૂપો ન થાય.

॥ ५५ ॥ भ्रूश्नोः २।१।५३

भ्रूश्नोरुवर्णस्य स्वरादौ उव् स्यात् । अतिभ्रुवौ, अतिभ्रुवः ।

अतिभ्रुवाः अतिभ्रुवः २ । अतिभ्रूणाम् । अतिभ्रुवाम्, अतिभ्रुवि । हे अतिभ्रूः । नित्यस्त्रीत्वाभावात् ग्रामण्ये इत्यादौ, आध्यै प्रध्यै इत्यादौ इयुवूस्थानित्वाभावाच्च नायं विधिः । "क्विबन्ताः धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते" इत्येषां धातुत्वं ज्ञेयम् । सखायमिच्छति सखियति, सखीयतीति सखीः ।

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગ્યા હોય તો અને भ्रू તેમજ इनु નો ऊ વર્ણ સંયુક્ત અક્ષરથી પર હોય તો उ વર્ણનો उव् થાય છે.

अति+भ्रू+ए=अतिभ्र+ऐ=अतिभ्रवै અથવા अतिभ्रवे–ભવાંઓ માટે.

अतिभ्रू+अस्=अतिभ्र+आम्=अतिभ्रवाः અથવા अतिभ्रुवः – ભવાંઓનું.

अतिभ्रू+आम्=अतिभ्र+नाम्=अतिभ्रूणाम् અથવા अतिभ्रुवाम्– ભવાંને ટપી જનાર પુરૂષોનું અથવા સ્ત્રીઓનું અથવા अतिभ्रुवि– ભવામાં.

હે अति भ्रू - હે अतिभ्रु+स् = હે अतिभ्रुस्+र=હે अतिभ्रूः – ભવાંને ઉલ્લંઘન કરનાર.

सखायमिच्छति सखीयति, सखीयतीति सखीः ।

આ પ્રમાણે सखि નામને ધાતુ બનાવીને નામ બનાવવાથી દીર્ઘ सखी શબ્દ બનાવી શકાય. છે.

॥ ५६ ॥ योऽनेकस्वरस्य २।१।५६

अनेकस्वरस्य धातोरिवर्णस्य स्वरादौ प्रत्यये परे यः स्यात् । सख्यौ २ । सख्यः २ । सख्युः २ । सख्याम् । सख्यि । एवं पतीः । पत्यौ । वसुमिच्छति वसूयति, वसूयतीति वसूः ।

આદિમાં સ્વર હોય એવા પ્રત્યયો લાગેલા હોય ત્યારે અનેક સ્વરવાળા ધાતુના इ વર્ણનો यू બોલવો.

सखी+इ=सखी+औ=सख्यौ-સખિમાં, મિત્રમાં.

ङस्=सखि+अस्=सख्युः-સખિથી-મિત્રથી.

सखि+अस्=सख्यु+अस्=सख्यु+उर्=सख्यु-સખિનું, મિત્રનું.

सख्याम्-सखी+इ=सख्यि-સખીને ઇચ્છના૨.

पति+इ=पति+औ=पत्यौ-પતિમાં एवं पतिः

॥ ५७ ॥ स्यादौ वः २।१।५७

अनेकस्वरस्य धातोरुवर्णस्य स्वरादौ स्यादौ परे वः स्यात् । वस्वौ वस्वः । वस्वाम् । वस्वि । हे वस्वः । ऋकारान्तः पितृशब्दः—

સ્વસદ્રિ સ્યાદ્રિ પ્રત્યયો લાગ્યા હોય ત્યારે અનેક સ્વર-વાળા ધાતુના ઉ વર્ણનો વ્ થાય છે.

वसुमिच्छन्तौ-वसू+औ=वस्वौ, वसुम् इच्छतः वसूयतः इति क्विप् वसू+औ-वस्वौ-આ પ્રયોગમાં પણ વસુ નામને ધાતુ બનાવીને પછી તેનું નામ કરેલું છે તેથી વસુ નો વસૂ થયો.

वस्वः, वस्वाम्, वस्वि, हे वसुः વિગેરે પ્રયોગો કરી લેવા.

॥५८॥ ऋदुशनस्पुरुदंशोऽनेहसश्च सेर्डा १।४।८४

ऋदन्तादुशनसादेश्च परस्य सेर्डा स्यात्। पिता। अतिपिता।

શે।ષ૩૫ ધુટ્ટની અંતર્ગત રહેલો સ્ (सि) પ્રત્યય જ્યારે હ્રસ્વ ऋ કારાંત નામને લાગેલો હોય તથા उशनस्, पुरुदंशस् અને अनेहस् તથા सखि શબ્દને પણ એજ સ્ પ્રત્યય લાગેલો હોય ત્યારે તે પ્રત્યયના સ્ ને બદલે आ (डा) બોલવો.

पितृ+स्=पितृ+आ=पिता-પિતા.

अतिपितृ + स्=अतिपितृ + आ = अतिपिता – પિતાને ટપી ગયેલો.

॥ ५९ ॥ अङौ च १।४।३९

ऋतो ङौ घुटि च परे अर् स्यात्। पितरौ पितरः। सम्बोधने "ह्रस्वस्य गुणः"। हे पितः। पितरम् पितरौ पितॄन्। पित्रा पितृभ्याम् पितृभिः। पित्रे पितृभ्याम् पितृभ्यः।

જે નામને છેડે હ્રસ્વ ऋ હોય અને તેને ઘુટ પ્રત્યયો તથા સપ્તમીના એકવચનનો इ પ્રત્યય લાગ્યો હોય તો તે નામને છેડે આવેલા ऋ નો अर् બોલવો જોઇએ.

नृ+अम्=न्+अर्+अम्=नरम्-પુરૂષને.

पितृ+स्=हे पितर्=हे पितः (ऋस् નો अर्)-હે પિતાજી.

સમાન સંજ્ઞક સ્વર = ऋ-पितृ + अस् = पितृस् = पितॄन् - પિતાઓને.

જે ऋ કારાંત શબ્દોને (૧/૪/૩૮ સૂત્ર નીચેના ૬૨ મા સૂત્ર પ્રમાણે) નિયમમાં બતાવેલા છે તે સિવાયનાં ऋ કારાંત पितृ, भ्रातृ, जामातृतथા मातृ વગેરે ઘણું કરીને સગાઇવાચક શબ્દોને ઘુટ્ પ્રત્યયો લાગેલા હોય ત્યારે આ નિયમ લાગુ કરવાનો છે.

બીજા ઉપર ટીકામાં આપેલા ઉદાહરણો અન્યથી જોઇ લેવા.

॥ ૬૦ ॥ ऋतो ङुर् १।४।३७

ऋतः परयोर्ङसिङसोर्ङुर् स्यात् । पितुः २ । पित्रोः २ । पितॄणाम् । पितरि । पितृषु । एवं नृ-भ्रातृप्रभृतयः ।

જે નામને છેડે હ્રસ્વ ऋ હોય તે નામને લાગેલા પંચમી-ના તથા ષષ્ઠીના એકવચનનો ङुर्-उर् બોલવાનો છે.

પું.-પં. એ.-पितृ + अस् = पितृ+उर् = पित् + उर् = पितुः - પિતાથી.

પુ.-ષ. એ.-पितृ+अस्=पितृ+उर्=पितृ+उर्=पितुः અથવા पितृ+अस् (ङस्)=पितृ+ङुस्=पितृ+उर्=पितुः-પિતાનું.
पितृ + आम् = पितृ + नाम् = पितॄणाम्- પિતાઓનું.
(જુઓ ૧/૪/૩૨)

ડુર્ માંનો ડ્ર એવું સુચને રે છે કે તે જેને લાગેલો હોય તેનો અંત્યસ્વર ઉડી જાય છે-બોલાતો નથી. બીજા ઉદાહરણો અન્યથી જાણી લેવા.

॥ ६१ ॥ नुर्वा १।४।४८

नामि दिर्घः । नॄणां नृणाम् ।

नृ शब्द પછી नाम् (आम् નો नाम् થયેલો) પ્રત્યય લગોલગ આવેલો હોય ત્યારે नृ ના ऋ ને વિકલ્પે દીર્ઘ બોલવાનો છે.

नृ+आम्=नृ+नाम्=नृणां – नृणाम् – નરો-પુરૂષોનું.
(જુઓ ૧/૪/૩૨)

॥ ६२ ॥ तृस्वसृनप्तृनेष्टृत्वष्टृक्षत्तृहोतृपोतृप्रशास्त्रो घुटयार् १।४।३८

तृच्तृन्नन्तस्य स्वस्रादीमां च घुटयार् स्यात् । इति पञ्चस्वारप्राप्तावपि विशेषत्वात् "ऋदुशनस्०" इत्यादिना सेर्डा । कर्ता । अतिकर्ता । कर्तारौ । कर्तारः । कर्तारम् ।

कर्तारौ । शेषं पितृवत् । एवं नप्तृप्रभृतयः । क्रुशूधातोस्तुन्प्रत्यये क्रोष्टुशब्दः—

१/१/२९ सूत्र द्वारा जे प्रत्ययोनी घुट् संज्ञा बतावेली छे ते प्रत्ययोने अहीं घुट् शब्दथी समजवाना छे.

जे नामने छेडे तृच् के तृन् प्रत्यय आवेला होय अने पछी तेने–ते प्रत्ययोवाळा नामने–घुट् प्रत्ययो लागेला होय तो नामना अंत्य ऋ ने स्थाने आर् बोलवो. तथा स्वसृ, नष्टृ. नेष्टृ, क्षत्तृ, होतृ, पोतृ, तथा प्रशास्तृ नामने ज्यारे घुट् प्रत्ययो लागेला होय त्यारे तेमना अंत्य ऋ ने स्थाने पण आर् बोलाय छे.

कर्तृ+स् (सि्)=कर्त्+आ (डा प्रत्ययना)=कर्ता–करनार.

अतिकर्तृ+स् (सि्)=अतिकर्त्+आ (डा प्रत्ययना)=अतिकर्ता-करनारने टपी गयेलो.

कर्तृ+औ=कर्तार्+औ=कर्तारौ = प्र. द्वि.–बे कर्ताओ बे करनाराओ.

कर्तृ+अस्=कर्तार्+अस्=कर्तारः प्र. ब. करनाराओ.

कर्तृ+अम्=कर्तार्+अम्=कर्तारम्. द्वि. ए. करनारने.

कर्तृ+औ=कर्तार्+औ=कर्तारौ–द्वि. द्विव. बे करनाराओने.

क्रोष्टु+आ=क्रोष्टवे–क्रोष्टु+ए=क्रोष्टवे–क्रोष्टृ+अस्=क्रोष्टुः अथवा क्रोष्टोः

तृन्-कर्तृ पूर्वोक्त उदाहरणोने ज समजी लेवा. बाकीना (शेषं पितृवत्) पितानी जेम समजी लेवा.

नप्तृ એ पण એ प्रमाणे समजी लेवुं.

अहीं कर्तृ રૂप नपुंसकलिंगी द्वितीयानुं એકवचन छे. नपुंसकलिंगमां फक्त प्रथमाना तथा द्वितीयाना બહુવચનનો प्रत्यय ज घुट् રૂप छे (जुओ (१/१/२८) तेथी आ प्रयोगमां कर्तृ शब्दने घुट् प्रत्य लागेलो नथी.

॥ ६३ ॥ क्रुशस्तुनस्तृच् पुंसि १।४।९१

क्रुशो यस्तुन् तस्य शेषे घुटि परे तृच् स्यात्। क्रोष्टा। क्रोष्टारौ। क्रोष्टारः। शेषे घुटीत्येव-हे क्रोष्टो। घुटीति किम्। क्रोष्टून्।

आ

धातुने तुन् लागीने जे क्रोष्टु नाम બન્યु छे ते क्रोष्टु यथेा लागेला होय અને એ शब्द नरजातिनो

॥ ६२ ॥ तृस्वसृ छेडाना तु नेा तृ थाय छे

घुटि=तु=क्रोष+तृ= क्रोष्ट्र+स् = क्रोष्टा – शियाळ.

तृच्तृन्नन्तस्य स्वस्र पञ्चस्वारप्राप्तावपि विशेषत्वं + औ = क्रोष्टारौ – બે शियाळ.

सेर्डा। कर्ता। अतिकर्ता।

॥ ६४ ॥ टादौ स्वरे वा १।४।९२

तुनस्तृच् । क्रोष्ट्रा-क्रोष्टुना । क्रोष्टुभ्याम् । ३ क्रोष्ट्रे क्रोष्टवे । क्रोष्टुः क्रोष्टोः, २ । क्रोष्ट्रो, क्रोष्ट्वोः २ । आमि तु नित्यत्वात् पूर्वनामिकृते स्वरादित्वाभावात्तृजभावः क्रोष्टूनाम् । क्रोष्टरि, क्रोष्टौ । क्रोष्टुषु । ऋकारान्तादयोऽप्रसिद्धाः । एकारान्तः अतिहेशब्दः । स्वरादावयादेशः । अतिह्यौ । सम्बोधने "अदेतः स्यमो०" इति सिलुकि । हे अतिहे । ऐकारान्तः सुरैशब्दः—

આ, ए, अस्, ओस्, इ प्रत्ययो लागेला होय त्यारे पुलिंगी क्रोष्टु शब्दने બદલે क्रोष्टृ એવો ऋ કારાંત शब्द विकल्पे थाय छे अर्थात् तृतीय એકવચન, चतुर्थी એકવચન, પંચમી એ., ષષ્ઠી વિભક્તિનું એ. તથા ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનું દ્વિવચન અને સપ્તમીનું એકવચન—એ બધા પ્રત્યયોમાં क्रोष्टु અને क्रोष्ट એમ બે शब्द समजाय छे.

तृ. એ.—क्रोष्टु+आ=क्रोष्ट+आ=क्रोष्ट्रा અથવા क्रोष्टु+आ=क्रोष्टुना—शियाળ વડે.

च. એ. क्रोष्टु+ए=क्रोष्टू+ए=क्रोष्ट्रे અથવા क्रोष्टु+ए=क्रोष्टवे—शियाળને माटे.

पं. तथा ष. એ.—क्रोष्टु+अस्=क्रोष्टृ+अस्=क्रोष्टुः અથવા क्रोष्टु+अस्=क्रोष्टोः—शियाળथी तथा शियाળनुं.

ष. तथा स.-द्वि. व. - क्रोष्टु+ओस्=क्रोष्टृ+ओस्=क्रोष्ट्रोः અથવા ક્રોષ્ટુ+ઓસ્=ક્રોષ્ટ્રોઃ-બે શિયાળનું તથા બે શિયાળમાં.

स. એ.-ક્રોષ્ટુ+ઇ=ક્રોષ્ટૃ+ઇ=ક્રોષ્ટરિ (૧/૪/૩૯) અથવા ક્રોષ્ટુ+ઇ=ક્રોષ્ટૌ-શિયાળમાં.

॥ ६५ ॥ आ रायो व्यञ्जने २।१।५

व्यञ्जनादौ स्यादौ परे रैशब्दस्य आः स्यात्। सुराः। स्वरादावायादेशः। सुरायौ। औकारान्ताः गोशब्दः—

આદિમાં વ્યંજનવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે રૈ શબ્દને બદલે રા શબ્દ વાપરવો.

सु + रै = सु + रा = सुरा + स्=सुराः = સારા રાજા. અથવા સારૂ રાજ્ય. પ્રથમા એકવચન છે. એજ રીતે.

सुरायौ = પ્રથમા દ્વિવચન છે - બે સારા રાજા અથવા બે સારા રાજ્ય.

॥ ६६ ॥ ओत औः १।४।७४

ओदन्तस्य घुटि औः। गौः। गावौ। गावः।

નામને છેડે ઓકાર હોય તો ઘુટ્ પ્રત્યય લાગતાં ઓને બદલે औ થાય છે.

પ્ર. એ.-गो + स् = गौ + स्=गौर् = गौः-એક ગાય અથવા બળદ.

प्र. द्वि. } -गो+औ=गौ+औ=गावौ-બે ગાય અથવા બે
द्वि. द्वि. } બળદ તથા બે ગાયોને અથવા બે બળદોને.

॥ ६७ ॥ आ अम्शसोऽता १।४।७५

अम्शसोरता सह ओत आः स्यात् । गाम् । गावौ । गाः । गवा । गोभ्याम् । "एदोद्भ्यां ङसिङ्सो रः" इति रत्वे गोः २ । गवाम् । गोषु । एवं सुद्योप्रभृतयः । औकारान्तो ग्लौशब्दः । ग्लौः । ग्लावौ । हे ग्लौः । ग्लौभ्याम् । एवं सुनौप्रभृतयः ।

છેડે ओ કાર હોય અને દ્વિતીયાના એકવચનનો अम् તથા બહુવચનનો अस् (शस्) પ્રત્યય લાગેલો હોય તો છેડાનો ओ કાર અને अम् નો अ કાર મળીને आ થાય છે તથા છેડાનો ओ કાર અને अस् નો अ કાર એ બન્ને મળીને પણ आ થાય છે.

द्वि. એ -गो+अम्=गाम्-ગાયને અથવા બળદને.
द्वि. બ.-गो+अस्=गाः-ગાયોને અથવા બળદોને.
ङसि-અંતે ओ-गो+असि=गो+र्=गोः-ગાયથી.
ङस्-અંતે-ओ-गो+अस्-गो+र्=गोः-ગાયનું.

॥ इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय
श्री विनयविजयगणिविरचितायां हैमलघुप्रक्रियायाम्
स्वरान्तः पुल्लिङ्गः समाप्तः ॥

अथ स्वरान्ताः स्त्रीलिङ्गाः ॥

तत्र आकारान्तः स्त्रीलिङ्गो गङ्गाशब्दः—

॥ १ ॥ दीर्घङ्याब्व्यञ्जनात्सेः १।४।४५

दीर्घङ्याबन्ताभ्यां व्यञ्जनाच्च परस्य सेर्लुक् स्यात् । गङ्गा ।

જે નામને છેડે દીર્ઘ ઈ (ङी) આવેલો હોય તથા જે નામને છેડે દીર્ઘ આપ્ (आ) આવેલો હોય તે નામને લાગેલા પ્રથમા એકવચન સિ (स्) નું ઉચ્ચારણ ન કરવું–તેનો લોપ કરી દેવો. તથા જે નામને છેડે વ્યંજન આવેલો હોય તે નામને લાગેલા પ્રથમા એકવચન સિ–(स्) નું ઉચ્ચારણ ન કરવું એટલે કે તેનો લોપ કરી દેવો

गङ्गा=सि लोपे गङ्गा

गङ्ग+आ=गङ्गा+स्=गङ्गा–નદીનું નામ.

दीर्घ ङी–नद्+ङी=नदी+स्=नदी–નદી.

दीर्घ आप्–माल+आ=माला+स्=माला–માળા.

॥ २ ॥ औता १।४।२०

आवन्तस्य औता सह एत् स्यात्। गङ्गे । गङ्गाः ।

गङ्गाम् । गङ्गे । शसि पुंस्त्वाभावान्नत्वाभावेऽकारेण सह दीर्घ एव–गङ्गाः ।

જે શબ્દને છેડે પૂર્વોક્ત આપ્ પ્રત્યય લાગેલો હોય અને તે શબ્દ પછી પ્રથમા અને દ્વિતીયાના દ્વિવચનનો औ આવેલો હોય તો શબ્દના છેડાના આ તથા औ એ બંનેને બદલે એકલો ए થાય છે.

પ્ર. દ્વિ. વ. – गङ्गा + औ = गंङ्ग + ए = गङ्गे – બે ગંગાઓ છે.

પ્ર. દ્વિ. વ. – माला + औ = माल् + ए = माले – બે માળાઓ છે.

દ્વિ. દ્વિ. વ. – माला + औ = माल् + ए = माले – બે માળાઓને જો.

બીજા રૂપ અન્યથી જોઈ લેવા.

॥ ३ ॥ टौस्येत् १।४।१९

आबन्तस्य टौसोः परयोरेत्वं स्यात् । गङ्गया । गङ्गाभ्याम् ३ । गङ्गाभिः ।

જે શબ્દને છેડે સ્ત્રીલિંગ સૂચક आप પ્રત્યય લાગેલો હોય અને તે શબ્દને જો તૃતીયાનું એકવચન टा (आ) તથા ષષ્ઠી અને સપ્તમીનું દ્વિવચન आस् પ્રત્યય લાગેલો હોય તો શબ્દના અંત્ય आ ને બદલે ए થાય છે.

तृ. એ व. बहुराजा + टा = बहुराजा+आ=बहुराजे+आ = बहुराजय्+आ=बहुराजया–રાજા જેવી વડે.

પદાંતમાં હ કાર હોય અથવા તેની– હ કારની–પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવ્યો હોય તો હ નો ઢ બોલવો

પદાંત – મધુલિહ્ + સ્ – મધુલિઢ્ + સ્ – મધુલિટ્ – મધને ચાટનારો.

મધુલિહ્+ઔ=મધુલિહૌ–મધને ચાટનારા બે જણ.

ગુડલિહ્ + માન – ગુડલિઢ્ + માન્ – ગુડલિણ્માન્ – ગોળને ચાટનારાવાળો.

॥ ६० ॥ भ्वादेर्दार्देर्धः २।१।८३

भ्वादेर्धातोर्यो दादिरवयवस्तस्य धुटि प्रत्यये परे पदान्ते च हो धः स्यात् । "गडदबादेः०" इति धत्वे गोधुग् गोधुक् ।

આદિમાં દ કારવાળા અવયવ સહિત ભ્વાદિ ધાતુનો–ભ્વાદિ ગણમાં આવેલ ધાતુનો–હ્ પદાંતમાં હોય તો તેનો ઘ બોલવો, અથવા તે હ્ પછી આદિમાં ધુટ્ વ્યંજનવાળો પ્રત્યય આવ્યો હોય તો પણ હ્ નો ઘ થાય છે.

પદાંત–

અદુહ્+દ્=અધોઘ્+દ્=અધોક્–તેણે દોવું.
ગોદુહ્+સ્–ગોધુધ+સ્–ગોધુક્–ગાયને દોહનારો.

धुट्-

दुह्+ता=दोध्+ता=दोग्धा-दोहनारो.

दुह् + स्यति = दोध् + स्यति = धोक् + ष्यति = धोक्ष्यति - તે દોહશે.

॥ ६१ ॥ मुह-द्रुह-स्नुह-स्निहो वा २।१।८४

धुटि प्रत्यये पदान्ते त्वेषां चतुर्णां हो ध् वा स्यात्। तत्त्वमुक्। तत्त्वमुड् तत्त्वमुट्। सम्बोधने चातूरूप्यम्।

मुह्, द्रुह्, स्नुह् अने स्निह् એ ચાર शब्दोनो ह् पदांतमां होय अथवा એ ह् પછી आदिमां धुट् व्यंजनवाळो प्रत्यय आवेलो होय तो पण ह् नो ध् विકલ્પે थाय छे.

पदांत—

उत् + मुह् + स् = उत् + मुध् + स् = उन्मुक् કે उन्मुट्-मोह पामनारो.

मित्र + द्रुह् + स् + मित्रद्रुध्+स्=मित्रध्रुक् કે मित्रध्रुट्-मित्रनो द्रोह કરનारो.

उत् + स्नुह् + स्-उत् + स्नुध्+स्-उत्स्नुक् કે उत्स्नुट् - ઉંचे ओरनारो.

चेल+स्निह्+स्=चेलस्निध्+स्=चेलस्निक् કે चेलस्निट् - કપડां साथे चोंटनारो.

આદિમાં ધુટ્વાળા પ્રત્યય—

मुह्+ता=मोध्+ता=मोग्धा અથવા મોઢા–મોહ પામનારો.

द्रुह्+ता=द्रोघ्+ता=द्रोग्धा કે દ્રોઢા–દ્રોહ કરનારો.

स्नुह्+ता=स्नोध्+ता=स्नोग्धा કે સ્નોઢા–ઝરનારો.

स्निह्+ता=स्नेध्+ता=स्नेग्धा કે સ્નેઢા–સ્નેહ કરનારો.

इति महोपाध्याय श्री कीर्त्तिविजयगणि शिष्योपाध्याय
श्री विनयविजयगणि विरचितायां हैमलघुप्रक्रियायां
व्यञ्जनान्ताः पुलिङ्गाः समाप्ताः ॥

卐

अथ व्यञ्जनान्ताः स्त्रीलिङ्गाः ।

तत्र चकारान्तादयः प्राग्वत् । त्यदादीनाम् "आद्वेरः" इत्यकारान्तत्वे—

॥ १ ॥ आत् २।४।१८

अकारान्तान्नाम्नः स्त्रियामाप् स्यात् । "तः सौ सः" स्या । त्ये । त्याः । सर्वावत् । सा । ते । ताः । या । ये । याः । एषा । एते । एताः । एतम् । एते एताः । एतया । एतयोः २ । अन्वादेशे । एनाम् । एने । एनाः । एनया । एनयोः २ । चकारान्तो बहुवचनान्तोऽप्शब्दः—

અ કારાંત નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે નારીજાતિ સૂચક આ (आप्) પ્રત્યય લાગે છે.

तद्+स्=सद्+स्=तः-सौ-सः-ते.

त्यद्+स्=स्यद्+जस्=स्य+अस्=स्याः-તેણીની.

त्यद्+स=त्य+आ+स्=त्या+स्=स्या-त्यां-ते-त्यां-તેણી.

तद्+स्=त+आ+स्=ता+स्=सा-ते-ताः-તેણીની

यत्=ये+आ=या-ये-याः-જેણી.

एतद्+स्=एत+आ+स्=एता+स्=एषा-एते-एताः-એણી-એ.

॥ २ ॥ अपः १।४।८८

अपः स्वरस्य शेषे घुटि दीर्घः स्यात् । आपः । शसि । अपः ।

શેષ ઘુટ્ પ્રત્યય લાગેલો હોય ત્યારે અપ્ શબ્દના અ નું દીર્ઘ ઉચ્ચારણ કરવું એટલે અ ને બદલે આ થાય.

પ્ર બહુ.-अप्+अस्=आप्+अस्=आपः-પાણી.

પ્ર. દ્વિ. તથા દ્વિ. દ્વિવ -सु+अप्=स्वप्+औ=स्वापौ - સારા પાણીવાળા બે કૂવા અથવા સારા પાણીવાળા બે કૂવાઓને.

એકલો अप् શબ્દ હંમેશા બહુવચનમાં જ વપરાય છે. તેથી તેનો એકવચનવાળો પ્રયોગ ઉદાહરણરૂપે ન લઇ શકાય.

॥ ३ ॥ अपोऽद्भ्मे २।१।४

भादौ स्यादौ परे अपोऽद् स्यात् । अद्भिः । अद्भ्यः २ । अपाम् । अप्सु । एवं स्वाप् । स्वापौ । स्वद्भ्याम् । ककुभ्शब्दस्तुण्डिभूशब्दवत् । इदमशब्दस्य "अयमियं पुंस्त्रियोः सौ" इयम् । इमे । इमाः । इमाम् । इमे इमाः । "टौस्यनः" । अनया । "अनक्" । आभ्याम् । आभिः । अस्यै । अस्याः २ । अनयोः २ । आसाम् अस्याम् । आसु । रेफान्तश्चतुरशब्दः । नित्यं बहुवचनान्तः—

આદિમાં भ કારવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે अप् શબ્દને બદલે अद् શબ્દ વાપરવો.

अप्+भिस्=अद्+भिस=अद्भिः-વિવિધ પ્રકારનાં પાણી વડે.

नारीजाति-इदम्+स्=इयम्-આ સ્ત્રી.

इदम्+आ=अन+आ=अना+आ=अनया-આ સ્ત્રી વડે.

इदम् + भ्याम् = आभ्याम् - આ બે વડે, આ બે માટે, આ બેથી.

इदम्+भिस्=आभिः-આઓ વડે.

इदम्+सु=आसु-આઓમાં.

इदम् + ओस् = अन + ओस् = अनयोः - આ બે અથવા આ બેમાં.

इदम्+ओस्=अन+आ=अना+ओस्=अनयोः-આ બે સ્ત્રીઓનું અથવા આ બે સ્ત્રીઓમાં.

सु+अप्+भ्याम्=सु+अद्+भ्याम्=स्वद्भ्याम्-જેમાં સારું પાણી છે એવા બે કૂવાઓ વડે.

॥ ४ ॥ त्रि चतुरस्तिसृ चतसृ स्यादौ २।१।१

स्वेऽस्वे वा स्वरादौ स्यादौ परे स्त्रीलिङ्गयोस्त्रिचतुरोस्तिसृ चतसृ स्याताम् ।

त्रि શબ્દ અને चतुर् શબ્દ નારીજાતિમાં હોય તો સ્યાદિ

વિભક્તિઓના પ્રત્યયો લાગતાં त्रि ને બદલે तिसृ અને चतुर् ને બદલે चतसृ શબ્દનો પ્રયોગ કરવો.

त्रि नारीणाति-त्रि+अस्=तिसृ+अस्=तिस्रः-ત્રણ ગાથાઓ-પ્રથમા બહુ,

चतुर् ,, चतुर्+अस्=चतसृ+अस्=चतस्रः-ચાર ગાથાઓ -પ્રથમા બહુ.

॥ ५ ॥ ऋतो रः स्वरेऽनि २।१।२

तिसृ-चतसृशब्दयोर्ऋतः स्वेऽस्वे वा स्वरादौ स्यादौ परे रः त्यात् नञ्विषयादन्यत्र। चतस्रः २। चतुसृभिः। चतसृभ्यः २। "दीर्घो नाम्य०" इत्यत्र तिसृचतसृवर्जनात्-चतसृणाम्। चतसृषु। हे चतस्रः। एवं तिस्रः २। तिसृभिः। तिसृभ्यः २। तिसृणाम्। तिसृषु। हे तिस्रः। स्वेऽस्वे इति-प्रियतिसा प्रियचतसा ना। प्रियतिस्रौ प्रियचतस्रौ। गिर्शब्दस्य "पदान्ते" इति दीर्घे। गीः। गिरौ २। गीर्भ्याम् ३। "अरोः सुपि रः" गीर्षु। हे गीः।

આદિમાં સ્વરવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગતાં तिसृ અને चतसृ શબ્દના અંત્ય ऋ ને બદલે र् બોલવો. માત્ર

સ્વરવાળી સ્યાદિ વિભક્તિને ન કારનો સંબંધ ન હોવો જોઇએ.

चतसृ+अस्=चतस्रः–ચાર પાઠશાળાઓ.

चतस्रः–ચાર ગાથાઓ.

तिसृभिः તથા चतसृभिः અહીં तिसृ અને चतसृ શબ્દને આદિમાં સ્વરવાળી સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા નથી તેથી तिस्रभिः કે चतस्रभिः એવા પ્રયોગો ન બને પણ तिसृभिः તથા चतसृभिः એવા ऋ વાળા પ્રયોગ બને છે.

तिसृणाम् તથા चतसृणाम्–આ બન્ને પ્રયોગોમાં સ્વરવાળી સ્યાદિ વિભક્તિને न् નો સંબંધ છે માટે तिस्रणाम કે चतस्रणाम् પ્રયોગ ન બને.

तिसृणाम्–ત્રણ સ્ત્રીઓનું અને चतसृणाम्-ચાર સ્ત્રીઓનું.

સપ્તમી બહુ. चतुर् + सु = चतसृ + षु = चतसृषु – ચાર ગાથાઓમાં.

तिसृ+अस्=तिस्रः–ત્રણ પાઠવાળો અથવા ત્રણ ગાથાઓ

त्रि+सु=तिसृ+षु=तिसृषु–ત્રણ ગાથાઓમાં.

प्रियचतसृ+स्त्र (પ્રથમા એકવચન) प्रियचतसा ना – જેને ચાર ગાથા પ્રિય છે એવા ના–પુરૂષ.

પ્ર દ્વિવ.–प्रियतिसृ+औ=प्रियतिस्रौ–જેને ત્રણ પાઠશાળાઓ પ્રિય છે એવા બે પુરૂષ.

प्रियचतसृ+औ=प्रियचतस्रौ–જેને ચાર પાઠશાળાઓ પ્રિય છે એવા બે પુરૂષ.

॥ ६ ॥ दिव औः सौ २।१।११७

द्यौः । दिवौ ।

પ્રથમાના એકવચનનો સ્ પ્રત્યય લાગેલો હોય ત્યારે दिव् ના વ્ નો औ થાય.

दिव्+स्=दि+औ=द्यौ–સ્વર્ગ અથવા આકાશ.

॥ ७ ॥ उः पदान्तेऽनूत् २।१।११८

पदान्ते दिव उः स्यात्, स च दीर्घो न स्यात् । द्युभ्याम् । दिवाम् द्युषु । हे द्यौः । "ऋत्विग्०" इत्यादिना गत्वे दिग् हे दिक् । आशिसशब्दस्य "सो रुः" इति रुत्वे "पदान्ते" इति दीर्घे आशीः । आशिषौ । आशीर्भ्याम् । आशीर्षु । हे आशीः । "अदसौ दः सेस्तु डौ" । असौ । द्विवचनादौ अत्वं मत्वं । पदान्ते नहो धो वाच्यः । उपानत् उपानद् । उपानहौ । उपानद्भ्याम् ३ । उपानत्सु । हे उपानद् हे उपानत् ।

दिव् શબ્દના પદાન્તે આવેલા વ્ નો उ કરવો અને તે उ સદા હ્રસ્વ રાખવો, દીર્ઘ ન કરવો.

दिव् +भ्याम्=दि+उ + भ्याम् = द्युभ्याम् – બે સ્વર્ગ અથવા આકાશ વડે, બે સ્વર્ગ અથવા આકાશ માટે અથવા બે સ્વર્ગથી અથવા આકાશથી.

दिव्+सु=दि+उ+सु=द्युषु–સ્વર્ગોમાં કે આકાશોમાં.

आशीः–आशीर्वाद, असौ–આ

उपानह्+भ्याम्=उपानध्+भ्याम्=उपानद्भ्याम्–બે જોડા વડે, બે જોડા માટે, બે જોડાથી.

॥ इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय श्री विनयविजयगणिविरचितायां हैमलघुप्रक्रियायाम् व्यञ्जनाताः स्त्रीलिङ्गः समाप्तः ॥

卐

अथ व्यञ्जनान्ता नपुंसकलिङ्गाः ।

चकारान्तः प्रत्यच्शब्दः । प्रत्यग्, प्रत्यक् । "अच्च प्राग् दीर्घश्च" इति प्रतीची । प्रत्यञ्चि । सम्यक् सम्यग् । समीची । सम्यञ्चि । शेषं पुंवत् । जकारान्तोऽसृज्शब्दः । असृग् असृक्, २ । असृजी २ । असृञ्जि २ । शसादौ वाऽसन्नादेशे असानि । असृजा । असृजा । असभ्याम् । असृग्भ्याम् । हे असृग् हे असृक् । जगत् जगद् । जगती । जगन्ति । महत् । महती । "न्स्महतोः" इति दीर्घे महान्ति यकृत्शकृतोः शसादौ वा यकन्शकन्नादेशे यक्ना यकृता । यकभ्याम् यकृद्भ्याम् । शक्ना शकृता । शकभ्याम् शकृद्भ्याम् । त्यदादीनां "अनतो लुप्" इति सिलुप् त्यद् । द्विवचनादौ अत्वे त्ये । त्यानि । सर्वबद् । एवं तद्–यदादयः । अहन्शब्दस्य "अह्नः" इति रुत्वे—अहः २ । "ईडौ वा" । अह्नी अहनी, २ । अह्नि अहनि । अह्ना । अहोभ्याम् ३ । अहस्सु । हे अहः । ब्रह्मन्शब्दस्य "नाम्नो नोऽनह्नः" इतिन–लुपि ब्रह्म । ब्रह्मणी । ब्रह्माणि । ब्रह्मणा ।

प्रतीचि–પૂર્વ દિશા	वचस्–વાણી
जगन्–દુનીયા	काष्ठतक्षी–સુતાર
यक्ना–દિશા	अजा–બકરી

शकृत–એકવાર
अहन्–દિવસ
ब्रह्मन–બ્રાહ્મણ
ब्रह्म-બ્રાહ્મણ
इदम–આ
पयः–પાણી અથવા દૂધ
कोकिला–સુંદર કંઠવાળી છોકરી
बाला–વગર પરણેલી છોકરી
शुद्रा–શુદ્રી સ્ત્રી
ज्येष्ठ–સૌથી મોટી સ્ત્રી
एडका–સ્તુતિ કરનારી

॥ १ ॥ क्लीबे वा २।१।९३

आमन्त्र्यस्य नाम्नो नस्य क्लीबे लुग् वा स्यात् । हे ब्रह्मन् हे ब्रह्म । इदम् । इमे । इमानि । किम् । के । कानि । "चतुरः शौ" । पयः पयसी । पयांसि । । पयसा । पयोभ्याम् । हे पयः । एवं वचःप्रभृतयः । अदः । द्विबचने अमे इति जाते–"मादुवर्णोऽनु" अमू । अमूनि । शेषं पुंवत् । काष्ठतड्, काष्ठतट् । काष्ठतक्षी । काष्ठतक्षि ।

સંબોધનમાં વપરાયેલો ન કારાંત શબ્દ જો નપુંસક લિંગમાં હોય તો તેના પદાંતના न् નો લોપ વિકલ્પે કરવો.

हे ब्रह्मन्+स्=हे ब्रह्म ! અથવા हे ब्रह्मन्-હે બ્રહ્મ.
हे दामन्+स्=हे दाम ! અથવા हे दामन्-હે ભાળા !

इदम्–आ–प्रत्यक्ष.

अमु–આ બે સ્ત્રીઓ અથવા આ બે પુરૂષો.

काष्ठतक्ष् + अस्=काष्ठतक्षू+इ=काष्ठतनक्ष् + इ=काष्ठतङ्क्ष–લાકડાંને છોલનારાં કુળો અથવા કુળોને.

इति महोपाध्याय श्री कीर्त्तिविजयगणि शिष्योपाध्याय
श्री विनयविजयगणि विरचितायां हैमलघुप्रक्रियायां
व्यञ्जनान्ताः नपुंसकलिङ्गाः समाप्ताः ॥

卐

अथ युष्मदस्मदोः प्रक्रिया—

तयोश्च त्रिष्वपि लिङ्गेषु समानं रूपमलिङ्गत्वात् ।

॥ १ ॥ त्वमहं सिना प्राक् चाऽकः २।१।१२

सिना युष्मदस्मदोस्त्वमहमौ स्याताम्, तौ चाक्प्रसङ्गेऽकः प्रागेव । त्वम् । अहम् । त्वकम् । अहकम् ।

પ્રથમાના એકવચન स् સાથે युष्मद् નો त्वम् અને પ્રથમાના એકવચન स् સાથે अस्मद् નો अहम् કરવો.

જ્યારે આ બન્ને શબ્દોને अक् [શબ્દના છેલ્લા સ્વર ની પહેલાં જ अक् લાગે છે. ૭/૩/૩૦] પ્રત્યય લગાડવાનો પ્રસંગ આવે ત્યારે તે अक् લાગ્યા પહેલાં જ त्वम् તથા अहम् કરી લેવા અને પછી अक् લગાડવો.

युष्मद्+स्=त्वम्-तुं.

अस्मद्+स्=अहम्-हुं.

त्वकम्, अहकम् = આ બન્ને પ્રયોગોમાં त्वम् અને अहम् કર્યા પછી अक् પ્રત્યય લાગેલો છે અર્થાત્ स् ની પેઠે अक् પ્રત્યયની સાથે त्वम्, अहम् ન બોલાય પણ त्वकम् [-तु] તથા अहकम् (-हुं) જ બોલાય.

॥ २ ॥ मन्तस्य युवावौ द्वयोः २।१।१०

द्वित्वे वर्तमानयोर्युष्मदस्मदोर्मन्तावयवस्य स्यादौ परे युवावौ स्याताम्। युवद् आवद् इति तावद्भवति—

દ્વિવચનનો સૂચક યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દ હોય અને તે યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય તો યુષ્મ એવા મ કારાંત અંશનો યુવ અને અસ્મ્ એવા મ કારાંત અંશનો આવ થાય છે.

યુવદ્ + ઓસ્ = યુવય્ + ઓસ્ = યુવયોઃ, આવદ્ + ઓસ્ = આવય્ + ઓસ્=આવયોઃ – આ બન્ને પ્રયોગમાં યુષ્મદ્ તથા અસ્મદ્ નો માન્ત–મ કારાંત–ભાગ નથી પણ યુવય્ અને આવય્ એવો ય કારાંત ભાગ છે તેથી આ નિયમ ન લાગે

॥ ३ ॥ अमौ मः २।१।१६

युष्मदस्मद्भ्यां परयोः अम् औ इत्येतयोर्मः स्यात्।

યુષ્મદ્ તથા અસ્મદ્ ને લાગેલા દ્વિતીયાના એકવચન અમ્ નો તથા પ્રથમા અને દ્વિતીયાના દ્વિવચન ઔ નો મ્ થાય છે.

અમ્–યુષ્મદ્+અમ્=ત્વામ્–તને.
અમ્–અસ્મદ્+અમ્=મામ્–મને.

પ્ર. તથા દ્વિતી. દ્વિવ. औ-युष्मद् + औ=युवाम् – તમે બે અથવા તમને બેને.

પ્ર. તથા દ્વિતી. દ્વિવ.–औ-अस्मद्+औ = आवाम् – અમે બે અથવા અમને બેને.

॥ ४ ॥ युष्मदस्मदोः २।१।६

व्यञ्जनादौ स्यादौ परे युष्मदस्मदोराः स्यात् । युवाम् । आवाम् ।

આદિમાં વ્યંજનવાળા સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય ત્યારે युष्मद् અને अस्मद् શબ્દના द् નો आ થાય છે.

દ્વિ. બે. વ.

युष्मद्+अम्=युष्मद्+म्=युष्मा+म्=त्वाम्–તને.

अस्मद्+अम्=अस्मद्+म्=अस्मा+म्=माम्–મને.

युवाम्–તમને બેને અને आवाम्–અમને બેને.

॥ ५ ॥ यूयं–वयं जसा २।१।१३

जसा सह युष्मदस्मदोरेतौ स्याताम् । यूयम् । वयम् । द्वितीयैकवचने—

પ્રથમાના બહુવચન अस् સહિત युष्मद् નો यूयम् તથા

પ્રથમાના બહુવચન અસ્ સહિત અસ્મદ્ નો વયમ્ થાય, પણ અક્ પ્રત્યય લાગવાનો પ્રસંગ થતાં પહેલાં યૂયમ્ અને વયમ્ કરી લેવા અને પછી અક્ પ્રત્યય લગાડવો.

युष्मद्+अस्=यूयम–તમે.

अस्मद्+अस्=वयम–અમે.

युयकम्–यूय्+अक्+अम्=यूयकम्–તમે.

वयकम्–वय्+अक्+अम्=वयकम्–અમે.

॥ ६ ॥ त्व--मौ प्रत्ययोत्तरपदे चैकस्मिन् २।१।११

स्यादौ प्रत्ययोत्तरपदयोश्च परयोरेकत्वे वर्तमानयोर्युष्मदस्मदोर्मान्तावयवस्य त्व-मौ स्याताम्। "लुगस्यादेत्यपदे" इत्यकारलोपे अमो मत्वे दस्याऽत्वे च–त्वाम्, माम्। युवाम् आवाम्।

એકવચનનો સૂચક યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દ હોય અને યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દને સ્યાદિ વિભક્તિના પ્રત્યયો લાગેલા હોય અથવા બીજો કોઈ પ્રત્યય લાગેલો હોય અથવા તે યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દ પછી બીજું કોઈ ઉત્તરપદ આવેલું હોય તો યુષ્મદ્ ના યુષ્મ્ ને બદલે ત્વ તથા અસ્મદ્ ના અસ્મ ને બદલે મ બોલવો.

स्यादि–युष्मद्+अम्=त्व+अम्=त्वाम्–તને.

अस्मद्+अम्=म=अम्=माम्–મને.

युवाम्–તમને બેને અને आवाम्–અમને બેને.

युष्माकम्, अस्माक्–આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद् એકવચનમાં નથી તેથી આ નિયમ ન થાય.

॥ ७ ॥ शसो नः २।१।१७

युष्मदस्मद्भ्यां परस्य शसो नः स्यात् । युष्मान् । अस्मान् । टायां त्वमादेशे—

युष्मद् તથા अस्मद् ને લાગેલા शस् (દ્વિતીયા બહુવચન) નો આખાનો न् બોલવો.

युष्मद्+शस्=युष्मान्–તમને.
अस्मद्+शम्=अस्मान्–અમને.
प्रियत्वान्–तुं જેને પ્રિય છે એવા તેઓને,
प्रियमाम्–हुं જેને પ્રિય છું એવા તેઓને.

॥ ८ ॥ टाङ्योसि यः २।१।७

एषु स्वेषु अस्वेषु वा टा-ङ्योस्सु परेषुयुष्मदस्मदोर्यः स्यात् । त्वया । मया । युवाभ्याम् आवाभ्याम् । युष्माभिः अस्माभिः ।

તૃતીયાના એકવચનનો आ, સપ્તમીના એકવચનનો इ

અને ષષ્ઠી તથા સપ્તમીના દ્વિવચનનો ओस् પ્રત્યય લાગેલો હોય ત્યારે युष्मद् અને अस्मद् શબ્દના द् નો य् થાય છે.

तृ એ વ.-युस्मद्+आ = युष्मद् + आ=त्वय+आ = त्वया – તારા વડે.

तृ. એ. વ.–अस्मद्+आ = अस्मय् + आ=मय्+आ = मया – મારા વડે.

ष. એ. વ –युष्मद् + इ = त्वद् + इ = त्वद् + इ = त्वयि – તારામાં.

ष. એ. વ.-अस्मद् + इ = मद् + इ = मय् + इ = मयि – મારામાં.

॥ ९ ॥ तुभ्यंमह्यं ङ्या २।१।१४

ङ्या सह युष्मदस्मदोरेतौ स्याताम् । तुभ्यम् मह्यम् ।

युष्मद् નો તેને લાગેલા ચતુર્થીના એકવચન ए (ङे) સહિત तुभ्यम् થાય અને अस्मद् નો તેને લાગેલા ચતુર્થીના એકવચન ए (ङे) સહિત मह्यम् થાય.

युष्मद्+ए=तुभ्यम्–તારા માટે.
अस्मद्+ए=मह्यम्–મારા માટે.
प्रियतुभ्यम्–तुं જેને પ્રિય છે એવા તેને માટે.
प्रियमह्यम्–हुं જેને પ્રિય છું એવા તેને માટે.

॥ १० ॥ अभ्यं भ्यसः २।१।१८

युष्मदस्मद्भ्यां परस्य चतुर्थीभ्यसोऽभ्यम् स्यात् । अकारो व्यञ्जनादित्वव्यावृत्त्यर्थस्तेन युष्मदस्मदोरित्यात्वं न भवति ।

યુષ્મદ્ તથા અસ્મદ્ ને લાગેલા ચતુર્થીના બહુવચન भ्यस् પ્રત્યયને બદલે अभ्यम् થાય છે.

युष्मद्+भ्यस्=युष्मद्+अभ्यम्=युष्मभ्यम्–તમારે માટે.
अस्मद्+भ्यम्=अस्मद्+अभ्यम्=अस्मभ्यम्–અમારે માટે.
अतियुवभ्यम्–તમને બેને ટપી ગયેલાં એવાઓને માટે.
अत्यावभ्यम्-અમને બેને ટપી ગયેલાં એવાઓને માટે.

॥ ११ ॥ शेषे लुक् २।१।८

यस्मिन्नायौ कृतौ ततोऽन्यः शेषस्तस्मिन् स्यादौ परे युष्मदस्मदोर्लुक् स्यात् । युष्मभ्यम् अस्मभ्यम् ।

પૂર્વમાં જે સૂત્રના આદેશો કહ્યા હોય અર્થાત્ જે પ્રત્યય લાગે ત્યારે ૨/૧/૬ સૂત્ર વડે આ નું વિધાન કર્યું છે તથા જે પ્રત્યય લાગે ત્યાને ૨/૧/૭ સૂત્ર વડે य નું જે વિધાન કર્યું છે તે બન્ને સૂત્રોમાં જણાવેલા પ્રત્યયો સિવાયના બાકીના પ્રત્યયોને શેષ પ્રત્યયો સમજવા. એટલે કે स्यादि વિભક્તિના

આદિમાં વ્યંજનવાળા પ્રત્યયો તથા તૃતીયાનું એકવચન, સપ્તમીનું એકવચન, ષષ્ઠી તથા સપ્તમીનું દ્વિવચન એ બધા પ્રત્યયો સિવાયના સ્યાદિ વિભક્તિના બીજા કોઈપણ પ્રત્યયો લાગે ત્યારે યુષ્મદ્ અને અસ્મદ્ ના અંત્ય અક્ષર દ્ ને બોલવો નહીં એટલે દ્ નો લોપ થાય છે.

ચ. બ. વ. भ्यस्-युष्मद्+भ्यस्=युष्मद्+अभ्यम्=युष्मभ्यम्-તમારા માટે.

ચ. બ. વ. अस्मद् + भ्यस्=अष्मद् + अभ्यम् = अस्मभ्यम्-અમારા માટે.

પં. એ. વ. તથા બહુ.-अतित्वत्-તમે ટપી ગયેલા એક જણથી અથવા બહુ જણથી.

अतिमत्-અમને ટપી ગયેલાં એક જણથી અથવા બહુ જણથી.

॥ ૧૨ ॥ ङसेश्चाद् २।१।१९

युष्मदस्मद्भ्यां परस्य ङसेः पञ्चमीभ्यसश्च अद् स्यात्। अकारः प्राग्वत्। त्वत् मत्। युष्मद् अस्मद्।

યુષ્મદ્ તથા અસ્મદ્ ને લાગેલા પંચમી વિભક્તિના એકવચન अस् પ્રત્યય ને બદલે તથા પંચમી બહુવચન भ्यस् પ્રત્યયના બદલે अद् બોલવો.

युष्मद्+अस्=त्वत्–तारાથી.

अस्मद्+अस्=मत्–मारાથી.

युष्मद्+अस्=युष्मद्+अद्=त्वद्–तारी પાસેથી.

अस्मद्+अस्=अस्मद्+अद्=मद्–मारी પાસેથી.

ष. બ વ.–युष्मद् + भ्यस् = युष्मद् + अद् = युष्मद् – તમારી પાસેથી.

अस्मद् + भ्यस् = अस्मद् + अद् = अस्मद् – અમારી પાસેથી.

अतित्वद्–તમને ટપી ગયેલા તેની પાસેથી.

अतिमद्–અમને ટપી ગયેલા તેની પાસેથી.

॥ १३ ॥ तव मम ङसा २।१।१५

ङसा सह युष्मदस्मदोरेतौ स्याताम् । तव । मम । युवावादेशे "टाङयोसि यः" इति ये युवयोः आवयोः ।

ષષ્ઠીના એકવચન अस् (ङस्) સહિત युष्मद् ને तव બોલવો અને ષષ્ઠીના એકવચન अस् (ङस्) સહિત अस्मद् ને मम બોલવો.

युष्मद्+अस्=तव–તારૂં.

अस्मद्+अस्=मम–મારૂં.

युष्मद्+ओस्=युवद्+ओस्=युवय्+ओस्=युवयोः–તમારા બેનું અથવા તમારા બેમાં.

अस्मद्+ओस्=आवद्+ओस्=आवय्+ओस्=आवयोः– અમારા બેનું અથવા અમારા બેમાં.

॥ १४ ॥ आम आकम् २।१।२०

युष्मदस्मद्भ्यां परस्य आम आकम् स्यात्। युष्माकम्। अस्माकम्। त्वयि। मयि। युष्मासु अस्मासु।

युष्मद् અને अस्मद् શબ્દને લાગેલા ષષ્ઠીના બહુવચન आम् પ્રત્યયને બદલે आकम् થાય છે.

आम्–युष्मद्+आकम्=युष्माकम्–તમારું.

अस्मद्+आकम्=अस्माकम्–અમારું.

युष्मद्+इ=त्वद+इ=त्वय्+इ=त्वयि–તારામાં.

अस्मद्+इ=मद्+इ=मय्+इ=मयि–મારામાં.

स. બ.–युष्मद्+सु=युष्मा+सु=युष्मासु–તમારામાં.

अस्मद्+सु=अस्मा+सु=अस्मासु–અમારામાં.

अथानयोरादेशविशेषाः।

॥१५॥ पदाद्-युग्विभक्त्यैकवाक्ये वस्-नसौ बहुत्वे २।१।२१

द्वितीयाचतुर्थीषष्ठीबहुवचनैः सह पदात्परयोर्युष्मदस्मदोर्वस्–नसौ वा स्याताम्, न तु वाक्यान्तरे।

धर्मो रक्षतु वो लोका धर्मो रक्षतु नः सदा । नमो वः श्रीजिनाः शुद्धं ज्ञानं नो दीयतां धनम् ।

दर्शनं वो जिनाधीशाः पापं हरति नो रयात् । पक्षे धर्मो युष्मान् रक्षतु इत्यादि ।

બીજા કોઈપણ પદ પછી આવેલા અને બેકી સંખ્યાની બહુવચની વિભક્તિ સહિતના યુષ્મદ્ ને બદલે વસ્ બોલવો તથા બીજા કોઈ પણ પદ પછી આવેલા અને બેકી સંખ્યાની બહુવચનની વિભક્તિ સહિતના અસ્મદ્ ને બદલે નસ્ બોલવો, પણ જે પદ પછી યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દો આવેલા હોય, તે પદ અને યુષ્મદ્ તથા અસ્મદ્ એ બન્ને એક જ વાકયમાં આવેલા હોય અર્થાત્ તે બન્ને વચ્ચે અર્થનો સંબંધ હોય તો જ આ વિધાન સમજવું વસ્ અને નસ્ નું વિધાન અન્વાદેશમાં નિત્ય કરવામાં આવનારૂં છે (જુઓ ૨/૧/૩૧) તેથી અહીંનું આ વિધાન વિકલ્પે સમજવું એટલે યુષ્મદ્ નો વસ્ તથા અસ્મદ્ નો નસ્ વિકલ્પે બોલવો એમ સમજવું. આ જાતનું વિકલ્પે વિધાન નીચેના ત્રણ સૂત્રોમાં પણ સમજવું એટલે ૨/૧/૨૨ માં ૨૩ માં અને ૨૪ માં સૂત્રોમાં પણ બતાવેલ વિધાન વિકલ્પે સમજવું.

धर्मो वो रक्षतु અથવા धर्मो युष्मान् रक्षतु–ધર્મ તમારી રક્ષા કરો.

धर्मो+युष्मद्+शस्=धर्मो वः અથવા धर्मो युष्मान् !

धर्मो नो रक्षतु अथवा धर्मः अस्मान् रक्षतु – धर्म અમારી રક્ષા કરો.

धर्मः+अस्मद्+शस्=धर्मो नः अथवा धर्मः अस्मान् !

આવી રીતે ચતુર્થીના અને ષષ્ઠીના બહુવચનમાં પણ વિકલ્પે वस् અને नस् ના રૂપો અન્યથી સાધી લેવા.

धर्मो वः અથવા धर्मो युष्मभ्यम् અથવા युष्माकम् (ચતુર્થી તથા ષષ્ઠી બહુવચન)–ધર્મ તમારે માટે તથા ધર્મ તમારું રક્ષણ કરો.

धर्मो नः અથવા धर्मः अस्मभ्यम् અથવા अस्माकम् (ચતુર્થી તથા ષષ્ઠી બહુવચન)–ધર્મ અમારે માટે તથા ધર્મ અમારું રક્ષણ કરો.

॥ १६ ॥ द्वित्वे वाम्-नौ २।१।२२

समविभक्तिद्विवचनैः सह पदात्परयोर्युष्मदस्मदोर्वाम्-नौ वा स्याताम् ।

पातु वां नौ जिनोऽयं च दद्याद्वां नौ परं पदम् ।

मनो वां नौ सदा भूयाद् दृढं धर्मे जिनोदिते ॥२॥

पक्षे जिनो युवां पात्वित्यादि ।

કોઈ બીજા પદ પછી આવેલા અને જે પદ પછી આવેલ હોય તે પદ સાથે અર્થદૃષ્ટિએ સંબંધ ધરાવતા તથા બેકી

સંખ્યાની દ્વિવચની વિભક્તિસહિતના યુષ્મદ્ શબ્દને બદલે વામ્ વિકલ્પે થાય છે. તથા કોઈ બીજા પદ પછી આવેલા અને જે પદ પછી આવેલ હોય તે પદ સાથે અર્થદૃષ્ટિએ સંબંધ ધરાવતા તથા બેકી સંખ્યાની દ્વિવચનની વિભક્તિ સહિતના અસ્મદ્ શબ્દને બદલે નૌ વિકલ્પે થાય છે. જે પદથી પછી યુષ્મદ્ અને અસ્મદ્ આવેલા હોય તે પદ અને યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દ એક જ વાકયમાં હોવા જોઈએ, એ આ નિયમ લાગવાની ખાસ શરત છે.

દ્વિતી. દ્વિ. વ.–યુષ્મદ્ + ઔ=વામ્ – ધર્મો વાં પાતુ અથવા ધર્મો યુવાં પાતુ–ધર્મ તમારા બેનું રક્ષણ કરો.

અસ્મદ્+ઔ=નૌ–ધર્મો નૌ પાતુ અથવા ધર્મઃ આવાં પાતુ–ધર્મ અમારા બેનું રક્ષણ કરો.

બીજી વિભક્તિના દ્વિવચનની પેઠે ચતુર્થી તથા ષષ્ઠી વિભક્તિના દ્વિવચનમાં પણ વામ્ તથા નૌ સમજી લેવા / વિચારી લેવા.

॥ ૧૭ ॥ अमा त्वा मा २।१।२४

अमा सह पदात्परयोर्युष्मदस्मदोस्त्वा मा वा स्याताम् । धर्मस्त्वा पातु त्वां पातु । धर्मो मा पातु मां पातु ।

કોઇ પણ પદથી પછી યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દો આવેલા

હોય, તે તે પદ અને યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દનો પરસ્પર અર્થસંબંધ હોય–તે બન્ને એક જ વાક્યમાં રહેલા હોય તો યુષ્મદ્ નો તેને લાગેલા બીજી વિભક્તિના એકવચન અમ્ સાથે ત્વા વિકલ્પે થાય તથા અસ્મદ્ નો તેને લાગેલા બીજી વિભક્તિના એકવચન અમ્ સાથે મા વિકલ્પે થાય.

દ્વિતી. એ. વ.–યુષ્મદ્+અમ્=ત્વા અથવા ત્વામ્; ધર્મઃ ત્વા પાતુ અથવા ધર્મઃ ત્વામ્ પાતુ–ધર્મ તને બચાવો.

અસ્મદ્+અમ્=મા અથવા મામ્; ધર્મો મા પાતુ અથવા ધર્મો મામ્ પાતુ–ધર્મ મને બચાવો.

॥ ૧૮ ॥ ङे-ङस्सा ते मे २।१।२३

ङे-ङस्भ्यां सह पदात्परयोर्युष्मदस्मदोस्ते मे वा स्याताम् । धर्मस्ते ददातु, तुभ्य ददातु, धर्मो मे ददातु, मह्यं ददातु सुखम् । धर्मस्ते स्वम्, तव स्वम्, धर्मो मे स्वम् मम स्वम् ।

બીજા કોઈ પદથી પછી યુષ્મદ્ અથવા અસ્મદ્ શબ્દો આવેલા હોય તે પદ અને યુષ્મદ્ અથવા અસ્મદ્ શબ્દોનો પરસ્પર અર્થસંબંધ હોય–તે બન્ને એક જ વાક્યમાં રહેલા હોય અને યુષ્મદ્ તથા અસ્મદ્ શબ્દને ચતુર્થીના એકવચનનો ङे તથા ષષ્ઠીના એકવચનનો ङस् પ્રત્યય લાગેલ હોય તો

તેની સાથે યુષ્મદ્ ને બદલે તે વિકલ્પે થાય તથા અસ્મદ્ ને બદલે મે વિકલ્પે થાય.

ચ. એ વ-યુષ્મદ્+ઙે = તે અથવા તુભ્યમ્; ધર્મઃ તે દીયતે અથવા ધર્મઃ તુભ્યં દીયતે–ધર્મ તારે માટે–તને દેવામાં આવે છે.

અસ્મદ્+ઙે=મે અથવા મહ્યમ્; ધર્મો મે દીયતે અથવા ધર્મો મહ્યં દીયતે–ધર્મ મારે માટે–મને–દેવામાં આવે છે.

ષ. એ. વ.–યુષ્મદ્ + ઙસ્ = તે અથવા તવ; ધર્મ તે સ્વમ્ અથવા ધર્મઃ તવ સ્વમ્–ધર્મ તારું ધન છે.

અસ્મદ્+ઙસ્=મે અથવા મમ; ધર્મો મે સ્વમ્ અથવા ધર્મો મમ સ્વમ્–ધર્મ મારું ધન છે.

॥ १९ ॥ नित्यमन्वादेशे २।१।३१

वसूनसादिः । यूयं विनीतास्तद्वो गुरवो मानयन्ति ।

જે એક વાત અગાઉ કહેવાઈ ગઇ હોય તે જ વાત વિશે બીજી કોઈ કરવાની વાત કહેવી તેને અન્વાદેશ કહેવાય છે.

જે વાક્યમાં આવા અન્વાદેશનો ઉપયોગ થયેલો હોય તે વાક્યમાં આવેલા યુષ્મદ્ અને અસ્મદ્ શબ્દના વસ્ નસ્ વગેરે પ્રયોગો નિત્ય બોલવા.

યુયં વિનીતાઃ તદ્ વો ગુરવો માનયન્તિ – તમે વિનયવાળા છો તેથી ગુરૂઓ તમને માન આપે છે.

वयं विनीताः तद् नो गुरवो मानयन्ति – અમે વિનયવાળા છીએ તેથી ગુરૂઓ અમને માન આપે છે.

॥ २० ॥ असदिवामन्त्र्यं पूर्वम् २।१।२५

युष्मदस्मद्भ्यां पूर्वं सम्बोधनमसदिव स्यात्, ततो वस्नसादयो न स्युः । जना ! युष्मान्पातु धर्मः । क्वचिद्बा–जिनाः शरण्या वो युष्मान् वा सेवे । क्वचिन्न–साधो सुविहित त्वा सेवे ।

युष्मद् अने अस्मद् थी पूर्वमां आवेलां आमन्त्र्य पदने 'नथी आवेल' जेवुं समजवुं–तात्पर्य એ કે પૂર્વમાં આવેલાં આમન્ત્ર્ય પદને લઈને युष्मद् अने अस्मद् शब्दमां કોઈ ફેરફાર न थाय.

हे जनाः ! युष्मान् पातु धर्मः – હે જનો ! તમને ધર્મ બચાવો.

हे साधू ! युवां पातु धर्मः – હે બે સાધુઓ ! તમને બેને ધર્મ બચાવો.

हे साधो ! त्वां पातु तपः – હે સાધુ ! તને તપ બચાવો.

આ ત્રણે પ્રયોગમાં પૂર્વપદના નિમિત્તને લીધે થનારા वस्, वाम् अने त्वा आदेशो न थया.

॥ २१ ॥ पादाद्योः २।१।२८

नियतमात्राऽक्षरपिण्डः पादः । पादस्याऽऽदिस्थयोर्युष्मद स्मदोर्वस्नसादिर्न स्यात् ।

કોઈ પણ પદથી પછી આવેલા અને પાદની આદિમાં આવેલાં युष्मद् તથા अस्मद् શબ્દના वस्, नस् वाम्, नौ, ते मे તથા त्वा मा રૂપો ન થાય.

અક્ષરોના જે સમૂહમાં અમુક નિયમ માત્રાઓનો તથા અમુક નિયત અક્ષરોનો જ ઉપયોગ કરવાનો નિયમ હોય તે અક્ષરોનો સમૂહ पाद કહેવાય.

वीरो विश्वेश्वरो देवो युष्माकं कुलदेवता ।
स एव नाथो भगवान् अस्माकं पापनाशनः ।।

– વીર, સમગ્ર જગતનો ઈશ્વરરૂપ દેવ છે, તે તમારા કુલ દેવતા છે અને તે જ નાથરૂપ ભગવાન અમારાં પાપોનો નાશ કરનાર છે.

આ શ્લોકમાં પૂર્વાર્ધમાં બીજા પાદની આદિમાં युष्मद् (युष्माकम्) શબ્દ આવેલો છે તેથી તેનો वस् પ્રયોગ ન બોલાય તે જ રીતે આ જ શ્લોકના ઉત્તરાર્ધમાં પણ બીજા પાદની આદિમાં अस्मद् (अस्माकम्) શબ્દ આવેલો છે તેથી તેનો नस् પ્રયોગ ન બોલાય.

॥ २२ ॥ चाऽहहवैवयोगे २।१।२९

च अह ह वा एव इति पञ्चभिर्योगे वस्नसादिर्न स्यात् । ज्ञानं युष्माँश्च रक्षतु ।

क्ङिश्च यथा युग्विभक्तिषु वस्नसादय उक्तास्तथाऽ-युग्विभक्तिष्वपि क्वचिदिष्यन्ते ।

च, अह, ह, वा अने एव – એ પાંચ અવ્યયોમાંના કોઇ પણ અવ્યય સાથે युष्मद् કે अस्मद् નો સંબંધ હોય તો वस्, नस्, वाम्, नौ, તે મે કે ત્વા મા એવા પ્રયોગો બોલાતા નથી.

ज्ञानं युष्मान् च रक्षतु – અને જ્ઞાન તમને બચાવો.

ज्ञानं अस्मान् च रक्षतु – અને જ્ઞાન અમને બચાવો.

આ બન્ને પ્રયોગોમાં युष्मद् તથા अस्मद् સાથે च નો સંબંધ છે તેથી તેમના वस् नस् નહીં બોલાય. આ રીતે જ अह, ह, वा તથા एव અવ્યયોનાં ઉદાહરણો અન્યથી સાધી લેવા.

ज्ञानं च शीलं च ते स्वम् – જ્ઞાન અને શીલ તે તારૂં ધન છે.

આ પ્રયોગમાં च અવ્યય તો છે પણ તેનો સંબંધ युष्मद् (ते) શબ્દ સાથે નથી. પણ જ્ઞાન અને શીલ સાથે છે તેથી युष्मद् નો તે પ્રયોગ બોલાયેલ છે.

इति महोपाध्याय श्री कीर्त्तिविजयगणि शिष्योपाध्याय
श्री विनयविजयगणि विरचितायां हैमलघुप्रक्रियायां
युष्मदस्मदोः प्रक्रिया समाप्ताः ॥

卐

अथाव्ययानि

अव्ययानि त्वलिङ्गान्यसङ्ख्यानि च । तथाहुः—

नन्ता सङ्ख्या डतिर्युष्मदस्मच्च स्युरलिङ्गकाः ।
पदं वाक्यमव्ययं चेत्यसङ्ख्यं च तद्बहुलम् ॥१॥
सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।
वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम् ॥२॥

અ નહિ વ્યય=ફેરફાર–જેમાં કશો જ ફેરફાર ન થાય તે અવ્યય કહેવાય. શ્લોક નં. ૧ જેનો ફેરફાર ન થાય તે. લીંગ બદલાય નહિ તે અવ્યયયો અ સંખ્ય છે પદમાં વાકયમાં અવ્યય=ફેરફાર ન થાય, અને જે લિંગ રહિત હોય, તેને માટે કહે છે. ત્રણ લિંગમાં ત્રણ કાલની વિભક્તિઓમાં સર્વવચનમાં જે ફેરફાર ન થાય તે જ અવ્યય કહેવાય છે. પરમાત્મ સ્વરૂપ –જેવું સ્વરૂપ અવ્યયોનું છે.

॥ १ ॥ स्वरादयोऽव्ययम् १।१।३०

स्वर् अन्तर् प्रातर् पुनर् इत्यादि ।

સ્વર વગેરે શબ્દોની અવ્યયસંજ્ઞા સમજવી. જે શબ્દની અવ્યયસંજ્ઞા હોય તે શબ્દ હંમેશા એક રૂપમાં જ રહે, તેમાં કશો જ ફેરફાર ન થાય.

स्वर्–स्वर्ग. तमाम विभक्तिओमां એકસરખો स्वर् शब्द જ વપરાય.

अन्तर्–વચ્ચે / मध्य. तमाम विभक्तिओमां એકસરખો अन्तर् शब्द જ રહે.

प्रातर्–प्रભાતનો સમય / प्रભાતકાળ / સવારનો પહોર. तमाम विभक्तिओमां એકસરખો प्रातर् शब्द જ રહે.

अव्ययોને પ્રથમા વગેરે તમામ વિભક્તિઓ જરૂર લાગે, પણ તેનું મૂળરૂપ હંમેશા अव्यय રહે. [अ+व्यय+अव्यय] व्यय–ફેરફાર, अ નહિં. જેમાં કશો જ ફેરફાર ન થાય તેનું નામ अव्यय.

॥ २ ॥ चादयोऽसत्त्वे १।१।३१

अद्रव्यार्थाश्चादयोऽव्ययानि स्युः । च अह ह एव वा एवम् नूनं ननु खलु विना नाना ईषत् किल वै नो न मा मास्म यत् तत्, अ आ इ ई इत्यादयः स्वराश्च ।

જેનો કોઇ સ્થૂલ દેખાવ ન હોય તે असत्त्व–જે નજરે ન દેખી શકાય અથવા બીજી કોઇ ઇંદ્રિયો દ્વારા પણ જેનો અનુભવ ન થઈ શકે તે असत्त्व. આવા असत्त्वરૂપ અર્થનો સૂચક च વિગેરે શબ્દોની 'अव्यय' સંજ્ઞા થાય છે.

च–અને. 'અને' એ च નો અસત્ત્વરૂપ અર્થ છે.
वृक्षश्च (वृक्षः च) વૃક્ષ અને.

च વિગેરે અનેક શબ્દો છે. તે શબ્દોની સમજ અને અર્થ સાથે જણાવેલ છે.

च=અન્વાચય, સમુચ્ચય, સમાહાર અને ઇતરેતરયોગ.

ननु=વિરોધ વચન કહેવું તથા અન્વય ન હોવો વિગેરે.

अह=નિર્દેશ, વિનિયોગ, ક્ષિપ્ત ચોક્કસ.

नो, नोहि=નિષેધ.

ह=અવધારણ અને પાદપૂરણ

मा, माङ्, न, नञ्=નિષેધ.

वा=વિકલ્પ અને ઉપમા

अद्=વિસ્મય થવો.

एव=અવધારણ, જુદાઇ તથા પરિમાણ.

वद्=કૃત્સા–નિંદા.

एवम्=ઉપમાન, પ્રશ્ન, અવધારણ અને પ્રતિજ્ઞા.

यद् અને तद्=હેતુ અર્થ, વાક્યની માંડણી.

किल=સંપ્રશ્ન અને વાર્તા કરવી.

नूनम्=તર્ક તથા અર્થનો નિશ્ચય

अ,आ,इ,ई उ.ऊ,ऋ,ॠ ऌ,ॡ,ए, ऐ ओ,औ	પુરવું,તિરસ્કાર કરવો,આમંત્રણ આપવું, નિષેધ કરવો.

॥ ३ ॥ अधणृतस्वाद्याशसः १।१।३२

धण्वर्जास्तस्वादयः शस्पर्यन्ता ये प्रत्ययास्तदन्तं नामाव्ययं स्यात् ।

ઘણ્ અવ્યયને છોડીને–તસુ વિગેરે–અને શસ્ જેના છેડે એવા બધાય અવ્યયોથી બોલાય છે. ૭/૨/૮૧ સૂત્રથી લઈને –ઘણ્ પ્રત્યય વર્જીને બાકીના બધાય તસુ-તસ્ પ્રત્યયથી લઈને શસ્ પ્રત્યય સુધીના જે અનેક પ્રત્યયો બનાવેલા છે તે પ્રત્યયો જે નામને લાગેલા હોય તે પ્રત્યયાંત નામની 'અવ્યય' સંજ્ઞા થાય છે.

તસુ–દેવા અર્જુનતઃ અભવન્–દેવો અર્જુનના પક્ષે થયા. અર્જુન શબ્દને તસ્ પ્રત્યય લાગેલો છે તેથી તે અર્જુનતઃ પદ અવ્યય ગણાય.

તસ્–ततः–તેથી અથવા તે પછી. तत् શબ્દને તસ્ પ્રત્યય લાગેલો છે.

ત્ર–તત્ર–તેમાં અથવા ત્યાં. અહીં तत् શબ્દને ત્ર પ્રત્યય લાગેલો છે.

શસ્–બહુશઃ–ઘણું. અહીં बहु શબ્દને શસ્ પ્રત્યય લાગેલો છે.

ઘણ્–પથિદ્વૈધાનિ – અહીં 'द्वि' શબ્દને 'ઘણ્' પ્રત્યય લાગવાથી તેનું द्वैध રૂપ થાય છે. અવ્યયસંજ્ઞાને સારુ 'ઘણ્' પ્રત્યય વર્જેલ છે. તેથી द्वैध એ અવ્યય ન કહેવાય એટલે તેને

વિભક્તિના પ્રત્યયો લાગે અને તેનાં જુદાં જુદાં રૂપો થાય છે. द्वैधम्, द्वैधे, द्वैधानि વગેરે. पथः द्वैधानि-पथिद्वैधानि-માર્ગના બેથી વધારે પ્રકારો-જ્યાં અનેક રસ્તાઓ ફંટાતા હોય, જુદા જુદા જણાતા હોય ત્યાં पथिद्वैधानि પ્રયોગ વપરાય.

॥ ४ ॥ व्याश्रये तसुः ७।२।८१

षष्ठ्यन्तात् नानापक्षाश्रये गम्ये तसुः स्यात् । देवा अर्जुनतोऽभवन् । रविः कर्णतोऽभवत् ।

ષષ્ઠ્યંત નામને 'જુદા જુદા પક્ષનો આશ્રય' અર્થ જણાતો હોય તો तस् (तसु) પ્રત્યય થાય છે.

वि+आश्रय-વિવિધ પક્ષનો આશ્રય.

देवा अर्जुनतः (अर्जुन + तस्) अभवन्-દેવો અર્જુનના પક્ષમાં હતા. (જુઓ ૧/૧/૩૨)

रविः कर्णतः (कर्ण + तस्) अभवत्-સૂર્ય કર્ણના પક્ષમાં હતો.

॥ ५ ॥ पर्यभेः ७।२।८३

परि अभि शब्दाभ्यां तसुः । परितः । अभितः ।

परि શબ્દને 'તમામ બાજુ' અર્થમાં અને अभि શબ્દને 'બે બાજુ' અર્થમાં तसु-तस् પ્રત્યય થાય છે.

परि+तः=परितः–चारे બાજુએ.
अभि+तः=अभितः બે બાજુએ.

॥ ६ ॥ अ-हीयरुहोऽपादाने ७।२।८८

अपादानपञ्चम्यास्तसुर्वा स्यात् । ग्रामतो ग्रामात् । हीयरुहोस्तु न–सार्थाद्धीनः, गिरेरवरोहति ।

જે નામને અપાદાનના અર્થમાં પંચમી વિભક્તિ થયેલ છે તેને તે જ અર્થમાં तसु–तस् પ્રત્યય થાય અને પંચમી વિભક્તિ પણ થાય, પણ અપાદાન અર્થવાળા પંચમી વિભક્તિવાળા નામ સાથે हीय અને रुह ધાતુનો પ્રયોગ ન હોય તો ग्रामात् ग्रामतः વા–ગામથી.

सार्थाद् हीनः–સાર્થથી હીન–સાર્થથી છુટો પડી ગયેલો અથવા જેને સાર્થે છોડી દીધેલ છે. सार्थ–વેપારી.

गिरेः अवरोहति–ગિરિથી ઉતરે છે.

આ બન્ને પ્રયોગમાં हीय અને रुह ધાતુના પ્રયોગો છે. તેથી આ નિયમ ન થાય.

॥ ७ ॥ किमद्व्यादिसर्वाद्यवैपुल्यबहोः पित्तस् ७।२।८९

किमो, द्व्यादिवर्जसर्वादिभ्यः, अवैपुल्यार्थबहोश्च

पञ्चम्यन्तात्पित्तस् स्यात् । कुतः सर्वतः । बहुतः ।

પંચમ્યંત किम् શબ્દને દ્વિ વગેરે શબ્દોને છોડીને પંચમ્યંત સર્વાદિ શબ્દોને અને પંચમ્યંત એવા અવૈપુલ્યવાચી बहु શબ્દને पित् तस् પ્રત્યય થાય છે.

कस्मात्-किम्+तस्=कुतः-કયાંથી.
सर्वस्मात्-सर्व+तस्=सर्वतः-સર્વથી.
यस्मात्-यत्+तस्=यतः-જ્યાંથી.
बहुभ्यः-बहु+तस्=बहुतः-બહુથી.

द्वाभ्याम् - બેથી. અહીં દ્વિ શબ્દ છે તેથી આ નિયમ ન લાગે.

बहोः सूपात्-ઘણા સૂપથી-અહીં વૈપુલ્યવાચી બહુ શબ્દ છે તેથી આ નિયમ ન લાગે.

॥ ८ ॥ इतोऽतः कुतः ७।२।९०

एते तसन्ता साधवः ।

इतः, अतः અને कुतः આ ત્રણે નામો तस् પ્રત્યયવાળા છે.

इदम् નો तस् પહેલાં इ થયો છે, અને एतत् નો तस् પહેલાં अ થયો છે અને किम् નો तस् પહેલાં कु થયો છે.

अस्माद् इति-इदम्+तस्=इ+तस्=इतः-આ બાબુથી.
एतस्माद् इति-एतत्+तस्=अ+तस्=अतः-આ હેતુથી

कस्माद् इति-किम् + तस् = कु + तस् = कुतः-કયાંથી અથવા शाथी.

॥ ९ ॥ सप्तम्याः ७।२।९४

सप्तम्यन्तात्किमादेस्त्रप् । सर्वत्र बहुत्र ।

सप्तम्यत किम् शब्दने, अद्व्यादि सर्वादि शब्दोने अने अपौपुल्यवाची बहु शब्दने त्रप् प्रत्यय थाय छे.

कस्मिन्, कयोः, केषु-कुत्र-કયાં.

सर्वस्मिन्, सर्वयोः, सर्वेषु-सर्वत्र-બધે.

तस्मिन्, तयोः, तेषु-तत्र-त्यां.

बहौ, बहवोः, बहुषु-बहुत्र-ઘણામાં.

॥ १० ॥ ककुत्रात्रेह ७।२।९३

क्व, कुत्र, अत्र, इह, एते त्रबन्ताः साधवः ।

क्व-કયાં, कुत्र-કયાં, अत्र-અહીં. આ નામો જણાવેલ અર્થમાં त्रप् प्रत्ययवाળાં છે. આ ચારે શબ્દો તમામ વિભક્તિના અર્થમાં વપરાય છે. એથી क्व भवान्, अत्र भवान्, इह भवान् વગેરે આદર સૂચક પ્રયોગો થાય છે. એ રીતે आयुष्यमत्, दीर्घायुः અને देवानांप्रिय શબ્દોમાં પણ સમજી લેવું.

किम् + त्रप् = कु + अ = क्व– કયાં. અહીં किम् નું कु ૩५ કરવું.

किम् + त्रप् = कु + त्र = कुत्र – કયાં. અહીં किम् નું कु ૩५ કરવું.

एतद् + त्रप् = अ + त्र = अत्र – અહીં. અહીં एतद् નું अ ૩५ કરવું.

इदम् + त्रप् = इ + ह = इह – અહીં. અહીં इदम् નું इ ૩५ કરવું.

॥ ११ ॥ अनद्यतने र्हि ७।२।१०१

ङ्यन्तादनद्यतनकाले यथासंभवं किमादेः र्हिः स्यात् । कर्हि, यर्हि, बहुर्हि ।

સપ્તમ્યંત એવા किम् શબ્દને, દ્વયાદિ ને છોડી सर्वादि શબ્દોને અને અપૌપુલ્યવાચી बहु શબ્દને अनद्यतनકાળમાં र्हि પ્રત્યય થાય છે.

कस्मिन् अनधतते काले=किम्+र्हि=क+र्हि=कर्हि–કયારે.

यस्मिन् अनधतते काले=यत्+र्हि=य+र्हि=यर्हि–જ્યારે.

असुष्मिन् अनघतने काले = अदस् + र्हि = अमु+र्हि=अमुर्हि–અમુક કાળે.

बहुषु अनधतनेषु कालेषु=बहु+र्हि=बहुर्हि–ઘણા કાળે.

॥ १२ ॥ प्रकारे था ७।२।१०२

यथासंभवं स्याद्यन्तात्किमादेः प्रकारे था स्यात् । सर्वथा ।

તમામ વિભક્તિઓ જેને લાગી છે એવા किम् શબ્દને તથા દ્વયાદિ ને છોડીને સર્વાદિ શબ્દોને પ્રકાર અર્થમાં था પ્રત્યય થાય છે.

सर्वेण प्रकारेण=सर्व+था=सर्वथा–બધા પ્રકારે.
अन्येन प्रकारेण=अन्य+था=अन्यथा–અન્ય પ્રકારે.

॥ १३ ॥ कथमित्थम् ७।२।१०३

एतौ प्रकारे साधू ।

પ્રકારવાચી कथम् અને इत्थम् એવા જ શબ્દોને थम् પ્રત્યયવાળા સમજવા.

केन प्रकारेण–किम्+थम्–क+थम्–कथम्–કયે પ્રકારે, કેવી રીતે–કેમ (જુઓ ૨/૧/૪૦)

अनेन प्रकारेण–इदम्+थम्=इद+थम्–इत्थम्–इदम् નું इद् રૂપ કરવું અને थम પ્રત્યય–આમ.

एतेन प्रकारेण–एतद्+थम्–इत्थम्–एतद् નું इद् રૂપ અને थम પ્રત્યય–આમ.

॥ १४ ॥ किं-यत्-तत्-स र्वैकान्यात्काले दा ७।२।९५

कदा । यदा । तदा । सर्वदा । एकदा । अन्यदा ।

સપ્તમ્યંત किम्, यत्, तत्, सर्व, एक અને अन्य શબ્દોને કાલ અર્થમાં दा પ્રત્યય થાય છે.

कस्मिन् काले, कयोः कालयोः, केषु वा कालेषु-किम्+दा-कदा-ક્યારે

यस्मिन् ययोः, येषु वा कालेषु-यत्+दा-यदा-જ્યારે.

तस्मिन् तयोः, तेषु वा कालेषु-तत्+दा-तदा-ત્યારે.

सर्वस्मिन्, सर्वयोः, सर्वेषु वा कालेषु-सर्व+दा-सर्वदा-હમેશાં-સર્વ સમયે.

एकस्मिन्, एकयोः, एकेषु वा कालेषु - एक + दा - एकदा-એક વેળા.

अन्यस्मिन्, अन्ययोः अन्येषु वा कालेषु-अन्य+दा-अन्यदा-બીજે સમયે. (જુઓ ૨/૧/૪૧)

॥ १५ ॥ सदाधुनेदानींतदानीमेतर्हि ७।२।९६

एते काले साधवः ।

सदा, अधुना, इदानीम्, तदानीम्, एतर्हि એ બધા શબ્દો અધિકરણરૂપ કાલ અર્થમાં સિદ્ધ થયેલા સમજવા.

सर्वस्मिन् सर्वयोः सर्वेषु वा कालेषु-सर्व+दा-स+दा-सदा-હંમેશાં सर्व નું स રૂપ કરવું અને दा પ્રત્યય.

अस्मिम् अनयोः एषु वा कालेषु=इदम्+धुना=अ+धुना=अधुना -હમણાં. इदम् નું अ રૂપ કરવું અને धुना પ્રત્યય.

अस्मिन् अनयोः एषु वा कालेषु-इदम्+दानीम्=इ+दानीम्= इदानीम्-હમણાં. इदम् નું इ રૂપ અને दानीम् પ્રત્યય.

तस्मिन् तयोः तेषु वा कालेषु = तद्+दानीम् = त + दानीम्= तदानीम्-ત્યારે. तद्+दानीम् (જુઓ ૨/૧/૪૧)

एतस्मिन् एतयोः एतेषु वा कालेषु=इदम्+र्हि=एत+र्हि=एतर्हि -આ કાળમાં. एतद्+र्हि (જુઓ ૨/૧/૪૧)

॥ १६ ॥ सद्योऽद्यपरेद्यव्यह्नि ७।२।९७

एतेऽह्नि काले साधवः ।

सधस्, अध અને परेद्यवि શબ્દો દિવસરૂપ કાળ અર્થના સૂચક છે.

समाने अह्नि-समान+धस्=स+धस्=सधः-सधस् માં समान નું स રૂપ કરવું અને धस् પ્રત્યય. સરખે દિવસે.

अस्मिन् अह्नि-इम्+ध=अ+ध=अध-આજે આ દિવસે.

परस्मिन् अह्नि-पर+एध्यवि=परेध्यवि-अधमां इदम् शब्दनुं अ ३५ ४२वुं अने ध प्रत्यय-'लुगू स्यादेत्यपदे' २/१/११३ सूत्रथी ५२ना अ नो लोप थयो छे. બીજા દિવસે.

॥१७॥ पूर्वा-ऽपरा-ऽधरोत्तरा-ऽन्या-ऽन्यतरेतरादेद्युस् ७।२।९८

ङ्यन्तेभ्यः सप्तभ्य एभ्योऽह्नि काले एद्युस् । पूर्वेद्युः ।

पूर्व, अपर, अधर, उत्तर, अन्य, अन्यतर अने इतर એવા સપ્તમ્યંત શબ્દોને દિવસરૂપ કાળનો સૂચક एद्युस् પ્રત્યય થાય છે.

पूर्व+एद्युस्=पूर्वेद्युः-પૂર્વ દિવસમાં-આગલાં દિવસે.
अपर+एद्युस्=अपरेद्युः-બીજા દિવસે.
अधर+एद्युस्=अधरेद्युः-બીજા દિવસે.
उत्तर+एद्युस्=उत्तरेद्युः-આગલા દિવસે.
अन्य+एद्युस्=अन्येद्युः-બીજા દિવસે.
अन्यतर+एद्युस्=अन्यतरेद्युः-બીજા કોઇ દિવસે.
इतर+एद्युस्=इतरेद्युः-બીજા કોઇ દિવસે.

॥ १८ ॥ उभयाद् द्युश्च ७।२।९९

उभयद्युः । चादेद्युस्-उभयेद्युः ।

उभय शब्दने दिवस३५ કાળના સૂચક दयुस् અને एद्युस् પ્રત્યયો થાય છે.

उभय+दयुस्=उभयद्युः–બ-ને દિવસે.

उभय+एद्युस्=उभयेद्युः-બ-ને દિવસે.

॥ १९ ॥ एषमः-परुत्-परारि वर्षे ७।२।१००

पूर्वस्मिन्वर्षे परुत् । पूर्वतरे वर्षे परारि ।

एषमः, परुत् અને परारि શબ્દો વર્ષ३५ કાળને સૂચવે છે.

अस्मिन् संवत्सरे=इदम्+समसिण्=इ–ए+समस्=एषमः–इदम् નું इ ३५ કરવું અને समस् પ્રત्यय છે. આ વર્ષે.

पूर्वस्मिन् संवत्सरे=पूर्व+उत्=पर+उत्=परुत्–पूर्व નું पर ३५ અને उत् પ્રत्यय. પો२–આગલી સાલ.

परस्मिन् संवत्सरे=पर+उत्=परुत्–पर+उत् માં पर નું पर् કરવું. પો२–બીજે વર્ષે.

पूर्वतरस्मिन् संवत्सरे = पूर्वतर+आरि=पर+आरि = परारि – पूर्वतर નું पर ३५. પ२।२–આગલા બીજા કોઈ વર્ષે.

परतरस्मिन् संवत्सरे=परतर+आरि=पर + आरि = परारि નું पर ३५. પ२।२–આગલા બીજા કોઈ વર્ષે.

॥ २० ॥ सङ्ख्याया धा ७।२।१०४

संख्यावाचकात् प्रकारे धा । एकधा ।

સંખ્યાવાચક શબ્દોને પ્રકાર અર્થમાં ધા પ્રત્યય વિકલ્પે થાય છે.

एकेन प्रकारेण=एक+धा=एकधा–એક પ્રકારે.

कतिभिः प्रकारैः–कति+धा=कतिधा–કેટલા પ્રકારે.

बहुभिः प्रकारैः=बहु+धा=बहुधा–બહુ પ્રકારે.

॥ २१ ॥ डत्यतु सङ्ख्यावत् १।१।३९

डत्यन्तमत्वन्तं च सङ्ख्यावत् स्यात् । कतिधा यावद्धा ।

જે નામને ડતિ–અતિ પ્રત્યય લાગેલો હોય તથા જે નામને અતુ–અત્ પ્રત્યય લાગેલો હોય તો તે બન્ને પ્રત્યયવાળાં નામોને સંખ્યાવત્–સંખ્યાવાચક નામ જેવા સમજવા. જે જે વિધાન સંખ્યાવાચક શબ્દોને અંગે બતાવ્યા હોય તે તમામ વિધાનો આ નામોને પણ લાગુ કરવાં.

कतिकः–(कति+कः) કેટલા વડે ખરીદેલો. क्रिम् શબ્દને अति પ્રત્યય લાગવાથી તેનું રૂપ कति થાય. कति ને સંખ્યાવત્ ગણવાથી क પ્રત્યય લાગેલો છે.

यावत्कः–(यावत्+कः) જેટલાં વડે ખરીદેલો. यत् શબ્દને डावतु પ્રત્યય લાગવાથી તેનું રૂપ यावत् થાય. આ શબ્દને પણ સંખ્યાવત્ ગણવાથી क પ્રત્યય લાગ્યો છે.

ભાષામાં એક, બે, ત્રણ વગેરે શબ્દો જ ખાસ સંખ્યા-

વાચકરૂપે પ્રસિદ્ધ છે, કેમકે તે અમુક એક નિયત સંખ્યાના જ સૂચક છે ત્યારે કતિ=કેટલું યાવત્=જેટલું. આ અને આવા બીજા શબ્દો કોઈ એક નિયત સંખ્યાના સૂચક નથી તેથી તેને સંખ્યાવાચક ન ગણાવતાં આ સૂત્રદ્વારા તેવા શબ્દોને પણ સંખ્યાવાચક જેવા ગણવાનું વિધાન કરેલ છે.

॥ २२ ॥ बहु-गणं भेदे १।१।४०

संख्यावत् । बहुधा, गणधा ।

બહુ અને ગણ શબ્દો જ્યારે ભેદને સૂચવતા હોય ત્યારે તે બન્ને શબ્દોને સંખ્યાવાચક જેવા સમજવા. જેમ એક, બે વગેરે સંખ્યાવાચક શબ્દો ભેદના સૂચક છે તેમ બહુ ને ગણ એ બે શબ્દો ભેદના સૂચક છે. બહુ=ઘણું-જુદું જુદું ઘણું. ગણ-ગણું-ઘણું, જુદું જુદું. એ ઘણામાં કે ગણુમાં પરસ્પર ભેદ છે એવો આશય જ્યારે હોય ત્યારે બંને શબ્દો ભેદ અર્થને પણ સૂચવે છે.

बहुकः – (बहु + क = बहुकः) બહુ વડે ખરીદેલો

गणकः–(गण + क = गणकः) ગણા વડે – અમુક ગણા વડે ખરીદેલો.

આ બન્ને શબ્દો સંખ્યાવત્ થવાથી તેમને क પ્રત્યય લાગેલો છે. જ્યરે બહુ અને ગણ શબ્દો ભેદને ન સૂચવતા હોય ત્યારે તેમને સંખ્યાવત્ ન સમજવા, તે વખતે શબ્દોને સંખ્યાવત્ કાર્ય ન થાય.

જ્યારે બહુ શબ્દ વિપુલ–વિશાલ–અર્થનો સૂચક હોય ત્યારે તેને સંખ્યાવત્ ન સમજવો. તથા જ્યારે ગણ શબ્દ સંઘ–સંઘાત–અર્થનો સૂચક હોય ત્યારે તેને સંખ્યાવત્ ન સમજવો.

॥ २३ ॥ विचाले च ७।२।१०५

द्विधा । एकधा ।

જ્યાં વિચાલ અર્થ હોય એટલે એકનું અનેકીકરણ અને અનેકનું એકીકરણ કરવાનો અર્થ જણાતો હોય ત્યાં સંખ્યાવાચક નામને ધા પ્રત્યય થાય છે.

एको राशिः द्वौ–द्विधा क्रियते–द्वि + धा = द्विधा = એક ઢગલાના બે ઢગલા કરવા.

अनेकम् एकं क्रियते – एक + धा = एकधा અનેકનું એક કરવું.

विचाल – પદાર્થની આગલી સંખ્યા ચાલી જાય અને તેને બદલે બીજી સંખ્યા આવી જાય તે. વિચાલ–વિશેષ રીતે ચલિત થવું.

॥ २४ ॥ वैकाद् ध्यमञ् ७।२।१०६

एकशब्दाद् वा ध्यमञ् ऐकध्यम् । एकधा ।

સંખ્યાવાચક એક શબ્દને પ્રકાર અર્થમાં તથા વિચાલ અર્થમાં પણ ધ્યમઞ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

પ્રકાર-એકેન પ્રકારેણ – એક + ધ્યમઞ્ = એકધ્યમ્, એકધા भुङ्क्ते – એક પ્રકારે ખાય છે.

વિચાલ-अनेकम् एकं करोति=एक+ध्यमञ्=एकध्यम्, एकधा करोति-અનેકનું એક કરે છે.

॥ ૨૫ ॥ द्वित्रेर्धमञेधौ वा ७।२।१०७

द्वित्रिभ्यां प्रकारादिष्वेतौ वा स्याताम् । द्वैधम् । त्रैधम् । द्वेधा त्रेधा । द्विधा त्रिधा ।

દ્વિ અને ત્રિ શબ્દોને જો પ્રકાર અને વિચાલ અર્થ જણાતો હોય તો ધમઞ્ અને એધ પ્રત્યયો વિકલ્પે થાય છે.

પ્રકાર – દ્વિ + ધમઞ્ = દ્વૈધમ્ – બે પ્રકારે.

દ્વિ + એધ = દ્વૈધા – બે પ્રકારે.

દ્વિ + ધા = દ્વિધા – બે પ્રકારે.

ત્રિ + ધમઞ્ = ત્રૈધમ્ – ત્રણ પ્રકારે.

ત્રિ + એધ = ત્રેધા – ત્રણ પ્રકારે.

ત્રિ + ધા = ત્રિધા – ત્રણ પ્રકારે.

વિચાલ – एकराशिं द्विधा करोति = द्वैधम्, द्वेधा, द्विधा– એક ઢગલાના બે ઢગલા કરે છે.

एकराशिं त्रिधा करोति = त्रैधम्, त्रेधा, त्रिधा – એક ઢગલાના ત્રણ ઢગલા કરે છે.

॥ २६ ॥ वारे कृत्वस् ७।२।१०९

सङ्ख्यायाः । पञ्चकृत्वः ।

સંખ્યાવાચી નામોને વાર અર્થ નો સુચક કૃત્વસ્ પ્રત્યય થાય છે.

पञ्च वारान् इति पञ्च + कृत्वस् = पञ्चकृत्वः भुङ्क्ते – પાંચવાર ખાય છે.

॥ २७ ॥ द्वि-त्रि-चतुरः सुच् ७।२।११०

वारेऽर्थे सुच् । द्विः त्रिः चतुर्वा भुङ्क्ते ।

વાર અર્થવાળા સંખ્યાવાચી દ્વિ, ત્રિ અને चतुर् શબ્દોને વાર અર્થનો સૂચક सुच् પ્રત્યય થાય છે.

द्वौ वारान् भुङ्क्ते – द्वि + सुच् = द्विः – બે વાર ભોજન કરે છે.

त्रीन् वारान् भुङ्क्ते – त्रि + सुच् = त्रिः – ત્રણ વાર ભોજન કરે છે.

चतुरः वारान् भुङ्क्ते – चतुर् + सुच = चतुः – ચાર વાર ભોજન કરે છે.

॥ २८ ॥ एकात्सकृच्चाऽस्य ७।२।१११

एकशब्दात् वारे सुच् । एकवारं भुङ्क्ते इति— सकृद्भुङ्क्ते ।

એક શબ્દને બદલે એકવાર અર્થમાં સકૃત્ શબ્દ વપરાય છે અને એક શબ્દને સુચ્ પ્રત્યય લાગે છે.

एकवारं भुङ्क्ते – एक + सुच् = सकृत् भुङ्क्ते – એકવાર ખાય છે.

॥ २९ ॥ ऊर्ध्वाद्दि-रिष्टातावुपश्चाऽस्य ७।२।११४

ऊर्ध्वाद्दिग्देशकालार्थात्प्रथमापञ्चमीसप्तम्यन्तादेतौ [धाऽप-वादौ] स्याताम्, उपश्चास्यादेशः स्यात्। उपरि उपरिष्टात् रम्यं आगतो वासो वा।

પ્રથમાંત, પંચમ્યંત અને સપ્તમ્યંત એવા ઊર્ધ્વ શબ્દને દિગ્, દેશ અને કાલ અર્થમાં રિ, રિષ્ટાત્ પ્રત્યયો થાય છે અને ઊર્ધ્વ ને બદલે उप રૂપ થાય છે.

ऊर्ध्वं रम्यम् – ऊर्ध्वा दिग् रम्यम् – उप + रि = उपरि रम्यम्,
ऊर्ध्वात् रम्यम् उप + रिष्टात् = उपरिष्टात्,
ऊर्ध्वे रम्यम् ऊर्ध्वरम्यम् – ઉપરની દિશા રમ્ય છે, ઉપરની દિશાથી રમ્ય છે કે ઉપરની દિશામાં રમ્ય છે.

पञ्चमी–उपरि, उपरिष्ठात् आगतः – ઉપરની દિશામાંથી કે ઉપરના દેશમાંથી કે ઉપરના કાળમાંથી આવ્યો.

सप्तमी–उपरि, उपरिष्ठात् वासः–ઉપરની દિશામાં કે ઉપરના દેશમાં કે ઉપરના કાળમાં વાસ

॥ ३० ॥ पूर्वा-ऽवराऽधरेभ्योऽस्तातौ पुरवधश्चैषाम् ७।२।११५

प्रथमापञ्चमीसप्तम्यन्तानामेषां पुर् अव् अधूस्युः । पुरः पुरस्तात्, अवः अवस्तात्, अधः अधस्तात्, रम्यम् आगतो वासो वा ।

પ્રથમાત, પંચમ્યંત અને સપ્તમ્યંત એવા પૂર્વ અવર અને અધર શબ્દોને દિગ્, દેશ અને કાલ ના સૂચક અસ્ અને અસ્તાત્ પ્રત્યયો થાય છે. એ પ્રત્યયો થતાં પૂર્વ નો પુર્ અવર નો અવ્ અને અધર નો અધ્ પ્રયોગ થાય છે.

પૂર્વ+અસ્ – પુર + અસ્ = પુરઃ રમ્યમ્, આગતઃ વસો વા– આગળ રમ્ય છે અથવા આગળ આવ્યો અથવા આગળ વાસ.

અવર+અસ્=અવ્+અસ્=અવઃ – બીજુ રમ્ય છે અથવા બીજે-થી આવ્યો અથવા બીજે વાસ.

અધર + અસ્–અધ્+અસ્=અધઃ–નીચે રમ્ય છે, અથવા નીચે-થી આવ્યો અથવા નીચે વાસ.

પૂર્વ+અસ્તાત્=પુર્+અસ્તાત્=પુરસ્તાત્–આગળ રમ્ય છે અથવા આગળથી આવ્યો અથવા આગળ વાસ.

અવર+અસ્તાત્=અવ્+અસ્તાત્=અવસ્તાત્ – બીજે રમ્ય છે અથવા બીજેથી આવ્યો અથવા બીજે વાસ.

અધર+અસ્તાત્=અધ્+અસ્તાત્=અધસ્તાત્ – નીચે રમ્ય છે. નીચેથી આવ્યો અથવા વાસ.

॥ ३१ ॥ परा-ऽवरात्स्तात् ७।२।११६

परस्तात् अवरस्तात् रम्यम् आगतो वासो वा ।

દિગ્, દેશ અને કાળના સૂચક તથા વિભક્ત્યંત એવા પર અને અવર શબ્દોને સ્વાર્થમાં–પોતાના જ અર્થમાં સ્તાત્ પ્રત્યય થાય છે.

પર + સ્તાત્ = પરસ્તાત્ રમ્યમ્ આગતઃ વાસેં વા – પર રમ્ય છે, પરથી આવ્યો અથવા પરમા વાસ.

અવર + સ્તાત્ = અવરસ્તાત્ રમ્યમ્ આગતઃ વાસો વા–અવર રમ્ય છે, અવરથી આવ્યો અથવા અવરમાં વાસ.

॥ ३२ ॥ दक्षिणोत्तर-परा-ऽवरेभ्योऽतस् ७।२।११७

दक्षिणतो रम्यम् आगतो वासो वा ।

દિગ્, દેશ અને કાળના સૂચક અને વિભક્ત્યંત એવા દક્ષિણ, ઉત્તર, પર અને અવર શબ્દોને સ્વાર્થમાં અતસ્ પ્રત્યય થાય છે.

દક્ષિણ+અતસ્=દક્ષિણતઃ રમ્યમ્, આગતઃ વાસો વા–દક્ષિણ રમ્ય છે, દક્ષિણ દિશાથી આવ્યો અગર દક્ષિણમાં વાસ છે.

ઉત્તર+અતસ્=ઉત્તરતઃ રમ્યમ્ આગતઃ વાસઃ વા–ઉત્તર રમ્ય છે, ઉત્તર દિશાથી આવ્યો કે ઉત્તરમાં વાસ છે.

पर+अतस्=परतः रम्यम् आगतः वासः वा–५२–બીજે રમ્ય છે, બીજેથી આવ્યેા કે બીજે વાસ છે.

अवर+अतस्=अवरतः आगतः वासः वा–બીજે રમ્ય છે, બીજેથી આવ્યેા કે બીજે વાસ છે.

॥ ३३ ॥ अधरा-ऽपर-दक्षिणोत्तरेभ्य आत् ७।२।११८

अधरात् रम्यम् आगतो वासो वा ।

દિગ્, દેશ અને કાળના સૂચક તથા વિભક્ત્યંત એવા અધર, અપર, દક્ષિણ અને ઉત્તર શબ્દોને સ્વાર્થમાં आत् પ્રત્યય થાય છે.

अधर+आत्=अधरात् रम्यम् आगतः वासो वा–અધર રમ્ય, અધરથી આવ્યેા કે અધરમાં વાસ.

अपर+आत्=पश्च+आत्=पश्चात् रम्यम् आगतः वासो वा–અપર રમ્ય છે પાછળથી આવ્યેા અથવા પાછળનેા વાસ.

दक्षिण+आत्–दक्षिणात् रम्यम् आगतः वासो वा–દક્ષિણ રમ્ય છે અથવા દક્ષિણ દિશાથી આવ્યેા કે દક્ષિણનેા વાસ.

उत्तर+आत्=उत्तरात् रम्यम् आगतः वासो वा–ઉત્તર રમ્ય છે. ઉત્તરથી આવ્યેા કે ઉત્તરનેા વાસ.

॥ ३४ ॥ वा दक्षिणात्प्रथमासप्तम्या आ ७।२।११९

दक्षिणा रम्यम् वासो वा ।

દિગ્ દેશ સૂચક પ્રથમાંત અને સપ્તમ્યંત એવા દક્ષિણ શબ્દને વિકલ્પે ઓ થાય છે.

दक्षिणं रम्यम्, दक्षिणे वासः=दक्षिण+आ=दक्षिणा–દક્ષિણ દિશા રમ્ય છે અથવા દક્ષિણમાં વાસ છે.

॥ ३५ ॥ आ–आही दूरे ७।२।१२०

दूरदिग्देशार्थात्प्रथमासप्तम्यन्ताद्दक्षिणादा आहिश्च । गिरेर्दक्षिणा दक्षिणाहि रम्यं वासो वा ।

દૂર દિશાનો સૂચક તથા દૂર દેશનો સૂચક પ્રથમાંત અને સપ્તમ્યંત એવા દક્ષિણ શબ્દને આ અને આદિ પ્રત્યયો થાય છે.

ग्रामात् दक्षिणा (दक्षिण + आ), दक्षिणाहि (दक्षिण + आहि) रम्यम् वासः वा–ગામથી દૂર દક્ષિણ દિશા રમ્ય છે અગર દૂર દક્ષિણ દેશમાં વાસ–વસવાટ છે.

॥ ३६ ॥ वोत्तरात् ७।२।१२१

उत्तरा उत्तराहि उत्तरतः उत्तरात् रम्यम् वासो वा ।

દિગ્–દેશ અર્થવાળા પ્રથમાંત અને સપ્તમ્યંત એવા ઉત્તર શબ્દને આ અને આહિ પ્રત્યયો વિકલ્પે થાય છે.

उत्तर+आ=उत्तरा, उत्तर+आहि=उत्तराहि, उत्तरम्, उत्तरे रम्यं वासः वा–ઉત્તર દિશા રમ્ય છે કે ઉત્તર પ્રદેશમાં વાસ–વસવાટ છે.

॥ ३७ ॥ अदूरे एनः ७।२।१२२

दिक्शब्दात्प्रथमासप्तम्यन्ताद् दूरे एनः स्यात् । पूर्वेणास्य रम्यं वासो वा ।

અદૂર–નજીકના દિશા અર્થવાળા અને નજીકના દેશ અર્થવાળા પ્રથમાંત તેમજ સપ્તમ્યંત એવા દિશાવાચક નામને एन પ્રત્યય થાય છે.

पूर्व+एन=पूर्वेण अस्य रम्यं वसति वा–આની નજીકની પૂર્વ દિશા રમ્ય છે અથવા પૂર્વ દિશામાં તે વસે છે.

दिक्शब्दादिग्देशकालेषु प्रथमापञ्चमीसप्तम्याः ७।२।११३

दिक्शब्दादिग्देशकालार्थत्प्रथमापञ्चमीसप्तम्यन्तात्स्वार्थे धा स्यात् ।

દિશા અર્થમાં પ્રસિદ્ધ એવાં પ્રથમાંત, પંચમ્યંત અને સપ્તમ્યંત શબ્દને દિગ્, દેશ અને કાલ અર્થમાં धा પ્રત્યય થાય છે. અને તે धा પ્રત્યયનો 'लुबञ्चे' ૭/૨/૧૨૩ સૂત્રથી લોપ થાય છે.

પ્રથમાત–प्राची दिग् रम्या=प्राची+धा=प्राग्रम्यम्–પૂર્વ દિશા રમ્ય છે.

પ્રથમાંત–प्राची+धा=प्राग् देशः कालः वा रम्यः=प्राग्रम्यः–પૂર્વ તરફનો દેશ અથવા કાળ રમ્ય છે.

पंचभ्यंत–प्राच्याः दिशः–देश-कालाभ्यां वा आगत=प्राची+धा = प्राग् आगतः – પૂર્વ દીશાથી, પૂર્વ દેશથી કે પૂર્વ કાળથી આવેલો.

सप्तभ्यंत–प्राच्यां दिशि-देश–कालयोः वा वासः=प्राची+धा = प्राग्वासः–પૂર્વ દીશામાં, પૂર્વ દેશમાં કે પૂર્વ કાળમાં વાસ–વસવાટ.

॥ ३८ ॥ लुबञ्चेः ७।२।१२३

अञ्चत्यन्तादिक्शब्दाद्विहितयोर्धैर्नयोर्लुप् स्यात् । तल्लुपि च स्त्रीप्रत्ययस्यापि लुब भवति । प्राची दिक् प्राङ् देशः कालो वा रम्यः–प्राग्रम्यम् । एवमागतो वासो वा ।

દિશા સૂચક, દેશ સૂચક અને કાળ સૂચક એવા પ્રથમાંત, પંચમ્યંત તથા સપ્તમ્યંત એવા અञ્ચ છેડાવાળા દિશાસૂચક નામને જે ધા કે એન પ્રત્યય કર્યો હોય તેનો લોપ થાય છે.

प्राग् रम्यम्, प्राच्या आगतः, प्राच्यां वासो वा प्राग् वासः, પ્રાચીધા–પૂર્વ દીશા રમ્ય છે, પૂર્વમાંથી આવ્યો કે પૂર્વ દીશામાં વાસ છે.

॥ ३९ ॥ पश्चोऽपरस्य दिक्पूर्वस्य चाऽऽति ७।२।१२४

अपरा दिक् पश्चात् । दक्षिणपश्चात् ।

अपर शब्द એકલો હોય અથવા અપરની પૂર્વમાં દિગ્-વાચી શબ્દ હોય અને જ્યારે आत् પ્રત્યય લાગે ત્યારે अपर નું पश्च રૂપ થાય છે.

अपर+आत्=पश्च+आत्=पश्चात रम्यम्, आगतः वासः वा-પાછળ રમ્ય છે. પાછળથી આવ્યો કે પાછળ રહેઠાણ છે.

दक्षिण+अपर+आत्=दक्षिण+पश्च+आत्=दक्षिणपश्चात रम्यम्, आगतः वासः वा-દક્ષિણ એવો અપર ભાગ રમ્ય છે. દક્ષિણ એવા અપર ભાગમાંથી આવ્યો અથવા દક્ષિણ એવા અપર ભાગમાં વાસ.

॥ ४० ॥ वोत्तरपदेऽर्धे ७।२।१२५

पश्चार्धम् । अपरार्धम् ।

અપર શબ્દ એકલો હોય અથવા અપર પછી अर्ध શબ્દ ઉત્તર પદમાં આવેલો હોય અને દિશાવાચી શબ્દ अपर શબ્દની પૂર્વમાં હોય અને अर्ध શબ્દ ઉત્તરપદમાં આવેલો હોય તો अपर નો વિકલ્પે पश्च પ્રયોગ થાય છે.

अपर+अर्धम्=पश्च+अर्धम्=पश्चार्धम्=अपरार्धम-બીજો અર્ધ-ભાગ કે પાછલો અર્ધ ભાગ.

दक्षिण+अपर+अर्धः=दक्षिण + पश्च + अर्धः = दक्षिणपश्चार्धः, दक्षिणापरार्धः=દક્ષિણ દિશાનો બીજો અર્ધ ભાગ.

॥ ४१ ॥ व्याप्तौ स्सात् ७।२।१३०

कृभ्वस्तिभ्यां कर्मकर्तृभ्यां योगे प्रागतत्तत्त्वे सकारादिः सात् (स्सात्) स्यात्, व्याप्तौ गम्यायाम् । दिः सकारपाठसामर्थ्यान्नास्य षत्वम् । अग्निसात्करोति काष्ठम्, भवति स्यात् वा ।

કર્મને कृ ધાતુનો યોગ હોય અને કર્તાને भू તથા अस्ति નો યોગ હોય અને આખા પદાર્થને લગતો પ્રાગ્, અતદ્, તદ્રુપ થતો અર્થ હોય તો કર્મવાચક તથા કર્તાવાચક નામને આદિમાં સ કારવાળો स्सात् પ્રત્યય લાગે છે અને આ 'स्सात्' પ્રત્યયના આદિનાં 'स्' નો 'ष्' થતો નથી.

सर्वं काष्ठं प्राग् अनग्निम् अग्निं करोति इति अग्निसात् काष्ठं करोति-જે બધું લાકડું પહેલાં અગ્નિરૂપ નથી તે તમામ લાકડાને અગ્નિસ્વરૂપ કરે છે.

सर्वं काष्ठं प्राग् अग्निसात् भवति-જે બધું લાકડું પહેલાં અગ્નિરૂપ નથી તે બધું લાકડું અગ્નિરૂપ બને છે-બની જાય છે.

सर्वं काष्ठं प्राग् अग्निसात् स्यात्-જે બધું લાકડું પહેલાં અગ્નિરૂપ નથી તે બધું લાકડું અગ્નિરૂપ બને છે.

॥ ४२ ॥ जातेः सम्पदा च ७।२।१३१

कृभ्वस्तिभिः सम्पदा च योगे कृगूकर्मणो भ्वस्ति-

सम्पत्कर्तुश्च प्रागतत्त्वेन जातेः सामान्यस्य व्याप्तौ स्सात् स्यात् । अस्यां सेनायां सर्वं शस्त्रमग्निसात्करोति दैवम् । एवमग्निसाद्भवति । अग्निसात्स्यात् । अग्निसात्सम्पद्यते । चकार उत्तरत्रोभयोः समुच्चयार्थः ।

कृ, भू, अस् अने सम् पूर्वक पद् धातुना योग होय तो कृ धातुना कर्मवाचक नामने तथा कृ, भू, अस् अने संपत् ना कर्तावाचक नामने सामान्यनी व्याप्तिना एटले आखी जातिने लगता प्राग् अभूत–तद्भाव अर्थमां स्सात् प्रत्यय थाय छे. अर्थात् जे आखी जाति जेवी पहेलां न होय अने पछी तेवी थती होय एवो अर्थ जणातो होय तो.

अस्यां सेनायां सर्वशस्त्रम् अग्निसात् करोति दैवम् – आ सेनामां बधां शस्त्रोने दैव अग्निसात् करे छे. अर्थात् आखी शस्त्रजाति-तमाम शस्त्रो पहेलां अग्निरूप न हतां ते पछी अग्निरूप थई जाय छे–बनी जाय छे.

अग्निसाद् भवति–जे पहेलां अग्निरूप न हतुं ते पछी अग्निरूप थाय छे.

अग्निसात् स्यात्–जे पहेला अग्निरूप न हतुं ते पछी अग्निरूप थाय छे.

अग्निसात् संपधते–जे पहेलां अग्निरूप न हतुं ते पछी अग्निरूप थाय छे.

॥ ४३ ॥ तत्राधीने ७।२।१३२

सप्तम्यन्तादधीनेऽर्थे कृभ्वस्तिसंपद्योगे स्सात्स्यात् । राज्ञि अधीनं राजसात्करोति, भवति स्यात् सम्पद्यते वा ।

સપ્તમ્યંત કૃ, ભૂ, અસ્ તથા સમ્ પૂર્વક પદ્ ધાતુનાં ક્રિયાપદોનો યોગ હોય અને અધીન થવું, અધીન કરવું એવો અર્થ જણાતો હોય તો જેને અધીન થવાનું છે કે જેને અધીન કરવાનું છે તેને સાત્ પ્રત્યય થાય છે.

राजनि अधीनं करोति=राजसात् करोति – રાજાને અધીન કરે છે.

राजनि अधीनः भवति=राजसाद् भवति – રાજાને અધીન થાય છે.

राजनि अधीनः स्यात्=राजसात् स्यात् – રાજાને અધીન થાય છે.

राजनि अधीनः संयधते=राजसात् संयधते–રાજાને અધીન થાય છે.

॥ ४४ ॥ देये त्रा च ७।२।१३३

देवत्राकरोति द्रव्यम् ।

સપ્તમ્યંત નામને કૃ, ભૂ, અસ્ તથા સમ્ પૂર્વક પદ્

ધાતુના ક્રિયાપદનો યોગ હોય અને અધીન એવું દેય (દેય એટલે હાથ વગેરે વડે દેવા યોગ્ય પદાર્થ) હોય તો જેને અધીન કરવાનું હોય કે જેને અધીનરૂપે દેય દેવાનું હોય તેને त्रा પ્રત્યય થાય છે.

देवे अधीनं देयं करोति-देव+त्रा=देवत्रा करोति द्रव्यम् – દેવને અધીન હાથ વગેરે વડે કોઈ દેવાની વસ્તુરૂપ દ્રવ્યને કરે છે.

देवत्रा भवति–હાથ વિગેરે વડે કોઈ દેવાની વસ્તુરૂપ દ્રવ્ય દેવને અધીન થાય છે.

देवत्रा स्यात्–હાથ વિગેરે વડે કોઈ દેવાની વસ્તુરૂપ દ્રવ્ય દેવને અધીન થાય છે.

देवत्रा संपधते–હાથ વિગેરે વડે કોઈ દેવાની વસ્તુરૂપ દ્રવ્ય દેવને અધીન થાય છે.

॥ ४५ ॥ सप्तमीद्वितीयादेवादिभ्यः ७।२।१३४

सप्तदन्तेभ्यो द्वितीयान्तेभ्यश्च देवादिभ्यः स्वार्थे त्रा स्यात् । देवेषुवसति देवत्रा वसति । देवेषु भवति देवत्रा भवति । देवेषु स्यादेवत्रा स्यात् । देवान् करोति देवत्रा करोति । देवान् गच्छति देवत्रा गच्छति । एवं मनुष्यत्रा वसति, गच्छति । मर्त्यत्रा, पुरुषत्रा, गच्छति । देवादयः शिष्टप्रयोगगम्याः ।

સપ્તમ્યંત અને દ્વિતીયાંત એવા દેવ વગેરે શબ્દોને સ્વાર્થમાં ત્રા પ્રત્યય થાય છે

દેવે દેવં વા વસેત્=દેવ+ત્રા=દેવત્રા વસેત્–દેવોમાં કે દેવની નજીક વસે છે.

દેવત્રા ભવેત્–દેવમાં કે દેવની નજીક જાય છે.
દેવત્રા સ્યાત્–દેવમાં કે દેવની નજીક જાય છે.
દેવત્રા કરોતિ–દેવમાં કે દેવની નજીક કરે છે.
મનુષ્યત્રા વસેત-મનુષ્યમાં કે મનુષ્યની નજીકમાં વસે છે.

॥ ૪૬ ॥ बह्वल्पार्थात् कारकादिष्टानिष्टे प्शस् ७।२।१५०

बह्वर्थात् अल्पार्थाच्च कारकवाचिनो नाम्नः प्शस्-प्रत्ययो वा स्यात्। यथासङ्ख्यमिष्टेऽनिष्टे च विषये। इष्टं प्राशित्रादि, अनिष्टं श्राद्धादि। बह्वर्थे–ग्रामे बहवो ददति बहुशो ददति। बहु धनं ददाति बहुशो धनं ददाति। विवाहे बहुभिर्भुक्तं बहुशो भुक्तमतिथिभिरित्यादि। एवं भूरिशः प्रभूतशः गणशः। अल्पार्थेअल्प आयाति (कर्तृ-कारकवाक्यम्) अल्पश आयाति। अल्पं धनं दत्ते अल्पशो दत्ते। श्राद्धे अल्पैर्भुक्तम् अल्पशो भुक्तमित्याद्यपि। एवं स्तोकशः कतिपयशः। बह्वल्पार्थादिति किम्? गां ददाति,

अश्वं ददाति । कारकादिति किम् ? बहुनां स्वामी । इष्टानिष्ट इति किम् ? बहु ददाति श्राद्ध, अल्पं ददाति प्राशि त्रादौ । पकारः पित्कार्यार्थः ।

કારવાચક 'બહુ' અર્થવાળા શબ્દને ઇષ્ટ અર્થનો સંબંધ હોય તો ઘ્શસ્ – અસ્ – પ્રત્યય વિકલ્પે થાય છે અને 'અલ્પ' અર્થવાળા શબ્દને અનિષ્ટ અર્થનો સંબંધ હોય તો પૃશસ્– અસ્ પ્રત્યય વિકલ્પે થાય છે. પ્રાશતૃ–જમનારા–વગેરે ઇષ્ટ કહેવાય અને શ્રાદ્ધ–વગેરે અનિષ્ટ કહેવાય.

ઇષ્ટ–બહુ અર્થક–ગ્રામે બહવઃ બહુશઃ વા દદતિ–જમનારા-ઓને ગામમાં ઘણા લોકો દે છે–ભોજન આપે છે.

ઇષ્ટ–બહુ અર્થક–ગ્રામે ભૂરયઃ ભૂરિશઃ વા દદતિ–જમનારા-ઓને ગામમાં ઘણા લોકો દે છે–ભોજન આપે છે.

અનિષ્ટ–અલ્પ અર્થક–અલ્પમ્ અલ્પશઃ વા ધનં દત્તે – શ્રાદ્ધમાં થોડું ધન દે છે.

સ્તોકં સ્તોકશઃ વા ધનં દત્તે–શ્રાદ્ધમાં થોડું ધન આપે છે.

બહુ દત્તે શ્રાદ્ધે, અલ્પં પ્રાશિત્રે – શ્રાદ્ધમાં બહુ આપે છે અને જમનારને અલ્પ થોડું આપે છે—આ પ્રયોગમાં અનિષ્ટ રૂપ શ્રાદ્ધમાં બહુ આપે છે અને ઇષ્ટરૂપ જમનારને ઓછું આપે છે એટલે 'બહુ'નો સંબંધ અનિષ્ટ સાથે અને 'અલ્પ' સંબંધ ઇષ્ટ સાથે છે તેથી આ નિયમ ન લાગે.

॥ ४७ ॥ सङ्ख्यैकार्थाद्वीप्सायां शस् ७।२।१५१

सङ्ख्यार्थैकार्थाभ्यां वीप्सायां द्योत्यायां शस् वा स्यात् । एकैकमेकशो वा दत्ते । माषं माषं माषशो वा देहि ।

કારકસૂચક સંખ્યાવાચક શબ્દોને કારકવાચક એકાર્થક-એકત્વ સંખ્યાસૂચક એવા પરિમાણવાચક શબ્દોને જો વીપ્સા-એકની એક ક્રિયા વારંવાર-જણાતી હોય તો શસ્-અસ્-વિકલ્પે થાય છે.

સંખ્યા-एकैकम्, एकशः वा दत्ते-એક પછી એકને એટલે દરેકને આપે છે.

એકાર્થક-माषं माषम्, माषशः वा देहि-સૌને એક એક માસો આપ.

माषौ माषौ दत्ते-બે બે માસા આપે છે.—આ પ્રયોગમાં माषौ माषौ એ પદ સંખ્યાવાચક નથી તેમ એકત્વ સંખ્યાસૂચક પણ નથી તેથી આ નિયમ ન લાગે.

द्वौ दत्ते-બેને આપે છે—અહીં વીપ્સા નથી એટલે આપવાની ક્રિયા વારંવાર થતી નથી, તેથી આ નિયમ ન લાગે.

॥ ४८ ॥ तद्धति धण ७।२।१०८

द्वित्रिभ्यां प्रकारवति धण् । द्वौ प्रकारावेषां द्वेधाः । धण्वर्जनात्तस्य नाव्ययत्वम् ।

પ્રકાર અર્થવાળા અને વિચાલ અર્થવાળા દ્વિ અને ત્રિ શબ્દોને ધણ્ પ્રત્યય થાય છે.

દ્વિ+ધણ્=દ્વૈધાનિ-જેમના બે પ્રકાર છે તે પદાર્થો અથવા અનેક પદાર્થના બે પદાર્થો કરે છે.

ત્રિ+ધણ્=ત્રૈધાનિ-જેધના ત્રણ પ્રકાર છે તે અથવા અનેક પદાર્થોના ત્રણ પદાર્થો કરે છે.

॥ ४९ ॥ विभक्तिथमन्ततसाद्याभाः १।१।३३

विभक्त्यन्ताभास्थमवसानतसादिप्रत्ययान्ताभाश्चाव्ययानि स्युः । चिराय चिरात् । भवतु अस्तु । कुतः । कथम्

વિભક્તિઓ લાગ્યા પછી નામનું કે ધાતુનું જે રૂપ બને છે તે રૂપના જેવું જેનું રૂપ હોય તેવું પદ વિભક્ત્યન્તાભ કહેવાય. તેની-વિભક્ત્યંતની-આભા જેવી જેની આભા હોય તે પદ 'અવ્યય કહેવાય.

તથા ત્સ થી લઈને થમ્ સુધીના પ્રત્યયો લાગીને નામનું જે રૂપ બને છે તે રૂપની જેવું-તે રૂપની સાથે બરાબર મળતું આવે એવું-જે નામનું રૂપ હોય તે નામ પણ 'અવ્યય' કહેવાય.

વિભક્તિઓ બે જાતની છે. એક સ્યાદિ વિભક્તિ અને બીજી ત્યાદિ વિભક્તિ તેમાં પ્રથમ સ્યાદિ વિભક્તિનું ઉદાહરણ આપે છે.

स्यादिविभक्त्यन्ताम=अहं+यु=अहंयुः – અહંકારવાળો. अहम् એક સ્વતંત્ર પદ છે. તેને ૭/૨/૧૭ સૂત્ર દ્વારા युम् પ્રત્યય લાગે છે. એ રીતે अहंयुः નામ તૈયાર થાય છે. તે નામનું પ્રથમાનું એકવચન अहंयुः થાય. અહીં ઉદાહરણરૂપે જણાવેલું अहंयुः પદ વિભક્ત્યંત अहंयुः ની સાથે બરાબર મળતું આવે છે માટે अहंयुः અવ્યય ગણાય. વિભક્ત્યંત अहंयु નામને બધી વિભક્તિઓ લાગે અને તેથી તેનાં–अहंयु નાં

अहंयुः अहंयू अहंयवः

अहंयुम् अहंयू अहंयून्

—એમ અનેક જુદાં જુદાં રૂપો થાય છે, ત્યારે અવ્યયરૂપ બનેલા अहंयु પદને જુદી જુદી વિભક્તિઓ તો લાગે, પણ તેનાં જુદાં જુદાં રૂપો ન થાય. તમામ વિભક્તિઓમાં તે એક સરખું જ રહે–એ તેની અવ્યયસંજ્ઞાનું પરિણામ છે.

कथम्–કેવી રીતે, કયા પ્રકારે, किम् એક સર્વનામ છે. (તેને ૭/૨/૧૦૩ સૂત્ર દ્વારા) [किम्+थम्=क+थम्=कथम् – કયે પ્રકારે–કેવી રીતે–કેમ] थम् પ્રત્યય લાગવાથી कथम् પદ બને છે.) અહીંનું 'कथम्' किम् માંથી બનેલા 'कथम्'ને બરાબર મળતું આવે છે. તેથી તે અવ્યય કહેવાય છે.

कुतः–કયાંથી અથવા શાથી. किम् સર્વનામને (૭/૨/૮૯ સૂત્ર દ્વારા किम्+तस्=कुतः–કયાંથી અથવા શાથી) तस् પ્રત્યય લાગીને कुतः પદ બને છે. પ્રસ્તુતઃ कुतः પદ એ किम् માંથી બનેલા कुतः ને બરાબર મળતું આવે છે માટે અવ્યય કહેવાય.

॥ ५० ॥ वत्तस्याम् १।१।३४

वत्–तसि–आम्–प्रत्ययान्तमव्ययसंज्ञं स्यात् ।

જે નામને વત્, તસિ, તસ્ અને આમ્ પ્રત્યય લાગેલા હોય તે નામ 'અવ્યય' કહેવાય છે.

वत्–मुनिवद् वृत्तम्–મુનિ જેવું ચરિત્ર–આચરણ.

तस्–उरस्तः–છાતી સરખી દિશાવાળું–જે દિશામાં છાતી છે તે દિશામાં રહેલું.

आम्–उच्चैस्तराम्–વધારે ઊંચું, વધારે મોટેથી.

॥ ५१ ॥ स्यादेरिवे ७।१।५२

स्याद्यन्तादिवार्थे क्रियासादृश्ये वत् स्यात् । अश्व इव –अश्ववद् याति चैत्रः । देवमिव–देववत्पश्यन्ति मुनिम् ।

षष्ठीसप्तम्यन्तयोः सादृश्ये वत् । चैत्रस्येव–चैत्रवन्मैत्रस्य मुखम् । मुक्ताविव–मुक्तिवच्छान्तौ सुखम् ।

વિભક્ત્યંત નામને ક્રિયારૂપ સાદૃશ્ય અર્થને બતાવવા સારું वत् પ્રત્યય થાય છે.

अश्व इव=अश्व+वत्=अश्ववद् याति चैत्रः–ચૈત્ર ઘોડાની પેઠે જાય છે.

देवम् इव=देव+वत्=देववत् पश्यन्ति मुनिम्–મુનિને દેવની જેમ જુએ છે. દેવની જેમ માન આપે છે.

तत्र ૭/૧/૫૩ અને तस्य ૭/૧/૫૪ સૂત્ર દ્વારા છઠ્ઠી અને સપ્તમી વિભક્તિ वत् પ્રત્યયવાળામાં અવ્યયપણું થાય છે. ચૈત્રની જેવું ચૈત્રનું મુખ હોય છે અને મુક્તિમાં મુક્તિની જેવું શાન્તિમાં સુખ થાય છે.

॥ ૫૨ ॥ तसिः ६।३।२११

टान्तात्तुल्यधिग्र्यर्थे तसिः स्यात् । सुदान्मैकदिक् सुदामतो मेघः । आम् वक्ष्यते ।

તૃતીયાંત નામને તુલ્ય દિશા અર્થમા તસિ પ્રત્યય થાય છે.

तस्–सुदामतः विद्युत् – સુદામ પહાડ જે દિશામાં છે તે દિશામાં વીજળી થાય તે सुदामतः विद्युत् કહેવાય.

॥ ૫૩ ॥ क्त्वातुमम् १।१।३५

कत्वा–तुम्–अम्–इन्येतदन्तमव्ययम् । कृत्वा । कर्तुम् । यावज्जीवम् । प्रत्ययाश्चैते वक्ष्यन्ते ।

જે શબ્દને त्वा, तुम् અને अम् પ્રત્યય લાગેલા હોય તે પ્રત્યેક શબ્દ અવ્યય ગણાય.

त्वा–कृ+त्वा=कृत्वा–કરીને–સબંધક ભૂતકૃદંત.

तुम्-कृ+तुम्=कर्तुम्-કરવા માટે હેત્વર્થકૃદંત.

अम् + जीव् + अम्=यावज्जीवम्- જીવે ત્યાં સુધી-સંબંધક ભૂતકૃદંત.

॥ ५४ ॥ गतिः १।१।३६

गतिसंज्ञमव्ययं स्यात् ।

આગળ ૩/૧/૨ થી ૩/૧/૧૭ સૂત્ર સુધી અમુક શબ્દોની 'ગતિ' સંજ્ઞાનું વિધાન કરેલું છે. જેટલા શબ્દો 'ગતિ' સંજ્ઞાવાળા હોય તે બધાની 'અવ્યય' સંજ્ઞા સમજવી.

अदःकृत्य-આ કરીને, આ પદમાં 'अदः' ની ૩/૧/૫ સૂત્ર વડે 'ગતિ' સંજ્ઞા થાય છે તેથી તેને અવ્યય સમજવું. અવ્યય સંજ્ઞા થવાને કારણે अदस्कृत्य એવો પ્રયોગ ન થાય પણ अदःकृत्य-'આ કરીને આ કરનારો છું' એમ વિચારે છે. અહીં ઉપદેશ નો અર્થ નથી. એ પ્રયોગ થાય. અહીં अतः कृ -कमि-कंसकुम्भ-कुशा-कर्णी-पात्रोऽनव्ययस्य ૨/૩/૫ સૂત્ર દ્વારા अदस्कृत्य न थयुं. ૨/૩/૫ સૂત્ર અવ્યયના र् નો स् કરવાનો નિષેધ કરે છે. અહીં अदः અવ્યય છે તેથી र् નો स् ન થાય પણ વિસર્ગ જ થાય.

॥ ५५ ॥ ऊर्याद्यनुकरण-च्वि-डाश्च गतिः ३।१।२

एते उपसर्गाश्च गतयः स्युस्ते च प्राग् धातोः

प्रयोज्याः । ऊरीकृत्य ऊररीकृत्य । खाट्कृत्य ।

ઊરી આદિ શબ્દો તથા કોઈ અવાજ વગેરેની નકલરૂપ શબ્દો, તથા इ (च्वि) પ્રત્યયવાળા શબ્દો, તથા આ (ડાચ્) પ્રત્યયવાળા શબ્દો અને ઉપર જણાવેલા વીશે ઉપસર્ગો–એ બધાની ગતિ સંજ્ઞા સમજવી. જેમની ગતિ સંજ્ઞા થાય તેમનો પ્રયોગ ધાતુની પહેલાંજ થાય, ધાતુની પછી નહીં તેમ ધાતુની વચ્ચે પણ નહીં.

ઊરી આદિ શબ્દો–

ઊરી–ઉરીકૃત્વા=ઊરીકૃત્ય–સ્વીકાર કરીને.

ઉરરી–ઉરરીકૃત્યા=ઉરરીકૃત્ય–સ્વીકાર કરીને

અનુકરણ–ખાટ્–ખાટ્કૃત્વા=ખાટ્કૃત્ય–'ખાટ્' એવા અવાજનું અનુકરણ કરીને.

અંતે च्वि–अशुक्ल शुक्लं कृत्वा =शुक्लीकृत्वा–शुक्लीकृत्य–ધોળું ન હોય તેને ધોળુ કરીને.

॥ ૫૬ ॥ कृभ्वस्तिभ्यां कर्मकर्तृभ्यां प्रागतत्तत्वे च्विः ७।२।१२६

कर्मार्थात् कृगा योगे कर्त्रर्थाच्च भ्वस्तियोगे प्रागभूततद्भावेच्विः स्यात्

કર્મસૂચક નામ સાથે कृ ધાતુનો સંબંધ હોય અને પ્રાગ્

અભૂતતદ્‌ભાવ એટલે પહેલાં જે ન થયેલું હોય પછી તે થયેલું છે એવો ભાવ જણાતો હોય તો તે કર્મવાચક નામને ચ્વિ પ્રત્યય થાય છે. તથા કર્તાવાચક નામને भू ધાતુ તથા अस् ધાતુના યોગમાં प्राग् अभुततद्‌भाव અર્થમાં ચ્વિ પ્રત્યય થાય છે. प्राग अभुततद्‌भाव આખા પદાર્થનો હોવો જોઈએ. પદાર્થના અંશનો નહીં.

કર્મવાચક–न शुक्लम् अशुक्लम्, अक्शुलं शुक्लं करोति इति शुक्ली करोति पटम्–જે વસ્ત્ર શુકલ ન હોય તેને શુકલ કરે છે.

કર્તાવાચક–न शुक्लः अशुक्लः, अशुक्लः शुक्लो भवति इति शुक्लीभवति पटः–જે વસ્ત્ર શુકલ ન હોય તે શુકલ થાય છે.

न शुक्लः अशुक्लः, अशुक्लः शुक्लः स्यात् इति शुक्ली स्यात् पटः–જે વસ્ત્ર શુકલ ન હોય તે શુકલ થાય છે.

अशुक्लं शुक्लं करोति एकदा–પસેલાં अशुकल હતું તેને એકવાર શુકલ કરે છે–એટલે પહેલાં આખો પદાર્થ અશુકલ હોય અને પછી શુકલ થયો હોય એવો અર્થ નથી, તેથી આ નિયમ ન થાય.

॥ ५७ ॥ ईश्च्वावर्णस्याऽनव्ययस्य ४।३।१११

अनव्ययस्यावर्णाऽन्तस्य च्वौ ईः स्मात् । अशुक्लं शुक्लं

करोति शुक्लीकरोति पटम् । मालीकरोति पुष्पाणि । अशुक्लः शुक्लो भवति–शुक्लीभवति । शुक्लीस्यात् ।

च्वि प्रत्यय लाग्ये। होय तो अव्यय सिवायना अ वर्णांत नामना अ के आ नो दीर्घ ई थई जाय छे.

शुक्ल+च्वि+स्यात्–शुक्ली+स्यात्=शुक्लीस्यात्–धोळुं न होय ते धोळुं थाय छे.

माला+च्वि+स्यात्–माली+स्यात्=मालीस्यात्–माळा न होय ते माळा थाय छे.

दिवाभूता रात्रिः–रात, दिवस जेवी छे, अहीं दिवा अव्यय छे. तेथी दिवीभूता न थाय.

॥ ५८ ॥ दीर्घश्चि-यङ्-यक्-क्येषु च ४।३।१०८

एषु चतुर्षु यादावाशिषि च स्वरस्य दिर्घः स्यात् । शुचीकरोति ।

च्वि प्रत्यय यङ् प्रत्यय, यक् प्रत्यय, अने क्यू प्रत्यय लागतां तथा आदिमां य कारवाळा आशीर्विभक्तिना प्रत्ययो लागतां धातुना अंतमां ह्रस्व स्वरनो दीर्घ स्वर थई जाय छे.

च्वि–शुचि + करोति = शुचीकरोति = अशुचिने शुची-पवित्र करे छे.

यङ – स्तु + य + ते = तोष्टु + यते = तोष्टूयते=તે ઘણી સ્તુતિ કરે છે.

यक् – मन्तु + य + ति = मन्तुयति (मन्तुयति)–તે રોષ કરે છે. (यक् માટે જુઓ ૩।૪।૮)

क्यन् – दधि + य + ति = दधीयति = તે દહીંને ઈચ્છે છે.

क्यङ् – भृश + य + ते – न भृशम् अभूशम्, अभूशं भृशं भवतीति भृशायते = જે ઘણું નથી, તે ઘણું થાય છે. (જુઓ ૩।૪।૨૯ સૂત્ર)

क्य् – स्तु + य + ते=स्तूयते (स्तूयते)=સ્તુતિ કરવામાં આવે છે.

आशीः = इ + यात् = ईयात् = તેજાઓ.

(५८ क) अरु-र्मन-श्चक्षु-श्चेतो-रहो-रजसां लुक्च्वौ ७।२।१२७, अरूकरोति । उन्मनीस्यात् ।

अरुस्, मनस्, चक्षुस्, चेतस्, रहस् અને रजस् એ બધા શબ્દોને च्वि પ્રત્યય થાય છે. અને આ શબ્દોના અંતના स् નો લોપ થાય છે.

न अरुः अनरुः, अनरुः अरुः स्यात् = अरुस्यात् = ઘા થયો ન હોય અને ઘા થાય.

अरुकरोति = ઘા કરે છે. मनीस्यात् = મન હોય ને મન થાય. चक्षूस्यात् = આંખ ન હોય ને આંખ થાય. चतीस्यात् =

ચિત્ત ન હોય ને ચિત્ત થાય. રહીસ્યાત્ = ગુપ્ત ન હોય ને ગુપ્ત થાય. રજીસ્યાત્ = મેલું ન હોય ને મેલું થાય.

(૫૮ ख) इसुसोर्बहुलम् ७।२।१२८ लुप् । सर्पींकरोति नवनीतम् । धनूस्याद्वंशः ।

ચ્વિ પ્રત્યય લાગ્યો હોય ત્યારે નામને લાગેલા ઇસ્ પ્રત્યય અને ઉસ્ પ્રત્યયના અંત્ય અક્ષરનો એટલે 'સ્' નો બહુલં લોપ થાય છે.

असर्पिः सर्पिः करोति इति सर्पीं करोति नवनीतम् = ઘી બન્યું નહોતું એવા માખણનું ઘી કરે છે.

अधनुः धनुः करोति धनुकरोति वंशः = વાંસડો ધનુષ્યરૂપે નહોતો તેને ધનુષ્ય કરે છે.

धनुर्भवति = ધનુષ્ય થાય છે. આ પ્રયોગમાં ચ્વિ પ્રત્યય નથી તેથી આ નિયમ નથી લાગતો.

(૫૮ ग) व्यञ्जनान्तस्यान्त ईः ७।२।१२९. बहुलम् । दृषदीभवति दृषद्भवति शिला ।

ચ્વિ પ્રત્યય લાગ્યો હોય ત્યારે વ્યંજનાંત નામને અંતે ઈ બહુલં ઉમેરાય છે.

अदृषद् दृषद् भवति इति = दृषद् + ई + भवति = દૃષદીભવતિ શિલા = જે પત્થર રૂપ નથી તે શિલા – પત્થર – બને છે–પાણી પ્રવાહી છે છતાં હીમરૂપે પત્થર જેવું થઈ જાય છે.

न च भवति – दृषद् भवति शिला = शिला પથ્થર બને છે. અહીં અभूततद्भाव ने। अर्थ नहीं હોવાથી च्वि प्रत्यय न थये। अने तेथी अंते ई પણ न थये।.

॥ ५९ ॥ समयादिभ्योऽर्थविशेषे कृग्योगे यथायोगं डाज्वाच्यः ४।३।१०९

कालक्षेपे–समयाकरोति, अद्य श्वो वा पटं दास्यामीति कालक्षेपं करोति कुविन्दः अतिपीडने–सपत्राकरोति निष्पत्राकरोति मृगम् । निष्कोषणे–निष्कुलाकरोति दाडिमम् । आनुकूल्ये–सुखाकरोति प्रियाकरोति गुरुम् । प्रातिकूल्ये–दुःखाकरोति शत्रुम् । पाके–शूलाकरोति मांसम् । वपने–मद्राकरोति बालं नापितः । एवं क्षेत्रकर्षणे–द्वितीयाकरोति क्षेत्रम् । पटपटाकरोतीत्यादि ।

समयादि अर्थवाળામાં અર્થાત્ यापना – समय वीताववो – अर्थ જણાતો હોય અને कृ धातुनो योग होय तो समय शબ્દને डाच् प्रत्यय थाय छे.

समया करोति, अद्य श्वो वा पटं दास्यामिति = આજે અથવા કાલે પટ તૈયાર થયે આપીશ (આપી શકીશ) એમ કહીને કાલક્ષેપ – વધુકર કરે છે.

समय + डाच् = समयाकरोति – कालं क्षिपति = વખત વિતાવે છે.

समया करोति तन्तुवायः = વણકર વખત વીતાવે છે એટલે ગ્રાહકને કહે છે કે તને આજકાલમાં કપડું વણી આપીશ એમ કહીને વખત વિતાવે છે.

सपत्र + डाच् = सपत्राकरोति मृगम् = મૃગના શરીરમાં બાણ પેસાડી દે છે.

निष्पत्र + डाच् = निष्पत्रा करोति मृगम् = મૃગના શરીરમાંથી બીજી બાજુથી બાણ કાઢી લે છે.

निष्कुल + डाच् = निष्कुला करोति दाडिमम् = દાડમમાંથી બધાં દાણા કાઢી લે છે.

दुःख + डाच् = दुःखाकरोति शत्रुम् = શત્રુને ખરાબ/દુઃખી કરે છે.

प्रिय + डाच् = प्रियाकरोति गुरुम् = ગુરુને પ્રિય કરે છે.

सुख + डाच् = सुखाकरोति गुरुम् = ગુરુને સુખી કરે છે.

शुल+डाच्=शुलाकरोति मांसम् – માંસને લોઢાના સળિયામાં ભરાવી પકવે છે.

भद्राकरोति बालं नापितः – નાઇ/હજામ બાળકના પહેલી જ વાર મંગળરૂપ વાળ ઉતારે છે.–વાળ રહીત માથું કરે છે.

द्वितीय + डाच् – द्वितीयाकरोति क्षेत्रम् – ખેતરને બીજી વાર ખેડે છે.

पटत् करोति – पटपट + डाच् + करोति – पटपटा करोति – પટપટ કરે છે–અવ્યકત 'પટપટ' એમ અવાજ કરે છે.

पटपटा भवति – ५८५८ थाय छे.

पटपटा स्यात् – ५८५८ा थाय छे.

(५९ A) " धातेः पूजार्थस्वतिगतार्थाधिपर्यतिक्रमातिवर्ज्जः प्रादिरुपसर्गः प्राक् च " ३।१।१

एते त्वेकत्र धातावापञ्चभ्यः प्रयोज्याः । प्रसमभिव्याहरतीति ।

(अ) धातु साथे संबंध राभनार अने धातुना अर्थनुं द्योतन ४२नार के प्र, परा, अप, सम् वगेरे शब्दो छे तेने उपसर्ग समजवा. उपसर्ग धातुनी पहेलां ज आवे छे, पछी न आवे अने वच्चे पण न आवे एटले प्रणयति प्रयोगमां नयतिप्र न थई शके अने नयप्रति वा नप्रयति એમ પણ ન થાય, તેમ જ भायाँ प्रणियति वाऽयमां परिभायाँ णयति એમ પણ ન થઇ शके. ते नीचे प्रमाणे वीश उपसगो शास्त्रકારે જણાવ્યા છે, તે આ પ્રમાણે છે.

प्रपरापसमन्ववनिर्दुरभि व्यधिसूदतिनिप्रतिपर्यपयः ।
उप आङिति विंशतिरेषसखे उपसर्गगणः कथितः कविभिः ॥१॥

'प्र' थी मांडीने 'अभि' सुधीना वीश उपसगो छे. प्रत्येक उपसगोना अनेकानेक अर्थो छे. तेमांना अही अमुक ज अर्थ नीचे मुजब आप्या छे.

प्र – आरंभ કરવો, પ્રબળતા, અતિશય, ઐશ્વર્ય વગેરે.

परा – વધ કરવો, ધર્ષણ પરાક્રમ, સંમુખ નહીં, અપ્રત્યક્ષ વગેરે.

अप – વર્જન, વિયોગ, ચૌર્ય, નિર્દેશ, અપલાપ કરવો વગેરે.

सम् – વચનની એકતા--સંવાદ, ભૂષણ, સાદૃશ્ય, યાંકવું, ક્રોધ, પ્રીતિ વગેરે.

अनु – સમીપતા, સાદૃશ્ય, અનુવર્તન, ભવિષ્ય, હીનતા, ઘણું ઘણું વગેરે.

अव – વિજ્ઞાન સ્પર્ધા, સમીપતા નિશ્ચય, પ્રાપ્તિ વગેરે.

निस् અથવા निर् – વિયોગ, અભાવ, પ્રાદુર્ભાવ, આદેશ વગેરે.

नि – અલ્પતા, સમૂહ, અધોભાવ, પ્રસન્નતા, બંધન, આશ્રય વગેરે

प्रति – ફરીફરીને ગ્રહણ કરવું, સાદૃશ્ય, વિનિમય-અદલાબદલી, સંમુખ વગેરે.

परि – અલ્પતા, ઘણું વધારે ભૂષણ, ચારે બાજુ થવું, પૂજા વગેરે.

उप – વર્જન, વારંવાર પ્રયત્ન, વાક્યનો અધ્યાહાર, પરીક્ષા, ક્ષય, સામર્થ્ય વગેરે.

अधि – અધિકાર, અધિષ્ઠાન, સહયોગ, બાધા, અધિકતા, સ્મરણ વગેરે,

अपि – અનુવૃત્તિ, અપેક્ષા, સમુચ્ચય, ગર્હા, આશીર્વાદ, પ્રશ્ન વગેરે.

सु – પૂજા, અતિશયતા, દૃઢતા, અકૃષ્ટ, અનુમતિ, સમૃદ્ધિ વગેરે.

दुस् અથવા दुर् – અલ્પતા, નિંદા, કષ્ટ, ઋદ્ધિનો અભાવ, અનિષ્ટ વગેરે.

वि – વિવિધતા, ભય, દૂર, કલહ, અનવસ્થાન, વ્યય વગેરે.

आङ् – મર્યાદા, પ્રાપ્તિ, લાભની ઇચ્છા, કષ્ટ, આરંભ વગેરે.

उत् અથવા उद् – પ્રબળતા, સંભવ, લાભ, પ્રકાશ, મોક્ષ, દર્શનીયતા વગેરે.

अति – પૂજા, અતિશયતા, અનુનતિ, અતિક્રમણ, અવજ્ઞા, સમૃદ્ધિ વગેરે.

अभि – સંમુખ, પાસે, વશીકરણ, પૂજા, વ્યાપ્તિ, ઇચ્છા વગેરે.

આ વીશ ઉપસર્ગો પૂર્વે કવિઓએ બતાવ્યા છે. અને આ ઉપસર્ગો ધાતુના અર્થોનું દ્યોતન કરે છે. તે જાણ્યું.

કેટલાક ઉપસર્ગોને લીધે ધાતુઓનો અર્થ બદલાઈ જાય છે, જેમ કે, हृ એટલે 'હરવું' અર્થ થાય છે, પણ આહાર, વિહાર, સંહાર, પ્રતિહાર, નિહાર, નોહાર, નિહારિકા એ બધા જ શબ્દો हृ ધાતુ ઉપરથી બનેલા છે, તેમ છતાં જુદા જુદા ઉપસર્ગ લાગવાથી ઉપસર્ગ સાથેના हृ ધાતુનો અર્થ બદલાઈ ગયો છે. आहार = ભોજન, विहार = આનંદની ક્રિયા, संहार = નાશ, प्रहार = ઘા કરવો, प्रतिहार = દ્વાર પાળનું કામ, निहार = શૌચ, नीहार = બરફ/હીમ, नीहारिका = આકાશ ગંગાના તારાઓ.

કેટલાક ઉપસર્ગો ધાતુના અર્થને અનુસરે છે. કેટલાક ઉપસર્ગો અર્થમાં વિશેષતા બતાવે છે અને કેટલાક પ્રયોગોમાં

તો ધાતુ સાથેના ઉપસર્ગોનો ખાસ કોઈ અર્થ જ હોતો નથી.

ઉપર જે પ્ર આદિ શબ્દો જણાવેલાં છે તેમાંના 'પૂજા' અર્થવાળા સુ અને અતિ, 'ગતિ' અર્થવાળા અધિ અને પરિ અને 'અતિક્રમ' અર્થવાળો અતિ-એટલા શબ્દો આ નિયમમાં લેવાના નથી. તેથી એ બધા એટલે સુ, અતિ, અધિ, પરિ અને અતિ એ પાંચ શબ્દો સૂત્રમાં જણાવેલાં અર્થમાં ઉપસર્ગ ન કહેવાય.

ઉપસર્ગ વિના – नयति = લઈ જાય છે.

ઉપસર્ગ સહિત – प्र + नयति = प्रणयति = સ્નેહ કરે છે.

परि + नयति = परिणयति = પરણે છે.

પ્ર તથા પરિ ઉપસર્ગ હોવાથી न् નો ण થઈ શકયો છે. वृक्षं वृक्षम् अभि सेकः = વૃક્ષે વૃક્ષે પાણી છાંટવું.-અહીં અભિ નો સંબંધ ધાતુ સાથે નથી પણ વૃક્ષ નામ સાથે છે તેથી અભિ ઉપસર્ગ ન કહેવાય. ઉપસર્ગ ન થયો તેથી અભિષેક રૂપ ન થાય.

સુસિક્ત ભવતા-તમે સારું છાંટયું. આ પ્રયોગમાં સુ પૂજા અર્થવાળો છે.

અતિસિક્ત ભવતા-તમે ખૂબ છાંટયું. આ પ્રયોગમાં અતિ અતિક્રમ અર્થનો સૂચક છે.

ઉપરના બન્ને પ્રયોગોમાં સુ અને અતિ ઉપસર્ગ ન કહેવાયાથી सुषिक्तम् તથા अतिषिक्तम् એ પ્રમાણે ન થયું.

अतिसिक्त्वा-ખૂબ-હદ બહાર-છાંટીને. અહીં 'અતિક્રમ' અર્થવાળો અતિ ઉપસર્ગ ન હોવાથી अतिषिच्य રૂપ થયું નથી.

(५९ B) भूषा-ऽऽदर-क्षेपेऽलं-सदसत् ३।१।४

ભૂષા-શણગાર અર્થના अलम् શબ્દને गति સંજ્ઞાવાળો સમજવો.

આદર-સત્કાર-અર્થના सत् શબ્દને गति સંજ્ઞાવાળો સમજવો.

ક્ષેપ-નિંદા-તિરસ્કાર-અર્થના असत् શબ્દને गति સંજ્ઞાવાળો જાણવો.

गति સંજ્ઞાવાળા આ ત્રણે શબ્દો ધાતુની પહેલાં જ વપરાય.

अलं कृत्वा – अलंकृत्य = શણગારીને

सत् कृत्वा – सत्कृत्य = સત્કાર કરીને

असत् कृत्वा – असत्कृत्य = તિરસ્કાર કરીને.

(५९ C) कणे मनस्तृप्तौ ३।१।६

તૃપ્તિ અર્થ જણાતો હોય તો कणे અને मनस् એ બે અવ્યયોને गति સંજ્ઞાવાળા સમજવાં.

कणे हत्वा – कणेहत्य पयः पिबति – ખૂબ ધરાઈને દૂધ અથવા પાણી પીએ છે.

मनः हत्वा – मनोहत्य पयः पिबति – ખૂબ ધરાઈને દૂધ અથવા પાણી પીએ છે.

(५९ D) तिरोऽन्तर्धौ ३।१।९

अन्तर्धि – छुपाईने જવાના – અર્થના तिरस् શબ્દને गति સંજ્ઞાવાળો સમજવો.

तिरः भूत्वा-तिरोभूय = छुपाई ने–संताई ने–अदृश्य थईने.

(५९ E) कृगो नवा ३।१।१०

अन्तर्धि અર્થના तिरस् શબ્દનો कृ धातु साथे संબંध होय तो तिरस् શબ્દની गति संज्ञा विકલ્પે સમજવી.

तिरः कृत्वा – तिरस्कृत्य अने तिरस्कृत्वा – અપમાન કરીને छूपुं राખीने.

(५९ F) मध्ये–पदे–निवचने–मनस्युरस्यनत्याधाने ३।१।११

अल्पाधान – ઉપશ્લેષ–પાસે વિશેષ ચોંટવું તથા આશ્રય– એ બે અર્થ સિવાયના અર્થ अनत्याधान કહેવાય. अनत्याधान અર્થવાળા मध्ये पदे निवचने मनसि અને उरसि એ બધા अव्ययोनो कृ धातुनी साथे संબંધ होय तो तेमनी गति संज्ञा विકલ્પે સમજવી.

मध्ये कृत्वा = मध्येकृत्य अने मध्येकृत्वा = મધ્યમાં કરીને.

मनसि कृत्वा = मनसिकृत्य અથવા मनसि कृत्वा = મનમાં કરીને–નિશ્ચય કરીને.

उरसि कृत्वा = उरसिकृत्य અથવા उरसि कृत्वा = હૃદયમાં ધારીને.

(५९ G) साक्षादादिः च्व्यर्थे ३।१।१४

साक्षात् આદિ શબ્દોની સાથે कृ ધાતુ જોડાયેલો હોય અને એ શબ્દો च्वि નો અર્થ જણાવતા હોય તો તેમની गति સંજ્ઞા વિકલ્પે સમજવી.

च्वि એટલે અભૂતતદ્ભાવ, અભૂતતદ્ભાવ એટલે જે અભૂત છે તેનો ભાવ.

અર્થાત્ પદાર્થની જે સ્થિતિ પહેલાં ન હોય તે જ સ્થિતિ પછી થાય.

असाक्षात् साक्षात् कृत्वा इति साक्षात्कृत्य साक्षात्कृत्वा = પહેલાં જે સાક્ષાત્ નહોતું તેને સાક્ષાત્ કરીને ગયો.

(५९ H) नित्य हस्ते-पाणावुद्वाहे ३।१।१५

વિવાહ અર્થ જણાતો હોય અને कृ ધાતુની સાથે સંબંધ હોય તો हस्ते અને पाणौ એ બે અવ્યયોની गति સંજ્ઞા नित्य થાય છે.

हस्ते कृत्वा इति हस्तेकृत्य = વિવાહ કરીને-હાથમાં ગ્રહણ કરીને.

पाणौ कृत्वा इति पाणौकृत्य = વિવાહ કરીને-હાથમાં ગ્રહણ કરીને.

हस्ते कृत्वा काण्डं गतः = કાંડને-ઝાડની ડાળને હાથમાં લઈ ને ગયો, અહીં 'વિવાહ' અર્થ નથી.

આ આખુ સૂત્ર गतिसंज्ञक જાણવું.

॥ ६० ॥ अव्ययस्य ३।२।७

अव्यायानां स्यादेर्लुप् स्यात् । स्वः प्रातरस्ति, पश्य, कृतमिति ।

પોતપોતાના મુખ્ય અર્થવાળા અવ્યરોને લાગેલી તમામ વિભક્તિઓનો લોપ થઈ જાય છે.

स्वर् + सि, अम्, आ વગેરે = स्वर् = स्वः = સ્વર્ગ, સ્વર્ગને, સ્વર્ગ વડે વગેરે.

प्रातर् + सि, अम्, आ વગેરે = प्रातर् = प्रातः = પ્રાતઃકાળ, પ્રાતઃકાળને, પ્રાતઃકાળ વડે વગેરે.

इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय श्री विनय विजयगणि विरचितायां हैमलघुप्रक्रियायामव्ययानि ।

अथ स्त्री प्रत्ययाः ।

अथ लिङ्गविशेषज्ञानाय स्त्री प्रत्ययाः प्रस्तूयन्ते ।

॥ १ ॥ अजादेः २।४।१६

एभ्यः स्त्रियामाप् स्यात् । अजा एडका कोकिला बाला शूद्रा ज्येष्ठा ॥ १ ॥

અજ વગેરે શબ્દોને સ્ત્રીલિંગ બનાવવા હોય ત્યારે નારી જાતિનો સૂચક આ (आप्) લગાડવો.

अज + आ = अजा = બકરી एडक + आ = एडका = હરણી
बाल + आ = बाला = બાલિકા कुञ्च + आ = कुञ्चा = હંસી
અજ વગેરે શબ્દો નીચે જણાવ્યા પ્રમાણે સમજવાના છે.

अजा, एडका, अश्वा, चटका, मूषिका, कालिका, बाला, हौडा, पाका, बत्सा, मन्दा, विलाता, कन्या, मध्या, मुग्धा, ज्येष्ठा, कनिष्ठा, मध्यमा, पूर्वापहाणा, अपरायहाणा, संप्रहाणा, त्रिफला, कुञ्चा, देवविशा, उष्णिहा.

॥ २ ॥ अस्याऽयत्तत्क्षिपकादीनाम् ।२।४।११

आबेव परो यस्मात्तस्मिन्ननित्क्याप्परे यदादिवर्जस्यात इत्स्यात् । पाचिका कारिका मद्रिका । यदादिवर्जनाद् यका-सका-क्षिपकेत्यादौ नेत्वम् ।

यत्, तत् अने क्षिपक वगेरे शब्दो सिवायना बीजा शब्दोना अंत्य अ स्वरनो इ थाय छे, जो क प्रत्यय लागेलो होय तो जणावेलो क प्रत्यय, न निशानवाळा कप्न् के अकन् प्रत्ययनो अवयव न होवो जोईअे. तथा क प्रत्यय पछी सीधो आप् आवेलो होय पण विभक्ति न होवी जोईअे.

पाच + का = पाचिका = रांधनारी.
मद्र + का = मद्रिका = भद्र देशनी स्त्री.

जीव + का = जीवका = ઘણું જીવો, અહીં ન્ નિશાનવાળો અકન્ પ્રત્યય છે (अकन् માટે જુઓ ५/१/७०) તેથી इ न બોલાય.

यका = જે સ્ત્રી. यत् શબ્દને વર્જેલો છે.

सका = તે સ્ત્રી. तत् શબ્દને વર્જેલો છે.

क्षिपका = ફેંકનારી. क्षिपकादि ગણના શબ્દને વર્જેલો છે.

ध्रुवका = ધ્રુવ રહેનારી. क्षिपकादि ગણના શબ્દને વર્જેલો છે.

નીચે જણાવેલા પ્રમાણે क्षिपका વગેરે શબ્દોને સમજવા– આ શબ્દોનો મૂળ ધાતુ પ્રમાણે જે અર્થ થાય છે તે પણ સાથે જ આપેલ છે—

क्षिपका = ફેંકનારી
ध्रुवका = ગતિ કરનારી
धुवका = કંપનારી
चरका = ચરનારી કે ચાલનારી
चटका = ભેદ કરનારી
इष्टका = ઇચ્છનારી
एडका = સ્તુતિ કરનારી
हरका = પ્રેરણા કરનારી
करका = વિક્ષેપ કરનારી
अवका = રક્ષણ કરનારી
अलका = શોભનારી
दण्डका = દંડ કરનારી

पिष्पका = } ન્યાસ કારે આ
लह्का = } બે શબ્દોને ચિન્ત્ય કહેલા છે એટલે વિચારવા જેવા કહેલાં છે, અર્થ નથી આપેલો.

कन्यका = દીપનારી
मेनका = જાણનારી, માનનારી,
द्वारका = વરણ કરનારી
रेवका = ગતિ કરનારી
सेवका = સેવા કરનારી
धारका = ધારણ કરનારી
उपत्यका = પર્વતની તળેટી
अधित्यका = પર્વતનો ઉપરનો ભાગ

આ શબ્દોના જે રૂઢ અર્થો પ્રચલિત હોય તે કોશોમાંથી જોઈ લેવા.

॥ ३ ॥ इच्चापुंसोऽनित्क्याप्परे २।४।१०७

अनित्कि परे क्वचिदापः स्थाने इ-ह्रस्वौ वा । खट्विका, खट्वका, खट्वाका ।

જે આપ્ ની પૂર્વે માત્ર કા (ક + આપ્) જ આવેલો હોય પણ કોઇ વિભક્તિ આપેલી ન હોય એવા કા વાળા નામના કા ની પૂર્વના આ ને ઇ રૂપે વિકલ્પે થાય અથવા કા ની પૂર્વના આ ને હ્રસ્વરૂપે વિકલ્પે થાય એટલે અ રૂપે વિકલ્પે થાય.

સૂત્રમાં અનિત્કિ એવું પદ મૂકીને સૂત્રકાર એમ સૂચવે છે કે અહીં જે ક (કા) નો નિર્દેશ કરેલ છે તે ક, કપ્ન્ પ્રત્યયની કે અકન્ પ્રત્યયની સાથે સંબંધ ન રાખતો હોવો જોઈએ તથા આપ્ વાળા જે નામના આ નો ઇ કે અ થાય છે તે નામનો આપ્ અવિશેષણરૂપ નામથી અર્થાત્ અપુંલિંગાર્થક નામથી વિહિત કરેલો હોય તો આ નિયમ તેવા આપ્ ને ન લાગે.

ઇ – खट्वा + का = खट्विका = ખાટલી
અ – खट्वका = ખાટલો
ઇ કે અ ન થયો ત્યારે खट्वाका = ખાટલો.

सर्व + आ = सर्वा + अका = सर्वाका = सर्विका = આ પ્રયોગમાં 'सर्व' શબ્દનો અર્થ પુંલિંગરૂપ પણ થઇ શકે છે. અર્થાત્ सर्व શબ્દ વિશેષણરૂપ હોવાથી ગમે તે લિંગનો અર્થ સૂચવી શકે છે–सर्व શબ્દનો અર્થ પુંલિંગરૂપ પણ થાય છે માટે આ નિયમ ન લાગ્યો. પણ પહેલાં ગયેલા २/४/१११ નિયમ દ્વારા सर्वाका રૂપ બનેલ છે.

આ સૂત્રમાં अपुंसः એવો નિર્દેશ કરેલો છે તેનો અર્થ अपुमर्थक સમજવાનો છે. अपुमर्थक એટલે જે શબ્દનો અર્થ પુંલિંગી ન હોય તે.

પાણિનીય વ્યાકરણમાં अमाषितपुंस्क શબ્દ વપરાયેલ છે. (જુઓ ७/३/४८) अमाषितपुंस्क એટલે જે વડે પુમર્થક ભાષિત ન થતો હોય તે નામ. આ અર્થ જોતાં પ્રસ્તુતઃ સૂત્રમાં આચાર્યશ્રીએ વાપરેલ अपुंसः એ બન્ને નિર્દેશોનો અર્થ એક સરખો જ છે. અહીં ખાસ વાત એ છે કે મહર્ષિ પાણિનિએ મોટો શબ્દ વાપરેલ છે ત્યારે પ્રસ્તુત આચાર્યશ્રીએ નાનો શબ્દ વાપરીને સૂત્રના પ્રયોજનને સિદ્ધ કરેલ છે.

॥ ४ ॥ क्वचिन्नेत्वम् २।४।११३

तारका ज्योतिः ।

આ સૂત્ર કોઇક ઠેકાણે વિશિષ્ટ નામ સહિત છે. तारका શબ્દ 'તારા' અર્થમાં तारिका રૂપે બનતો નથી, वर्णका શબ્દ

'ઓઢવાનું વિશેષ પ્રકારનું સૂતરનું વસ્ત્ર' અર્થમાં વર્ણિકા રૂપે બનતો નથી. અને અષ્ટકા શબ્દ 'પિતરોનું કર્મ' એવા અર્થમાં અષ્ટિકા રૂપે બનતો નથી.

तारका = તારા.

वर्णका = ઓઢવાનું સૂતરનું વિશેષ પ્રકારનું વસ્ત્ર–બનુસ.

अष्टका = પિતૃદેવતા સંબંધી કર્મકાંડ.

॥ ૫ ॥ स्त्रियां नृतोऽस्वस्रादे र्ङीः २।४।१

स्वस्रादिर्जान्नान्तादृदन्ताच्च स्त्रियां ङीः स्यात् । राज्ञी । कर्त्री ।

નકારાંત નામને તથા ઋકારાંત નામને જ્યારે સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે તે નામને સ્ત્રીલિંગ સુચક ઈ (ङी) પ્રત્યય લગાડવાનો છે.

स्वसृ, दुहितृ, ननान्दृ, यातृ, मातृ, तिसृ, चतसृ શબ્દોને આ નિયમ ન લાગે.

સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે નામને ઈ પ્રત્યય લગાડવાનો છે એ હકીકત આ આખાય પાદમાં સમજવાની છે.

राजन् + ई = राज्ञी – રાણી. कर्तृ + ई = कर्त्री – કરનારી.

स्वसृ નું स्वस्र અને दुहितृ નું दुहितृ જ રહે છે, તેમનું

પ્રથમાનું એકવચન स्वसा અને दुहिता થાય છે પણ स्वस्री કે दुहित्री न थाय.

॥ ६ ॥ अधातूदितः २।४।२

आधातोरुदित ऋदितश्च स्त्रियां ङीः स्यात् । भवन्ती । पचन्ती ।

અધાતુરૂપ એવા उ નિશાનવાળા અને ऋ નિશાનવાળા પ્રત્યય કે અપ્રત્યય જે નામને છેડે આવેલા હોય તેવા નામને સ્ત્રીલિંગી કરવું હોય ત્યારે સ્ત્રીલિંગનો સૂચક ई પ્રત્યય લગાડવો.

उ – भवतु = भवत् + ई = भवती – આપ–પોતે.

ऋ – पचतृ = पचन्त् + ई + पचन्ती – રાંધતી સ્ત્રી.

॥ ७ ॥ अञ्चः २।४।३

अञ्चन्तात् स्त्रियां ङीः स्यात् । प्राची उदीची ।

જેને છેડે अञ्च् હોય તેને સ્ત્રીલિંગ સૂચક ई પ્રત્યય કરવો.

प्र + अञ्च् + ई = प्राची – પૂર્વ દિશા.

उद् + अञ्च + ई = उदीची – ઉત્તર દિશા.

॥ ८ ॥ गौरादिभ्यो मुख्यान् ङीः २।४।१९

मुख्यागौरादिगणात् स्त्रियां ङीः स्यात् ।

મુખ્ય એવા ગૌર આદિ અકારાંત શબ્દોને સ્ત્રીલિંગી કરવા હોય ત્યારે નારી જાતિના સૂચક ઈ પ્રત્યય લાગે છે.

ગૌર + ઈ = ગૌરી – ગોરી

ગૌર વગેરે શબ્દો ઘણા જ વધારે છે તે અન્યથી જાણી લેવા.

॥ ૯ ॥ अस्य ङ्यां लुक् २।४।८६

स्पष्टम् । गौरी नदी । क्वचिद्यकारस्यापि–मत्सी ।

સ્ત્રીલિંગ સૂચક ઈ (ङी) પ્રત્યય લાગ્યા પછી અકારાંત નામના છેડાના અ નો લોપ થાય છે.

મદ્રચર + ઈ = મદ્રચર્+ઈ – મદ્રચરની સ્ત્રી. મત્સી = માંછલી.

॥ ૧૦ ॥ वयस्यनन्त्ये २।४।२१

अचरमे वयस्यदन्तात्स्त्रियां ङीः स्यात् । कुमारी किशोरी वधूटी । अनन्त्य इति किम् ? वृद्धा । क्वचिद् नाम्नि ङीः । केवली मामकी ।

કાળે કરીને શરીરની જે અવસ્થા થાય તે વય કહેવાય. જે અકારાંત મુખ્ય નામ આવી છેલ્લી વયને ન સૂચવતું હોય પણ બીજી વયને સૂચવતું હોય અને તે નામને સ્ત્રીલિંગી કરવું હોય તો તેને નારીજાતિ સૂચક ઈ પ્રત્યય લાગે છે.

કુમાર+ઈ=કુમારી – કુમારી–કુંવારી. કિશોર+ઈ = કિશોરી–

ક્રિશે।૨ વયની. વઘૂટ+ઈ=વઘૂટી-વહુ થવા માટે ચેાગ્ય ઉંમરની. વૃદ્ધ+આ=વૃદ્ધા-વૃદ્ધ વયની-ધરડી-ડેાસી-આ શબ્દ છેલ્લી વયને સૂચવે છે તેથી આ લાગ્યેા, ઈ ન લાગ્યે।.કેવલ+ઈ=કેવલી-જ્યોતિઃ= પ્રકાશ. મામક+ઈ=મામકી-મામી-મામાની પત્ની/વહુ.

॥ ૧૧ ॥ નવા શેાણાદેઃ ૨।૪।૩૧

શેાણી શેાણા ।

શોણ આદિ શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ઈ વિકલ્પે લાગે છે.

શોણ+ઈ=શોણી- લાલ. શોણ+આ=શોણા=ઈ ન લાગે ત્યારે. શોણ વગેરે શબ્દો નીચે પ્રમાણે સમજવાં- શોણ, ચણ્ડ, અરાલ, કમલ, કૃપણ, વિકટ, વિશાલ, વિશંકટ, ભરુજ, ધ્વજ, કલ્યાણ, ઉદાર, પુરાણ, બહુ વિશેષ નામ, વૃત્રહન્, ચન્દ્રભાગ નદીવાચક-વગેરે.

॥ ૧૨ ॥ इतोऽक्त्यर्थात् ૨।૪।૩૨

क्तयर्थ प्रत्ययान्तवर्जादिदन्तात्स्त्रियां ङीर्वा स्यात्। भूमी, भूमिः। धूली, धूलिः। राजी, राजिः "पद्धतेर्वा" । ૨।૪।૩૩ पद्धती, पद्धतिः। "शक्तेः शस्त्रे" ૨।૪।૩૪ शक्ती शक्तिः।

इदन्त- છેડે હ્રસ્વ ઇ કારવાળા- શબ્દોને નારીજાતિમાં

વાપરવા હોય ત્યારે ઈ વિકલ્પે લાગે છે, શબ્દના છેડાનો ઇ ક્તિ પ્રત્યયનો ન હોવા જોઇએ તથા ક્તિ પ્રત્યયની સમાન અર્થવાળા બીજા કોઈ પ્રત્યયનો પણ ન હોવા જોઇએ.

ભૂમિ+ઈ=ભૂમી, ભૂમિઃ–ભૂમિ. ધૂલિ+ઈ=ધૂલી, ધૂલિઃ–ધૂળ. રાજિ+ઈ=રાજી, રાજિઃ–પંક્તિ

૨/૪/૩૩ સૂત્રદ્વારા–પદ્ધતિ શબ્દને સ્ત્રીલિંગી બનાવવો હોય તો ઈ વિકલ્પે લાગે છે. પદ્+હતિ=પદ્ધતિ+ઈ=પદ્ધતી, પદ્ધતિઃ જ્યાં પદને આઘાત થાય તે રસ્તો અથવા પગ વડે આઘાત પામતો રસ્તો અથવા પંક્તિ.

૨/૪/૩૪ સૂત્ર દ્વારા શક્તિ શબ્દને 'શસ્ત્ર' અર્થમાં સ્ત્રીલિંગમાં વાપરવો હોય તો વિકલ્પે ઈ લાગે છે.

શક્તિ+ઈ=શક્તી, શક્તિઃ= શસ્ત્ર–શક્તિ નામનું શસ્ત્ર.

કૃ+તિઃ (ક્વિબ) =કૃતિઃ= રચના–અહીં શબ્દના છેડાનો ઈ ક્તિ પ્રત્યયનો હોવાથી ઈ ન લાગ્યો તેથી કૃતિ+ઈ=કૃતી ન થયું.

॥ ૧૩ ॥ સ્વરાદુતો ગુણાદખરોઃ ૨।૪।૩૫

સ્વરાત્પરો ય ઉત્તદન્તાદ્ગુણવચનાત્ખરુવર્જનાત્સ્ત્રિયાં ङીર્વા સ્યાત્ । પટ્વી પટુઃ । વિભ્વી વિભુઃ । સ્વરાદિતિ કિમ્ ? । પાણ્ડુર્ભૂઃ । ગુણાદિતિ કિમ્ ? આખુઃ સ્ત્રી । ઉત ઇતિ કિમ્ ? શ્વેતા પટી । અખરોરિતિ કિમ્ ? । ખરુરિયમ્ ॥

"सत्त्वे निविशतेऽपैति पृथक् जातिषु दृश्यते ।
आधेयश्चाक्रियाजश्च सोऽसत्त्वप्रकृतिर्गुणः" ॥ १ ॥

જે નામમાં સ્વર પછી આવેલા માત્ર એક જ વ્યંજન બાદ તરત જ હ્રસ્વ उ આવ્યો હોય એવા उકારાંત ગુણવાચી શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई વિકલ્પે લાગે છે. અહીં એક ખરુ શબ્દ ન લેવો.

पटु+ई=पटवी, पटुः-કુશલતાના ગુણવાળી.

विभु+ई=विभ्वी, विभुः-વ્યાપક અથવા સામર્થ્યરૂપ ગુણવાળી.

पाण्डुः भुमिः-ધોળી જમીન અહીં उ, સ્વર પછી નથી પણ ण्डू એવા બે વ્યંજન પછી છે તેથી ई ન લાગ્યો.

आखुः स्त्री-ઉંદરડી-અહીં आखु શબ્દ ગુણવાચી નથી.

खरुः इयम्-શ્વેત વર્ણવાળી આ-અહીં खरु શબ્દ વર્જ્યો છે તેથી ई ન લાગ્યો.

॥ १४ ॥ श्येतादिभ्यो वा ङीस्तद्योगे तो नश्च २।४।३६

श्येनी, श्येता । "क्रः पलितासितात" । पलिक्री । असिक्री ।

વર્ણવાચી श्येत, एत, हरित, भरत, रोहित-એ શબ્દોને

નારીજાતિમાં વાપરવા હોય ત્યારે ઈ વિકલ્પે લાગે છે અને ઈ લાગવા સાથે ત નો ન થાય છે.

શ્યેત+ઈ=શ્યેન+ઈ=શ્યેની–ધોળી. શ્યેત ને ઈ ન લાગે ત્યારે શ્યેત+આ=શ્યેતા થાય છે. એત નું એની–કાબરચીતરી. ઈ ન લાગે તો એતા. હરિત નુ હરિણી=હરી–નીલી. ઈ ન લાગે તો હરિતા. ભરત નું ભરણી=લાલ. ઈ ન લાગે તો ભરતા. રોહિત નું રોહિણો= લાલ. ઈ ન લાગે તો રોહિતા.

જ્યારે શ્યેત, એત વગેરે શબ્દો વર્ણવાચી ન હોય ત્યારે તેમને સ્ત્રીલિંગ સૂચક આ પ્રત્યય જ લાગે છે.

"ક્ર પલિતાસિતાત" રૂપ ૨/૪/૩૭ સૂત્ર દ્વારા પલિત અને અસિત શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવાના હોય ત્યારે ઈ વિકલ્પે લાગે છે. ઈ લાગતા સાથે ત નો ક્ન થાય છે. પલિત+ઈ=પલિક +ઈ=પલિક્ની–પળિયાવાળી ઘરડી સ્ત્રી. ઈ ન લાગે ત્યારે પલિત +આ=પલિતા.

અસિત+ઈ=અસિક+ઈ=અસિક્ની–જે ગાય નાની હોવા છતાં ગર્ભને ધારણ કરે તે ગાય અથવા અંતઃપુરમાં નિભાયેલી દૂતી. ઈ ન લાગે તો અસિત+આ=અસિતા.

॥ ૧૫ ॥ असह-नञ्-विद्यमान-पूर्वपदात्स्वाङ्गाद-क्रोडादिभ्यः २।४।३८

सहादिवर्जं पूर्वपदं यस्य ततः क्रोडादिवर्जाददन्तात्स्वा-

ङ्गात् स्त्रियां ङीर्वा स्यात् । पीनस्तनी पीनस्तना । अतिकेशी, अतिकेशा माला । सहादिवर्जनात् सहकेशा. अकेशा, विद्यमान-केशा । अक्रोडादिभ्यः इति किम् ? सुक्रोडा सुवाला । स्वाङ्गा-दिति किम् ? बहुशोफा, सुज्ञाना ॥

अविकारोऽद्रव्यं मूर्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते ।
च्युतं च प्राणिनस्तत्तन्निभं च प्रतिमादिषु ॥ २ ॥

પ્રાણીમાં રહેલું [જે સ્વાંગ હોય તે ગમે ત્યારે પ્રાણીમાં જ રહેલું હોવું જોઈએ.] પ્રાણીનું પોતાનું અંગ તેને સ્વાંગ સમજવું, પણ તે અંગ સોજા [શોફ એટલે સોજા–સોજા વિકાર-રૂપ છે.] વગેરે વિકારરૂપ ન હોય, કફ [કફ પ્રવાહી છે.] વગેરે પ્રવાહી દ્રવરૂપ ન હોય, જે સ્વાંગ હોય તે દૃશ્ય [જ્ઞાન અમૂર્ત છે]–મૂર્ત્ત–હોવું જોઈએ તથા કદાચ પ્રાણીનું અંગ [વાળ પ્રાણીથી છુટા પડી ગયા હોય તો પણ સ્વાંગ જ ગણાય.] પ્રાણીથી છુટું પડી ગયું હોય તો પણ સ્વાંગ કહેવાય અને પ્રાણીના સ્વાંગ જેવું મૂર્તિ [પ્રતિમા સારા મુખવાળી હોય]–પ્રતિમા–વગેરેમાં મુખ કે હાથ વગેરે હોય તે પણ સ્વાંગ કહેવાય.

જેને છેડે સ્વાંગવાચી શબ્દ હોય એવા સમાસવાળા અકારાન્ત શબ્દને નારીજાતિમાં વાપરવો હોય ત્યારે ઈ વિકલ્પે લાગે છે. અહીં અકારાન્ત શબ્દની પૂર્વમાં સહ, નઞ્ (નિષેધ-વાચક અ) અને વિદ્યમાન શબ્દો ન હોવા જોઈએ. સ્વાંગવાચી ક્રોડ વગેરે શબ્દોને આ નિયમ ન લાગે. ક્રોડ વગેરે શબ્દો

નીચે પ્રમાણે છે. ક્રોડ, ખુર, ગુદ, શફ, વાલ અથવા બાલ (વાળ) ભાલ, ગલ, ભગ, ઉખ, ગોખ, કર, ભુજ વગેરે. પીનસ્તન+ ઈ=પીનસ્તની ઈ ન લાગે ત્યારે. પીનસ્તના–પુષ્ટ સ્તનવાળી. અતિકેશ+ઈ=અતિકેશી ઈ ન લાગે ત્યારે અતિકેશા માલા–કેશો–વાળો–કરતાં લાબી માળા.

ઉપરના બન્ને પ્રયોગોમાં સ્તન અને કેશ શબ્દો સ્વાંગવાચી છે.

સહકેશ+આ=સહકેશા – કેશસહિત. અકેશ+આ=અકેશા–કેશ વગરની. વિધમાનકેશ+આ=વિધમાનકેશા–વિધમાન કેશવાળી. પૂર્વપદમાં સહ, અ અને વિધમાન એ ત્રણે શબ્દોનો નિષેધ કરેલો હોવાથી સહકેશા વગેરેમાં ઈ ન લાગ્યો. સુવાલ+આ=સુવાલા–સારા વાળવાળી. સુક્રોડ+આ=સુક્રોડા–સારા ખોળાવાળી કલ્યાણક્રોડ+આ=કલ્યાણક્રોડા–કલ્યાણ રૂપ ખોળાવાળી પીનગુદ + આ = પીનગુદા–પુષ્ટ ગુદાવાળી. દીર્ઘવાલ+આ=દીર્ઘવાલા–મોટા–લાંબા વાળવાળી.

આ પાંચે પ્રયોગોમાં છેડે ક્રોડ આદિ શબ્દો છે. સૂત્રમાં તેનો નિષેધ કરેલો હોવાથી ઈ લાગ્યો નથી.

બહુશોફ+આ=બહુશોફા–બહુ સોજાવાળી. બહુજ્ઞાન + આ = બહુજ્ઞાના–બહુ જ્ઞાનવાળી. બહુયવ+આ=બહુયવા–શરીરમાં જવના ઘણા નિશાનાવાળી.

આ પ્રયોગમાં શોફ, જ્ઞાન અને યવ શબ્દો સ્વાંગસૂચક નથી તેથી ઈ ન લાગ્યો.

॥ १६ ॥ नासिकोदरौष्ठ-जङ्घा-दन्त-कर्ण-शृङ्गाङ्ग-गात्रकण्ठात् २।४।३९

सहादिवर्जपूर्वपदेभ्यः एभ्यः स्वाङ्गेभ्यः स्त्रियां ङीर्वा स्यात्। सुनासिकी सुनासिका। नियमसूत्रमिदम्, तेनान्येभ्यो बहुस्वरेभ्यः संयोगोपान्त्येभ्यश्च ङीर्न स्यात्। सुललाटा। सुपार्श्वा "नखमुखादनाम्नि वा"। सुनखी सुनखा। सुमुखी सुमुखा। नाम्नि तु शूर्पणखा। "पुच्छात्"। तथा। दीर्घपुच्छी दीर्घपुच्छा। कबरादिपूर्वान्नित्यम्—कबरपुच्छी। "क्रीतात्करणादेः"। अश्वक्रीती। "क्तादल्पे"। अभ्रविलिप्ती द्यौरित्यादि। "सपत्न्यादौ"। ङींर्नोन्तादेशश्च। सपत्नी। एकपत्नी। "ऊढयाम्"। पत्नी। पाणिगृहीतीति"। पतिवत्नी। अन्तर्वत्नी। एवं दृढपत्नि। दृढपतिः। ग्रामपत्नी, ग्रामपतिः।

સમાસમાં આવેલા નાસિકા, ઉદર, ઓષ્ઠ, જઙ્ઘા, દન્ત, કર્ણ, શૃઙ્ગ, અઙ્ગ, ગાત્ર અને કણ્ઠ એવા સ્વાંગવાચી શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ઈ વિકલ્પે લગાડવો. અહીં પણ સહ, અ (નિષેધવાચી) અને વિદ્યમાન શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઈએ.

સુનાસિક+ઈ=સુનાસિકી ઈ ન લાગે ત્યારે સુનાસિકા=સારા નાસિકા/નાકવાળી.

ઉદર, ઓષ્ઠ, જઙ્ઘા આદિ વગેરેના અર્થો સાધી લેવા.

આ સૂત્ર એવો નિયમ સૂચવે છે કે, બહુસ્વરવાળા સ્વાંગવાચી શબ્દોને ઈ લગાડવો હોય તો નાસિકા અને ઉદર સિવાય બીજે ન લગાડવો, જેમ કે સુલલાટા–અહીં લલાટ શબ્દ સ્વાંગવાચી હોવા છતાં તેને ઉપરના સૂત્રથી ઈ ન લાગે.

વળી, બીજો નિયમ એ પણ સૂચવે છે, કે જે શબ્દોને છેડે સંયોગવાળા અક્ષરો છે તેમને જો ઈ લગાડવો હોય તો જઙ્ઘા. દન્ત, કર્ણ, શૃઙ્ગ, અઙ્ગ, ગાત્ર અને કણ્ઠ શબ્દોને જ લગાડવો, બીજે કયે ય ન લગાડવો. આ નિયમથી સુપાર્શ્વા=સારા પડખાવાળી–શબ્દને ઉપરના સૂત્રથી પણ ઈ ન લાગે. આ રીતે ઉપર જણાવેલ નિયમો સૂચવવા આ સૂત્ર જુદું કર્યું છે.

(૫) નખમુખાદનાસ્મિ વા ૩૫ ૨/૪/૪૦ સૂત્ર દ્વારા–સમાસમાં આવેલા સ્વાંગવાચી નખ અને મુખ શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ઈ પ્રત્યય લગાડવો. જો કોઈનું નામ ન હોય તો આ સૂત્રમા સહ અ (નિષેધવાચી) અને વિધમાન શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઈએ એમ સમજવું.

સુ+નખ+ઈ=સુનખી, સુનખા–સારા નખવાળી.
સુ+મુખ+ઈ=સુમુખી, સુમુખા–સારા મુખવાળી
શૂર્પનખ+આ=શુર્પણખા રાવણની બહેનનું નામ.

ઉપરના પ્રયોગમાં વિશેષ નામ છે તેથી આ પ્રયોગમાં નખી પ્રયોગ ન થાય

( ) પુચ્છાત્ ૩૫ ૨/૪/૪૧ સૂત્ર દ્વારા–સમાસમાં આવેલાં

સ્વાંગવાચી પુચ્છ શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય તો ઈ વિકલ્પે લાગે છે. અહીં પણ સહ, અ (નિષેધવાચક) અને વિદ્યમાન શબ્દો પૂર્વપદમાં ન હોવા જોઈએ એમ સમજવું.

દીર્ઘપુચ્છ+ઈ=દીર્ઘપુચ્છી, દીર્ઘપુચ્છા–લાંબી પુંછડીવાળી.

(C) कबरादिपूर्वान्नित्यम् ૩૫ ૨/૪/૪૨ સૂત્ર દ્વારા–સમાસમાં આવેલા કબર, મણિ, વિષ અને શર શબ્દો પછી રહેલા પુચ્છ શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય તો ઈ પ્રત્યય લાગે છે.

કબર+પુચ્છ+ઈ=કબરપુચ્છી–વાંકા પુંછડાવાળી, કાબરચીતરા પુંછડાવાળી. આ રીતે મણિ, વિષ વગેરેના રૂપો સાધી લેવા.

(D) क्रीतात्करणादेः ૩૫ ૨/૪/૪૪ સૂત્ર દ્વારા–કરણ–સાધક–વાચક શબ્દ પછી સમાસમાં આવેલા અકારાંત ક્રીત શબ્દને સ્ત્રીલિંગ કરવો હોય ત્યારે સ્ત્રીલિંગ સૂચક ઈ લાગે છે.

અશ્વક્રીત+ઈ=અશ્વક્રીતી–ઘોડા વડે ખરીદ કરેલી.

અશ્વેન ક્રીતા=ઘોડા વડે ખરીદેલી–આ પ્રયોગમાં અશ્વ કરણ હોવા છતાં અશ્વ અને ક્રીત શબ્દોનો સમાસ નથી તેથી ઈ ન થયો.

(E) क्तादभ्ये ૩૫ ૨/૪/૪૫ સૂત્ર દ્વારા–કરણ–સાધન–વાચક નામ પછી સમાસમાં આવેલા તથા છેડે क्त પ્રત્યયવાળા શબ્દને સ્ત્રીલિંગ બનાવવો હોય તો સ્ત્રીલિંગસૂચક ઈ લાગે છે, જો અલ્પ અર્થનું સૂચન હોય તો

अभ्र+विलिप्त+ई=अभ्रविलिप्ती द्यौः—ओछां वादळोवाळुं आकाश.

(F) सपत्न्यादौ ३५ २/४/५० सूत्र द्वारा—सपत्नी वगेरे शब्दोमां पति शब्दने ई लागवा साथे त् पछी न् नो आगम पण थयेलो समजवो.

सपति+ई=सपत्+न्+ई=सपत्नी—जेनो पति समान छे. शोकय.

एकपति+ई=एकपत्+न्+ई=एकपत्नी—जेने एक पति छे.

(G) ऊढायाम् ३५ २/४/५१ सूत्र द्वारा—'परणेली स्त्री' अर्थने सूचववो होय त्यारे पति शब्दने ई लागे छे. अने त् पछी न् नो आगळ थाय छे

पति+ई=पत्+न्+ई=पत्नी—पत्नी—परणेली स्त्री.

(H) पाणिगृहीतोति ३५ २/४/५२ सूत्र द्वारा—परणेली स्त्री. अर्थने सूचवनारा पाणिगृहीती वगेरे शब्दोने ई लागेल छे.

पाणिगृहीत+ई=पाणिगृहीती—अग्निनी साक्षीए जेना हाथनुं ग्रहण करेल छे ते परणेली स्त्री.

पाणिगृहीता अन्या—बीजी स्त्री एटले विधिपूर्वक अग्निनी साक्षीए जेना हाथनुं ग्रहण करेल न होय पण गमे तेम जबरजस्ती वगेरे द्वारा ग्रहण करेल होय तेवी स्त्री पाणिगृहीता कहेवाय, अही पाणिगृहीती न थाय.

(I) पतिवत्न्यन्तर्वत्न्यौ भार्या—गर्भिण्योः ३५ २/४/५३ सूत्र

द्वारा–पतिवत्नी शब्दने भार्या–अविधवा–अर्थमां समजवानो छे अने तेना छेल्लो वत्नी अंश पती ना वत्नी थई ने थयेलो छे. अन्तर्वत्नी शब्दने गर्भिणी अर्थमां समजवानो छे अने तेने छेल्लो वत्नी अंश पति शब्दने ई लाग्या पछी त् ना त्न् थवाथी थयेलो छे.

पतिः यस्याः अस्ति सा पतिमती–पतिवत्नी–पतिवाळी स्त्री–अविधवा–सोहागण-स्त्री.

अन्तः पतिः यस्याः सा अन्तर्+पति=अन्तर्वती-अन्तर्वत्नी –गर्भिणी स्त्री.

अन्त पतिः यस्याः सा अन्तर्वत्नी–जेणीमां पतिनो प्रवेश थयेलो छे ते गर्भिणी स्त्री.

(J) पत्युर्नः ३५ २/४/४८ सूत्र द्वारा–बहुव्रीहि समासमां मुख्य अर्थवाळो पति शब्द छेडे होय अने तेने स्त्रीलिंगमां वापरवो होय तो ई विकल्पे लागे छे अने ई लागवा साथे त् ने अंते आगम३५ न् उमेराय छे एटले त् ने बदले त्न् बोलाय छे.

दृढपति+ई=दृढपत्+न्+ई=दृढपत्नी, दृढपतिः–जेनो पति दृढ छे एवी स्त्री

(K) सादेः ३५ २/४/४९ सूत्र द्वारा–पूर्वपदवाळा पति शब्दने स्त्रीलिंगी बनाववो होय त्यारे ई विकल्पे लागे छे. ई थवा साथे त् ने अंते आगम३५ न् उमेराय छे.

ग्राम+पति+ई=ग्रामपत्+न्+ई=ग्रामपत्नी ग्रामपतिः – ગામના પતિની સ્ત્રી–પત્ની

॥ १७ ॥ जातेरयान्त-नित्यस्त्री-शूद्रात् २।४।५४

यान्तादिवर्जाज्जातिवाचिनोऽदन्तास्त्रियां ङीः स्यात् ।

आकृतिग्रहणा जातिर्लिङ्गानां च न सर्वभाक् ।
सकृदाख्यातनिर्ग्राह्या गोत्रं च चरणैः सह ॥ ३ ॥

कुक्कुटी । ब्राह्मणी । नाडायनी । कठी । यान्तादिवर्जनं किम् ? । क्षत्रिया । खट्वा । शूद्रा । क्वचित् नित्यस्त्रीजातेरपि– ओदनपाकी । शङ्खपुष्पी । पूगफली । दर्भमूली । औषधि-विशेषा एते ।

જાતિવાચી અકારાંત શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ઈ પ્રત્યય લગાડવાના છે પણ એ શબ્દ છેડે ય વાળો ન હોવો જોઈએ એટલે શબ્દને છેડે પ્રત્યક્ષ ય ન હોવો જોઈએ. ય આવીને લોપાઈ ગયો હોય તેવું નામ તો અહીં લઈ શકાય છે. વળી, એ શબ્દ નિત્ય સ્ત્રીજાતિવાચક ન હોવો જોઈએ તથા શૂદ્ર શબ્દ ન હોવો જોઈએ.

कुक्कुट+ई=कुक्कुटी–કુકડી. ब्राह्मण+ई=ब्राह्मणी–બ્રાહ્મણની સ્ત્રી. नाडायन+ई=नाडायनी નડની છોકરી. कठ+ई=कठी–કઠ ગોત્રની સ્ત્રી. य–क्षत्रिया=क्षत्रियની સ્ત્રી. આ શબ્દને છેડે સાક્ષાત્ ય હોવાથી

ई न લાગ્યો એટલે ક્ષત્રિયી પ્રયોગ ન થાય. નિત્ય સ્ત્રી खट्वा= ખાટલો–આ શબ્દ નિત્ય સ્ત્રીજાતિવાચી છે તેથી खट्वी રૂપ ન થાય.

शूद्र-शूद्रा=शूद्र સ્ત્રી–शूद्र શબ્દનો નિષેધ કરેલ છે તેથી शूद्री ન થાય.

ओदनपाक+ई=ओदनपाकी–કાંટાશેળીયો નામની વનસ્પતિ. આ પ્રયોગ પાક–કર્ણ–પર્ણ–વાલાન્તાત્ સૂત્ર ૨/૪/૫૫ દ્વારા પાક, કર્ણ, પર્ણ અને વાલ શબ્દો સમાસમાં છેડે આવેલા હોય તો અને એ જાતિવાચી શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ई લાગે છે. તેથી ओदनपाकी સિદ્ધ થયું.

शङ्खपुष्प+ई=शङ्खपुष्पी–એક પ્રકારની ઔષધિ. આ પ્રયોગ असत्–काण्ड–प्रान्त–शतैकाञ्चः पुष्पात् સૂત્ર ૨/૪/૫૬ દ્વારા સમાસમાં આવેલા જાતિવાચક पुष्प શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई લાગે છે. શરત એ કે, એ સમાસમાં પૂર્વપદમાં सत्, काण्ड, प्रान्त, शत, एक અને प्र વગેરે સાથે अञ्च એટલા શબ્દો ન હોવા જોઈએ તેથી शङ्खपुष्पी સિદ્ધ થયું.

पूगफली–पूगफल+ई=पूगफली–એ પ્રકારની ઔષધિ. આ પ્રયોગ असम्–भस्त्रा–ऽजिनैक–शण–पिण्डात् फलात् સૂત્ર ૨/૪/૫૭ દ્વારા સમાસમાં આવેલા જાતિવાચક फल શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય ત્યારે ई લાગે છે શરત એ કે, એ સમાસમાં પૂર્વપદમાં सम्, भस्त्रा, अजिन, एक, शण અને पिण्ड શબ્દો ન હોવા જોઈએ તેથી पूगफली સિદ્ધ થયું.

दर्भमूल+ई=दर्भमूली–એક પ્રકારની ઔષધિ. આ પ્રયોગ અનઙો મૂલાત્ સૂત્ર ૨/૪/૫૮ દ્વારા સમાસમાં આવેલા જાતિવાચી મૂલ શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ઈ લાગે છે પણ મૂલ શબ્દ પહેલાં નિષેધ સૂચક અ ન હોવો જોઈએ તેથી દર્ભમૂલી સિદ્ધ થયું.

॥ १८ ॥ धवाद्योगादपालकान्तात् २।४।५९

पालकान्तवर्जात्संबन्धतः स्त्रीवृत्तेर्धवनाम्नो ङीः स्यात्। प्रष्ठस्य भार्या प्रष्ठी। गणकी। अपालकान्तादिति किम्? गोपालिका। *धवयोगोऽनुवर्त्तनीयः पञ्चसूत्र्याम्।

ધવ–ભર્તા. ધવ–ભર્તા–ના સંબંધને લીધે બનેલો (જેમ કે–વાણિયા ઉપરથી વાણિયાણ, ધોબી ઉપરથી ધોબણ) એટલે જે શબ્દ પતિવાચક છે, તે જ શબ્દ સ્ત્રીવાચક થયેલ હોય એવો શબ્દ, એવા અકારાંત શબ્દને સ્ત્રીલિંગમાં વાપરવો હોય તો ઈ લાગે છે. માત્ર જે શબ્દને ઈ લાગનાર હોય તે શબ્દને છેડે પાલક શબ્દ ન જોઈએ. પ્રષ્ઠ+ઈ=પ્રષ્ઠી–પ્રષ્ઠ નામના પતિની સ્ત્રી. પ્રષ્ઠ=આગળ ચાલનાર, પ્રષ્ઠી–આગળ ચાલનાર–આગેવાન સ્ત્રી.

ગણક+ઈ=ગણકી–ગણક નામના પતિની સ્ત્રી. ગણકની–ગણનારની સ્ત્રી. ગોપાલક + આ = ગોપાલિકા – ગોવાલણ – આ પ્રયોગમાં છેડે પાલક શબ્દ છે. અને સૂત્રમાં પાલક શબ્દને

વર્જેલો છે તેથી ઈ ન લાગ્યો, એટલે गोपालकी પ્રયોગ ન થાય.

॥ १९ ॥ पुतक्रतु-वृषाकप्यग्नि-कुसित-कुसिदादै च २।४।६०

एभ्यः पञ्चभ्यो ङीस्तद्योगेऽन्तस्यैः । पूतक्रतोः स्त्री पूतक्रतायी ।

પૂતક્રતુ; વૃષાકપિ, અગ્નિ. કુસિત અને કુસીદ આ પાંચે શબ્દો પતિના વિશેષનામરૂપ છે. હવે એ શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરવા હોય ત્યારે ઈ પ્રત્યય લાગે છે અને ઈ લાગતા એ પાંચે શબ્દોના અંતના સ્વરનો ઐ બોલાય છે.

પૂતક્રતુ+ઈ = પૂતક્રતૈ + ઈ = પૂતક્રતાયી – પૂતક્રની (ઇન્દ્ર) સ્ત્રી. બાકીના ચારે શબ્દોના ઉદાહરણો સાધી લેવા.

॥ २० ॥ मनोरौ च वा २।४।६१

मनोर्ङीर्वा तद्योगे औरैश्च स्याताम् । मनायी । मनावी । मनुः ।

મનુ નામ પતિના વિશેષનામરૂપ છે, 'મનુ ની સ્ત્રી' એવા અર્થમાં જ્યારે મનુ શબ્દ વાપરવો હોય ત્યારે તેને સ્ત્રીત્વસૂચક ઈ વિકલ્પે લાગે છે અને ઈ લાગવાની સાથે મનુના उ નો ઐ તથા औ થઈ જાય છે.

मनु+ई=मनै+ई=मनायी–भनायी=भनुनी स्त्री.

मनु+ई=मनौ+ई=मनावी–भनुनी स्त्री. मनु :– भनुनी स्त्री.

॥ २१ ॥ वरुणेन्द्र-भव-शर्व-रुद्र-मृडादान्चान्तः २।४।६२

एभ्यः षड्भ्यो ङीस्तद्योगे आन्चान्तः । वरुणानी । इन्द्राणी ।

પતિના નામ ઉપરથી સ્ત્રીવાચી થયેલા વરુણ, ઇન્દ્ર, રુદ્ર, ભવ, શર્વ અને મૃડ શબ્દોને સ્ત્રીલિંગ સૂચક ઈ લાગે છે અને ઈ લાગવા સાથે એ શબ્દોને અંતે આન્ આગમ ઉમેરાય છે.

વરુણ+ઈ=વરુણ+આન્+ઈ=વરુણાની–વરુણની પત્ની.

ઇન્દ્ર+ઈ=ઇન્દ્ર+આન્+ઈ=ઇન્દ્રાણી–ઇંદ્રની પત્ની.

એવી જ રીતે રુદ્ર, ભવ, શર્વ અને મૃડ વિગેરેના રૂપો સાધિ લેવા.

॥ २२ ॥ मातुलाचार्योपाध्यायाद्वा २।४।६३

एभ्यस्त्रिभ्यो ङीस्तद्योगे च आन्अन्तो वा । मातुलानी मातुली । क्षुभ्नादि पाठान्न णत्वम्–आचार्यानी आचार्यी । उपाध्यायानी उपाध्यायी । "सूर्यादेवतायां वा" ङीस्तद्योगे

चानन्तः । सूर्याणी सूर्या । "आर्यक्षत्रियाद्वा" । आर्याणी आर्या । क्षत्रियाणी क्षत्रिया ।

પતિના નામ ઉપરથી સ્ત્રીવાચી થયેલા માતુલ, આચાર્ય, उपाध्याय शब्दोने स्त्रीलिंग सूचक ई विकल्पे लागे छे अने ई लागवा साथे शब्दने अंते आन् आगम उमेराय छे.

मातुल+ई=मातुल+आन्+ई=मातुलानी, मातुली- मामी.

आचार्य+ई=आचार्य + आन् + ई + आचार्यानी, आचार्यी- आचार्यनी स्त्री.

उपाध्याय+ई=उपाध्याय+आन्+ई=उपाध्यायानी, उपाध्यायी- उपाध्यायणु-ओझणु

सूर्य+ई=सूर्य+आन्+ई=सूर्याणी, सूर्या-सूर्यनी देवરૂપ स्त्री आ प्रयोग सूर्यदेवतायां वा રૂપ २/४/९४ द्वारा जो सूर्यनी स्त्री देवરૂપ होय तो पतिना नाम ઉપરથી स्त्रीवाची थयेला सूर्य शब्दने स्त्रीलिंग सूचक ई विकल्पे लागे छे. अने ई लागवा साथे सूर्य शब्दने अंते आन् आगम उमेराय छे जेथी सूर्याणी, सूर्या એ सिद्ध थाय छे.

आर्य+ई=आर्य+आन्+ई=आर्याणी, आर्या- કોઈ स्त्रीनुं विशेष नाम.

क्षत्रिय+ई=क्षत्रिय+आन्+ई=क्षत्रियाणी, क्षत्रिया-કોઈ स्त्रीनुं विशेष नाम.

ઉપરના બન્ને પ્રયોગો આર્યક્ષત્રિયાદ્વા ૩૫ સૂત્ર ૨/૪/૬૬ દ્વારા આર્ય અને ક્ષત્રિય શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતી વખતે વિકલ્પે ઈ લાગે છે અને ઈ લાગવા સાથે જે શબ્દોને અંતે આન્ આગમ ઉમેરાય છે. તેથી તે દ્વારા આર્યાણી આર્યા અને ક્ષત્રિયાણી ક્ષત્રિયા એ સિદ્ધ થયું.

॥ २३ ॥ यव-यवना-ऽरण्य-हिमाद्दोष-लिप्युरु-महत्त्वे २।४।६५

एभ्यश्चतुर्भ्यो यथासङ्ख्यं दोषादौ गम्ये ङीः स्यात्, ङीयोगे चानन्तः । यवानां दोषो यवानी । यवनानां लिपिर्यवनानी । उरु अरण्यं अरण्यानी । महद्धिमं हिमानी । "यञो ऽायन् च वा" । गार्ग्यायणी, गार्गी । ❀एवमन्यत्रापि यथायोगम् ।

'દોષ' અર્થ જણાતો હોય તો यव શબ્દને, 'લિપિ' અર્થ જણાતો હોય તો यवन શબ્દને, 'વિશાળતા રૂપ' અર્થ સૂચવાતો હોય તો अरण्य શબ્દને અને 'મહત્વરૂપ' અર્થ સૂચવાતો હોય તો હિમ શબ્દને ઈ લાગે છે અને ઈ લાગવા સાથે એ શબ્દને અંતે आन् આગમ ઉમેરાય છે.

यव+ई=यव+आन्+ई=यवानी–दूषिताः यवाः– દૂષિત यव– બગડી ગયેલા જવ. यवन+ई=यवन+आन्+ई=यवनानी–यवनानाम् लिपिः–यवनોની લિપિનું નામ. अरण्य + ई = अरण्य + आयन्+ई=

अरण्यानी–महद् अरण्यम् વિશાળ અરણ્ય. हिम+ई=हिम+आन्+ई= हिमानी–महद् हिमम्–ભારે હિમ. गार्ग्य+ई=गार्ग्य+आयन्+ई= गार्ग्यायणी–કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે.

गार्ग्य+ई=गार्गी–आयन् ન લાગ્યો ત્યારે કોઈ સ્ત્રીનું વિશેષ નામ છે. આ બન્ને પ્રયોગો यञो ङायन् चक सूत्र २/४/६७ દ્વારા यञ् પ્રત્યયવાળા શબ્દોને સ્ત્રીલિંગમા વાપરવાં હોય ત્યારે ई લાગે છે અને ई લાગવાની સાથે શબ્દના અંત સ્વરને બદલે आयन् વિકલ્પે થાય છે. તે દ્વારા गार्ग्यायणी અને गार्गी એ સિદ્ધ થયું.

॥ २४ ॥ उतोऽप्राणिनश्चाऽयु-रज्ज्वादिभ्य ऊङ् २।४।७३

नृजातिवाचिनोऽप्राणिजातिवाचिनश्चोदन्तात् स्त्रियामूङ् स्यात्, न तु यन्ताद्रज्ज्वादिभ्यश्च। कुरूः। अलाबूः। प्राणिजातिवर्जनादाखुः। युरज्ज्वादिवर्जनाद्ध्वर्युः स्त्री, रज्जुरित्यादौ नौङ्। "बाह्वन्त-कद्रु-कमण्डलोर्नाम्नि"। सुबाहूः, कद्रूः, कमण्डलूः। नाम्नीत्येव–वृत्तबाहुः।

મનુષ્ય જાતિવાચક અને અપ્રાણિજાતિવાચક એવા હ્રસ્વ ઉ કારાંત નામને સ્ત્રીલિંગ સૂચક ऊ પ્રત્યય લાગે છે. છેડે યુ વાળા અને रज्जु આદિ શબ્દોને આ નિયમ ન લાગે.

મનુષ્યજાતિ कुरु + ऊ = कुरूः – કુરુની સ્ત્રી. અપ્રાણીજાતિ–

अलाबु+ऊ=अलाबूः–तुंबी अथवा तुंबीनी वेल.आखुः=ઉંદરડી–આ શબ્દ પ્રાણીવાચીનામ હોવાથી ऊ न લાગ્યો. अध्वर्युः स्त्री–અધ્વર્યુની સ્ત્રી આ શબ્દ છેડે યુ વાળો શબ્દ છે તે વર્જેલો છે. रज्जुः દોરડી=रज्जू શબ્દને વર્જેલો છે. (क) सुबाहु+ऊ=सुबाहूः–સ્ત્રીનું વિશેષ નામ છે. (ख) कद्रु+ऊ=कद्रूः–સ્ત્રીનું વિશેષ નામને–નાગની માતા. (ग) कमण्डलु + ऊ = कमण्डलू –વિશેષ પ્રકારના પાત્રનું નામ છે. (घ) वृत्तबाहुः=ગોળ હાથવાળી સ્ત્રી–આ વિશેષ નામ નથી તેથી ऊ न લાગ્યો.

આ क, ख, ग અને घ આ ચારે સૂત્રો "बाह्यन्त-कद्रु-कमण्डलोनाँम्नि" ३५ સૂત્ર २/४/७४ દ્વારા અંતમાં बाहु શબ્દ આવેલો હોય એવા શબ્દોને, कद्रु અને कमण्डलु શબ્દોને જો વિશેષ નામ હોય તો સ્ત્રીલિંગમાં વાપરતાં ऊ લાગે છે. તે દ્વારા ઉપરના क, ख, ग અને घ એ પ્રયોગો સિદ્ધ થયા છે.

॥ २५ ॥ उपमान-सहित-संहित-सह-शफ-वाम-लक्षणाद्युरोः २।४।७५

उपमानवाचिभ्यः सहितादिभ्यश्च षड्भ्यः परस्य उरोः स्त्रियामूङ् स्यात् । रम्भोरूः, । सहितोरूः । नारी-सखी-षड्गूः-श्वश्रूः । एते साधवः ।

આદિમાં –પૂર્વપદમાં –ઉપમાનવાચી શબ્દ હોય એવા

સમાસવાળા તથા આદિમાં –પૂર્વપદમાં –સહિત, સંહિત, સહ, શફ, બામ, લક્ષ્મણ શબ્દો હોય એવા સમાસવાળા ઊરુ. શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં ઊ પ્રત્યય લાગે છે.

ઉપમાન–રમ્ભ+ઊરુ+ઊ=રમ્ભોરુઃ–રંભાના ઊંડુની જેવા ઊરુવાળી સ્ત્રી. સહિત+ઊરુ+ઊ=સહિતોરુઃ=બ.ને ઊરુ સાથે હોય એવી સ્ત્રી. આ પ્રયોગોમાં પૂર્વપદમાં સહિત વગેરે શબ્દ છે. પીન+ઊરુઃ–પીનોરુઃ–પુષ્ટ ઊરુવાળી સ્ત્રી.–અહીં પીન શબ્દ ઉપમાનવાચી નથી પણ ગુણવાચી શબ્દ છે તેથી ઊ ન લાગ્યો.

(A) નર+ઈ=નારી–નારી. (B) નૃ+ઈ=નારી–નારી. (C) સખિ+ઈ=સખી–સખી–બહેનપણી. (D) સખ+ઈ=સખી–સખી. (E) પઙ્ગુ+ઊ=પઙ્ગૂઃ–પાંગળી સ્ત્રી. (F) શ્વશ્રુ+ઊ–શ્વશ્રૂઃ–સાસુ. આ ૬ પ્રયોગો નારી–સખી–પઙ્ગૂઃ–શ્વશ્રૂ ૩૫ સૂત્ર ૨/૪/૭૬ દ્વારા નારી અને સખી શબ્દોમાં નારીજાતિ સૂચક ઈ લાગેલ છે અને પઙ્ગૂ તથા શ્વશ્રુ શબ્દોમાં નારીજાતિ સૂચક ઊ લાગેલ છે તેથી A,B,C,D E અને F એ પ્રયોગો સિદ્ધ થયા.

॥ २६ ॥ यूनस्तिः २।४।७७

स्त्रियाम् । युवतिः । "अनार्षे वृद्धेऽणिञौ बहुस्वरगुरूपान्त्यस्यान्तस्य ष्यः ।" कारीषगन्ध्या । दवदत्त्य इत्यादि ।

મુખ્ય એવા યુવન્ શબ્દને સ્ત્રીલિંગમાં વાપરતાં તિ પ્રત્યય લગાડવાનો છે.

युवन्+ति = युवति : જુવાન સ્ત્રી,

निर्युवन् + ई= निर्युनी =જેમાંથી યુવાનો નીકળી ગયા છે એવી નગરી.

અહી ૨/૪/૧ થી ई લાગેલ છે અહીં युवन् અર્થવાચક युवन् શબ્દ મુખ્ય નથી પણ 'નગરી' અર્થના नगरी શબ્દ મુખ્ય છે, તેથી ति न લાગ્યો.

अण्–करीषगन्धि+ अण्=कारीषगन्ध+ य+आ=कारीषगन्ध्या–

સ્ત્રીનું નામ છે. આ પ્રયોગ अनार्षे वृद्धेऽणिञौ बहुस्वर गुरुपान्त्यस्याऽन्तस्यष्यः ૩૫ સૂત્ર ૨/૪/૭૮ દ્વારા आर्ष અર્થ સિવાયના વૃદ્ધ અર્થમાં વિધાન કરેલા अण् અને इञ् પ્રત્યયો થયા પછી જે શબ્દો બહુસ્વરવાળા છે અને ઉત્પાંત્યમાં ગુરુ અક્ષરવાળા છે તે શબ્દોને સ્ત્રીલિંગમાં વાપરતાં તેમના અંત ભાગનો સ્ત્રીલિંગસૂચક य (ष्य) બોલાય છે તે પછી आत् ૨/૪/૧૮ સૂત્રથી આ પ્રત્યય લાગે છે. તે દ્વારા कारीषगन्ध्या સિદ્ધ થયું. આ રીતે બીજા ઉદાહરણો સાધિ લેવા.

इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय श्री विनयविजयगणि विरचितायां हैमलघुप्रक्रियायां स्त्रीप्रत्ययः ।

अथकारकप्रक्रिया प्रारभ्यते ।

॥ १ ॥ क्रियाहेतुः कारकम् २।२।१

क्रियाया हेतुः (कारणं) कर्त्रादि कारकसंज्ञं भवति । तच्च द्रव्याणां स्वपराश्रयसमवेतक्रियानिर्वर्तकं सामर्थ्यं शक्तिरित्याचक्षते । शक्तिश्च सहभूर्यावद्द्रव्यभाविनी च क्रियाकाल एवाभिव्यज्यते । करोतीति कारकमिति अन्वर्थसंज्ञासमाश्रयणाच्चानाश्रितव्यापारस्य निमित्तत्वमात्रेण हेत्वादेः कारकसंज्ञा न भवति ।

કારક લક્ષણ

આ સૂત્રનો અર્થ કરતી વખતે क्रियाहेतुः कारकं कारकम् એવો પાઠ સનજવાનો છે. 'ક્રિયા' શબ્દનો અર્થ પ્રસિદ્ધ છે. ક્રિયા એટલે પ્રવૃત્તિ માત્ર. પ્રવૃત્તિ માત્રમાં–ક્રિયામાં–ભાગ લેવા સાથે સક્રિય રીતે જે કોઈ કર્તા, કર્મ વગેરે હોય તેનું નામ 'કારક' છે. 'કારક' શબ્દનો અર્થ 'ક્રિયા કરનાર' એટલે ક્રિયામાં જે કોઈ સાધન હોય તે ક્રિયામાં ભાગ લેનાર હોવો જ જોઈએ એટલે કોઈ ને કોઈ રીતે ક્રિયા કરનાર હોવો જોઈએ. એવો આશય क्रियाहेतुः कारकं कारकम् પાઠનો છે. માટે જે હેતુ વિગેરે ક્રિયામાં ભાગ લેનારા ન હોય પણ માત્ર નિમિત્તરૂપે હોય–ક્રિયા રહિત હોય–તેને કારક ન સમજવા/ગણવા.

॥ २ ॥ नाम्नः प्रथमैकद्विबहौ २।२।३१

स्वार्थ-द्रव्य-लिङ्ग-सङ्ख्या-शक्ति-लक्षणोऽसमग्रः समग्रो वा पञ्चको नामार्थस्तस्मिन्नेकद्विबहौ वर्तमानान्नान्नो यथासङ्ख्यं स्यौजस्लक्षणा प्रथमा स्यात्। डित्थः गौः शुक्लः कारकः दण्डी इति प्रथमा।

નામને પહેલી વિભક્તિ લાગે, જો નામ એક સંખ્યામાં હોય તો સ્ લાગે, બે સંખ્યામાં હોય તો औ લાગે એથી વધારે સંખ્યામાં હોય તો अस् લાગે

વિશેષ નામ –डित्थ+स्=डित्थः, डित्थौ, डित्थाः– એ વિશેષ નામ છે. જાતિ વાચક નામ गो+स्=गौः, गावौ, गावः–ગાય. ક્રિયા વાચક નામ–कारक+स्=कारकः, कारकौ. कारकाः–કરનારો. ગુણવાચક નામ शुक्ल+स्=शुक्लः. शुक्लौ, शुक्लाः–ધોળો. સંબંધ દર્શક નામ दण्डिन्+स्=दण्डी, दण्डीनौ, दण्डीनः–દંડ પાસે રાખે છે માટે દંડી–દંડવાળો. इति प्रथमा।

॥ ३ ॥ आमन्त्र्ये २।२।३२

सम्बोधनार्हनाम्नः प्रथमा स्यात्। हे देव।

આમંત્રણ અર્થ સાથે સંબંધવાળા નામને પહેલી વિભક્તિ લાગે છે.

हे देव+सु=हे देव-હે દેવ. देव+औ=देवौ- હે બે દેવો! देव+अस्=देवाः- ઘણા દેવો!

॥ ४ ॥ कर्त्तुर्व्याप्यं कर्म २।२।३

कर्त्रा क्रियया यद्विशेषेणाप्तुमिष्यते तत्कारकं व्याप्यं कर्म च स्यात्। तत् त्रेधा-निर्वर्त्त्यं विकार्यं प्राप्यं च। यदसंज्जायते तन्निर्वर्त्त्यम्। यत्रावस्थातरं क्रियते तद्विकार्यम्। यत्सदेव प्राप्यते तत्प्राप्यम्। पुनरेकैकं त्रिधा-इष्टमनिष्टमुदासीनं च। मुख्यगौणभेदात्तद्द्विधा।

કર્મનું લક્ષણ- પૂર્વે જણાવેલા કર્તા પોતાની ક્રિયા વડે જે વસ્તુને વિશેષ રીતે મેળવવા ઇચ્છે તે 'व्याप्य' (કર્મ) કહેવાય અને તેને કર્મ નામથી ઓળખવામાં આવે છે. તે કર્મ ત્રણ પ્રકારનું છે. (૧) નિર્વર્ત્ય- ક્રિયા વડે પેદા કરવા યોગ્ય. (૨) વિકાર્ય- ક્રિયા વડે વિકાર પામવા યોગ્ય અને (૩) ક્રિયા વડે માત્ર પામવા યોગ્ય.

કર્મના ત્રણ ભેદ ઉપર બતાવેલ છે (૧) નિર્વર્ત્ય (૨) વિકાર્ય અને (૩) પ્રાપ્ય. તેના ૨૫૬ અર્થો નીચે પ્રમાણે છે.

(૧) વસ્તુનું જે રૂપ પ્રથમ ન હોય તે રૂપ પછીથી થાય તે નિર્વર્ત્ય કર્મ कटं करोति= અહીં કટ નિર્વર્ત્ય કર્મ છે. કેમકે પહેલાં માત્ર ઘાસની સળીઓ હતી, પછીથી કટ થયો.

(२) જે વસ્તુ બીજા જ રૂપાંતરને– વિકારને–પામે તે વિકાર્ય કર્મ– काष्ठं दहति= લાકડાને બાળે છે. અહીં દહનક્રિયા દ્વારા લાકડાનું રાખરૂપે પરિણમન થાય છે. અર્થાત્ લાકડું બીજા રૂપાંતરને પામે છે.

(૩) જે વસ્તુ માત્ર પમાય તે પ્રાપ્ય કર્મ. ग्रामं गच्छति અહીં ગામ માત્ર પામવા યોગ્ય છે.

વળી કર્મનાં બીજા પણ ત્રણ પ્રકાર છે. (૧) ઇષ્ટ (૨) અનિષ્ટ (૩) આ બન્ને જાતનું નહીં એવું એટલે ઇષ્ટ પણ નહીં અને અનિષ્ટ પણ નહીં એવું :

કટ વગેરે ઇષ્ટ કર્મ છે. સાપ વગેરે અનિષ્ટ કર્મ છે અને ગામ જતાં ઝાડની છાયાનું ઉલ્લંઘન વગેરે ઇષ્ટ નથી તેમ અનિષ્ટ પણ નથી.

વળી, કર્મ બે પ્રકારનું છે– પ્રધાન– મુખ્ય– કર્મ અને ગૌણ કર્મ. ક્રિયા સાથેનો જેનો સાક્ષાત્ સંબંધ હોય તે મુખ્ય કર્મ અને જેનો સંબંધ સાક્ષાત્ ન હોય તે ગૌણ કર્મ. કેટલાંક ધાતુઓ બે કર્મવાળા હોય છે, તેમાં આવો ભેદ દેખાય છે.

॥ ૫ ॥ कर्मणि २।२।४०

द्वितीया स्यात्। कटं करोति। काष्ठं दहति। ग्रामं गच्छति। राज्यं प्राप्नोति। विषमति। ग्रामं गच्छंस्तृणं स्पृशति।

કર્મ કારકના સૂચક ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે. कटं करोति= સાદડી કરે છે. काष्ठं दहति= લાકડને બાળે છે. ग्रामं गच्छति= ગામ જાય છે. राज्यं प्राप्नोति= રાજ્યને મેળવે છે. विषमति= તે ઝેર ખાય છે. ग्रामं गच्छं स्तृणं स्पृशति= ગામ જતાં ઘાસને અટકે છે. अजां नयति ग्रामम्= બકરીને ગામ તરફ દોરી જાય છે. गां दोग्धि पयः= ગાયનું દૂધ દોવે છે. છેલ્લા બે ઉદાહરણોમાં વપરાયેલ ક્રિયાપદનાં બે કર્મો છે.

॥ ६ ॥ स्मृत्यर्थदयेशः २।२।११

एषां व्याप्यस्य कर्मत्वं वा, कर्मत्वे द्वितीयाऽन्यथा षष्ठी । मातरं स्मरति मातुः स्मरति । मातुः स्मर्यते, माता स्मर्यते । सर्पिषो दयते । सर्पिर्दयते । लोकानामीष्टे । लोकानीष्टे । "नाथ" । तथा सर्पिर्नाथते । सर्पिषो नाथते ।

સ્મૃતિ અર્થવાળા ધાતુઓના અને दय તથા ईश ધાતુના કર્મને વિકલ્પે કર્મ સમજવું.

स्मृ ધાતુ=मातरं स्मरति=માતાને યાદ કરે છે. मातुः स्मरति= માતાને યાદ કરે છે. माता स्मर्यते=માતા યાદ કરાય છે. मातुः स्मर्यते=માતા યાદ કરાય છે.

स्मृत्यर्थक ध्या ધાતુ=मातरं ध्यायति,मातुः ध्यायति=માતાનું ચિંતન કરે છે. दय् ધાતુ–सर्पिषो दयते અને सर्पिर्दयते=ઘી આપે છે. ईश्–ધાતુ लोकानाम् ईष्टे, અને लोकान् ईष्टे=લોકો

ઉપર સ્વમિત્વ ધરાવે છે. કર્મ-સર્પિર્નાથતે=ઘીને માગે છે.

અકર્મ-સર્પિષો નાથતે= ઘીને માગે છે આ બન્ને પ્રયોગ નાથઃ ૩૫ સૂત્ર ૨/૨/૧૦ દ્વારા આત્મને પદના નાથ્ ધાતુના કર્મને વિકલ્પે કર્મ સમજવું. જ્યારે કર્મ હોય ત્યારે બીજી વિભક્તિમાં આવે અને કર્મ ન હોય ત્યારે ષષ્ઠી વિભક્તિમાં આવે તે દ્વારા સર્પિર્નાથતે અને સર્પિષો નાથતે બન્ને પ્રયોગો સિદ્ધ થયા.

॥ ७ ॥ रुजाऽर्थस्याऽज्वरिसन्तापेर्भावे कर्त्तरि २।२।१३

ज्वरिसन्तापिवर्जपीडार्थधातूनामपि व्याप्यं कर्म वा, भावे कर्त्तरि सति । चौरस्य चौरं वा रुजति रोगः । "जासनाट-क्राथपिषो हिंसायाम्" । चौरस्य चौरं वोज्झासयति ।

રુજા-પીડા. 'પીડા'નો કર્તા ભાવરૂપ હોય એટલે દૃશ્ય ન હોય એવા 'પીડા' અર્થના ધાતુના 'કર્મ'ને વિકલ્પે 'કર્મ' સમજવું 'પીડા' અર્થના જ્વર તથા સન્તાપ ધાતુને આ નિયમ ન લાગે.

चौरस्य चौरं वा रुजति रोगः= રોગ ચોરને પીડા કરે છે. આ પ્રયોગમાં પીડા કરનાર રોગ કર્તા આંખે દેખાય એવો નથી એટલે ભાવરૂપ કર્તા છે.

जास्-चौरस्य चौरं वा उज्जासयति= ચોરને બાંધે છે અથવા મારે છે. આ પ્રયોગ जासनाटक्राथपिषो हिंसायाम् ३५ सूत्र २/२/१४ દ્વારા હિંસા અર્થવાળા जास्. नाट्, क्राथ અને पिष् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું એ નિયમ દ્વારા चौरस्य चौरं वोज्जासयति એ સિદ્ધ થયું તેવી રીતે नाट्, क्राथ् અને पिष् ના પ્રયોગો સાધી લેવા.

॥ ८ ॥ निप्रेभ्यो घ्नः २।२।१५

समस्तव्यस्तविपर्यस्ताभ्यां निप्राभ्यां परस्य हन्तेर्व्याप्यं कर्म वा स्यात्। चौरस्य चौरं वा निप्रहन्ति निहन्ति प्रहन्ति प्रणिहन्ति इत्यादि। "अधेः शीङ्स्थास आधारः"। कर्म नित्यं स्यात्। ग्राममधिशेते अधितिष्ठति अध्यास्ते।

समस्त- निप्र- પછી વ્યસ્ત- નિ પછી કે પ્ર પછી, વિપર્યસ્ત પ્રણિ- પછી આવેલા હિંસા અર્થવાળા हन् ધાતુના વ્યાપ્યને વિકલ્પે કર્મ સમજવું.

समस्त-चौरस्य चौरं वा निप्रहन्ति-ચોરને મારે છે. व्यस्त-चारस्य चारं वा निहन्ति-ચોરને મારે છે. चौरस्य चौरं वा प्रहन्ति-ચોરને મારે છે. विपर्यस्त-चौरस्य चौरं वा प्रणिहन्ति-ચોરને મારે છે.

(A) ग्रामे अधिशेते ને બદલે ग्रामम् अधिशेते જ થાય
(B) ग्रामे अधितिष्ठति ને બદલે ग्रामम् अधितिष्ठति જ થાય.
(C) ग्रामे अध्यास्ते ને બદલે ग्रामम् अध्यास्ते જ થાય.

આ બધા પ્રયોગોમાં એટલે A, B, C માં આધારરૂપ ગ્રામ કર્મ થવાથી બીજી વિભક્તિમાં આવે, પણ સપ્તમીમાં ન આવે એવું સુચિત કરવા સારુ જ આ સૂત્રનુ ૨/૨/૨૦ દ્વારા વિધાન છે.

આ પ્રયોગમાં વપરાયેલાં અધિશેતે, અધિતિષ્ઠતિ અને અધ્યાસ્તે એ ત્રણે ક્રિયાપદોનો 'રહે છે' એવો અર્થ સમજવો. આ A, B, C રૂપ ત્રણે પ્રયોગો અધેઃ શીઙ્સ્થાસ આધારઃ રૂપ સૂત્ર ૨/૨/૨૦ દ્વારા અધિ ઉપસર્ગ સાથે સંબંધ ધરાવતા શીઙ્, સ્થા તેમજ આસ્ ધાતુના આધારને કર્મ સમજવું એ ન્યાયે સિદ્ધ થયા છે.

॥ ९ ॥ उपान्वध्याङ्वसः २।२।२१

एभ्यो वसतेराधारोऽप्येवम् । ग्राममुपवसति ।

उप સાથે, अनु સાથે, अधि સાથે તથા आङ् (आ) સાથે સંબંધ ધરાવનાર वस् ધાતુના આધારને કર્મ સમજવું એટલે આધાર સૂચક નામને પણ દ્વિતીયા વિભક્તિ જ લાગે સપ્તમી ન લાગે.

ग्रामम् उपवसति=ગામમાં રહે છે. ग्रामम् अधिवसति= ગામમાં રહે છે. ग्रामम् अनुवसति=ગામમાં રહે છે. ग्रामम् आवसति=ગામમાં રહે છે.

अनुवस् તથા आवस् ના સાહચર્યથી અહીં उपवस् ધાતુ

'રહેવા' અર્થનો જ સમજવો પણ ઉપવાસ અર્થવાળો ન સમજવો. એ જ રીતે 'આચ્છાદન' અર્થના સૂચક વસ્ ધાતુને પણ અહીં ન લેવો.

॥ १० ॥ वाऽभिनिविशः २।२।२२

अभि–नि-पूर्वस्य विश आधारः कर्म वा स्यात् । व्यवस्थितविभाषेयम्, तेन क्वचित्कर्मसंज्ञा क्वचिदाधारासंज्ञाऽपि । ग्राममभिनिविशते । कल्याणे अभिनिविशते । "कालाध्वभावदेशं वा कर्म चाकर्मणाम्" । माससमास्ते । मास आस्यते । "क्रियाविशेषणात्" । द्वितीया । क्रियाव्ययविशेषणे इत्यस्य क्लीबत्वम् । स्तोकं पचति । सुखं स्थाता ।

अभि–नि એવા સંયુક્ત ઉપસર્ગ સાથેના विश् ધાતુના આધારને કર્મ વિકલ્પે સમજવું.

ग्रामम् अभिनिविशते= ગામમાં પ્રવેશ કરે છે.

कल्याणे अभिनिविशते– કલ્યાણમાં આગ્રહ રાખે છે.

સૂત્રમાં બતાવેલો वा વિકલ્પ– સામન્ય વિકલ્પ નથી પણ વ્યવસ્થિત વિકલ્પ છે. એટલે અમુક પ્રકારના પ્રયોગોની વ્યવસ્થા બતાવનારો વિકલ્પ છે તેથી અમુક પ્રયોગોમાં જ આ નિયમ લાગે અને અમુક પ્રયોગમાં જ આ નિયમ ન લાગે– એવો અહીં વિકલ્પનો અર્થ સમજવાનો છે. આમ છે માટે જ ग्रामम्

अभिनिविशते अने ग्रामे अभिनिविशते तथा कल्याणम् अभिनिविशते अने कल्याणे अभिनिविशते –એવા પ્રયોગો ન થાય.

(A) कालाध्वभावदेशं वा कर्म चाकर्मणाम् २/२/२३

અકર્મક ધાતુઓના કાળરૂપ, માર્ગરૂપ, ભાવરૂપ એટલે ક્રિયારૂપ અને દેશરૂપ આધારને એકીસાથે કર્મરૂપ અને અકર્મરૂપ વિકલ્પે સમજવા અર્થાત્ કાળ વગેરે આ ચારે જ્યારે કર્મરૂપ હોય ત્યારે આધારરૂપ પણ હોય છે અને જ્યારે એ ચારે આધારરૂપ હોય ત્યારે કર્મરૂપ પણ હોય એમ સમજવું.

કાલરૂપ આધાર –मासे आस्ते, मासम् आस्ते= મહિના સુધી બેસે છે.

मासम् आस्यते= મહિના સુધી રહેવાય છે. આ પ્રયોગમાં मास પોતે કર્મરૂપ હોવાથી मासम् એવી બીજી વિભક્તિવાળો પ્રયોગ થયો અને मास અકર્મરૂપ પણ હોવાથી आस्यते એવો ભાવે પ્રયોગ પણ થયો.

અધ્વરૂપ આધાર, ભાવરૂપ આધાર, દેશરૂપ આધાર વિગેરે રૂપો સાધી લેવા.

(B) क्रियाविशेषणात् २/२/४१

ક્રિયાવિશેષણ સૂચક ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

स्तोकं पचति = થોડું રાંધે છે. सुखं स्थाता = સુખે રહે છે. આ પ્રયોગમાં स्तोक અને सुख એ બે પદો ક્રિયાવિશેષણો છે તેથી બીજી વિભક્તિ થઈ.

॥ ११ ॥ उत्कृष्टेऽनूपेन २।२।३९

उत्कृष्टार्थादनूपाभ्यां युक्ताद्गौणा नाम्नो द्वितीया भवति। अनुसिद्धसेनं कवयः। उपहेमचन्द्रं वैयाकरणाः। तेषु तौ उत्कृष्टौ इत्यर्थः।

उत्कृष्ट– બીજાની અપેક્ષાએ ચડિયાતું. ઉત્કૃષ્ટ અર્થવાળું અનુ અને उपથી યુકત ગૌણનામ દ્વિતીયા વિભકિતમાં આવે છે.

अनुसिद्धसेनं कवयः=બધા કવિઓ સિદ્ધસેનથી ઉતરતા/પાછળ છે અથવા તમામ કવિઓની અપેક્ષાએ સિદ્ધસેન ચડિયાતા/ઉત્કૃષ્ટ છે.

उपहेमचन्द्रं वैयाकरणाः = બધા વ્યાકરણ કરનારાઓ હેમચંદ્રથી ઉતરતાં/પાછળ છે – તમામ વ્યાકરણકારોની અપેક્ષાએ હેમચંદ્ર ચડિયાતાં/ઉત્કૃષ્ટ છે.

॥ १२ ॥ गौणात्समया-निकषा-हा-धिगन्तरा-ऽन्तरेणा ऽति-येन-तेनै-र्द्वितीया २।२।३३

क्रियान्वयि मुख्यम्, परं गौणम्। समयादिभिर्नव-भिर्युक्ताद्गौणान्नाम्नो द्वितीया स्यात्। समया ग्रामम्। निकषा गिरिं नदी। हा मैत्रं व्याधिः। धिग् जाल्मम्। अन्तरा निषधं नीलं च विदेहाः। अन्तरेण धर्मं क्व सुखम्। अति वृद्धं कुरून् बलम्। येन पश्चिमां गतस्तेन पश्चिमां नीतः।

समया, निकषा, हा, धिक्, अन्तरा, अन्तरेण, अति, येन तथा तेन आ બધા શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે. દ્વિતીયા વિભક્તિ એટલે अम्, औ, शस्.

समया ग्रामम्= ગામની પાસે

निकषा गिरिं नदीं= ગિરિની પાસે નદી.

हा! मैत्रं व्याधिः=અરે! મૈત્રને વ્યાધિ! धिग् जाल्मम्= જાલિમને/દુષ્ટને ધિક્કાર. अन्तरा निषधं नीलं च विदेहाः=નિષધ અને નીલ પર્વતની વચ્ચે વિદેહ પ્રદેશ છે. अन्तरेण धर्मं क्व सुखम्= ધર્મ વિના ક્યાં સુખ છે? अति वृद्धं कुरुन् बलम्= કૌરવોની સેના ઘણી મોટી છે. येन पश्चिमां गतः, तेन पश्चिमां नीतः=જે બાજુથી પશ્ચિમમાં ગયો, તે બાજુથી પશ્ચિમમાં પાછો આવ્યો/નીકળ્યો.

॥ १३ ॥ द्वित्वेऽधोऽध्युपरिभिः २।२।३४

द्विरुक्तैरेभिर्युक्ताद्द्वितीया स्यात्। अधोऽधो ग्रामम्, अध्यधि ग्रामम्, उपर्युपरि ग्रामं–ग्रामाः। द्वित्व इति किम्? अधो गृहस्य।

અધઃ અધઃ, અધિ અધિ અને ઉપરી ઉપરી એ રીતે બેવડા –ડબલ થયેલાં આ શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને બીજી વિભક્તિ લાગે છે.

अधोऽधो ग्रामम्=નીચે નીચે ગામડું-ગામ છે. अध्यधि

ग्रामम्=ઉપર ઉપર ગામડું–ગામ છે. उपरि उपरि ग्रामम्=ઉપર ઉપર ગામડું–ગામ છે. उपरि उपरि ग्रामाः=ઉપર ઉપર ગામડાઓ છે. अधो गृहस्य=ઘરની નીચે–આ પ્રયોગમાં अधः પદ ડખલ થયું નથી માટે गृहम् ન થાય.

॥ १४ ॥ सर्वोभयाभिपरिणा तसा २।२।३५

तसन्तैः सर्वादिभिश्चतुर्भिर्युक्ताद् द्वितीया स्यात्। सर्वतो ग्रामं वनानि।

सर्वतः, उभयतः, अभितः, परितः એ શબ્દો સાથે જોડાયેલાં गौण નામને બીજી વિભક્તિ લાગે છે. सर्वतः ग्रामं वनानि=ગામની ચારે બાજુ વનો છે. उभयतः ग्रामं वनानि=ગામની બન્ને બાજુ વનો છે. अभितः ग्रामं वनानि=ગામની સામી બાજુ વનો છે परितः ग्रामं वनानि=ગામની ચારે કોર વનો છે.

॥ १५ ॥ कालाध्वनो व्याप्तौ २।२।४२

द्वितीया। व्याप्तिर्नैरन्तर्यम्। मासमधीते। क्रोशं गिरिः। इति द्वितीया।

व्याप्ति–નિરંતરતા અથવા લાગલગાટપણું. એ અર્થને સૂચવતા કાલવાચી गौण નામને તથા માર્ગવાચી गौण નામને બીજી વિભક્તિ લાગે છે.

નિરંતરતા સૂચક કાલવાચી–मासं गुडधानाः–મહિના સુધી લાગલાગટ ગોળધાણા વહેંચાય છે.

मासम् अधीते–મહિના સુધી લાગલાગટ અધ્યયન કરે છે. નિરંતરતા સૂચક અધ્વવાચી क्रोशं गिरिः–એક ગાઉ સુધી પહાડ આવે છે

વધારે વિસ્તારવાળો કાળ અને માર્ગ હોય ત્યાં જ નિરંતરતાનો સંભવ છે એટલે એક પળ કે એક સૂક્ષ્મ કે નાનો ભાગ જેવા શબ્દો નિરંતરતા બતાવી શકતા નથી.

॥ १६ ॥ सिद्धौ तृतीया २।२।४३

मासेनावश्यकमधीतम्। सिद्धाविति किम्? मासमधीतो नत्वाचारोऽनेन गृहीतः।

વાક્યમાં ક્રિયાની સિદ્ધિ એટલે ક્રિયા કરવાથી પ્રાપ્ત થતા ખરા ફળની નિષ્પત્તિ જણાતી હોય તો કાળવાચી ગૌણ નામને ત્યા માર્ગવાચી ગૌણ નામને ત્રીજી વિભક્તિ થાય છે. ત્રીજી વિભક્તિ એટલે टा, भ्याम्, भिस्–

કાળવાચી–मासेन मासाभ्यां मासैः वा आवश्यकम्, अधीतम्–એક મહીના સુધી, બે મહીના સુધી, અને ઘણા મહિનાઓ સુધી આવશ્યકનું અધ્યયન કર્યું અને તે પ્રમાણે આચરણ પણ કર્યું.

मासम् अधीतः आचारः न अनेन गृहीतः–મહિના સુધી

આચાર શાસ્ત્ર તો ભણ્યો પણ એ ભણનારે આચાર ગ્રહણ ન કર્યો.–આ પ્રયોગમાં ભણનાર આચારશાસ્ત્ર ભણી તો ગયો પણ તે ભણતરને લીધે આચરણની અપેક્ષાએ કશું ફળ મેળવ્યું નથી અર્થાત્ ભણી પોપટ પંડિત તો જરૂર થયો પણ કોઈ સિદ્ધિ ન થઈ, તેથી માસ શબ્દને ત્રીજી વિભક્તિ ન થઇ.

॥ १७ ॥ स्वतन्त्रः कर्ता २।२।२

क्रियासिद्धौ प्रकृष्टो यः स कर्ता स्यात् । तथाहुः—

निष्पत्तिमात्रे कर्तृत्वं सर्वत्रैवास्ति कारके ।
व्यापारभेदापेक्षायां करणत्वादिसम्भवः ॥ १ ॥

फलार्थी यः स्वतन्त्रः सन्फलायारभते क्रियाम् ।
नियोक्ता परतन्त्राणां स कर्ता नाम कारकम् ॥ २ ॥

चैत्रेण कृतम् । यत्तु चैत्रः कटं करोतीत्यादौ प्रथमा, सा उक्तत्वात्, आख्यातकृत्प्रत्ययेनोक्ते हि सर्वत्र कारके प्रथमा । यथा घटः क्रियते । स्नानीयं चूर्णम् । दानीयो मुनिः । भयानको व्याघ्रः । गुडाधानी स्थाली ।

કર્તાનું લક્ષણ–

ક્રિયાની સિદ્ધિમાં પોતે પ્રધાન હોય તેનું નામ કર્તા છે. ક્રિયાની સિદ્ધિ એટલે શરૂ કરેલી ગમે તે પ્રવૃત્તિના આદિ ભાગથી અંત ભાગ સુધી ક્રિયાની નિષ્પતિ. આવી નિષ્પતિમાં જે સાધન

રૂપ હોય અને ક્રિયા કરનાર તરીકે પોતે પ્રધાન હોય તેને 'કર્તા' કારક કહેવું.

चैत्रेण कृतम्=ચૈત્ર વડે કરાયું. चैत्रः कटं करोती=ચૈત્ર સાદડીને કરે છે. यथा घटः क्रियते=જેમ ઘડો બનાવાય છે. स्नानीयं चूर्णम्=સ્નાન કરવા યોગ્ય ચુર્ણ दानीयो मुनिः=દાન આપનાર મુનિ भयानको व्याघ्रः–વાઘનું ભયાનકપણું છે. गुडाधानी स्थाली–ગોળ અને ધાણાની થાળી છે.

॥ १८ ॥ साधकतमं करणम् २।२।२४

क्रियात्वेनाव्यवधानेन विवक्षितं क्रियासिद्धौ प्रकृष्टोपकारकं करणं स्यात्। दानेन लभते भोगम्।

ક્રિયા કરવામાં જે વધારેમાં વધારે સહાયક હોય તેને 'કરણ' સમજવું. दानेन लभते भोगम्–દાનથી ભોગોને પમાય છે. ભોગોને પામવાની ક્રિયામાં દાન મોટામાં મોટું ઉપકારક છે માટે તે 'કરણ' કહેવાય છે. કરણમાં ત્રીજી વિભક્તિ આવે છે.

॥ १९ ॥ हेतु-कर्तृ-करणेत्थम्भूतलक्षणे २।२।४४

एषु चातुर्षु तृतीया स्यात्। तत्र फलसाधनयोग्यो हेतुः। दानेन लभते भोगान्। धनेन कुलम्। चौत्रेण कृतम्। दात्रेण लुनाति। कश्चित्प्रकारमापन्नस्य चिह्नं इत्थम्भूतलक्षणं। कमण्डलुना छात्रं लक्षयेः, कमण्डलुना छात्रं अद्राक्षीत्।

હેતુસૂચક ગૌણ નામ, કર્તૃસૂચક ગૌણ નામ, કરણ સૂચક ગૌણ નામ અને કોઇપણ પ્રકારની વિશેષતાના નિશાનનું સૂચક ગૌણ નામ–આ બધાં નામોને ત્રીજી વિભક્તિ લાગે છે.

હેતુ એટલે ક્રિયા નહીં કરનાર પણ ક્રિયામાં માત્ર નિમિત્ત.

હેતુ–धनेन कुलम्–ધન વડે કુળ છે. કર્તા–चैत्रेण कृतम्–ચૈત્રે કર્યું. કરણ એટલે ક્રિયા કરનાર. કરણ–दात्रेण लुनाति–દાતરડા વડે લણે છે. ઇત્થંભૂત લક્ષણ–अपि त्वम् कमण्डलुना छात्रम् अद्राक्षीः–? શું વિદ્યાર્થીને કમંડલું–કમંડળ–સાથે તે જોયો? –અહીં 'કમંડલું' શબ્દ વિદ્યાર્થીના નિશાનની ખાસ વિશેષતા સૂચવે છે.

॥ २० ॥ सहार्थ २।२।४५

सहार्थस्तुल्ययोगो विद्यमानता च। तस्मिन्गम्यमाने नाम्नस्तृतीया स्यात्। पुत्रेण–सह आगतः, स्थूलो, गोमान्।

एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भरम्।
सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी ॥ १ ॥

સહ–ક્રિયા વગેરે દ્વારા સમાનતા હોવી અથવા માત્ર હયાતી હોવી–આ બે અર્થમાંથી કોઇપણ અર્થ જણાતો હોય તો સહ તથા સહના અર્થસૂચક સાથેના ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

ક્રિયાની સમાનતા-

પુત્રેણ સહ આગતઃ–તે પુત્ર સાથે આવ્યેા એટલે આવનાર તે આવ્યેા. અને પુત્ર પણ આવ્યેા.

ગુણની સમાનતા–

પુત્રેણ સહ સ્થૂલઃ આગતઃ–પુત્રની સાથે જાડેા આવ્યેા એટલે આવનાર જાડેા છે અને તેની સાથે પુત્ર પણ જાડેા છે.

દ્રવ્યની સમાનતા–

પુત્રેણ સહ ગોમાન્ આગતઃ–પુત્રની સાથે ગાયરૂપ દ્રવ્ય–પદાર્થ –વાળેા આવ્યેા એટલે આવનાર ગાયવાળેા છે અને તેની સાથેનેા પુત્ર પણ ગાયવાળેા છે.

જાતિની સમાનતા–

પુત્રેણ સહ બ્રાહ્મણઃ આગતઃ–પુત્રની સાથે બ્રાહ્મણ આવ્યેા એટલે આવનાર બ્રાહ્મણ છે અને તેની સાથેનેા પુત્ર પણ બ્રાહ્મણ છે.

વિદ્યમાનતા–એકનાપિ સુપુત્રેણ સિંહી સ્વપિતિ નિર્ભરમ્ ।
સહૈવ દશભિઃ પુત્રૈર્ભારં વહતિ ગર્દભી ॥

એક પણ (નાનુ બચ્ચુ) સારેા પુત્ર વિદ્યમાન હેાય તેા સિંહણ સુખેથી/નિશ્ચિતપણે–સૂઈ શકે છે. અને દશ બચ્ચાં– –ખેાલકાઓ–વિદ્યમાન હેાય તેા પણ ગધેડી એ દશેય પુત્રેાની સાથે ભારને વહન કરે છે પણ નિરાંતે આરામ કરી શકતી નથી.

॥ २१ ॥ यदभेदैस्तद्वदाख्या २।२।४६

यस्प भेदिनो भेदैः प्रकारैस्तद्वतोऽर्थस्य आख्या स्यात् ततस्तृतीया स्यात्। अक्ष्णा काणः। प्रकृत्या दर्शनीयः। आख्येति प्रसिद्धिपरिग्रहार्थम्। तेनाक्ष्णा दीर्घ इति न स्यात्।

भेद–विशेषता. જે વિશેષતાઓ વડે વિશેષતાવાળાના આધારની એટલે વિશેષતાવાળા પદાર્થના આધારની પ્રસિદ્ધિ થતી હોય તો માત્ર એ વિશેષતાવાળા પદાર્થને સુચવનાર ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

अक्ष्णा काणः=આંખ વડે કાણો–અહીં કાણાપણું વિશેષતાં છે એટલે કાણી આંખવાળાની પ્રસિદ્ધિ થાય છે તેથી વિશેષતાવાળા પદાર્થને સુચવનાર 'આંખ' નામને ત્રીજી વિભક્તિ લાગી.

प्रकृत्या दर्शनीयः=પ્રકૃતિ વડે દેખાવડો–અહીં દેખાવડાપણું પ્રકૃતિની વિશેષતા છે. अक्ष्णा दीर्घः=આંખ વડે લાંબો–કોઈ મનુષ્યની લંબાઈ આંખ વડે જ જણાતી નથી એટલે આ જાતના આશયવાળા વાકયનો પ્રયોગ પ્રસિદ્ધ નથી पादेन खञ्जः=પગ વડે લંગડો–અહીં 'લંગડાપણું' એ પગની વિશેષતા છે.

જે જાતની પ્રસિદ્ધિ લોકમાં ચાલુ હોય તે જાતની પ્રસિદ્ધિ અહીં સમજવાની છે.

॥ २२ ॥ कृताद्यैः २।२।४७

एभिर्निषेधार्थैर्युक्तात्तृतीया स्यात्। कृतं तेन। किं गतेन इति तृतीया।

નિષેધ અર્થને સૂચવનારા કૃત આદિ શબ્દો સાથે જોડાએલા ગૌણ નામને ત્રીજી વિભક્તિ લાગે છે.

कृतं तेन=તેણે કર્યું. અર્થાત્ તે કશું કરવાનો નથી અથવા તેના કરવાથી કશું વળવાનું નથી. किं गतेन=જવાથી શું ? અર્થાત્ જવાથી કશું સધાવાનું નથી.

॥ २३ ॥ कर्माभिप्रेयः सम्प्रदानम् २।२।२५

कर्मणा व्याप्येन क्रियया वा वा योऽभिसम्बध्यते स सम्प्रदानं स्यात् । "चतुर्थी" सम्प्रदाने । देवाय बलिं दत्ते । राज्ञे कार्यमाचष्टे । पत्ये शेते । "स्पृहेर्ण्याप्यं वा" सम्प्रदानम् । साधुभ्यः साधून स्पृहयति । (क्रद्रुहेर्ष्यासूयार्थैर्योगे यं प्रति कोपः स सम्प्रदानम्) मैत्राय क्रुध्यति । दुह्यति ।

કર્તા કર્મ દ્વારા અથવા ક્રિયા દ્વારા જેને વિશેષ રૂપે ઇચ્છે તેનું નામ 'સંપ્રદાન.'

देवाय बलिं दत्ते=દેવને બલિ આપે છે—આ પ્રયોગમાં કર્તા બલિરૂપ કર્મ વડે દેવને ઇચ્છે છે. राज्ञे कार्यम् आचष्टे=રાજાને કાર્ય કહે છે—આ પ્રયોગમાં કાર્યને કહેનાર કર્તા કાર્યરૂપ કર્મ વડે રાજાને વિશેષરૂપે ઇચ્છે છે. पत्ये शेते=પતિ માટે સૂએ છે—આ પ્રયોગમાં સૂવાની ક્રિયાદ્વારા પતિને વિશેષ ઇચ્છે છે.

આ ત્રણે ઉદાહરણોમાં દેવ, રાજા અને પતિ સંપ્રદાનરૂપ

હોવાથી ચોથી વિભક્તિમાં આવેલ છે

(A) स्पृहेर्व्याप्यं वा २/२/२९

સ્પૃહ્ ધાતુના કર્મને વિકલ્પે સંપ્રદાન સમજવું.

साधुभ्यः साधून् वा स्पृहयति= સાધુઓ સાધુઓની સ્પૃહા કરે છે–ચોથી વિભક્તિ છે.

(B) क्रुद्द्रहेर्ष्यासूयार्थैर्योगे यं प्रति कोपः स संप्रदानम् २/२/२७

પ્રયોગમાં ક્રોધાર્થક, દ્રોહાર્થક, ઇર્ષ્યાર્થક અને અસૂયાર્થક ધાતુ વપરાયેલા હોય અને એ પ્રયોગોમાં જેના પ્રત્યે ક્રોધ થતો હોય, દ્રોહ થતો હોય, ઇર્ષા થતી હોય કે અસૂયા થતી હોય તેને સંપ્રદાન સમજવું.

ક્રોધ–અસહનશીલતા. દ્રોહ–કોઈનું ખરાબ કરવું. ઇર્ષા–બીજાની ઉન્નતિ જોઈને ચિત્તમાં બળતરા થવી. અસૂયા–ગુણો હોવા છતાં દોષો કાઢવા.

मैत्राय कृध्यति=મૈત્ર ઉપર ક્રોધ કરે છે मैत्राय द्रुह्यति=મૈત્ર ઉપર દ્રોહ કરે છે मैत्राय ईर्ष्यति=મૈત્ર ઉપર ઇર્ષા કરે છે मैत्राय असूयति=મૈત્ર ઉપર અસૂયા કરે છે.

આ બધાં પ્રયોગોમાં મૈત્ર પ્રત્યે ક્રોધ છે, દ્રોહ છે, ઇર્ષ્યા છે અને અસૂયા છે માટે તે સંપ્રદાન થવાથી તેને ચોથી વિભક્તિ લાગી છે.

॥ २४ ॥ नोपसर्गात्क्रुद्द्रुहा २।२।२८

सोपसर्गाभ्यां क्रुद्द्रुहिभ्यां योगे तु न । मैत्रमभिक्रुध्यति ।

ઉપસર્ગ સાથે ક્રુધ્ અને દ્રુહ્ ધાતુના પ્રયોગમાં જેના પ્રત્યે કોપ કે દ્રોહ હોય તેને સંપ્રદાન ન સમજવું, પણ તેને કર્મ સમજવું.

मैत्रम् अभिक्रुध्यति=મૈત્ર પ્રત્યે ક્રોધ કરે છે मैत्रम् अभिद्रुह्यति= મૈત્ર પ્રત્યે દ્રોહ કરે છે.

॥ २५ ॥ तादर्थ्ये २।२।५४

तस्मै इदमिति गम्यमाने चतुर्थी स्यात् । यूपाय दारु । रन्धनाय स्थाली ।

'તેને માટે આ' તે તદર્થ. વાક્યમાં 'તદર્થ' નો અર્થ જણાતો હોય ત્યારે નામને ચતુર્થી વિભક્તિ લગાડવી,

यूपाय दारु=પશુને બાંધવાના થાંભલા માટે લાકડું रन्धनाय स्थाली=રાંધવા માટે થાળી.

આ બન્ને ઉદાહરણોમાં 'થાભલા માટે' તથા 'રાંધવા માટે' એવો તદર્થ નો સંબંધ સ્પષ્ટ છે એથી यूप નામને અને रन्धन નામને ચોથી વિભક્તિ થઈ.

॥ २६ ॥ रुचिक्रुप्यर्थधारिभिः प्रेयविकारोत्तमर्णेषु २।२।५५

रुच्यर्थैः कृप्यर्थैर्धारिणा च योगे यथासङ्ख्यं प्रेय-विकारोत्तमर्णेभ्यश्चतुर्थी स्यात् । मैत्राय रोचते धर्मः । मूत्राय कल्पते यवागूः । चैत्राय शतं धारयति ।

જેને રૂચતું હોય-જેને રૂચિ થતી હોય-જેને અભિલાષ થતો હોય તે પ્રેય કહેવાય. રુચિ અર્થવાળા ધાતુ સાથે સંબંધ હોય તો પ્રેય અર્થના સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી. વિકાર એટલે પરિણામ. જે વિકારસૂચક હોય-જે રૂપે વિકાર થતો હોય તે રૂપનું જે સૂચક હોય એવા ગૌણ નામને કૃપિ-'ખપવા' અર્થવાળા-ધાતુ સાથે સંબંધ હોય તો ચોથી વિભક્તિ લગાડવી અને ઉત્તમર્ણ અર્થના સૂચક ગૌણ નામને ધાર્ ધાતુનો સંબંધ હોય તો ચોથી વિભકિત લગાડવી.

જેનું ધન હોય તે ધનિક ઉત્તમર્ણ કહેવાય.

પ્રેય-રુચ-મૈત્રાય રોચતે ધર્મઃ=મૈત્રને ધર્મ તરફ અભિલાષ થાય છે-અહીં મૈત્ર પ્રેય છે.

વિકાર-કૃપ્-મૂત્રાય કલ્પતે યવાગૂઃ-મૂત્રરૂપ વિકાર માટે રાબ [રાબ મૂત્રરૂપે પરિણામ પામે છે તેથી મૂત્ર પદ વિકાર સૂચક છે.] ખપે છે એટલે સમર્થ છે.

ઉત્તમર્ણ-ધાર્-ચૈત્રાય શતં ધારયતિ=કરજદાર માણસ પોતાના લેણદાર એવા ધનિક ચૈત્ર માટે સો રૂપિયાની રકમ ધારી રાખે છે-રાખી મુકે છે, અહીં ધનિક ચૈત્ર લેણદાર છે અને એને માટે સો રૂપિયાની રકમ કરજદાર રાખી મુકે છે. રાખી મુકેલ

સો રૂપિયા રૂપ ધન ચૈત્રનું છે એમ આ પ્રયોગ સૂચવે છે. એટલે ચૈત્ર ઉત્તમર્ણ છે. ઉત્તમઋણ–ઉત્તમર્ણ–જેનું ઋણ ઉત્તમ છે. તે

॥ २७ ॥ उत्पातेन ज्ञाप्ये २।२।५९

उत्पात आकस्मिकं निमित्तम्, तेन ज्ञाप्याच्चतुर्थी स्यात् । वाताय कपिला विद्युत् ।

જે બનાવ આકસ્મિક બને તે ઉત્પાત કહેવાય. એ ઉત્પાત ભવિષ્યમાં થનારા જે બનાવને સૂચવતો હોય તે બનાવ જ્ઞાપ્ય કહેવાય, તેવા જ્ઞાપ્ય સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ લગાડવી.

वाताय कपिला विद्युत्=ઉત્પાતરૂપ કાબરચિતરી વીજળી વાવાઝોડાના બનાવને સૂચવે છે. आतपाय अतिलोहिनी=અતિશય લાલરંગની વીજળી ભવિષ્યમાં પડનારા વિશેષ પ્રકારના આકરા તાપના બનાવને સૂચવે છે. पीता वर्षाय विज्ञेया=પીળારંગની વીજળી વરસાદની આગાહી બતાવે છે दुर्भिक्षाय सीता भवेत्= ધોળા રંગની વીજળી ભવિષ્યના બનાવરૂપ દુકાળની આગાહી કરે છે.

ઉપરના ચારે વાક્યમાં વીજળી ઉત્પાત રૂપ છે, તે દ્વારા જેની આગાહી થાય છે તે જ્ઞાપ્ય છે તેથી તેને ચોથી વિભક્તિ થઈ.

॥ २८ ॥ गम्यस्याप्ये २।२।६२

यस्यार्थो गम्यते न च शब्दः प्रयुज्यते तस्य तुमो व्याप्याच्चतुर्थी स्यात्। फलेभ्यो व्रजति। गम्यस्येति किम्? फलान्याहर्तुं याति।

ગમ્ય એટલે અધ્યાહારરૂપે રહેનાર. વાકયમાં તુમ્ નો અર્થ તો જણાતો હોય પણ તે માટે તુમ્ નો સાક્ષાત્ પ્રયોગ વાકયમાં ન થયો હોય તે ગમ્ય તુમ્ કહેવાય. આવા ગમ્ય તુમ્ ના કર્મરૂપ ગૌણ નામને ચોથી વિભકિત કરવી.

फलेभ्यः व्रजति=ફળો લેવા માટે જાય છે. एधेभ्यः व्रजति= લાકડા લેવા માટે જાય છે.

આ બન્ને વાકયોમાં 'લેવા માટેનો' અર્થ એટલે તુમર્થ અધ્યાહત છે. અને તેનું વ્યાપ્ય-કર્મ-લાકડાં તથા ફળો છે તેથી તેમને ચતુર્થી લાગી છે.

फलान् आहर्तुं याति=ફળો લેવા માટે જાય છે-આ પ્રયોગમાં 'તે માટે' એવો તુમર્થ તો છે પણ તે વાકયમાં સાક્ષાત્ દર્શાવેલ છે, ગમ્ય નથી તેથી फलान् ને બદલે फलेभ्यः न थयुं.

॥ २९ ॥ गतेर्नवाऽप्ते २।२।६३

गतिः पादविहरणम्, तस्या आप्यादप्राप्ताच्चतुर्थी वा स्यात्। ग्रामं ग्रामाय वा याति।

गति-પગે ચાલવું. अनाप्त-પમાયેલ નહીં-જ્યાં પહોંચી

શકાયું ન હોય તે. પગે ચાલવાની ક્રિયાના અનાપ્ત કર્મરૂપ ગૌણ નામનો વિકલ્પે ચોથી વિભક્તિ લગાડવી.

ग्रामं ग्रामाय वा याति=ગામ જાય છે. પણ ગામ પહોંચી શકાયું નથી એવો આ વાકયનો અર્થ છે.

॥ ३० ॥ मन्यस्याऽनावादिभ्योऽतिकुत्सने २।२।६४

अत्यन्तं कुत्सायां गम्यायांमन्यतेर्व्याप्याच्चतुर्थी वा स्यात् । न त्वां तृणाय तृणं वा मन्ये । नावादिगणान्नैवम् । न त्वां नावमन्नं काकं शुकं शृगालं वा मन्ये । 'हितसुखाभ्यां' योगे वा चतुर्थी । चौत्राय चौत्रस्य वा हितं सुखम् । आशिषि गम्यायां हितसुखभद्रायुष्यक्षेमार्थार्थैर्योगे वा चतुर्थी । हित पथ्यं, सुख शर्म, भद्रं मद्रं, आयुष्यं दीर्घायुः, क्षेमं कल्जाणं, अर्थः कार्यं, जीवेभ्यो जीवानां वा भूयात् ।

જે નામ વડે ઘણી નિંદા સૂચવાય તે નામઅતિકુત્સન. मन् ધાતુના અતિકૃત્સનરૂપ કર્મ–વ્યાપ્ય સૂચક ગૌણ નામને ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી. આ સૂત્રમાં અતિકૃત્સન સૂચક નૌ (હોડી) વગેરે શબ્દો ન લેવા.

સૂત્રમાં मन्य એમ યયુકત मन् ધાતુ બતાવેલો હોવાથી અહીં मन् ધાતુ ચોથા ગણનો લેવો પણ આઠમા તનાદિ ગણનો मन् ધાતુ ન લેવો.

न त्वा तृणाय वा मन्ये=તને હું તણખલા તુલ્ય પણ માનતો નથી. એટલે તણખલાં કરતાં પણ ઘણો હલકો/નીચ માનું છું.

न त्वा तृणं मन्ये=તને હું ઘાસ તુલ્ય નથી માનતો–અહીં मन् ધાતુ ચોથા ગણનો નથી પણ આઠમા ગણનો છે તેથી तृण ને ચોથી વિભક્તિ ન થઇ.

न त्वा नावं मन्ये= તને હું હોડી તોલે નથી માનતો. न त्वा अन्नं मन्ये=તને હું અન્ન તોલે નથી માનતો. न त्वा शुकं मन्ये= તને હું પોપટ તોલે નથી માનતો. न त्वा शृगालं मन्ये=તને હું શિયાળ તોલે નથી માનતો न त्वा काकं मन्ये=તને હું કાગડા તોલે નથી માનતો.

આ બધા પ્રયોગમાં–સૂત્રમાં વર્જેલાં નૌ વગેરે નામો છે તેથી નૌ અન્ન વગેરે નામોને ચોથી વિભક્તિ ન થઇ.

(A) हितसुखाभ्यां २/२/६५

हित અને सुख શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી. चैत्राय चैत्रस्य वा हितं सुखम्= ચૈત્રને માટે કે ચૈત્રનું સુખ છે.

(B) आशिषि गम्यायां हितसुखभद्रायुष्यक्षेमार्थैर्योगे २/२/६६

तत् એટલે હિત નામ અને હિતના અર્થવાળુ નામ, સુખ નામ અને સુખના અર્થવાળું નામ

તથા ભદ્રનામ અને ભદ્રના અર્થવાળુ નામ, આયુષ્ય નામ

અને આયુષ્યના અર્થવાળું નામ ક્ષેમ નામ અને ક્ષેમના અર્થવાળુ નામ, અર્થનામ અને અર્થના અર્થવાળું નામ, એ બધાં નામો સાથે જોડાયેલા ગૌણ નામને આશીર્વાદનો અર્થ જણાતો હોય તો ચોથી વિભક્તિ વિકલ્પે લગાડવી.

(અર્થ એટલે પ્રયોજન અથવા કાર્ય)

हित–हितं जीवेभ्यो जीवानां वा भूयात्=જીવોનું ભલું થાઓ. હિતનો અર્થ–पथ्य–पथ्यं जीवानां वा भूयात्=જીવોનું પથ્ય થાઓ. सुख-सुखं प्रजाभ्यः प्रजानां वा भूयात्= પ્રજાઓને સુખ થાઓ. સુખનો અર્થ–शम्–शर्म प्रजानां वा भूयात्=પ્રજાઓને સુખ થાઓ भद्र-भद्रम् अस्तु श्रीजिनशासनाय श्रीजिनशासनस्य वा= શ્રી જિનશાસનનું ભલું થાઓ. भद्र નો અર્થ–कल्याण–कल्याणम् अस्तु श्रीजिनशासनाय श्रीजिनशासनस्य वा=શ્રી જિનશાસનનું કલ્યાણ થાઓ. आयुष्य–आयुस्यम् अस्तु चैत्राय चैत्रस्य वा=ચૈત્ર ઘણું જીવો आयुष्य નો અર્થ–जीवित–जीवितं भवतु चैत्राय चैत्रस्य वा=ચૈત્ર લાંબુ જીવો. क्षेम–क्षेमं भूयात् श्री संघाय श्रीसंघस्य वा=श्री संघनुं ક્ષેમ થાઓ. क्षेम નો અર્થ–कुशल–कुशलं श्री संघाय श्रीसंघस्य वा= શ્રી સંઘનું ક્ષેમ કુશળ થાઓ. अर्थ-=अर्थो भूयाद् मैत्राय मैत्रस्य वा= મૈત્રનું કામ થઇ જાઓ. अर्थ નો અર્થ–कार्य=कार्यं भूयाद् मैत्रायमैत्रस्य वा=મૈત્રનું કામ થઇ જાઓ.

॥ ३१ ॥ शक्तार्थ-षड्-नमः-स्वस्ति-स्वाहा-स्वधाभिः २।२।६८

एभिर्योगे नित्यं चतुर्थी। शक्तः मल्लो मल्लाय। वषडग्नये। नमोऽर्हद्भ्यः। स्वस्ति प्रजाभ्यः। स्वाहेन्द्राय। स्वधा पितृभ्यः। इति चतुर्थी।

शक्त शब्द अने शक्त अर्थवाळा शब्द तथा वषड्, नमस्, स्वस्ति, स्वाहा अने स्वधा એ બધા શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને થી વિભક્તિ લગાડવી.

शक्त--शक्तः मल्लो मल्लाय=મલ્લ માટે મલ્લ સમર્થ છે એટલે મલ્લ બીજા મલ્લને બરાબર પહોંચી વળે તેમ છે. શક્ત નો અર્થ પ્રભુ-પ્રભુઃ मल्लो मल्लाय=એક મલ્લ બીજા મલ્લને માટે સમર્થ છે. वषड्अग्नये=અગ્નિને આહુતિ. વષડ્ નામનો યજ્ઞ છે તેમાં અગ્નિને આહુતિ આપે છે-અપાય છે. नमोऽर्हद्भ्यः= અરિહંતોને નમસ્કાર. स्वस्ति प्रजाभ्यः=પ્રજાને સ્વસ્તિ. स्वाहा इन्द्राय=ઇંદ્રને આહુતિ. स्वधा पितृभ्यः=પિતરોને તર્પણ-શ્રાદ્ધ.

॥ ३२ ॥ अपायेऽवधिरपादानम् २।२।२९

अपायो विश्लेषः। "पञ्चम्यपादाने"। वृक्षात्पत्रं पतति। व्याघ्राद्बिभेति। पापाज्जुगुप्सते। धर्मात्प्रमाद्यति। चौरादरक्षति शृङ्गाच्छरो जायते। हिमवतो गङ्गा प्रभवति। कार्तिक्या आग्रहायणी मासे। यवेभ्यो गां रक्षति। उपाध्यायादन्तर्धत्ते। वलभ्याः शत्रुञ्जयः षड् योजनानि। माथुराः स्रौघ्नेभ्य आढ्याः।

અપાય–વિભાગ–જુદા પડવું, વિભાગ થવો, ડરવું, ધૃણા કરવી, અટકવું, આળસ કરવી, રક્ષણ કરવું–બચાવવું કે અટકાવવું –દૂર રાખવું, કંટાળવું–થાકી જવું કે સંતાઈ જવું. કારણથી જુદા પડવું, એકમાંથી બીજી વસ્તુ નીકળવી, દૂરપણું, ચડિયાતાપણું વગેરે–આ બધા અર્થો વિભાગમાં આવી જાય છે.

અપાયની જે અવધિ હોય તે અપાદાન ગણાય છે.

वृक्षात् पत्रं पतति !=વૃક્ષની પાંદડું પડે છે.–અહીં પડવાને લીધે પાંદડાનો ઝાડથી વિભાગ થાય છે, તેમાં અવધિરૂપ વૃક્ષ છે તેથી તે અપાદાન થયું व्याघ्राद् बिभेति=વાઘથી બીએ/ડરે છે.–અહીં ડરને કારણે વાઘથી વિભાગ થાય છે. पापाद् जुगुप्सते પાપથી ધૃણા કરે છે. धर्मात्प्रमाधति=ધર્મથી પ્રમાદ કરે છે. शृङ्गात् शरो जायते=શૃંગ (શીંગડા) માંથી શર થાય છે. અહીં કારણથી કાર્ય જુદું થાય છે. हिमवतो गङ्गा प्रभवति=હિમાલયથી ગંગા નીકળે છે. कार्तिक्याः आग्रहायणी मासे=કાર્તિક પૂર્ણિમા પછી માગશરની પૂર્ણિમાં એક મહિના પછી આવે છે. यवेभ्यो गां रक्षति=જવથી ગાયની રક્ષા કરે છે. उपाध्यायाद्अन्तर्धते= ઉપાધ્યાયથી સંતાઈ જાય છે. वलभ्याः शत्रुञ्जयः षड् योजनानि– વલભીપુર (વળા) થી શત્રુંજય છ યોજન દૂર છે माथुराः स्रोघ्नेभ्य आढ्याः–મથુરા કરતાં સુઘ્ન દેશના લોકો ધનાઢય છે.

॥ ३३ ॥ आङाऽवधौ २।२।७०

अवधिर्मर्यादाऽभिविधिश्च । तद्वृत्तेराङा युक्तात्पञ्चमी स्यात् । आ सुघ्नाद्वृष्टो मेघः ।

અવધિ-મર્યાદા-સીમા-હદ અથવા અભિવિધિ. અભિવિધિ-સીમા-હદ. જે નામ હદસૂચક હોય તેના અર્થને। પણ અભિવિધિમાં સમાવેશ છે. આડ્ સાથે જોડાયેલા આ બન્ને અર્થના સૂચક ગૌણ નામને પંચમી વિભક્તિ લાગે છે.

મર્યાદા-આ સ્તુઘ્નાદ્ વૃષ્ટો મેઘઃ-સુઘ્ન દેશ સુધી મેઘ વરસ્યો. આ પ્રયોગમાં સુઘ્ન દેશમાં મેઘ વરસ્યાની હકીકત સૂચવાતી નથી. પંચમી વિભક્તિ છે.

॥ ૩૪ ॥ पर्यपाभ्यां वर्ज्ये २।२।७१

आभ्यां युक्ताद्वर्जनीयात्पञ्चमी स्यात् । परि साकेतात् अप साकेताद्वृष्टो मेघः ।

વર્જ્ય અર્થવાળા પરિ અને અપ શબ્દથી યુકત એવા ગૌણ નામને પંચમી વિભકિત લગાડવી.

પરિ સાકેતાત્ વૃષ્ટો મેઘઃ-સાકેત નગરી સુધી વરસાદ વરસ્યો છે. અપ સાકેતાત્ વૃષ્ટો મેઘઃ-સાકેત નગરી છોડીને બીજે ઠેકાણે વરસાદ વરસ્યો છે.

॥ ૩૫ ॥ प्रतिनिधिप्रतिदाने प्रतिना २।२।७२

प्रतिनिधिर्मुख्यसदृशोऽर्थः, प्रतिदानं गृहीतस्य विशोधनम्, ते यतः स्यातां ततः प्रतिना योगे पञ्चमी स्यात् ।

प्रद्युम्नो वासुदेवात्प्रति । तिलेभ्यः प्रति माषान् प्रयच्छति । "गम्ययपः कर्माधारे" । पञ्चमी । गृहादासनात्प्रेक्षते । गम्येति किम् ? प्रासादमारुह्यासने उपविश्य भुङ्क्ते । "स्तोकाल्प-कृच्छ्रकतिपयादसत्त्वे करणे" । पञ्चमी वा । स्तोकेन स्तो-कान्मुक्तः ।

प्रतिनिधि–मुख्य જેવો–મુખ્યના બદલામાં ચાલે એવો. પ્રતિદાન–એક વસ્તુને બદલે બીજી વસ્તુ લેવી કે આપવી–અદલા બદલી કરવી, પ્રતિનિધિ–ને સ્થાને વપરાવનારનું સૂચક ગૌણ નામ તથા પ્રતિદાન–અપાતા પદાર્થને બદલે કામમાં આવનાર પદાર્થનું સૂચક ગૌણ નામ એ બન્ને ગૌણ નામને પ્રતિ શબ્દનો સંબંધ હોય તો પંચમી વિભક્તિ લગાડવી.

પ્રતિનિધિ–પ્રદ્યુમ્નો વાસુદેવાત્ પ્રતિ=વાસુદેવને બદલે પ્રદ્યુમ્ન, પ્રતિનિધિ છે. પ્રતિદાન–તિલેભ્યઃ પ્રતિ માષાન્ પ્રયચ્છતિ=તલને બદલે અડદ આપે છે–તલ લઈને બદલામાં અડદ આપે છે.

(A) गम्ययपः कर्माधारे સૂત્ર ૨/૨/૭૪

એક ક્રિયા કર્યા પછી બીજી ક્રિયા કરવાનો પ્રસંગ હોય ત્યાં પૂર્વની ક્રિયાના સૂચક ધાતુને यप् પ્રત્યય લગાડવો. આવો यप् પ્રત્યયવાળો પ્રયોગ વાક્યમાં અધ્યાહારરૂપે હોય તો તે અધ્યાહૃતક્રિયા સૂચક यप् પ્રત્યયવાળા પદના કર્મરૂપ ગૌણ નામને તથા આધાર સૂચક ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

गृहात् आसनात् प्रेक्षते=ઘરમાં આસન ઉપર ચડીને જુએ છે. (પંચમી વિભક્તિ) प्रासादम् आरुह्य आसने उपविश्य भुङ्क्ते= તે પ્રાસાદ (મહેલ) ઉપર ચડીને આસન ઉપર બેસીને ખાય છે.

(B) स्तोकाल्पकृच्छ्रकतिपयादसत्त्वे करणे सूत्र २/२/७९

असत्त्व–ન દેખાય તેવો ગુણ. असत्त्ववाचक અને કરણ-सूचक स्तोक, अल्प, कृच्छ्र, कतिपय એવા ગૌણ નામોને પંચમી વિભક્તિ વિકલ્પે લગાડવી.

असत्त्ववाचक કરણ–स्तोकात् स्तोकेन वा मुक्तः=થોડાથી મૂકાયો. એટલે થોડા દોષ કરવાથી બંધનમાં ન પડયો.

॥ ३६ ॥ प्रभृत्यन्यार्थदिक्शब्दबहिरागादितरैः २।२।७५

एभिर्योगेऽपि पञ्चमी । ततः प्रभृति । ग्रीष्मादारभ्य । अन्यो भिन्नो मैत्रात् । ग्रामात्प्राग् वसति । पश्चिमो रामात्कृष्णः बहिर्ग्रामात् । आराद्ग्रामात् । इतरश्चैत्रात् । इति पञ्चमी ।

प्रभृति શબ્દ તથા प्रभुति અર્થવાળા શબ્દો, अन्य શબ્દ તથા अन्य અર્થવાળા શબ્દો, दिक्–દિશા નામ તથા દિકશબ્દ એટલે દિશા સૂચક શબ્દ જે દિશાસૂચક શબ્દ દેશ અથવા કાળ વગેરેનો સૂચક હોય તેને અહીં (दिक्शब्द समजवो.) અને

बहिर्, आरात् तथा इतर–એ બધા શબ્દો સાથે જોડાયેલા ગૌણ નામને પંચમી વિભક્તિ લગાડવી.

प्रभृति=ततः प्रभृति=ત્યારથી માંડીને. प्रभृति અર્થ–ग्रीष्माद् आरभ्य=ઉનાળાથી માંડીને. अन्य–અન્યો मैत्रात् અને अन्य અર્થ–भिन्नः मैत्रात्=મૈત્રથી જુદો. पश्चिमो रामाद् कृष्णः=રામથી કૃષ્ણ પાછળના–છે बहिर्–बहिर्ग्रामात्=ગામથી બહાર છે. आरात्–आराद् ग्रामात्=ગામની પાસે છે. इतरः चैत्रात्=ઇતર ચૈત્રથી જુદો છે.

॥ ३७ ॥ क्रियाश्रयस्याधारोऽधिकरणम् २।२।३०

क्रियाश्रयस्य कर्तुः कर्मणो वाऽऽधारोऽधिकरणं स्यात्। तच्च वैषयिकौपश्लेषिकाभिव्यापकसामीप्यकनैमित्तिकौपचारिकभेदात् षोढा। "सप्तम्यधिकरणे"। दिवि देवाः। कटे आस्ते। तिलेषु तैलम्। वटे गावः। युद्धे सन्नह्यते। अङ्गुल्यग्रे करी।

ક્રિયાના આશ્રયરૂપ કર્તાનો કે કર્મનો જે આધાર હોય તેને 'અધિકરણ' સમજવું. कटे आस्ते=સાદડી ઉપર બેસે છે. અહીં કર્તાના બેસવાનો આધાર કટ છે માટે તે અધિકરણ થયું.

અધિકરણના છ ભેદ છે–(૧) વૈષયિક, (૨) ઔપશ્લેષિક, (૩) અભિવ્યાપક, (૪) સામીપ્યક, (૫) નૈમિત્તિક અને, (૬) ઔપચારિક.

૧—દેવો સ્વર્ગમાં રહે છે મનુષ્યો પૃથ્વી/જમીન-ઉપર રહે છે, અહીં સ્વર્ગ અને જમીન વૈષયિક અધિકરણ છે, સ્વર્ગ વિના દેવો અને જમીન સિવાય માણસો બીજે કયાંય રહેતા નથી.

૨—જે આધારના અમુક ભાગની સાથે જ કર્તાનો સંબંધ હોય તે આધાર ઔપશ્લેષિક-પલંગ ઉપર સુએ છે. સુનાર પલંગના અમુક ભાગ સાથે જ સંબંધ ધરાવે છે.

૩—આધારના આખાય ભાગમાં સંબંધ હોય તે આધાર અભિવ્યાપક-તલમાં તેલ છે, માખણમાં ઘી છે. તેલ અને ઘી પોતાના આધારના તમામ ભાગ સાથે સંબંધ ધરાવે છે.

૪—જેની સાથે સમીપતાનો સંબંધ હોય તે અધિકરણ સામીપ્યક-ગંગા નદીમાં ભરવાડની ઝોક-ઘેટાં બકરાંનો વાડો-છે. ગંગા નદીમાં તો ઝોક હોવાનો સંભવ જ નથી તેથી અહીં ગંગા નદીમાં એટલે ગંગાની પાસે.

૫—જે આધાર નિમિત્તરૂપ હોય તે નૈમિત્તિક-યુદ્ધમાં તૈયાર થાય છે અહીં યુદ્ધમાં એટલે યુદ્ધ માટે.

૬—જે આધાર માત્ર કાલ્પનિક હોય તે ઔપચારિક-મારી આંગળીના ટેરવા ઉપર ચંદ્ર છે એટલે આંગળીના ટેરવા તરફ નજર કરો તો ચંદ્ર દેખાશે.

(A) सप्तम्यधिकरणे २/२/९५

આધાર વાચક ગૌણ નામને ઙિ, ઓસ્, સુપ્ ૩૫ સપ્તમી વિભક્તિ લગાડવી. दिवि देवाः=સ્વર્ગમાં દેવો છે. कटे आस्ते=

સાદડી ઉપર બેસે છે. तिलेषु तैलम्=તલોમાં તેલ છે વટે गावः=વડ નીચે ગાય છે. युद्धे सन्नह्यते=યુદ્ધને માટે લડવા તૈયાર થાય છે. अङ्गुल्यग्रेकरी=આંગળીના અગ્ર ભાગે હાથી દેખાડે છે.

॥ ३८ ॥ स्वामीस्वराधिपति-दायाद-साक्षि-प्रतिभू-प्रसूतैः २।२।९८

एभिर्योगे वा सप्तमी । गवां गोषु वा स्वामी ।

સ્વામી, ઈશ્વર, અધિપતિ, દાયાદ, સાક્ષી, પ્રતિભૂ અને પ્રસૂત–આ બધા સાથે જોડાયેલા ગોષુ નામને સપ્તમી વિભક્તિ વિકલ્પે થાય.

સ્વામી–गोषु गवां वा स्वामी=ગાયોના સ્વામી–માલિક. દાયાદ–गोषु गवां वा दायादः=ગાયોનો ભાગીદાર. સાક્ષી–गोषु गवां वा साक्षी=ગાયોનો સાક્ષી. પ્રસૂતઃ-गोषु गवां वा प्रसूतः=ગાયોમાં જન્મેલો. આ જ પ્રમાણે ઈશ્વર, અધિપતિ અને પ્રતિભૂઃ વગેરેના ઉદાહરણો અન્યથી સાધી લેવા.

॥ ३९ ॥ व्याप्ये क्तेनः २।२।९९

क्तात् य इन् तदन्तस्य व्याप्ये सप्तमी नित्यं स्यात् । व्याकरणेऽधीती ।

ત (क्त) પછી इन् પ્રત્યય આવેલો હોય એટલે तिन् (क्तिन्)

પ્રત્યય જેના અંતે છે એવા ક્રિયાસૂચક શબ્દના ગૌણ વ્યાપ્યને –કર્મને–સપ્તમી વિભક્તિ નિત્ય થાય.

अधितमनेन–अधीत+इन्=अधीतिन्=अधीती. व्याकरणेऽधीती–વ્યાકરણને ભણનારો અથવા વ્યાકરણમાં આવ્યો.

॥ ४० ॥ तद्युक्ते हेतौ २।२।१००

कर्मसम्बन्धाद्धेतौ सप्तमी स्यात् ।

चर्मणि द्वीपिनं हन्ति, दन्तयोर्हन्ति कुञ्जरम् ।
केशेषु चमरीं हन्ति, सीम्नि पुष्पलको हतः ॥५॥

असाधु-साधु-निपुण-योगेऽपि सप्तमी । असाधुर्मैत्रो मातरि । प्रत्यादियोगे तु न—साधुर्मैत्रो मातरं प्रति ।

જે વાક્યમાં વ્યાપ્ય–કર્મની સાથે હેતુ જોડાયેલો હોય એટલે વ્યાપ્ય અને હેતુ જુદા ન હોય એવા હેતુવાચક ગૌણ નામને સપ્તમી વિભક્તિ લગાડવી

चर्मणि द्वीपिनं हन्ति=વાઘના ચામડા માટે વાઘને મારે છે–અહીં ચામડું હેતુ છે અને વાઘ કર્મ છે તેથી બન્ને જોડાયેલા છે–જુદા જુદા નથી दन्तयोः हन्ति कुञ्जरम्–બે દાંત માટે હાથીને મારે છે. તેથી ઉપર મુજબ કર્મરૂપ હાથી અને હેતુરૂપ હાથી સાથે જોડાયેલા છે.

केशेषु चमरीं हन्ति=વાળ માટે ચમરી ગાયને હણે છે.

सीम्नि पुष्कलको हतः–સીમાડા માટે ફૂલવાળું ઝાડ કાપી નાખ્યું. वेतनेन धान्यं लुनाति–પગાર વડે અનાજ લણે છે.–અહીં હેતુ-રૂપ વેતન અને કર્મરૂપ અનાજ બન્ને જુદા જુદા છે

(A) अप्रत्यादात्रसाधुना २/२/१०१ દ્વારા असाधु શબ્દ સાથે યુકત ગૌણ નામને સપ્તમી વિભકિત લાગે છે. જો વાકયમાં प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ ન હોય તો.

असाधुः मैत्रो मातरि–માતા તરફ મૈત્ર असाधु છે–સારો નથી. અહીં માતા શબ્દને સપ્તમી વિભકિત થઈ. प्रति–असाधुः मैत्रो मातरं प्रति–માંતા તરફ મૈત્ર સારો નથી. એ જ પ્રમાણે परि, अनु અને अभि ના રૂપો સાધી લેવા. આ ચારે ચાર પ્રયોગોમાં એટલે प्रति, परि, अनु અને अभि શબ્દો હોવાથી સપ્તમી વિભકિત ન થઈ.

(B) साधुना २/२/१०२ સૂત્ર દ્વારા साधु શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને સપ્તમી વિભકિત થાય, જો प्रति, परि, अनु અને अभि નો વાકયમાં પ્રયોગ ન હોય તો.

साधुः मैत्रो मातरि–મૈત્ર માતા તરફ સારો છે. प्रति साधुः मैत्रो मातरं प्रति–મૈત્ર માતા તરફ સારો છે. આ જ રીતે અન્ય ઉદાહરણો સાધી લેવા. આ પ્રયોગમાં प्रति, परि, अनु અને अभि નો પ્રયોગ થવાથી માતા શબ્દને २/२/३६ ના નિયમથી દ્વિતીયા વિભકિત થઈ.

॥ ४१ ॥ यद्भावो भावलक्षणम् २।२।१०६

भावः क्रिया । यस्य भवेनान्यो भावो लक्ष्यते ततः सप्तमी स्यात् । गोषु दुह्यमानासु गतः ।

જે વાકયમાં એક ક્રિયા બીજી ક્રિયાની સૂચક હોય તે વાકયમાં ક્રિયાના સૂચક ગૌણ નામને સપ્તમી વિભકિત લાગે છે.

गोषु दुह्यमानासु गतः=ગાયો દોહવાતી હતી ત્યારે તે ગયો. અહીં 'જવાની' ક્રિયા મુખ્ય છે અને તેને दुह्यमान શબ્દ સૂચવે છે. કયારે ગયો ? ગાયો દોહવાતી હતી ત્યારે ગયો. તેથી તે ક્રિયાસૂચક दुह्यमान નામને સપ્તમી વિભકિત લાગી.

॥ ४२ ॥ षष्ठी वाऽनादरे २।२।१०८

अनादरे गम्ये भावलक्षणा षष्ठी वा, पक्षे सप्तमी । रुदतो लोकस्य रुदति लोके वा प्रव्रजितः ।

જે વાકયમાં એક ક્રિયા દ્વારા બીજી ક્રિયાનું સૂચન હોય અને અનાદર જણાતો હોય ત્યાં ક્રિયાસૂચક ગૌણ નામને ષષ્ઠી વિભકત વિકલ્પે લાગે છે.

रुदतो लोकस्य, रुदति लोके वा प्रव्रजितः-લોક રોતા હતા ને દીક્ષા લઈ લીધી.-અહીં 'રોવાની' ક્રિયા 'દીક્ષાની ક્રિયા'ને સૂચવે છે તથા લોકોનો અનાદર પણ સ્પષ્ટ છે તેથી તે ક્રિયા-સૂચક શબ્દને ષષ્ઠી વિકલ્પે થઈ.

॥ ४३ ॥ सप्तमी चाविभागे निर्धारणे २।२।१०९

समुदायादेकदेशस्य जातिगुणक्रियादिभिः पृथक्करणेऽपि षष्ठीसप्तम्यौ भवतः । अविभागे–(निर्द्धार्यमाणकेदशस्य समुदायेन सह शब्दादैक्ये गम्यमाने) क्षत्रियो नृणां नृषु वा शूरः । कृष्णा गवां गोषु वा बहुक्षीरा । इति सप्तमी ।

કોઇ એક જીવંત કે અજીવંત સમુદાયમાંથી તેના એક ભાગને જાતિની, ગુણની, ક્રિયાની કે વ્યક્તિત્વ વગેરેની વિશેષતાને લીધે મનથી જુદો કલ્પવો એનું નામ નિર્ધારણ. જેને મનથી સમુદાયમાંથી જુદો કલ્પવામાં આવેલ હોય તેની અને સમુદાયની વચ્ચે કોઈ પણ રીતે અભેદ જણાતો હોય તો જે સમુદાયમાંથી જુદો પાડવામાં આવેલ હોય તે સમુદાયવાચક ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ તથા સપ્તમી વિભક્તિ પણ લાગે.

૧. જાતિ-ક્ષત્રિયો નૃણાં નૃષુ વા શૂરઃ–પુરુષોમાં ક્ષત્રિય શૂરવીર છે. ૨. ગુણ–કૃષ્ણા ગવાં ગોષુ વા બહુક્ષીરા–ગાયોમાં કાળી ગાય બહુ દૂધ આપનારી છે.

અહીં ૧ લા પ્રયોગમાં જાતિ વડે ક્ષત્રિયને જુદા પાડેલ છે. બીજા પ્રયોગમાં કાળા ગુણ વડે ગાયને જુદી પાડી છે.

આ વાક્યોમાં નૃ અને ગો સમુદાયસૂચક નામો છે. તથા જેમને જુદા પાડેલ છે એમનો સમુદાય અભેદ પણ છે. તેથી તે પ્રયોગમાં સમુદાયસૂચક નામને ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ થઈ. આ જ રીતે યાત્ અને કુરુ ના રૂપો સાધી લેવા. .

॥ ४४ ॥ शेषे २।२।८१

कर्मादिभ्योऽन्यस्तदविवक्षारूपः स्वस्वामिभावादिः सम्बन्धः शेषः, स्तत्र षष्ठी स्यात् । राज्ञः पुरुषः । उपगोरपत्यम् । माषाणामश्नीयात् ।

પોતે અને પોતાનું, નોકર અને શેઠ, બાપ અને દીકરો વગેરે પ્રકારના જે વિવિધ સંબંધો છે તેનું નામ શેષ. અથવા કર્મ વગેરે કારકોની અવિવક્ષાને પણ 'શેષ' કહેવાય. અવિવક્ષા એટલે કર્મ વગેરે કારકો હોય છતાં તેમને તે રીતે નહીં સમજવાની ઇચ્છા તે અવિવક્ષા. આવા શેષ રૂપ ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

राज्ञः पुरुष.–રાજાનો પુરુષ–અહીં સ્વામી સેવકનો સંબંધ છે. उपगोः उपत्यम्–ઉપગુનો પુત્ર–અહીં બાપ–દીકરાનો સંબંધ છે. माषाणाम् अश्नीयात्–અડદને ખાઓ–આ વાક્યમાં अश्नीयात् ક્રિયાનું કર્મ અડદ છે. છતાં તે કર્મરૂપે બોલવાની–જણાવવાની ઇચ્છા નથી માટે माष શબ્દ શેષરૂપ કહેવાય.

॥ ४५ ॥ कर्मणि कृतः कर्तरि च २।२।८३

कृदन्तस्य कर्तृकर्मणोः षष्ठी स्यात् । अपां स्रष्टा । भवतं आसिका । क्वचिद्वा । विचित्रा सूत्राणां कृतिराचार्यस्याचार्येण वा ।

જે ગૌણ નામ કૃદંતનું કર્મ હોય તેને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

अपां स्रष्टा–પાણીનો બનાવનાર. भवत आसिका–તમારી બેસવાની જગ્યા.

આ બન્ને પ્રયોગોમાં स्रष्टा અને आसिका એ બન્ને કૃદંત છે અને अप् તથા भवत શબ્દો કૃદંતના કર્મ છે, તેથી બન્નેની ષષ્ઠી વિભક્તિ થઈ.

॥ ४६ ॥ कृत्यस्य वा २।२।८८

ध्यण् तव्या-ऽनीय-य-क्यपः कृत्याः । एषां कर्त्तरि षष्ठी वा स्यात् । त्वया तव कार्यं कर्तव्यं करणीयं देयं कृत्यम् ।

જેને કૃત્ય પ્રત્યયો લાગેલા હોય એવા કૃદંતના ગૌણ કર્તાને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લગાડવી.

त्वया तव कार्यं कर्तव्यं–તારે આ કાર્ય કરવા લાયક છે. करणीय देयं कृत्यम्–કરવા લાયક છે. અહીં કૃત્ય શબ્દ क्वप् પ્રત્યયવાળો છે અને એનો કર્તા त्वया છે.

॥ ४७ ॥ रिरिष्टात्स्तादस्तादसतसाता २।२।८२

एभिः सप्तभिर्योगे षष्ठी स्यात् । गृहस्योपरि, उपरिष्टात् परस्तात्, पुरस्तात्, पुरः, दक्षिणत्, उत्तराद्वा ।

रि, रिष्टात्, स्ताद्, अस्ताद्, अस्, अतस् अने आत्, आ બધા પ્રત્યયો જેમને લાગેલા હોય તેમની સાથે જોડાયેલા ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ લગાડવી.

रि गृहस्य उपरि-ઘરની ઉપર. रिष्टात् गृहस्य उपरिष्टात्-ઘરની ઉપરનું ઉપર. स्तात्-गृहस्य परस्तात्-ઘરની પર-બીજી તરફ. अस्तात्-गृहस्य पुरस्तात्-ઘરની આગળ. अस्-गृहस्य पुरः-ઘરની આગળ. अतस्-गृहस्य दक्षिणतः-ઘરની દક્ષિણ તરફ. आत्-गृहस्य उत्तरात ઘરની ઉત્તર તરફ.

॥ ४८ ॥ तृन्नुदन्ताव्ययकस्वानातृश्शतृडिण-कच्खलर्थस्य २।२।९०

एषां दशानां कृतां कर्मकर्त्रोः षष्ठी न स्यात् । तृन्-वदिता धर्मम् । उदन्तः-विश्वं जिष्णुः । अव्ययम्-कटं कृत्वा, ओदनं भोक्तुं याति । क्वसुः-अन्नं पेचिवान् । आनः-कटं चक्राणः अतृश्-अधीयंस्तत्त्वार्थम् । शतृ कटं कुर्वन् । डि-कष्टं सासहिः । णकच्-कटं कारको याति । खलर्थः-सुकरो धर्मः, सुज्ञानं तत्त्वं भवता ।

तृ (तृन्) પ્રત્યય, અંતે ઉકાર હોય એવા પ્રત્યયો, કોઈ પણ અવ્યયરૂપ કૃદંત, वस् (क्वसु), आन ['आन' અક્ષરોવાળા અનેક પ્રત્યયો છે તે બધા જ અહીં લેવાના છે. જેમકે-कान, आनश्, इयानश्, शान] अत् (शतृ तथा स्यतृ), इ (डि), अक

(णकच्), अ (खल्), अने अन प्रत्ययो–એ બધા પ્રત્યયો જેને લાગેલા–હોય એવા કૃદંતના ગૌણ કર્મને અને ગૌણ કર્તાને ષષ્ઠી વિભક્તિ ન થાય.

तृन–वदिता धर्मम्=धर्मने કહેનારો. उदन्तः–विश्वं जिष्णुः= વિશ્વને જીતનારો અથવા જીતવાના સ્વભાવવાળો. अव्ययम्–कटं कृत्वा=સાદડી બનાવીને જાય છે. અહીં कृत्वा અવ્યય છે. ओदनं भोक्तुंयाति=ભાત ખાવાને માટે જાય છે. અહીં भोक्तुम् અવ્યય છે. क्वसुः–अन्नं पेचिवान=અન્નને પકાવનારો. पेचिवान માં क्वसु प्रत्यय છે. आनः–कटं चक्राणः–સાદડી કરનારો. चक्राणः માં कान प्रत्यय છે. अतृशू–अधीयन् तत्त्वार्थम्=ઉમાસ્વાતિ મહારાજે રચેલા તત્વાર્થ સૂત્રને ભણતો. अधीयन् માં अतृशू પ્રત્યય છે शतृ–कटं कुर्वन्=સાદડીને કરતો. कुर्वन् માં शतृ પ્રત્યય છે. ङि (इ) कष्टं सासहिः–કષ્ટને બહુ સહન કરે છે. णकचू–कटं कारको याति= સાદડીને કરનારો જાય છે. खलर्थः–સુકરો ધર્મઃ–એને ધર્મ સહેલો છે. सुज्ञानं तत्त्वं भवता=તમને સારું જ્ઞાન પ્રાપ્ત થયું છે.

આ બધા પ્રયોગોમાં કર્મની ષષ્ઠીનો નિષેધ થયો છે.

॥ ४९ ॥ पृथग्-नाना पञ्चमी च २।२।११३

आभ्यां योगे तृतीयापञ्चम्यौ स्याताम् । पृथग् मैत्रान्मैत्रेण । अनुमानहेतोरप्येवम्–शब्दोऽनित्यः कृतकत्वेन कृतकत्वाद्वा ।

पृथक् અને નાના શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને પંચમી અને તૃતીયા વિભક્તિઓ થાય છે.

पृथग् मैत्राद् मैत्रेण वा=મૈત્રથી જુદો છે. कृतकत्वेन=સફળપણું. ત્રીજી વિભક્તિ થઈ. कृतकृत्वाद् वा=સફળપણું. પંચમી વિભક્તિ થઇ. (એક વચન).

॥ ५० ॥ ऋते द्वितीया च २।२।११४

ऋतेयोगे द्वितीयापञ्चम्यौ स्याताम् । ऋते धर्मं धर्माद्वा कुतः सुखम् ।

ऋते શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા અને પંચમી વિભક્તિ થાય છે.

ऋते धर्मं धर्माद् वा कुतः सुखम्=ધર્મ વિના સુખ ક્યાંથી થાય ?

॥ ५१ ॥ विना ते तृतीया च २।२।११५

विनायोगे द्वितीयापञ्चमीतृतीयाः स्युः । विना पापं पापात् पापेन सुखं स्यात् ।

विना શબ્દ સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા, પંચમી અને ત્રીજી વિભક્તિઓ થાય છે.

विना पापं, विना पापात्, विना पापेन=પાપ વગર.

॥ ५२ ॥ तुल्यार्थैस्तृतीयाषष्ठ्यौ २।२।११६

मात्रा तुल्यः मातुस्तुल्यः ।

તુલ્ય શબ્દની સાથે અને તુલ્ય અર્થવાળા શબ્દોની સાથે જોડાયેલા ગૌણ નામને તૃતીયા અને ષષ્ઠી વિભક્તિઓ લગાડવી.

તુલ્ય-માત્રા તુલ્યઃ, માતુઃ તુલ્ય=માતાની સમાન. તુલ્યાર્થ-માત્રા સમઃ, માતુઃ સમઃ=માતાની સમાન.

॥ ५३ ॥ द्वितीयाषष्ठ्यावेनेनाऽनञ्चेः २।२।११७

पूर्वेण ग्रामं ग्रामस्य । अनञ्चेरिति किम् । प्राग् ग्रामात् ।

एन પ્રત્યયવાળા નામની સાથે જોડાયેલા ગૌણ નામને દ્વિતીયા અને ષષ્ઠી વિભક્તિઓ લગાડવી. પણ એન પ્રત્યયવાળા નામના अञ्च ધાતુ ન હોવો જોઇએ.

पूर्वेण ग्रामं ग्रामस्य वा=ગામની પૂર્વે. प्राग् ग्रामात्= ગામથી પૂર્વે. આ પ્રયોગમાં अञ्च ધાતુવાળા प्राग् શબ્દનો પ્રયોગ છે. प्राग् શબ્દને લાગેલો એન પ્રત્યય લોપ પામેલ છે. એથી प्राग्+एन ને, બદલે પ્રયોગમાં માત્ર प्राग् એવો નિર્દેશ છે. તાત્પર્ય કે प्राग् એવો નિર્દેશ છતાં તેને એન પ્રત્યયવાળો જ પ્રયોગ સમજવાનો છે તેથી प्राग् શબ્દના સંબંધવાળા ગ્રામ નામને દ્વિતીયા કે ષષ્ઠી વિભક્તિ ન થઈ પણ માત્ર પંચમી થઇ.

॥ ૫૪ ॥ हेत्वर्थैस्तृतीयाद्याः २।२।११८

हेत्वर्थैर्योगे तृतीयाद्याः सर्वा विभक्तयः स्युः । धनेन हेतुना । धनाय हेतवे । धनाद्धेतोः । धनस्य हेतोः । धने हेतौ वसति । एव निमित्तादिभिरपि ।

હેતુ એટલે નિમિત્ત - કોઇ જાતની ક્રિયાને નહીં કરનાર નિમિત્ત.

હેતુ નામની સાથે તથા હેતુવાચક નામની સાથે જોડાયેલા અને હેતુ શબ્દ કે હેતુવાચક શબ્દની સાથે સમાન-એક સરખી-વિભક્તિવાળા ગૌણ નામને તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ લગાડવી.

धनेन हेतुना वसति=ધન૩૫ હેતુ વડે રહે છે धनाय हेतवे वसति=ધન૩૫ હેતુ માટે રહે છે. धनाद् हेतोः वसति=ધન૩૫ હેતુથી રહે છે. धनस्य हेतोः वसति=ધન૩૫ હેતુના સંબંધને લીધે રહે છે. धने हेतौ वसति=ધન૩૫ હેતુમાં-હેતુ નિમિત્તે રહે છે.

એ જ રીતે धनेन निमित्तेन-(ધન૩૫ નિમિત્ત વડે રહે છે)-વગેરે સમજવું.

આ બધા પ્રયોગમાં ધન, નિમિત્ત અથવા હેતુ છે અને તે ક્રિયા વિનાનું છે.

॥ ૫૫ ॥ सर्वादेः सर्वाः २।२।११९

हेत्वर्थैर्युक्तात्सर्वादेः सर्वा विभक्तयः स्युः । को हेतुः । कं हेतुम् । केन हेतुना । कस्मै हेतवे । कस्माद्धेतोः । कस्य हेतोः । कस्मिन् हेतौ याति ।

હેતુ નામ તથા હેતુ અર્થવાળા નામની સાથે જોડાયેલા અને હેતુ કે હેતુવાચક નામની સાથે સમાન વિભક્તિવાળા સ્યાદિ ગૌણ નામને બધી વિભક્તિઓ લગાડવી.

को हेतुः याति=શો હેતુ છે, તે જાય છે. कं हेतुं याति= કયા હેતુને ધારીને જાય છે. केन हेतुना याति=કયા હેતુ વડે જાય છે. कस्मै हेतवे याति=કયા હેતુ માટે જાય છે. कस्माद् हेतोः याति=કયા હેતુથી જાય છે. कस्य हेतोः याति=કયા હેતુના સંબંધથી જાય છે. कस्मिन् हेतौ याति=કયા હેતુ નિમિત્તે જાય છે.

॥ ५६ ॥ अविशेषणे द्वौ चास्मदः २।२।१२२

विशेषणरहितस्यास्मदो द्वावेकश्चार्थौ बहुवद्वा स्यात् । वयं ब्रूमः, आवां ब्रूवः । वयं ब्रूमः, अहं ब्रवीमि । विशेषणे तु आवां गार्ग्यौ ब्रूवः । अहं चत्रो ब्रवीमीति यथाप्राप्तम् ।

અસ્મદ્ શબ્દ બે સંખ્યાના અર્થનો સૂચક હોય કે એક સંખ્યાના અર્થનો સૂચક હોય અને અસ્મદ્ ને કોઇ પણ વિશેષણ ન લગાડેલું હોય તો તે દ્વિત્વસૂચક અસ્મદ્ શબ્દ અથવા એક-સૂચક અસ્મદ્ શબ્દ બહુવચનમાં વિકલ્પે આવે છે.

वयं ब्रूमः=અમે બોલીએ છીએ–આ પ્રયોગને સ્થાને આવાં बूवः=અમે બે બોલીએ છીએ–એમ પણ બોલી શકાય. वयं ब्रूमः=અમે બોલીએ છીએ–આ પ્રયોગને સ્થાને अहं ब्रवीमि= હું બોલું છું એમ પણ બોલી શકાય. આવાં गार्ग्यौ ब्रूवः= ગાર્ગ્ય ગોત્રના એવા અમે બે બોલીએ છીએ. अहं चैत्रो ब्रवीमि= હું ચૈત્ર બોલું છું.

આ બન્ને પ્રયોગોમાં આવાં નું गार्ग्य વિશેષણ છે અને अहम् નું चैत्र વિશેષણ છે તેથી આવાં કે अहम् નું वयम् न थाय.

॥ ५७ ॥ जात्याख्यायां नवैकोऽसङ्ख्यो बहुवत् २।२।१२१

सङ्ख्याविशेषणरहितो जातिशब्द एकवच्च बहुवच्च वा स्यात्। सम्पन्नो यवः। सम्पन्ना यवाः। सङ्ख्याविशेषणे तु एको व्रीहिः सम्पन्नः सुभिक्षं करोतीत्येकत्वमेव।

સંખ્યાસૂચક વિશેષણ વિનાના એટલે 'પાંચ છે' કે 'દસ છે' એવા વિવિધ સંખ્યાવાચક વિશેષણ વિનાના કોઈ પણ એક સંખ્યાવાળા પદાર્થના સૂચક નામને વિકલ્પે બહુવચન પણ લગાડી શકાય છે, જો તે શબ્દ દ્વારા જાતિ જણાતી હોય તો.

संपन्नो यवः=આ વખતે જવ ખૂબ પાકયો. सम्पन्ना यवाः= આ વખતે જવો ખૂબ પાકયા.

અહીં પ્રથમ વાક્યમાં યવ શબ્દ એકવચનમાં છે તો પણ જાતિનો સૂચક હોવાથી બહુવચનમાં પણ આવી શકયો છે.

एको व्रीहिः सम्पन्नः सुभिक्षं करोति=એક ચોખો પાકે તો સુભિક્ષ-સુકાળ-કરે છે અહીં व्रीहि શબ્દને સંખ્યાસૂચક एक શબ્દનું વિશેષણ લગાડેલું છે તેથી व्रीह्यः એમ બહુવચન ન થાય.

॥ ५८ ॥ गुरावेकश्च २।२।१२४

गुरौ—गौरवार्हे द्वावेकश्चार्थौ बहुवद्वा स्यात्। युवां गुरू। यूयं गुरवः। एष मे पिता। एते मे पितरः।

જે નામ ગૌરવને યોગ્ય હોય તે નામ પોતાની બે સંખ્યાને સૂચવતું હોય અથવા એક સંખ્યાને સૂચવતું હોય તો પણ બહુવચનમાં વિકલ્પે વપરાય છે.

युवां गुरू=તમે બે ગુરૂ છો. આને બદલે यूयं गुरवः-તમે ગુરૂઓ છો, એમ પણ બોલી શકાય. एष मे पिता—આ મારા પિતા છે—આને બદલે एते मे पितरः-આ મારા પિતાઓ છે એમ પણ બોલી શકાય.

इति महोपाध्याय श्री कीर्तिविजयगणि शिष्योपाध्याय श्री विनयविजयगणि विरचितायां हैमलघुप्रक्रियायां कारकम्।

समास प्रकरणम्

॥ अथसमासोनिरूप्यते ॥

॥ १ ॥ नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ३।१।१८

नाम नाम्ना सहैकार्थ्ये सामर्थ्यविशेषे सति समासो बहुलं स्यात् । लक्षणं चेदमधिकारश्च, तेन बहुव्रीह्यादिसंज्ञाऽभावे यत्रैकार्थता तत्रानेनैव समासः—विस्पष्टपटुः । स च षोढाबहुव्रीहिः १ अव्ययीभावः २ तत्पुरुषः ३ कर्मधारयो ४ द्विगुः ५ द्वन्द्वश्च ६ । तत्र बहुव्रीहिरन्यपदार्थप्रधानः । अव्ययीभावः पूर्वपदार्थप्रधानः । द्विगु—तत्पुरुषौ परपदार्थप्रधानौ द्वन्द्व—कर्मधारयौ चोभयपदार्थप्रधानौ । तस्य क्रियाभिसम्बन्धात् ऐकपद्यादिकं च समासप्रयोजनम् । समर्थः पदसमुदायो विग्रहो वाक्यमिति च । आरूढाः पुरुषाः यम् इति वाक्ये—

નામોના પરસ્પરના સંબંધને કારણે તેમાંથી એકાર્થતા —અર્થની અપેક્ષાએ પરસ્પર સંબદ્ધતા અર્થાત્ શબ્દોમાં વિશેષ પ્રકારનું સામર્થ્ય પેદા થાય છે. એવી એકાર્થતા જ્યાં હોય ત્યાં એક નામ, બીજા નામ સાથે બહુલં સમાસ પામે.

આ સૂત્ર સમાસનું લક્ષણ બતાવે છે એટલે 'સમાસ કયાં થાય છે' એ વાતને સમજાવે છે તથા આ સૂત્ર સમાસનું વિધાન પણ કરે છે તેનો અર્થ એ થાય કે જ્યાં જ્યાં બહુવ્રીહિ વગેરે સમાસો ન થઈ શકતા હોય અને એકાર્થતા હોય ત્યાં આ સૂત્ર વડે સમાસ કરી લેવો.

આ સૂત્ર સમાસના લક્ષણનું સૂચક હોવા ઉપરાંત અધિકાર સૂત્ર પણ છે. એટલે આ પ્રકરણમાં હવે પછી આવનારાં તમામ સૂત્રોમાં 'એકાર્થતા હોય ત્યારે એક નામ, બીજા નામ સાથે સમાસ પામે' એવો આશય સમજી લેવાનો છે.

विस्पष्टं पटुः=विस्पष्टपटुः– વિશેષ સ્પષ્ટપણે ચતુર. सर्वेण चर्मणा कृतः रथः=सर्वचर्मणो रथः–બધા ચામડા વડે આખો મઢેલો રથ.

આ બન્ને ઉદાહરણોમાં બહુવ્રીહિ વગેરે સમાસ થવાનો સંભવ નથી. એટલે આ નિયમ વડે સમાસ થયો છે. આ બન્ને પ્રયોગો સામાન્ય સમાસના કહેવાય. કોઈ વિશેષ સમાસનાં નહીં.

॥ २ ॥ एकार्थं चानेकं च ३।१।२२

एकमनेकं चैकार्थं समानाधिकरणं नाम, अव्ययं च, नाम्ना, द्वितीयाद्यन्तान्यपदस्यार्थे, समस्यते स च बहुव्रीहिः ।

એકાર્થ એટલે પરસ્પર વિશેષ્ય વિશેષણ સંબંધ ધરાવનારાં

નામ. જેમનો પરસ્પર વિશેષ્ય વિશેષણ રૂપ સંબંધ છે એવું એકાર્થરૂપ એક નામ કે અનેક નામો, બીજા નામ સાથે જે સમાસ પામે તેને બહુવ્રીહિ સમાસ કહેવાય. તથા અવ્યય, બીજા નામ સાથે જે સમાસ પામે તેને પણ બહુવ્રીહિ સમાસ કહેવાય. અવ્યયવાળા સમાસમાં પરસ્પર વિશેષણ–વિશેષ–ભાવની જરૂર નથી

પ્રધાનપણે અન્યાર્થ નું સૂચન થતું હોય તો એટલે સમાસ પામનારા છૂટાં છૂટાં નામો કરતાં સમસ્ત તે આખા વાકય દ્વારા નિષ્પન્ન થતો દ્વિતીયાદિ વિભક્તિવાળો અન્યાર્થ–વિશિષ્ટાર્થ –પ્રધાનરૂપે જણાતો હોય તો.

એક નામ–આરુઢો વાનરો યં વૃક્ષમ્ સ આરુઢવાનરો વૃક્ષઃ– જેની ઉપર વાંદરો ચડેલ છે તે વૃક્ષ.

અહીં આરુઢ નામ વાનર નામ સાથે સમાસ પામેલ છે. આ બન્ને નામો પરસ્પર વિશેષણ વિશેષ્યભાવ સંબંધવાળા છે. માટે એકાર્થરૂપ છે. તથા યમ્ નામ દ્વિતીયાંત છે એને એ સમાસ બહારનું છે તે બહારના નામ દ્વારા જે અર્થ સૂચવાય છે અન્યાર્થ છે અને તે જ અહીં પ્રધાનરૂપ છે. માટે આ બન્ને નામોનો બહુવ્રીહિ સમાસ થયો છે.

અનેક નામ–સુ (શોભનાઃ) સૂક્ષ્મજટાઃ કેશાઃ યસ્ય સસુસૂક્ષ્મ જટકેશઃ–તપસ્વીઃ જેના કેશો/વાળ સુશોભિત છે અને સૂક્ષ્મ જટાવાળા છે એવા તપસ્વી અહીં સુ અને સૂક્ષ્મજટ એ બે નામો છે, તેમનો કેશ નામ સાથે સમાસ થયેલ છે. અહીં પણ

सु सूक्ष्मजट तथा केश नामो परस्पर विशेषण विशेष्यभाव संबंधवाळा छे तेथी एकार्थरूप छे ज तथा यस्य नाम षष्ठी विभक्तिवाळुं छे. जे समास बहारनुं छे अने ते यस्य पद द्वारा जे अन्यार्थरूप अर्थ सूचवायेल ते ज तपस्वी रूप अर्थ अहीं प्रधान छे.

॥ ३ ॥ ऐकार्थ्ये ३।२।८

ऐकार्थ्यमैकपद्यं तन्निमित्तस्य स्यादेर्लुप् स्यात् । अत एव लुब्विधानात् नाम नाम्नेत्युक्तावपि स्याद्यन्तानां समासः (अव्ययेभ्यः स्यादयोऽनुमीयन्ते इति बृहद्वृत्तौ) । 'उक्तार्थानाम प्रयोगः' इति यच्छब्दाप्रयोगे—आरूढपुरुषो गिरिः । अयं चान्यपदर्थप्राधान्यात्तत्सम्बन्धिनीर्लिङ्गसङ्ख्याविभक्तीरनुसरति । कृतानि पुण्यानि येन सः—कृतपुण्यः । एवं दत्तदानो, वीतदुखो, बहुधनोऽनन्तज्ञानः । अनेक च—आरूढबहुपुरुषो गिरिः । अव्ययं खल्वपि-उच्चैर्मुखः ।

ऐकार्थ्य—ऐकपद्य—એક પદપણું અર્થાત્ પદો જુદાં જુદાં હોવા છતાં પરસ્પર અર્થની એવી સંગતિ હોય છે તેથી તેને અર્થની અપેક્ષાએ એકપદપણામાં જ લેખવામાં આવે છે, તેમ થવાથી સમાસ, નામ ધાતુ અને તદ્ધિતનાં રૂપોમાં એક નામ હોય કે વધારે જુદાં જુદાં નામો હોય તો પણ તેમનું ઉપર જણાવેલું એકપદપણું સચવાઈ રહેવાને કારણે સમાસ, નામ ધાતુ

અને તદ્ધિતનાં એક નામે કે જુદાં જુદાં નામોને લાગેલી વચલી સ્યાદિ વિભક્તિનો લોપ થઈ જાય છે.

આરુઢો પુરુષો યં ગિરિમ્ સ આરુઢપુરુષો ગિરિઃ–જેની ઉપર પુરૂષ ચડેલ છે તે પર્વત/ગિરિ.

અહીં આરુઢ નામ પુરુષ નામ સાથે સમાસ થયેલ છે. આ બન્ને નામો પરસ્પર વિશેષણ વિશેષ્યભાવ સંબંધવાળા છે માટે એકાર્થ રૂપ છે અને યમ્ નામ દ્વિતીયાંત છે અને સમાસ બહારનું છે. તે બહારના નામ દ્વારા જે અર્થ સૂચવાય છે તે અન્યાર્થ છે અને તે જ અર્થ અહીં પ્રધાન રૂપે છે માટે આરુઢ તથા પુરુષ એ બે નામોને બહુવ્રીહિ સમાસ થયેલ છે.

સમાસ–चित्रा गावः यस्य सः=चित्रगुः-જેની પાસે કાબર ચીતરી ગાયો છે તે. આ પ્રયોગમાં चित्रा અને गावः એ પદોને લાગેલી પ્રથમા વિભક્તિનો લોપ થઈ ગયો અને પછી चित्रगु એવા નવા બનેલા એકપદરૂપ નામથી નવી વિભક્તિઓ લાગવી શરૂ થઇ.

નામ ધાતુ પુત્રમ્, इच्छति इति=पुत्रीयति–પુત્રની ઇચ્છા કરે છે.

આ પ્રયોગમાં પુત્રમ્ રૂપમાં પુત્ર શબ્દને લાગેલી બીજી વિભક્તિનો લોપ થયો અને પછી પુત્ર શબ્દ નામધાતુ રૂપ થવાથી તેને ય પ્રત્યય લાગવા સાથે ક્રિયાપદની વિભક્તિ લાગવી શરૂ થઈ.

तद्धित–उपगोः अपत्यम्=औपगवः–ઉપગુનો પુત્ર.

આ પ્રયોગમાં –उपगोः ૩પની ષષ્ઠી વિભક્તિ લોપાઈ ગઈ અને પછી औपगव–એવું નવું નામ બનવાથી તેને નવી વિભક્તિઓ લાગવી શરૂ થઈ. चित्राः, गावः, यस्य, पुत्रम्, इच्छति, उपगोः, अपत्यम्–આવા વાક્યોમાં પરસ્પર સંબંધની વિવક્ષા ન રાખવાથી જુદાં જુદાં પરસ્પર નિરપેક્ષ પદો હોવાને લીધે એકપદ્ય નથી. તેથી વિભક્તિનો લોપ ન થાય

॥ ४ ॥ उष्ट्रमुखादयः ३।१।२३

एते बहुव्रीहिसमासा निपात्यन्ते । उष्ट्रस्य मुखमिव मुखं यस्य स उष्ट्रमुखः । वृषस्कन्धः ।

उष्ट्रमुख વગેરે શબ્દોમાં બહુવ્રીહિ સમાસ સમજવો. उष्ट्रस्य मुखमिव मुखम् यस्य स=उष्ट्रमुखः–ઊંટના મોં જેવું જેનું મોં છે.

આ પ્રયોગમાં उष्ट्रमुख ના मुख શબ્દનો લોપ થયો છે. જો લોપ ન કરવામાં આવે તો उष्ट्रमुखमुख શબ્દ થઈ જાય, ખરી રીતે શુદ્ધ શબ્દ તો उष्ट्रमुख છે. 'સમાસમાં આવેલા (उष्ट्रमुख નો मुख શબ્દ ઉપમાન છે.) ઉપમાન પદનો લોપ થાય છે' એ સૂચવવા આ સૂત્ર છે.

वृषस्कन्ध इव स्कन्धः यस्य=वृषस्कन्धः–જેની ખાંધ બળદની ખાંધ જેવી છે.

આ પ્રયોગમાં પણ વૃષસ્કન્ધ ના સ્કન્ધ શબ્દનો લોપ થયેલો છે નહીં તો વૃષસ્કન્ધસ્કન્ધ એવું પદ બની જાય.

॥ ५ ॥ सहस्तेन ३।१।२४

तृतीयान्तेन सहशब्दोऽन्यपदार्थे समस्यते ।

તૃતીયાંત નામ સાથે સહ નો જે સમાસ થાય તેનું નામ બહુવ્રીહિ સમાસ કહેવાય. સમાસ થતાં બે નામો કરતાં સમાસ પામેલ નામનો વિશિષ્ટરૂપ અન્ય–મુદ્દો અર્થ મુખ્ય હોવો જોઇએ.

सह અવ્યય છે. તેના બે અર્થ છે. ૧. तुल्ययोग અને ૨. विद्यमानता. सह સાથે સમાસ પામનાર નામ દ્વારા જે અર્થ સૂચિત થતો હોય તેની અને सह એટલે સાથે કોણ ? એ પ્રશ્નના ઉત્તરરૂપે જે અર્થ અધ્યાહૃત જણાતો હોય તેની એટલે તે બન્નેની સરખી પ્રવૃત્તિ તથા સરખા ગુણ વગેરે હોય તેનું નામ तुल्ययोग.

सह विद्यमानता એટલે હયાતી.

तुल्ययोग–पुत्रेण सहः आगतः (पिता)–सपुत्रः आगतः (अस्ति पिता)–પુત્ર પણ આવ્યો અને સાથે પિતા પણ આવ્યો. આ પ્રયોગમાં પુત્રની અને પિતાની બન્નેની આવવાની ક્રિયા એક સરખી છે તેથી तुल्ययोग થયો.

विद्यमानता–कर्मणा सह=सकर्मकः (आत्माऽस्ति)–કર્મ પણ છે (અને આત્મા પણ છે) એટલે આત્મા અને કર્મ બન્ને સાથે विद्यमान

છે તેથી બન્ને એક સરખાં વિદ્યમાન હોવાથી વિદ્યમાનતા છે.

॥ ६ ॥ सहस्य सोऽन्यार्थे ३।२।१४३

बहुव्रीहौ सहस्य सो वा स्यात् । सपुत्रः सहपुत्रो वा गतः क्वचिन्नित्यम्–सरसा दूर्वा । साग्निः कपोतः । सद्रोणा खारी । क्वचिन्न–स्वस्ति गुरवे सहशिष्याय ।

ઉત્તરપદવાળો સહ, શબ્દ બહુવ્રીહિ સમાસમાં આવેલો હોય તો સહ ને બદલે 'સ' રૂપ વિકલ્પે વાપરવું.

सह+रस=स+रस=सरसा दुर्वा–રસવાળું ઘાસ. ઉપરનો પ્રયોગ क्वचिन्नित्यम्– સૂત્ર દ્વારા સાધી શકાયો છે अग्निना सहितःकपोतः =सह+अग्निः=स+अग्नि=साग्निः कपोतः–અગ્નિવાળો કપોત/કબૂતર. કબૂતરના જઠરમાં અગ્નિ છે પણ દેખાતો નથી. द्रोणेन सहिता खारी=सह+द्रोणा=स+द्रोणा=सद्रोणा खारी–જેમાં ખારીના પૂરા માપ ઉપર દ્રોણ જેટલું માપ વધારે છે એવી ખારી.

ઉપરના બન્ને પ્રયોગો અદૃશ્ય–નજરે ન દેખી શકાય એવા પદાર્થનું સૂચક ઉત્તરપદ હોય તથા 'અમુક માપથી વધારે' એ રીતે અધિક અર્થનું સૂચક ઉત્તરપદ હોય તો બહુવ્રીહિ સમાસમાં આવેલા સહ ને બદલે સ રૂપ વાપરવું. જુઓ ૩/૨/૧૪૫

स्वस्ति गुरवे सह शिष्याय–શિષ્ય સાથે ગુરુનું કલ્યાણ થાઓ.

ઉપરના પ્રયોગમાં ગો, વત્સ અને હૂલ આ ત્રણ સિવાયનું

ઉત્તર પદ હોય અને 'આશિષ' નો અર્થ જણાતો હોય તો સહ ને બદલે સ ૩૫ ન વપરાય.

॥ ७ ॥ दिशोरूढ्यान्तराले ३।१।२५

दक्षिणस्याः पूर्वस्याश्च यदन्तरालं सा दक्षिणपूर्वा दिक्। सर्वादयोऽस्यादौ ३।२।६१ इति पुंवद्भवः। इत्यादयोऽपि बहुव्रीहिसमासा ज्ञेयाः। यत्र प्रधानस्यैकदेशो विशेषणतया ज्ञायते स तद्गुणसंविज्ञानः। लम्बौ कर्णौ यस्य स लम्बकर्णः।

રૂઢિથી દિશાવાચક નામનો રૂઢિથી જ દિશાવાચક નામ સાથે જે સમાસ થાય તે બહુવ્રીહિ સમાસ કહેવાય. સમાસ થયા પછી સમાસ પામેલા નામોવાળા પ્રયોગનો 'અંતરાલ' એવો અર્થ હોય તો

दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोः यदन्तरालं तद् दक्षिणपूर्वा दिक्- દક્ષિણ દિશા અને પૂર્વ દિશાનો અંતરાલ ભાગ એટલે ઈશાન ખૂણો.

આ સમાસમાં પણ બહારનું પદ પ્રથમા વિભક્તિવાળું છે તેથી આ સૂત્રની રચના જુદી કરવી પડી છે.

(A) सर्वादयोऽस्यादौ ३/२/६१

વિશેષને લીધે સ્ત્રીલિંગી થયેલા સર્વ વિગેરે શબ્દો પુંવત્ થઈ જાય છે, જ્યારે સર્વાદિ શબ્દોને સ્યાદિ વિભક્તિઓ ન લાગી હોય ત્યારે આ નિયમ ન લાગે.

लम्बौ कर्णौ यस्य स=लम्बकर्णः–લાંબા કાન વાળો। પુ૩૫.

॥ ८ ॥ विशेषण-सर्वादि-सङ्ख्यं बहुव्रीहौ ३।१।१५०

विशेषणं, सर्वादिकं, सङ्ख्यावाचि च बहुव्रीहौ प्राक् स्यात्। गौणस्य गोशब्दस्य ङ्याद्यन्तस्यचान्तस्थस्य ह्रस्वो वक्तव्यः। चित्रगुः। सर्वशुक्लः। द्विकृष्णः।

બહુવ્રીહિ સમાસમાં જે શબ્દ વિશેષણ વાચક હોય, સર્વાદિ હોય. તથા સંખ્યાવાચી હોય તે પહેલો આવે.

વિશેષણવાચી– चित्रा गौर्यस्य=चित्रगुः–કાબર ચીતરી ગાયવાળો. सर्वादि–सर्वं शुक्लं यस्य=सर्वशुक्लः=જેનું બધું ધોળું છે. સંખ્યાવાચી–द्वौ कृष्णौ यस्य=द्विकृष्णः–જેના બે બળદ વગેરે કાળા છે.

॥ ९ ॥ क्ताः ३।१।१५१

क्तान्तं नाम बहुव्रीहौ प्राक् स्यात्। कृतकटः। क्वचिद्वा। शाङ्गजरग्धी जग्धशाङ्गरा। मासयाता यातमासा। जातसुखा सुखजाता। आहिताग्निः अग्न्याहितः। उद्यतासिः अस्युद्यतः 'प्रियः' (३।२।१५७)। प्राग्वा। गुडप्रियः, प्रियगुडः।

જે નામ क्त પ્રત્યયવાળું હોય તે નામ બહુવ્રીહિ સમાસમાં પહેલું આવે.

कटः कृतः येन=कृतकटः-જેણે સાદડી બનાવેલ છે તે.

(A) जातिवाची=शाङ्गरं जग्धम् अनया=शाङ्गरजग्धो; जग्धशाङ्गरा જેણીએ સાંગરીની શિંગ ખાધી છે તે સ્ત્રી.

कालवाची–मासः यातः यस्याः सा=मासयाता, यातमासा-જેણીને જન્મ્યાને માહનો થયો છે તે બાલિકા.

सुखादिवाची–सुखं जातं यस्याः सा=सुखजाता, जातसुखा જેણીને સુખ થયેલ છે તે સ્ત્રી.

ઉપરના ત્રણે પ્રયોગો ૩/૧/૧૫૨ સૂત્ર દ્વારા સિદ્ધ થયા છે. બહુવ્રીહિ સમાસમાં આવેલ જે क्त પ્રત્યયવાળું નામ હોય તે, જાતિવાચક નામથી, કાળવાચી નામથી અને સુખાદિ નામથી પહેલું વિકલ્પે આવે છે.

(B) आहितः अग्निः येन सः=आहिताग्निः, अग्न्याहितः–જેણે અગ્નિનું સ્થાપન કરેલ છે.

ઉપરનો પ્રયોગ ૩/૧/૧૫૩ સૂત્ર દ્વારા સિદ્ધ થયો છે. આહિતાગ્નિ વગેરે બહુવ્રીહિ સમાસવાળા શબ્દોમાં क्त પ્રત્યયવાળા શબ્દો વિકલ્પે પહેલા આવે છે.

(C) उद्यतः असिः येन सः=उद्यतासिः,अस्युद्यतः–જેણે તરવાર ઉગામી છે તે–અહીં असि શબ્દ પ્રહરણવાચી છે.

ઉપરનો પ્રયોગ ૧/૩/૧૫૪ સૂત્ર દ્વારા સાધિ શકાયો છે. બહુવ્રીહિ સમાસમાં આવેલું ક્ત પ્રત્યયવાળું નામ, પ્રહરણ વાચી નામથી પહેલાં વિકલ્પે આવે.

(D) प्रियः गुडः यस्य सः=प्रियगुडः, गुड प्रियः–જેને ગોળ પ્રિય છે તે.

ઉપરનો પ્રયોગ ૩/૧/૧૫૭ સૂત્ર દ્વારા સાધી શકાયો છે. બહુવ્રીહિ સમાસમાં પ્રિય શબ્દ વિકલ્પે પહેલો આવે.

॥ १० ॥ न सप्तमीन्द्रादिभ्यश्च ३।१।१५५

इन्द्रादिभ्यः प्रहरणार्थाच्च सप्तम्यन्तं बहुव्रीहौ प्राग् न स्यात्। इन्दुमौलिः, चक्रपाणिः। "गड्वादिभ्यः" ३।१।१५६ वा। कण्ठेगडुः। गडुकण्ठः।

બહુવ્રીહિ સમાસમાં ઇન્દુ વગેરે શબ્દોથી અને પ્રહરણવાચી શબ્દોથી સપ્તમ્યંત નામ પહેલું ન આવે. આ નિયમ બાહુલિક છે એટલે નિશ્ચિત નથી.

ઇંદુ વગેરે-इन्दुः मौलौ यस्य सः=इन्दुमौलिः–મસ્તકમાં જેને ચંદ્ર છે. પ્રહરણ–चक्रः पाणौ यस्य सः=चक्रपाणिः-જેના હાથમાં ચક્ર છે.

(B) कण्ठे गडुः यस्य सः=कण्ठेगडुः, गडुकण्ठः–જેના ગળામાં ગાંઠ છે તે.

ઉપરનો પ્રયોગ ૩/૧/૧૫૬ સૂત્ર દ્વારા સાધિ શકાયો છે. બહુવ્રીહિ સમાસમાં સપ્તમ્યંત નામ, गडु વગેરે શબ્દોથી પહેલાં વિકલ્પે આવે.

॥ ११ ॥ परतः स्त्री पुंवत्स्त्र्येकार्थेऽनूङ् ३।२।४९

परतो विशेष्यवशात्स्त्रीलिङ्गः स्त्रीवृत्तावेकार्थे उत्तरपदे परे पुंवत्स्यात् न तूङन्तः । दर्शनीया भार्या यस्य सः दर्शनीय-भार्यः । परत इति किम् ? द्रुणीभार्यः । स्त्र्येकार्थ इति किम् ? गृहिणीनेत्राः । अनूङिति किम् ? करभोरूभार्यः ।

જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયેલું હોય, સમાસમાં આવેલું હોય, અને તેનું ઉત્તરપદ સ્ત્રીત્વસૂચક आप्, ङी વગેરે પ્રત્યયોવાળું હોઈ સ્ત્રીત્વનો અર્થ સૂચવતું હોય તથા પૂર્વપદની અને ઉત્તરપદની વિભક્તિ સરખી હોય તો તે નામ પુમ્વત થઈ જાય છે. पुंवत् એટલે સ્ત્રીત્વસૂચક પ્રત્યયો ચાલ્યા જાય અને સ્ત્રીસૂચક પ્રત્યયોને લીધે મૂળ શબ્દમાં કાંઇ ફેરફાર થયો હોય તો પણ ચાલ્યો જાય, મૂળ નામ કાયમ રહે–આવાં નામોમાં સ્ત્રીત્વના સૂચક अङ् પ્રત્યયવાળું નામ ન લેવું.

જે જે સૂત્રની વૃત્તિના વિવેચનમાં 'परतः स्त्री' શબ્દ આવે ત્યાં સર્વત્ર ' વિશેષ્યને લીધે સ્ત્રીલિંગ થયેલું નામ ' એમ સમજવું

दर्शनीया भार्या यस्य सः=દર્શનીયભાર્યઃ–જેની પત્ની દર્શનીય છે. આ પ્રયોગમાં दर्शनीया નું दर्शनीय થઇ ગયું.

द्रूणीभार्यः-જેની ભાર્યા દ્રુણી છે.-અહીં 'દ્રુણી-દ્રોણી' શબ્દ વિશેષને લીધે નારીજાતિ થયેા નથી પણ એ શબ્દ પેાતે જ નારીજાતિનેા છે, તેથી આ નિયમ ન લાગે.

गृहिणी नेत्रां यस्य असौ=गृहिणीनेत्रा-જેના નેત્રેા ગૃહિણી છે-અહીં ઉત્તરપદ સ્ત્રીલિંગી નથી પણ નેત્ર શબ્દ નપુંસકલિંગી છે, તેથી આ નિયમ ન થાય.

करभ इव (करभेारु इव) अरुः यस्याःसा करभेारुः, करभेारुः भार्या यस्य असौ=करभेारुभार्यः-જેના બન્ને અરુ=માથળ-ઉંટના બચ્ચાના ઉરુ જેવા છે. એવી ભાર્યાવાળેા-અહીં करभेारु શબ્દ अङ् પ્રત્યયવાળેા છે અને સૂત્રમાં તેનેા નિષેધ કરેલ છે તેથી करभेारु પદ પુંવત્ ન થયું. પુંવત થયું હેાત તેા करभेारुभार्यः પદ થાત.

॥ १२ ॥ स्वाङ्गान्ङीर्जातिश्चामानिनि ३।२।५६

स्वाङ्गाद्योऽङीस्तदन्तो जातिवाची चपरतः स्त्रीपुंवन्न स्यात् । दीर्घकेशीभार्यः । शूद्राभार्यः । कठीभार्यः । अमानिनीति किम् ? दीर्घकेशमानिनी । +क्वचिदन्यत्राप्येवम् -कल्याणीपञ्चमा रात्रयः । कल्याणीप्रियः । मद्रिकाभार्यः । कारिकाभार्यः । द्वितीयाभार्यः । दत्ताभार्यः ।

बहुव्रीहिसमासे समासान्तप्रत्ययप्रकरणं सङ्क्षेपेणाह—

સ્વાંગવાચી ङी પ્રત્યયવાળું નામ અને જાતિવાચી નામ,

બે બન્ને નામો વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયાં હોય તો પુંવદ્ભ ન થાય, જો તે નામોને માની શબ્દ ઉત્તરપદમાં ન હોય તો.

स्वांगः–दीर्घाः केशाः यस्याः सा दीर्घकेशी, दीर्घकेशी भार्या यस्य असौ दीर्घकेशीभार्यः–જેની ભાર્યા દીર્ઘ/લાંબા વાળ/કેશ વાળી છે. जातिवाची शूद्रा भार्या यस्य असौ=शूद्राभार्यः–જેની ભાર્યા શુદ્ર જાતિની છે.

कठी भार्या यस्य असौ=कठीभार्यः–જેની ભાર્યા કઠ જાતિની છે.

આ ત્રણે પ્રયોગોમાં પુંવદ્ભાવ ન થવાથી दीर्घकेशीनुं दीर्घकेश, शुद्रा नुं शुद्र અને कठी नुं कठ न थयुं.

आत्मानं दीर्घकेशीं मन्यते सा=दीर्घकेशमानिनी- પોતાને લાંબાવાળવાળી માનનારી સ્ત્રી–આ પ્રયોગમાં નિષેધ કરેલો માની શબ્દ ઉત્તરપદમાં છે; તેથી આ નિયમ ન લાગે એથી दीर्घकेशीनो પુંવદ્ભાવ થવાથી दीर्घकेश मानिनी थई गयुं.

(A) अप्–कल्याणी पञ्चमी यासां ताः–कल्याणीपञ्चम+अ (अप्)= कल्याणीपञ्चमा रात्रयः–જે રાતોમાં પાંચમી રાત્રિ કલ્યાણી છે એવી રાત્રિઓ.

આ પ્રયોગ ૩/૨/૫૩ સૂત્ર દ્વારા पञ्चमी શબ્દ પૂરણ પ્રત્યય વાળો છે અને તે પઞ્ચમી શબ્દને अप् પ્રત્યય લાગેલ છે. તેથી कल्याणी ના कल्याण એવો પુવદ્ભાવ ન થયો પણ જ્યાં પૂરણ પ્રત્યય પછી अप् પ્રત્યય ન લાગેલ હોય ત્યાં આ નિયમ ન લાગે.

प्रिय वगेरे शब्दो.–कल्याणी प्रिया यस्य सः=कल्याणी+प्रियः= कल्याणीप्रियः-જેની પ્રિયા કલ્યાણી છે.

આ પ્રયોગમાં પણ કલ્યાણીનું કલ્યાણ ન થયું.

(B) तद्धित अक प्रत्यय–मद्रिका भार्या यस्य इति=मद्रिकाभार्यः– જેની ભાર્યા મદ્રિકા દેશની છે.

ઉપાંત્યમાં क વાળો પ્રત્યય-कारिका भार्या यस्य इति= कारिकाभार्य જેની ભાર્યા કામ કરનારી છે.

પૂરણ પ્રત્યય–द्वितीया भार्या यस्य इति=द्वितीयाभार्यः-જેની ભાર્યા બીજી છે.

સંજ્ઞા–दत्ता भार्या यस्य इति=दत्ताभार्यः-જેને દત્તા નામની ભાર્યા છે. આ ઉદાહરણોમાં पुवंत् ન થવાથી मद्रिका નું मद्रक, कारिका નું कारक, द्वितीया નું द्वितीय તથા दत्ता નું दत्त ન થયું.

ઉપરના ચારે પ્રયોગો ૩/૨/૫૪ સૂત્ર દ્વારા સિદ્ધ થયા છે. જે નામ વિશેષ્યને લીધે સ્ત્રીલિંગી થયું હોય તે, તેના ઉત્તરપદવાળા નામને તદ્ધિતનો અક પ્રત્યય લાગેલો હોય તો પુંવદ્ ન થાય. તથા જે નામોને ઉપાંત્યમાં क વાળો પ્રત્યય લાગેલો હોય તેવાં નામો તથા પૂરણ પ્રત્યયવાળાં નામો તથા સંજ્ઞાવાચક નામો જો ઉત્તરપદવાળાં હોય તો પુંવત્ ન થાય.

॥ १३ ॥ टडापसन्कचितः

सप्तैते समासान्तास्तद्धिता बहुव्रीहेः स्युः । ते च क्रमेण यथा—

सप्तैते समासान्तास्तद्धिता बहुव्रीहेः स्युः। ते च क्रमेण यथा–

ट, ड, अप्, अस्, अन् कच इत् आ सातेअक्षरो। समासना अंते तद्धित् बहुव्रीहि समास थाय छे ते अनुक्रमे कहीश.

१३ A सक्थ्यक्ष्णः स्वाङ्गे ७।३।१२६

स्वाङ्गवाची यः सक्थिशब्दोऽक्षिशब्दश्च तदन्ताद्बहुव्रीहेष्टः समासान्तो भवति ।

बहुव्रीहि समासने छेडे आवेला एवा स्वांग वाचक सक्थि अने अक्षि शब्दने ट (अ) समासांत लागे छे.

दीर्घं सक्थि यस्याः सा=दीर्घसक्थि+ट=दीर्घसक्थि–जेनो साथळ लांबो छे तेवी स्त्री. शोभनं अक्षि यस्याः सा=स्वक्षि+ट= स्वक्ष–स्वक्षी–जेनी आंख सुंदर छे तेवी स्त्री.

॥ १४ ॥ अवर्णेवर्णस्य ७।४।६८

अपदस्यानयोस्तद्धिते परे लुक् स्यात् । टित्प्रत्ययान्तानां स्त्रियां ङीः–पङ्कजाक्षी स्त्री ।

तद्धितनो प्रत्यय लाग्यो होय तो पद संज्ञा विनाना अ

વર્ણાંત નામના અને इ વર્ણાંત નામના અંતનો લોપ થાય છે.

પંકજે इન અક્ષિણી યસ્યાઃ સા=પઙ્કજાક્ષી સ્ત્રી–કમલની જેવી બે આંખો છે જેની એવી સ્ત્રી.

॥ १५ ॥ सुज्वार्थे सङ्ख्या सङ्ख्येये सङ्ख्यया बहुव्रीहिः ३।१।१९

वारविकल्पार्थयोः सङ्ख्या सङ्ख्यया बहुव्रीहिः स्यात्, सङ्ख्येयार्थे ।

જે સંખ્યાવાચી નામ सुच એટલે 'વાર' અર્થ સાથે તથા वा એટલે 'વિકલ્પ' અર્થ સાથે અથવા 'સંશય' અર્થ સાથે સંબંધ રાખતું હોય તે નામ, સંખ્યેય અર્થ સાથે સંબંધ ધરાવતા સંખ્યાવાચી નામ સાથે સમાસ પામે, એ સમાસનું નામ બહુવ્રીહિ છે. જેમનો સમાસ કરવામાં આવે છે તે નામોમાં પરસ્પર એકાર્થતા હોવી જોઇએ–અર્થની અપેક્ષાએ પરસ્પર સુસંબદ્ધતા હોવી જોઇએ.

सुच्–द्विः दश-द्विदशाः घटाः–બે વાર દશ–વીસ ઘડા.

અહીં 'सुच्' પ્રત્યયવાળું द्वि એ સંખ્યાવાચી નામ 'વાર' અર્થ સાથે સંબંધ રાખે છે અને दश નામ સંખ્યેય એવા घटाः/ઘડા વગેરે સાથે સંબંધ રાખે છે.

(A) "प्रमाणीसङ्ख्यायांङ्डः" ७।३।१२८ द्विर्दश द्विदशा घटाः। द्वौ वा त्रयो वा द्वित्राः। पञ्चषाः।

द्वौ वा त्रयो वा=द्वित्रि+ड=द्वित्राः–બે કે ત્રણ.

આ પ્રયોગ ૭/૩/૧૨૮ સૂત્ર દ્વારા સિદ્ધ થયો છે. બહુવ્રીહિ સમાસને છેડે આવેલા પ્રમાણી શબ્દને અને બહુવ્રીહિ સમાસને છેડે આવેલા સંખ્યાવાચક શબ્દને ડ (અ) સમાસાંત થાય છે.

पञ्च वा षड्वा=पञ्चषाः–પાંચ અથવા છ

॥ १६ ॥ नञ्सुव्युपत्रेश्चतुरः ७।३।१३१

अचतुराः। सुचतुराः। विचतुराः। उपचतुराः। त्रिचतुराः।

नञ्, सु, वि, उप અને त्रि શબ્દો પછી બહુવ્રીહિ સમાસને અંતે આવેલા चतुर् શબ્દોને अप् સમાસાંત થાય છે.

अविद्यमानानि चत्वारि यस्य=अचतुर्+आ=अचतुराः=–જેને ચાર નથી એવો. शोभनानि चत्वारि यस्य=सुचतुर्+आ=सुचतुराः= જેને ચાર સારાં છે એવો. विसदृशानि चत्वारि यस्य=विचतुर्+आ= विचतुराः=જેને ચાર અસમાન છે એવો. चत्वारः समीपे यस्य सः=उपचतुर्+आ=उपचतुराः=જેની સમીપ ચાર છે. એટલે કે ત્રણ કે પાંચ. त्रयो वा चत्वारः=त्रिचतुरः+आ=त्रिचतुराः=ત્રણ કે પાંચ.

(A) "नाभेर्नाभ्नि" ७।३।१३४ पद्मनाभः।

पद्मं नाभौ यस्य सः=पद्मनाभि+अप्=पद्मनाभः=જેની નાભિમાં પદ્મ છે આ શબ્દ બ્રહ્માના નામરૂપ છે. અથવા આવતી ચોવીશીના જૈન ધર્મના/શાસનના પ્રથમ તીર્થંકરનું નામ છે.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૩૪ સૂત્ર દ્વારા સાધી શકાયો છે. બહુવ્રીહિ સમાસને છેડે આવેલા નામિ શબ્દને અપ્-અ- સમાસાંત થાય છે, જો સંજ્ઞા હોય તો.

(B) "नञ्-सु-दुर्भ्यः सक्तिसक्तित्थहलेर्वा" ७।३।१३६। सञ्जनं सक्तिः। असक्तः असक्तिः।

सञ्जनं सक्ति+अप्=सञ्जनं सक्तः, અથવા સઞ્જનં સક્તિઃ= સારી રીતે લાગેલો-સારાં સંગવાળો.

असक्ति+अप्=असक्तः અથવા असक्तिः=નહિ લાગેલો-સંગ વગરનો

ઉપરના બન્ને પ્રયોગો ૭/૩/૧૩૬ સૂત્ર દ્વારા-બહુવ્રીહિ સમાસવાળા અને નઞ્, સુ, દુર્ પછી આવેલા સક્તિ શબ્દને, બહુવ્રીહિ સમાસવાળા અને નઞ્, સુ, દુર્ પછી આવેલા સક્તિત્થ શબ્દને તથા બહુવ્રીહિ સમાસવાળા અને નઞ્, સુ દુર્ પછી આવેલા હલિ શબ્દને અપ્-અ સમાસાંત વિકલ્પે થાય છે.

॥ १७ ॥ प्रजाया अस् ७।३।१३७

नञादिभ्यः परो यः प्रजाशब्दस्तदन्ताद्बहुव्रीहेरप्

समासान्तो भवति ।

બહુવ્રીહિ સમાસવાળા અને નઞ્, સુ અને દુર્ શબ્દો પછી આવેલા પ્રજા શબ્દને અસ્ સમાસાંત પ્રત્યય થાય છે.

नास्ति प्रजा यस्य सः=अप्रजाः પ્રથમા એકવચન=જેને પ્રજા નથી/પ્રજા વગરનો છે.

शोभना प्रजा यस्य सः=सुप्रजाः=પ્રથમા એકવચન-જેની સારી પ્રજા છે/સારી પ્રજાવાળો.

दुष्टा प्रजा यस्य सः=दुष्टप्रजाः=પ્રથમા એકવચન-જેને દુષ્ટ પ્રજા છે/ખરાબ પ્રજાવાળો.

॥ १८ ॥ नञत् ३।२।१२५

उत्तरपदे परे नञः अः स्यात् । अप्रजाः, सुप्रजाः ।

ઉત્તરપદ હોય તો નઞ્ નો અ થાય છે.

नास्ति चोरः यस्मिन् इति=न+चौरः=अ+चौरः=अचौरः=पन्थाः=જ્યાં ચોર નથી એવો રસ્તો. न भुङ्क्ते=ખાતો નથી-અહીં भुङ्क्ते ક્રિયાપદ છે પણ ઉત્તર પદ નથી. न भुङ्क्ते માં न સાથે भुङ्क्ते નો સમાસ જ નથી તેથી જો કે भुङ्क्ते પદ न પછી આવેલ છે તો પણ તે ઉત્તરપદ ન કહેવાય. સમાસ પામેલા નામોમાં જે પૂર્વમાં હોય તે પૂર્વપદ અને જે પદ-પાછળ હોય તેને જ ઉત્તરપદ કહેવાય છે.

॥ १९ ॥ मन्दाल्पाच्च मेधायाः ७।३।१३८

नञादिभ्यस्त्रिभ्यो मन्दाल्पाभ्यांच मेधाया अस् । अमेधाः । मन्दमेधाः । अल्पमेधाः ।

બહુવ્રીહિ સમાસમાં આવેલા અને મન્દ, અલ્પ તથા નઞ્, સુ, દુર થી પછી આવેલા મેધા શબ્દને અસ્ સમાસાંત થાય છે.

નાસ્તિ મેધા યસ્ય સઃ=અમેધા+અસ્=અમેધાઃ=પ્રથમા એકવચન બુદ્ધિ વિનાનો. મન્દા મેધા યસ્ય સઃ=મન્દમેધાઃ=પ્રથમા એકવચન–મંદ બુદ્ધિવાળો. અલ્પા મેધા યસ્ય સઃ=અલ્પમેધાઃ=પ્રથમા એકવચન અલ્પ વૃદ્ધિ વાળો.

॥ २० ॥ द्विपदाद्धर्मादन् ७।३।१४१

"समानस्य धर्मादिषु" ३।२।१४९ धर्मादावुत्तरपदे समानस्य सः । सधर्मा ।

બહુવ્રીહિ સમાસને છેડે આવેલા ધર્મ શબ્દને અન્ સમાસાંત થાય છે જો બહુવ્રીહિ સમાસ બે જ પદવાળો હોય તો.

सनाम् इव धर्मः यस्य स=सधर्म+अन्= सधर्मन्=सधर्मा–સમાન ધર્મવાળો.

॥ २१ ॥ इनः कत्र ७।३।१७०

बहुदण्डिका सेना ।

બહુવ્રીહિ સમાસવાળા इन् પ્રત્યયાંત શબ્દને નારીજાતિમાં कच् સમસાંત થાય છે.

बहुदण्डिन्+कच्–बहुदण्डिका सेना–જે સેનામાં ઘણા દંડીઓ છે તે. દંડીઓ એટલે દંડવાળા.

(A) "ऋन्नित्यदितिः" ७।३।१७१ । बहुकर्तको बहुनदीको बबुवधूको देशः ।

बहु+कर्ता=बहुकर्ता+क=बहुकर्तको देशः–જે દેશમાં અનેક કર્તા છે તે દેશ. बहु+नदी=बहुनदी+क=बहुनदीको देशः–જે દેશમાં અનેક નદીઓ છે તે દેશ. बहु+वधू=बहुवधू+क–बहुवधूको देशः–જે દેશમાં ઘણી સ્ત્રીઓ છે તે દેશ.

ઉપરના ત્રણે પ્રયોગો ૭/૩/૧૭૧ સૂત્ર દ્વારા સિદ્ધ કર્યા છે. બહુવ્રીહિ સમાસવાળા ऋ કારાંત શબ્દને અને જેને 'द्' નિશાનવાળા પ્રત્યયો નિત્ય થાય છે એવા શબ્દને कच् સમાસાંત થાય છે. ૧/૪/૨૯ મું સૂત્ર 'द्' નિશાનવાળા પ્રત્યયોનાં નિત્ય વિધાન કરે છે.

(B) दध्युरःसर्पिर्मधूपानच्छालेः" ७।३।१७२ । प्रियद-धिकः । व्यूढोरस्कः ।

प्रियदधि+क-प्रियदधिकः-જેને દહીં પ્રિય છે તે.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૭૨ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસને છેડે આવેલા दधि, उरस्, सर्पिष्, मधु, उपानत् અને शालि શબ્દોને कच् પ્રત્યય સમાસાંત થાય છે તેથી સિદ્ધ થયેલ છે. અન્ય ઉદાહરણો સાધી લેવા.

(C) "पुमनड्दुनौपयोलक्ष्म्या एकत्वे" ७।३।१७३ । प्रियपुंस्कः ।

नास्ति पुमान् यस्मिन्=प्रियपुंस्+क=प्रियपुंस्कः-જેમાં એક પણ પ્રિય પુરુષ નથી તે.

આ પ્રયોગ ૭/૩/૧૭૩ સૂત્ર દ્વારા સિદ્ધ થયો છે. એક-વચનવાળા અને બહુવ્રીહિ સમાસને છેડે આવેલા पुम्, अनड्वत्, नौ, पयस् અને लक्ष्मी શબ્દને कच સમાસાંત થાય છે. અન્ય ઉદાહરણો સાધી લેવા.

(D) "नञोऽर्थात्" ७।३।१७४ । अनर्थकं वचः ।

नास्ति अर्थः यस्य=अनर्थ+क=अनर्थकं वचः-અર્થ વિનાનું વચન. આ પ્રયોગ ૭/૩/૧૭૪ સૂત્ર દ્વારા સાધી શકાયો છે. બહુવ્રીહિ સમાસવાળા નञ્ પછીના અર્થ શબ્દને कच् સમાસાંત થાય છે.

(E) "शेषाद्वा" ७।३।१७५ । बहुखट्वकः बहुखट्वः । क्वचिन्न-बहुश्रेयान् बहुश्रेयसी ।

बहुखट्वा+क=बहुखट्वकः, बहुखट्वः–જેની પાસે ઘણી ખાટો છે તે. ખાટ એટલે ખાટલો–પલંગ. આ પ્રયોગ ૭/૩/૧૭૫ સૂત્ર દ્વારા સાધી શકાયેા છે.

૭/૩/૬૯. ૭૦/૭૧/૭૨/૭૩/૭૪ આટલા સૂત્રેા દ્વારા બહુવ્રીહિ સમાસ અંગે જે જે શબ્દોને સમાસાંતનું વિધાન કરેલ છે કે શબ્દોના આદેશ વગેરેનું વિધાન કરેલ છે તે તમામ શબ્દો સિવાયના બીજા બધા શબ્દોને 'શેષ' સમજવા. એવા જે શેષ શબ્દો બહુવ્રીહિ સમાસવાળા હેાય તેમને કચ્ સમાસાંત વિકલ્પે થાય છે.

बहुश्रेयान् અને बहुश्रेयसी–બહુ કલ્યાણ ૩૫. આ પ્રયોગમાં છેડે इयस् પ્રત્યયવાળેા શબ્દ સમાસમાં છે, તેથી कच् ન થયેા.

॥ २२ ॥ सु-पूत्युत्-सुरभेर्गन्धादिद् गुणे ७।३।१४४

स्वादिपूर्वाद्गन्धादित्स्यात् । सुगन्धि द्रव्यम् ।

ગુણ અર્થ હેાય તેા सुगन्ध, पूतिगन्ध, उद्गन्ध અને सुरभिगन्ध શબ્દોને બહુવ્રીહિ સમાસમાં इत् સમાસાંત થાય છે.

सुष्ठु गन्धः यस्य–सुगन्ध+इत्=सुगन्धि द्रव्यम्–સુગંધવાળું દ્રવ્ય. આવી રીતે પૂતિગન્ધ, ઉદ્ગન્ધ અને સુરભિગન્ધ ના પ્રયેાગેા સાધી લેવા.

(A) 'बाऽऽगन्तौ' ७।३।१४५ । सुगन्धिः सुगन्धो वा कायः ।

सुगन्ध+इत्=सुगन्धिः अथवा सुगन्धो कायः–सुगंधी वाळी काया/शरीर.

आ प्रयोग ७/३/१४५ द्वारा साधी शकायेो छे. आगंतुक गंध अर्थवाळेा गन्ध शब्द सु, पूति, उत् अने सुरभि शब्दो पछी आवेलेा होय अने बहुव्रीहि समासवाळेा होय तेा इत् समासांत विकल्पे थाय छे. बीजा प्रयोगेा अन्यथी साधी लेवा.

(B) "वाल्पे" ७।३।१४६ । सूपगन्धि सूपगन्धं वा भेाजनम् ।

सूपस्य गन्धः मात्रा यस्मिन् तत्–सूपगन्ध+इत्=सूपगन्धि अथवा सूपगन्धं भेाजनम्–सूपनी/दाळनी आछी गंधवाळुं अथवा ओछी गंधवाळुं भेाजन. आ प्रयोग ७/३/१४६ सूत्र द्वारा साधी शकायेा छे. गन्ध शब्द अल्प गंधने सूचवतेा होय अने बहुव्रीहि समासने अंते आवेलेा होय तेा इत् विकल्पे थाय छे.

(C) 'वेापमानात्" ७।३।१४७ । पद्मगन्धि पद्मगन्धं वा मुखम् । बहुव्रीहौ पादादीनां पात्प्रभृतयः आदेशाः समासान्ताः स्युः—

पद्ममिव गन्धेा यस्य तत्=पद्मगन्ध+इत्=पद्मगन्धि अथवा

पद्मगन्धं मुखम्–પદ્મના ગંધવાળું મુખ. આ પ્રયોગ ૭/૩/૧૪૭ સૂત્ર દ્વારા સાધી શકાયો છે. ઉપમાનવાચક નામ પછી આવેલા, બહુવ્રીહિ સમાસવાળા ગન્ધ શબ્દને इत् સમાસાંત વિકલ્પે થાય છે.

॥ २३ ॥ पात् पादस्याऽहस्त्यादेः ७।३।१४८

हस्त्यादिवर्जादुपमानात्पादस्य पात् स्यात्, अघुट्-स्वरादौ पदादेशश्चास्य। व्याघ्रपात्। व्याघ्रपदः षष्ठ्य। हस्त्यादिनिषेधात् हस्तिपादः।

हस्ति વગેરે શબ્દોને છોડીને બીજા ઉપમાન સૂચક શબ્દો પછી આવેલા બહુવ્રીહિ સમાસવાળા पाद શબ્દનો पात् આદેશ થાય છે

व्याघ्रस्य पादा इव पादाः यस्य सः=व्याघ्रपात्–જેના પગ વાઘના પગ જેવા છે તે हस्तिपादः જેના પગ હાથીના પગ જેવા છે તે अश्वपादः–જેના પગ ઘોડાના જેવા છે તે. આ બન્ને શબ્દો વર્જેલા છે તેથી આ નિયમ ન લાગે.

(A) "सु–सङ्ख्यात्" ७।३।१५०। सुपात् द्विपात्।

सुष्ठु पादौ यस्य सः=सुपात्–જેના સારા પગ છે તે द्वौ पादौ यस्य सः=द्विपात्–જેના બે પગ છે તે.

આ બન્ને પ્રયોગો ૭/૩/૧૫૦ સૂત્ર દ્વારા સાધી શકાયા

છે. સુ શબ્દ પછી અને સંખ્યાંવાચી શબ્દ પછી આવેલા બહુ-વ્રીહિ સમાસવાળા પાદ શબ્દનો પાત્ થાય છે.

(B) "वयसि दन्तस्य दतृः ७।३।१५१ । ऋकारो नाऽन्तार्थः । सुदन् द्विदन् बालः ।

સુષ્ઠુ દન્તાઃ યસ્ય સઃ=સુદન્ત=સુદતૃ=સુદત્=સુદન્ બાલઃ-જેના સારા દાંત છે તે બાળક. દ્વૌ દાન્તૌ યસ્ય સઃ=દ્વિદન્ત=દ્વિદતૃ=દ્વિદત્=દ્વિદન્ બાલઃ-જેને બે દાંત છે તે બાળક.

સુદન્તઃ-સારા દાંતવાળો. અહીં વય અર્થનું સૂચન નથી થતું તેથી આ નિયમ ન લાગે.

ઉપરના બન્ને પ્રયોગો ૭/૩/૧૫૧ સૂત્ર દ્વારા સિદ્ધ થયા છે. સુ શબ્દ પછી અને સંખ્યાવાચી શબ્દ પછી આવેલા બહુ-વ્રીહિ સમાસવાળા દન્ત શબ્દનું વય/ઉંમર-અર્થ જણાતો હોય તો દતૃ ૩૫ થાય છે.

(C) "वाऽग्रान्त-शुद्ध-शुभ्र-वृषवराहाहि-मूषिक-शिखरात्, ७।३।१५४ । कुन्दाग्रदन् कुन्दाग्रदन्तः । शुद्धदन् शुद्धदन्तः ।

કુન્દાગ્રદન્ત-કુન્દાગ્રદન્ અથવા કુન્દાગ્રદન્તઃ-મોગળાની કળી જેવા આગળના દાંત છે જેને. શુદ્ધદન્ત-શુદ્ધદન્ અથવા શુદ્ધદન્તઃ-ચોખ્ખા દાંતવાળો.

ઉપરના બન્ને પ્રયોગો ૭/૩/૧૫૪ સૂત્ર દ્વારા સાધી શકાયો છે. જેને છેડે અગ્ર શબ્દ છે એવા શબ્દ પછી બહુવ્રીહિ સમાસમાં આવેલા દન્ત શબ્દનો દત્–પ્રયોગ વિકલ્પે થાય છે તથા शुद्धदन्त, शुभ्रदन्त, वृषदन्त, वराहदन्त, अहिदन्त, मूषिकदन्त, અને शिखरदन्त શબ્દોના દન્ત શબ્દનો दत् પ્રયોગ વિકલ્પે થાય છે.

(D) "धनुषो धन्वन्" ७।३।१५८। शार्ङ्गधन्वा।

शार्ङ्गं धनुः यस्य सः=शार्ङ्गधन्वा–शींગડાનાં–શિંગડામાંથી બનેલા–ધનુષ્યવાળો.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૫૮ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસમાં धनुष् શબ્દનો धन्वन् થાય છે તેથી સાધી શકાયો છે.

(E) "वा नाम्नि" ७।३।१५९। पुष्पधन्वा। पुष्पधनुः।

पुष्पधन्वा અથવા पुष्पधनुः–કામદેવ–જેનું ધનુષ પુષ્પ છે.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૫૯ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસવાળા धनुष्य શબ્દનો धन्वन् વિકલ્પે થાય છે. જો સંજ્ઞા હોય તો. તેથી સાધી શકાયો છે.

(F) "जायाया जानिः" ७।३।१६४। भूजानिः।

भूः जाया यस्या सा=भुजानोः–પૃથ્વીરૂપી જેને સ્ત્રી છે.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૬૪ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસવાળા जाया શબ્દનો जानि થાય છે તેથી સાધી શકાયો છે.

(G) "स्त्रियामूधसो न्" ७।३।१६९। कुण्डोध्नी गौः इति बहुव्रीहिः।

कुण्डे इव अधसी यस्याः सा=कुण्ड+अधस्=कुण्डोधन्=कुण्डोध्नी गौः–જેનાં આઉ કુંડાં જેવાં છે તેવી ગાય.

ઉપરનો પ્રયોગ ૭/૩/૧૬૯ સૂત્ર દ્વારા બહુવ્રીહિ સમાસવાળા ઊધસ્ શબ્દને નારીજાતિમાં સ્ નો ન્ થાય છે તેથી સાધી શકાયો છે.

॥ २४ ॥ विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्था-भावा-ऽत्यया-ऽसम्प्रति-पश्चात्-क्रम-ख्याति-युगपत्-सदृक्-सम्पत्-साकल्यान्तेऽव्ययम् ३।१।३९

एष्वर्थेषु वर्त्तमानमव्ययं नाम्ना सह पूर्वपदार्थे वाच्ये नित्यं समासोऽव्ययीभावः स्यात्। विभक्तिः–विभक्त्यर्थः कारकम्। 'स्त्रीषु' इति विग्रहे समासे—

વિભક્તિનો–કારકનો અર્થ, સમીપતા, સમૃદ્ધિ–ઋદ્ધિની જ્યાતી, વિઋદ્ધિ–ઋદ્ધિનો અભાવ, અર્થાભાવ–જડ કે ચેતન વસ્તુનો સર્વથા અભાવ, અત્યય–અતીતતા/વીતિ જવું, અસંપ્રતિ–વર્તમાનકાળમાં જેના ઉપભોગની જરૂરિયાત ન હોય એટલે કાલાતીતપણું સૂચિત થતું હોય, પશ્ચાત્–પાછળ, ક્રમ–અનુક્રમ, ખ્યાતિ–પ્રખ્યાતિ, યુગપત્–એક સાથે, સદૃક્–સરખું, સંપત્–

સંપત્તિ–સિદ્ધિ. સાકલ્ય–સનગ્રતા–સહિતતા અને અંત–છેડો–આ બધા અર્થનું સૂચક અવ્યય રૂપ નામ, કોઇ પણ નામ સાથે નિત્ય સમાસ પામે, તેને અવ્યયીભાવ સમાસ કહેવાય, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો

વિભક્ત્યર્થ–કારક–સ્ત્રીષુ અધિ=અધિસ્ત્રિ – સ્ત્રીઓમાં – અહીં અધિકરણ કારકનો અર્થ છે. સામીપ્ય–કુમ્ભસ્ય સમીપમ્ - उपकुम्भम्– ઘડાની પાસે અત્યય-વર્ષસ્ય અત્યયઃ=अतिवर्षम्–વર્ષાઋતુ વીતી ગઈ. બાકીના ઉદાહરણો અન્યથી સાધી લેવા.

॥ २५ ॥ प्रथमोक्तं प्राक् ३।१।१४८

अत्र समासप्रकरणे सूत्रे प्रथमान्तेन यन्निर्दिष्टं तत्प्राक् प्रयोक्तव्यम्। अनेनाऽव्ययस्य पूर्वं प्रयोगः ।

આ સમાસ પ્રકરણમાં એમ કહેલું છે કે, 'નામ બીજા નામ સાથે સમાસ પામે' એ કથનમાં 'નામ' શબ્દ પ્રથમા વિભક્તિથી બતાવેલો છે, તો જ્યાં જ્યાં આવો વિભક્તિવાળો શબ્દ બતાવેલો હોય તે દરેક શબ્દ સમાસમાં પહેલો આવે. અર્થાત્ વ્યાકરણની ભાષામાં તે શબ્દનો પૂર્વનિયાત થાય. (પૂર્વ નિયાત–પહેલું આવવું.)

आसन्ना दश येषां ते=आसन्नदशाः–જે સંખ્યાની નજીક દસ સંખ્યા છે તે–નવ કે અગિયાર.

આ પ્રયોગમાં ૩/૧/૨૦ સૂત્રમાં અહીં જણાવેલી રીત

પ્રમાણે आसन्न શબ્દ પ્રથમા વિભક્તિથી જણાવેલો છે એથી आसन्न અને दश એ બન્નેના સમાસમાં આ નિયમ દ્વારા आसन्न શબ્દ પહેલો આવ્યો, પણ दश શબ્દ પહેલો ન આવ્યો.

सप्तानां गङ्गानां समाहारः इति=सप्तगङ्गम्-સાત ગંગાઓ.

આ પ્રયોગમાં ૩/૧/૨૮ સૂત્રથી સંખ્યાવાચી શબ્દ પ્રથમોક્ત છે માટે सप्त અને गङ्गा એ બંનેના સમાસના પ્રયોગમાં सप्त શબ્દ પહેલો આવ્યો, गङ्गा શબ્દ પહેલો ન આવ્યો.

(A) "ऐकार्थ्ये" ३।२।८ इति विभक्तिलोपः। अधिस्त्रि इति भवति—

"द्व्येकत्वाव्ययीभावौ" इत्यव्ययीभावस्य क्लीबत्वाद्-ह्रस्वत्वम्। नामसंज्ञायां स्यादिः—

ઐકાર્થ્ય–ઐકપદ્ય–એક પદપણું અર્થાત્ પદો જુદાં જુદાં હોવા છતાં પરસ્પર અર્થની એવી સંગતિ હોય છે તેથી તેને અર્થની અપેક્ષાએ એક પદપણામાં જ લેખવામાં આવે છે, તેમ થવાથી સમાસ, નામધાતુ અને તદ્ધિતનાં રૂપોમાં એક નામ હોય કે વધારે જુદાં જુદાં નામો હોય તો પણ તેમનું ઉપર જણાવેલું એકપદપણું સચવાઇ રહેવાને લીધે સમાસ, નામધાતુ અને તદ્ધિતનાં એક નામ કે જુદાં જુદાં નામોને લાગેલી વચલી स्यादि વિભક્તિનો લોપ થઈ જાય છે.

સમાસ–चित्रा गावः यस्य सः=चित्रगुः–જેની પાસે કાબર-

ચીતરી ગાયેા છે તે. નામધાતુ-पुत्रम् इच्छति इति=पुत्रीयति-પુત્રની ઇચ્છા કરે છે. तद्धित-उपगोः अपत्यम्=ओपगवः-ઉપગુનેા પુત્ર

॥ २६ ॥ अनतो लुप् ३।२।६

अदन्तवर्जस्याव्ययीभावस्य स्यादेर्लुप् स्यात् अधिस्त्रि गृहकार्यम् ।

અવ્યયીભાવ સમાસવાળું જે નામ અકારાંત નથી તેને લાગેલી સ્યાદિ વિભક્તિઓનેા લેાપ થઈ જાય છે. લેાપ થયા છતાં વિભક્તિઓનેા અર્થ તેા કાયમ રહે છે.

ઉકારાંત નામ-वध्वाः समीपम्=उपवधु-વહુની પાસે, વહુની પાસેથી અને વહુની સમીપમાં વગેરે.

॥ २७ ॥ अमव्ययीभावस्यातोऽपञ्चम्याः ३।२।२

अदन्तस्याव्ययीभावस्य स्यादेरम् स्यात्, न तु पञ्चम्याः । उपकुम्भमस्ति, पश्य, देहि, देशः । उपकुम्भादानय ।

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી તમામ સ્યાદિ વિભક્તિઓને બદલે अम् બેાલવેા. આમાં ફક્ત પંચમી વિભક્તિ ન લેવી

उपकुम्भम् अस्ति–ઘડાની પાસે છે. उपकुम्भम् पश्य–ઘડાની બેડે જો. उपकुम्भम् देहि–ઘડાની પાસે આપ. उपकुम्भम् देशः–ઉપકુંભ નામનો દેશ છે. उपकुम्भादानय–ઘડાની પાસેથી લાવ–અહીં પંચમી વિભક્તિ હોવાથી આ નિયમ ન લાગે.

(A) "वा तृतीयायाः" ३।२।३ उपकुम्भं उपकुम्भेन कृतम् ।

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી ત્રીજી વિભક્તિનાં બધા વચનોને બદલે વિકલ્પે अम् થાય.

उपकुम्भ+आ=उपकुम्भ+अम्=उपकुम्भम्-ત્રીજી વિભક્તિના દ્વિવચન અને બહુવચનનો અર્થ પણ સમજી લેવો.

किं नः उपकुम्भम्, किं नः उपकुम्भेन–અમારે કુંભના સામીપ્ય વડે શું ?

(B) 'सप्तम्या वा" ३।२।४ । उपकुम्भं उपकुम्भे निधेहि । मद्राणां समृद्धिः समद्रम् । विगता ऋद्धिर्व्यृद्धिः । यवनानां व्यृद्धिर्दुर्यवनम् ॥ अर्थाभावो–धर्मिणोऽसत्त्वम् । मक्षिकाणामभावो निर्मक्षिकम् ॥ अत्ययोऽतीतत्वम् । वर्षाणामत्ययोऽतिवर्षम् । असम्प्रति इति वर्त्तमानकाले उपभोगाद्यभावः । कम्बलस्यासम्प्रति अतिकम्बलम् । रथस्य पश्चाद्अनुरथं याति । ज्येष्ठस्य

क्रमेणानुज्येष्ठं प्रविशन्तु । भद्रबाहोः ख्यातिः–इति-भद्रबाहु । अहो भद्रबाहु । चक्रेण युगपत् सचक्रं धेहि ।

અવ્યયીભાવ સમાસવાળા અકારાંત પદને લાગેલી સપ્તમી વિભક્તિનાં બધાં વચનોને બદલે અમ્ વિકલ્પે થાય છે.

उपकुम्भम्, उपकुम्भे वा निधेहि–કુંભની પાસે સ્થાપ–મૂક. मद्राणां समृद्धिः समद्रम्–ભદ્રદેશની સમૃદ્ધિ તે સમદ્રમ કહેવાય છે.

(C) अत्र 'अकालेऽव्ययीभावे" ३।२।१४६ इति सहस्य सः । व्रतेन सदृक् सव्रतम् । ब्रह्मणः सम्पत् सब्रह्म साधूनाम् । तृणैः सह सकलं सतृणं भुङ्क्ते । पिण्डेषणापर्यन्तमिति सपिण्डेषणमधीते । अत्र सर्वत्राऽव्ययार्थप्राधान्यमित्यादि प्राग्वत् ।

કાલવાચી ઉત્તરપદ ન હોય અને અવ્યયીભાવ સમાસ હોય તો સહ ને બદલે स વપરાય છે.

ब्रह्मणः संपत्-सह+ब्रह्म=सब्रह्म साधूनाम्–સાધુની સંપત્તિ–ધન–બ્રહ્મચર્ય છે.

॥ २८ ॥ योग्यता-वीप्सा-ऽर्थाऽनतिवृत्ति-सादृश्ये ३।१।४०

एतदर्थानामव्ययामानाव्ययीभावः स्यात् । रूपस्य योग्य-

मनुरूपम् । अर्थमर्थं प्रति प्रत्यर्थं समीक्ष्यते । शक्तिमनतिक्रम्य यथाशक्ति दत्ते । शीलस्य सादृश्यमिति सशीलमनयोः ।

યોગ્યતા, વીપ્સા–વારંવાર ક્રિયા કરવી, અર્થાનતિવૃત્તિ એટલે અર્થનું–વર્તમાન પરિસ્થિતિનું–ઉલ્લંઘન ન કરવું અને સાદૃશ્ય–સરખાઈ–એ અર્થનું સૂચક અવ્યય, બીજા નામ સાથે નિત્ય સમાસ પામે, તે અવ્યયીભાવ સમાસ કહેવાય, પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો.

अनु=योग्यता-रुपस्य योग्यता=अनुरुपम्–રૂપ પ્રમાણે ચેષ્ટા કરે છે. प्र=वीप्सा-अर्थम् अर्थं प्रति=प्रत्यर्थम्–દરેક પ્રદાર્થ પ્રતિ. यथा-अर्थानतिवृत्ति=शक्तिमनतिक्रम्य=यथाशक्ति – શક્તિ મુજબ. स–सादृश्य-सदृशं शीलम्=सशीलम् अनयोः–આ બન્નેનું શીલ સરખું છે.

॥ २९ ॥ यथाऽथा ३।१।४१

थाप्रत्ययरहितमव्युत्पन्नं यथेत्यव्ययं नाम्ना समस्यते । यथारूपं चेष्टते । अथेति किम् ? यथा चैत्रस्तथा मैत्रः ।

થા પ્રત્યય વગરનું યથા અવ્યય, પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો બીજા નામ સાથે નિત્ય સમાસ પામે, તે અવ્યયીભાવ સમાસ કહેવાય.

यथा–रुपेण अनुकूलम् इति–यथारुपम् चेष्टते–રૂપને અનુકૂળ

પ્રવૃત્તિ કરે છે–પોતાને ફાવે તેવી પ્રવૃત્તિ કરે છે. યથા चैत्रः तथा मैत्रः–જેવો ચૈત્ર તેવો મૈત્ર–અહીં યથા પદમાં થા પ્રત્યય છે તેથી સમાસ ન થયો.

॥ ३० ॥ यावदियत्त्वे ३।१।३१

इयत्त्वे गम्ये यावदिति समस्यते । यावन्त्यमत्राणि तावतः इति यावदमत्रं श्राद्धान् भोजय ।

यावत् એવું નામ, બીજા નામ સાથે સમાસ પામે, પૂર્વપદનો અર્થ પ્રધાનરૂપે હોય તો. આ સમાસ અવ્યયીભાવ કહેવાય. સમાસ પામેલા વાકય દ્વારા ઇયતા– 'અમુક પ્રમાણનું –અમુક માપવાળું' –એવો અર્થ જણાતો હોય તો.

यावन्ति अमत्राणि तावतः इति-यावदमत्रं श्राद्धान् भोजय– જેટલાં વાસણો છે તેટલાં શ્રાવકોને જમાડ અર્થાત્ અહીં જમનારા શ્રાવકોનું વાસણોની સંખ્યા જેટલું પ્રમાણ છે તેથી ઇયત્તા છે.

॥ ३१ ॥ पर्यपाङ्बहिरञ्च् पञ्चम्या ३।१।३२

पर्यादीनि पञ्च पञ्चम्यन्तेन समस्यन्ते । परि त्रिगर्तेभ्यः परित्रिगर्तम् । एवमपत्रिगर्तम् । बहिर्ग्रामम् । आग्रामम् । प्राग्रामं वृष्टो मेघः ।

परि अप आङ् बहिर् અને જેને છેડે અચ્ છે એવાં નામો

पंचम्यंत नाम साथे समास पामे. जे पूर्वपदनो अर्थ प्रधान होय तो. आ अव्ययीभाव समास कहेवाय.

परि त्रिगर्तेभ्यः=परित्रिगर्तम्–त्रिगर्त नामना देशनी आजुबाजु. अपत्रिगर्तेभ्यः=अपत्रिगर्तम्–त्रिगर्त देशथी नीचे. बहिः ग्रामात्=बहिर्ग्रामम्–गामथी बहार अमुक मर्यादा सुधी आ ग्रामात्=आ ग्रामम्–गाम सुधी प्राग् ग्रामात्=प्राग्ग्रामम् वृष्टो मेघः–गामथी पूर्वमां अमुक मर्यादा सुधी वरसादनी वृष्टि थई.

॥ ३२ ॥ लक्षणेनाभिप्रत्याभिमुख्ये ३।१।३३

आभिमुख्ये वर्त्तमानौ अभि–प्रती चिह्नवाचिना समस्येते । अभ्यग्नि प्रत्यग्नि शलभाः पतन्ति ।

आभिमुख्य– 'सामे' अर्थवाळा अभि अने प्रति शब्दो, लक्षण–चिह्न–सूचक नाम साथे समास पामे, जे पूर्वपदनो अर्थ प्रधान होय तो, आ समास अव्ययीभाव समास कहेवाय.

अभि अग्निम्–अभ्यग्नि शलभाः पतन्ति–अग्निनी सामे पतंगियां पडे छे. प्रति अग्निम्=प्रत्यग्नि शलभाः पतन्ति–अग्निनी सामे पतंगियां पडे छे.

अहीं आ बन्ने प्रयोगोमां अग्नि शब्द पतंगियां क्यां पडे छे ? तेना लक्षणनो–निशाननो सूचक छे.

(A) "दैर्घ्येऽनुः" ३।१।३४ । अनुगङ्गं काशी

જે દ્વારા 'લંબાઇ' અર્થની સૂચના જણાતી હોય તેવા નામ સાથે લંબાઈ અર્થના સૂચક અનુ નામનો સમાસ થાય, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો. તે અવ્યયીભાવ સમાસ કહેવાય.

गङ्गायाः अनु इति=अनुगङ्गं काशी=ગંગાની લંબાઈ પ્રમાણે કાશીનગરીની લંબાઈ છે એટલે કાશીનગરીમાં ગંગા જેટલી લાંબી છે તેટલી કાશીનગરી લાંબી છે.

(B) "समीपे" ३।१।३५ । अनुवनमशनिर्गता

જે નામ દ્વારા 'સમીપનું–પાસેનું' એવા અર્થનું સૂચન મળતું હોય તે નામની સાથે 'સમીપ' અર્થવાળું અનુ નામ સમાસ પામે, જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો. તે સમાસ અવ્યયીભાવ કહેવાય.

वनस्य अनु–अनुवनम् अशनिः गता–વનની પાસે ઉલ્કા (વિજળી) ખરી.

(C) "तिष्ठद्गुप्रभृतयः" ३।१।३६ । तिष्ठद्गु कालः ।

તિષ્ઠદ્ગુ વગરે શબ્દોનો અવ્યયીભાવ સમાસ સમજવો. એમાં કોઈ ઠેકાણે પૂર્વપદનો અર્થ મુખ્ય હોય છે અને કયાંય અન્ય અર્થ મુખ્ય હોય છે.

तिष्ठन्ति गावो यस्मिन् काले इति=तिष्ठद्गु कालः–જે સમયે ગાયો બેસી રહેતી હોય તે કાળ. અહીં काल રૂપ અન્ય અર્થ મુખ્ય છે.

॥ ३३ ॥ नित्यं प्रतिनाऽल्पे ३।१।३७

अल्पेऽर्थे वर्त्तमानेन प्रतिना नित्यं समस्यते, सोऽव्ययीभावः स्यात् । शाकस्याल्पत्वं शाकप्रति ।

કોઇપણ નામ 'અલ્પ' અર્થના સૂચક प्रति નામ સાથે સમાસ પામે, તે નિત્ય અવ્યયીભાવ કહેવાય.

शाकस्य अल्पत्वम्–शाकप्रति–થોડું શાક.

॥ ३४ ॥ पारेमध्येऽग्रेन्तः षष्ठ्या वा ३।१।३०

एषां चतुर्णां षष्ठ्यन्तेन सहाव्ययीभावो वा स्यात् । गङ्गायाः पारे–पारेगङ्गम् । मध्येगङ्गम् । अग्रेवणम् । अन्तर्गिरि । निपातनादेत्वम् । पक्षे गङ्गापारम् ।

पारे, मध्ये, अग्रे, अन्तः એ નામો, ષષ્ઠ્યંત નામ સાથે વિકલ્પે સમાસ પામે, અવ્યયીભાવ કહેવાય; જો પૂર્વપદનો અર્થ મુખ્ય હોય તો.

गङ्गायां पारम्=पारेगङ्गम्, गङ्गापारम्–ગંગાને સામે પાર. गङ्गायां मध्यम्=मध्येगङ्गम्, गङ्गामध्यम्–ગંગાની મધ્યમાં वनस्य

अग्रम्=अग्रवणम् वनाग्रम् –વનના અગ્રભાગમાં गिरेः अन्तः= अन्तर्गिरम्, गिर्यन्तः–ગિરિના–ગિરના–પ્રદેશની વચ્ચે.

॥ ३५ ॥ तत्रादायमिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः ३।१।२६

सप्तम्यन्तं 'मिथ आदायकृतम्' इत्यर्थे तृतीयान्तं च 'मिथः प्रहृत्यकृतम्' इत्यर्थे युद्धे वाच्ये सरूपेण नाम्नाऽव्ययीभावः स्यात्।

સપ્તમી વિભક્તિવાળું નામ, સપ્તમી વિભક્તિ વાળા તેવા જ બીજા સરખે સરખા નામ સાથે સમાસ પામે. એ બે નામોની વચ્ચે 'પરસ્પર ગ્રહણ કરીને' એવી ક્રિયાનો સંબંધ હોય તો. તથા તૃતીયા વિભક્તિવાળું નામ, તૃતીયા વિભક્તિવાળા તેવા જ બીજા સરખે સરખા નામ સાથે સમાસ પામે. તે બે નામો વચ્ચે 'પરસ્પર પ્રહાર કરીને' એવી ક્રિયાનો સંબંધ હોય તો. આ સ્થળે સમાસ પામનારાં બન્ને નામો અક્ષરની અપેક્ષાએ સર્વથા એકસરખાં હોવાં જોઈએ એમ સમજવાનું છે અને સમાસ થવાની શરત એ છે કે સમાસ પામતાં બન્ને નામોનો, સમાસ થયા પછી યુદ્ધરૂપ અર્થ જણાતો હોવો જોઈએ. આ સમાસોનું નામ અવ્યયીભાવ છે.

आदाय–केशेषु च केशेषु च मिथः आदाय परस्परं कृतं युद्धम्=केशाकेशि–એક બીજાના વાળોને ખેંચીને કરેલું યુદ્ધ. प्रहृत्य–

ण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य परस्परं कृतं युद्धम्=दण्डादण्डि= ડાએા અને દંડાએા વડે મારીને એક બીજા સાથે કરેલું યુદ્ધ

॥ ३६ ॥ इच् युद्धे ७।३।७४

युध्धे यः समासस्तस्मादिच् समासान्तः स्यात् ।

'युद्ध' અર્થમાં જે સમાસ કહે છે તેને इच् સમાસાંત ાાય છે. केशांश्च केशांश्च गृहीत्वा कृतं युद्धम्=केशाकेशि (केशाकेश+ इच्)– પરસ્પર એક બીજાના વાળાને ગ્રહણ કરીને–ખેંચીને– -કરેલું યુદ્ધ

॥ ३७ ॥ इच्यस्वरे दीर्घ आच्च ३।२।७२

इजन्तेऽस्वरादावुत्तरपदे पूर्वपरस्य दीर्घत्वमाच्च स्यात्ताम् । केशेषु केशेषु मिथो गृहीत्वा कृतं युद्धं केशाकेशि । मुष्टिभिर्मुष्टिभिर्मिथः प्रहृत्य कृतं युद्धं मुष्टीमुष्टि । मुष्टामुष्टि । अस्वर इतिकिम् । अस्यसि ।

અવ્યયીભાવ સમાસમાં આદિમાં સ્વરવાળું નહીં પણ આદિમાં વ્યંજનવાળું અને इच् પ્રત્યય લાગેલ હોય એવું ઉત્તરપદ હોય તો પૂર્વપદના इ નો દીર્ઘ ई બોલાય છે અને આ પણ બોલાય છે.

मुष्टिमिः मुष्टिमिः मिथः प्रहृत्य परस्परं कृतं युद्धम्–मुष्टि+

मुष्टि=मुष्टी+मुष्टि=मुष्टीमुष्टि तथा मुष्टि+मुष्टि=मुष्टा+ मुष्टि= मुष्टामुष्टि=मुठ्ठीओ मुठ्ठीओ કરેલું યુદ્ધ મુષ્ટાબાજી. અસ્યસિ=તરવારો તરવારો લઈ કરેલું યુદ્ધ. અહીં ઉત્તરપદનો અસિ શબ્દ સ્વરાદિ છે, વ્યંજનાદિ નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ३८ ॥ प्रतिपरेऽनोरव्ययीभावात् ७।३।८७

प्रति परस् अनु इत्येतत्पूर्वादक्ष्यन्तादव्ययीभावादत् स्यात् । प्रत्यक्षम् । परोक्षम् । अन्वक्षम् ।

प्रति, परस् અને अनु નામ સાથે અવ્યયીભાવ સમાસ પામેલા अक्षि શબ્દને अत् સમાસાંત થાય છે. अक्षिणीप्रति=प्रति+अक्ष+अ=प्रत्यक्षम्=પ્રત્યક્ષ/નજરોનજર. अक्ष्णोः परः=परस्+अक्षि+अ परोक्षम्=પરોક્ષ/નજરોનજર નહીં. अक्ष्णोः अनु=अनु+अक्षि+अ= अन्वक्षम्=આંખની પાછળ.

॥ ३९ ॥ अनः ७।३।८८

अन्नतादव्ययीभावादत् स्यात् ।

અવ્યયીભાવ સમાસ પામેલા अन् છેડાવાળા નામને अत् સમાસાંત થાય છે. तक्ष्णः समीपम्=उपतक्षन्+अ=उपतक्षम्=સુથારની પાસે.

॥ ४० ॥ नोऽपदस्य तद्धिते ७।४।६१

नकारान्तस्याऽपदस्य तद्धिते परेऽन्त्यस्वरादेर्लुक् । उपराजम् ।

પદ સજ્ઞા વગરના નકારાંત નામને તદ્ધિતનો પ્રત્યય લાગ્યો હોય ત્યારે તેના પૂર્વ ભાગ સહિતના અંત ભાગનો લોપ થઈ જાય છે.

उप+राजन्–राज्ञासमीपन्+अ=राज्ञासमीपम्=उपराजम्–રાજાની સમીપમાં રહેનાર.

मेघाविनः अपत्यम्=मेघाविन्+अण्=मेघावः=મેધાવીનો પુત્ર.

॥ ४१ ॥ 'नपुंसकाद्वा' ७।३।८९

इति वा अत् । उपचर्मम् उपचर्म ।

અવ્યયીભાવ સમાસ પામેલા નપુંસકલિંગી અનૂ છેડાવાળા નામને અત્ સમાસાંત વિકલ્પે થાય છે.

चर्मणा समीपम्=उपचर्मन्+अ=उपचर्मम् અથવા उपचर्म=ચામડાની પાસે.

॥ ४२ ॥ 'गिरि–नदी–पौर्णमास्याग्रहायण्यपञ्चम-वर्ग्याद्वा' ७।३।९०

गिरिनदी पौर्णमासी आग्रहायणी इत्येतदन्तात्, पञ्चम-

वर्ग्यवर्जवर्ग्यान्ताच्च अद्वा ।

अन्तर्गिरम् । अन्तर्गिरि । उपसमिधम् उपसमित् ।

गिरि, नदी, पौर्णमासी, आग्रहायणी शब्दो જે નામને છેડે છે એવાં અવ્યયીભાવ સમાસવાળા નામને તથા ङ्, ञ, ण्, न, म्, ને છોડીને વર્ગનો કોઇપણ વર્ણ જે નામને છેડે છે એવા અવ્યયીભાવ સમાસ પામેલા નામને अत् સમાસાંત વિકલ્પે થાય છે.

गिरेः अन्तः=अन्तःर्गिरि+अ=अन्तर्गिरिम् અથવા અન્તર્ગિરિ= પર્વતની અંદર समिधः+समीपम्=उपसमिध्+अ=उपसमिधम् અને उपसमित्=વિશેષ પ્રકારના યજ્ઞપાત્રની પાસે બાજીના ઉદાહરણો અન્યથી સાધો લેવા.

॥ ४३ ॥ सङ्ख्या समाहारे ३।१।२८

संख्यावाचकं नदीवाचकैः समस्यते, समाहारे गम्ये।

આ સૂત્રમાં અને પછીના સૂત્રોમાં 'બહારનું' પદ પ્રધાન હોય' એવો અર્થ સમજવાનો નથી.

સંખ્યાવાચી નામ, નદીવાચી નામ સાથે સમાહારનો અર્થ જણાતો હોય તો સમાસ પામે, એ સમાસને અવ્યયીભાવ સમાસ કહે છે. સમાહાર એટલે મેલાપ.

द्वयोः यमुनयोः समाहारः=द्वियमुनम्=જ્યાં બે યમુનાઓ ભેગી થતી હોય તે સ્થળ. पञ्चानां नदीनां समाहारः=पञ्चानदम्જ્યાં પાંચ

નદીઓ લેગી થાય તે સ્થળ પંજાબ.

(A) "सङ्ख्याया नदीगोदावरीभ्यायाम्" ७।३।९१ अत् स्यात्। पञ्चनदम्। द्विगोदावरम्।

સંખ્યાવાચક નામ પછી આવેલા અને અવ્યયીભાવ સમાસ પામેલા નદી અને ગોદાવરી શબ્દને अत् સમાસાંત થાય છે.

पञ्च नदःपञ्चनदी+अ==पञ्चनदम्-પાંચ નદીઓ. द्वे गोदावर्यौ =द्विगोदावरी+अ= द्विगोदावरम्-બે ગોદાવરીઓ.

(B) "शरदादेः" ७।३।९२। प्रतिशरदम्।

અવ્યયીભાવ સમાસને છેડે આવેલા शरद् વગેરે શબ્દોને अत् સમાસાંત થાય છે.

शरदं+नू+प्रति=प्रतिशरदम्-દરેક શરદ ઋતુમાં.

(C) "जराया जरस् च" ७।३।९३। उपजरसम्।

અવ્યયીભાવ સમાસને છેડે આવેલા जरा શબ્દને अत् સમાસાંત થાય છે. અને जरा નો जरस् થાય છે.

जरायाः समीपम्=उपजरा+अ=उपजरस्+अ=उपजरसम्-વૃદ્ધાવસ્થાની પાસે.

(D) "सरजसोपशुनाऽनुगवम्" ७।३।९४। एतेऽदन्ता अव्ययीभावा निपात्याः। सरजसम्, उपशुनम्, अनुगवम्। इत्यव्ययीभावः।

અવ્યયીભાવ સમાસ પામેલા સરજસ, ઉપશુન અને અનુગવ શબ્દોને અત્ સમાસાંત થયેલ છે.

રજસા સહિત-સરજસ્+અ-સરજસં ભુક્તે-રજ-ધૂળ વાળું ખાય છે. શુનઃ સમીપમ્-ઉપશુન્+અ-ઉપશુનમ્ આસ્તે-કુતરાની સમીપે બેસે છે. ગોઃ પશ્ચાત્-અનુગવ્+અ-અનુગવમ્ અનઃ-બળદની પાછળ ગાડું અથવા ગાડાનું પૈડું.

अथ तत्पुरुष निरुपयति—

॥ ४४ ॥ प्रा-ऽत्यव-परि-निरादयो गत-क्रान्त-क्रुष्ट-ग्लान-क्लान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः ३।१।४७

प्रादयो गताद्यर्थाः प्रथमान्तैः, अत्यादयः क्रान्ताद्यर्था द्वितीयान्तैः, अवादयः क्रुष्टाद्यर्थास्तृतीयान्तैः, पर्यादयो ग्लानाद्यर्थाश्चतुर्थ्यन्तैः, निरादयः, क्लान्ताद्यर्थाः पञ्चम्यन्तैः, नित्यं समस्यन्ते, स तत्पुरुषः । प्रगतः प्रकृष्टो वा आचार्यः प्राचार्यः । गौणस्य ङ्यावन्तस्यान्तस्थस्य ह्रस्वः—अतिक्रान्तः खट्वामतिखट्वः । अवक्रुष्टः कोकिलयाऽवकोकिलः । परिग्लानोऽध्ययनाय पर्यध्ययनः । निर्गतः कौशाम्ब्याः निष्कौशाम्बिः ।

'गत' વગેરે અર્થવાળા પ્ર વગેરે નામો, પ્રથમાંત નામ સાથે 'ક્રાંત' વગેરે અર્થવાળા અતિ વગેરે નામો, દ્વિતીયાંત નામ સાથે, 'ક્રુષ્ટ' વગેરે અર્થવાળા અવ વગેરે નામો, તૃતીયાંત નામ સાથે 'ગ્લાન'

વગેરે અર્થવાળા પરિ વગેરે નામો, ચતુર્થ્યંત નામ સાથે અને ક્રાન્ત વગેરે અર્થવાળા નિર્ વગેરે નામો, પંચમ્યન્ત નામ સાથે નિત્ય સમાસ પામે, તે તત્પુરુષ કહેવાય

प्रादि–प्रगतः आचार्यः–प्राचार्यः–ઉત્તમ આચાર્ય. प्रादि–संगतः अर्थः–समर्थः–સંગત અર્થ. अत्यादि–खट्वाम् अतिक्रान्तः=अतिखट्वः–ખાટ કરતાં વધારે જાડ. अत्यादि–वेलाम् उद्धतः–उद्वेलः–જેમાં પાણીની ખૂબ વેળ આવે છે તે સમુદ્ર. अवादि–क्रुष्टः कोकिलेन–अवकोकिलः–કોકિલ વડે શબ્દવાળો થયેલો. अवादि–परिगतः वीरुता–परिवीरुत्–વેલ વડે ચારે બાજુએ વીંટાએલો. पर्यादि–ग्लानः अध्ययनाय–पर्यध्ययनः–અધ્યયન માટે થાકેલો–અધ્યયન માટે હોંશ વગરનો. पर्यादि–उत्सुकः संग्रामाय–उत्सङ्ग्रामः–સંગ્રામ માટે ઉત્સુક. निरादि–निर्गतः कौशाम्ब्या–निष्कौशाम्बिः–કૌંશાંબીથી નીકળેલો. निरादि–उपगतः शाखायाः–उपशाखः શાખાથી–ડાળથી–પડી ગયેલો.

(A) "अव्ययं प्रवृद्धादिभिः" ३।१।४८। समस्यते। पुनः-प्रवृद्धं बर्हिः, पुनरुक्तं वचः इत्यादि।

કોઇ પણ અવ્યય, પ્રવૃદ્ધ વગેરે નામો સાથે નિત્ય સમાસ પામે અને તે તત્પુરુષ કહેવાય.

अतिशयेन प्रवृद्धम्–पुनः प्रवृद्धम्–ફરીથી વધારે વધેલો યજ્ઞ. पुनः प्रवृद्धं बर्हिः–ફરીથી વધારે વધેલો યજ્ઞ. पुनरुक्तं वचः–ફરીથી બોલાયેલ વચન.

॥ ४५ ॥ ङस्युक्तं कृता ३।१।४९

कृत्प्रत्ययविधायकसूत्रे ङस्यन्तनाम्नोक्तं कृदन्तेन नाम्ना नित्यं समस्यते । कुम्भं करोतीति कुम्भकारः ।

કૃદંતના પ્રત્યયોના વિધાનના પ્રકરણમાં જે નામ પંચમી વડે નિર્દેશાયેલું હોય એટલે 'પંચમ્યંત નામથી પછી આવેલ ધાતુને અમુક પ્રત્યય થાય' એ રીતે જે નામને પંચમ્યંત પદથી સૂચવેલ હોય તે નામ, જેને કૃત્ પ્રત્યય લાગેલો છે. તેવા નામ સાથે નિત્ય સમાસ પામે, અને તે તત્પુરુષ સમાસ કહેવાય.

कुम्भं करोति इति-कुम्भकारः-કુંભકાર.

(A) "कर्मणोऽण्" ५।१।७२ इत्यण् । "गति कारक-ङस्युक्तानां कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः" ।

'કર્મકારક' સૂચક શબ્દ પછી આવેલા ધાતુને અ (अण्) પ્રત્યય લાગે છે.

कुम्भं करोति इति-कुम्भ+कृ+अण्-कुम्भकारः-કુંભકાર.

इत्यण्

(B) "तृतीयोक्तं नवा" ३।१।५० मूलकेनोपदंशंमूलकोदंशं भुङ्क्ते । पार्श्वयोः पार्श्वाभ्यां वोपपीडं-पार्श्वोपपीडं शेते । यथायोगं द्वितीयाद्यन्तं नाम प्रथमान्तेन समस्यते, स द्वितीयादितत्पुरुष इति वक्तव्यम् । धर्म-

प्राप्तः । आत्मकृतम् । यूपदारु, गोहितम् । वृकभयम् । राजपुरुषः । पानशौण्डः ।

કૃદંતના પ્રત્યયોના વિધાનના પ્રકરણમાં જે નામ તૃતીયા વડે નિર્દેશાયેલું હોય એટલે 'तृतीयांत नामनो योग होय तो धातुने अमुक प्रत्यय थाय' એ રીતે જે નામનો તૃતીયા વિભક્તિ દ્વારા નિર્દેશ થયેલ હોય તે નામ, તેના સંયોગથી તૈયાર થયેલા કૃદંતનામની સાથે વિકલ્પે સમાસ પામે અને તે તત્પુરુષ સમાસ કહેવાય

मूलकेन उपदंशं भुङक्ते-मूलकोपदंशं भुङक्ते-મૂળા વડે કરડીને ખાય છે. पार्श्वाभ्याम् उपपीडम् पार्श्वयोः वा उपपीडम् पार्श्वोपपीडम् शेते-પડખાંઓ વડે દાબીને વા પડખાંઓમાં દાબીને સૂએ છે.

(C) "सिंहाद्यैः पूजायाम्" ३।१।८९ । सप्तम्यन्त समस्यते । समरसिंहः, भूमिवासवः ।

પૂજા–આદર–અર્થ જણાતો હોય તો સપ્તમ્યંત નામ, सिंह આદિ શબ્દો સાથે સમાસ પામે, તે સપ્તમી તત્પુરુષ સમાસ કહેવાય.

समरे सिंह-समरसिंह-યુદ્ધમાં સિંહ જેવો. भूमौ वासवः–भूमिवासवः-પૃથ્વીમાં ઇન્દ્ર જેવો.

(D) "काकाद्यैः क्षेपे" ३।१।९० । तीर्थकाकः, तीर्थश्वा इत्यादि ।

નિંદા અર્થ જણાતો હોય તો સપ્તમ્યંત નામ કાક આદિ શબ્દો સાથે સમાસ પામે, તે સપ્તમીતત્પુરુષ સમાસ કહેવાય.

તીર્થે કાકઃ-તીર્થકાકઃ-તીર્થમાં કાગડા જેવો-લાલચુ તીર્થે શ્વા-તીર્થશ્વા-તીર્થમાં કૂતરા જેવો.

॥ ४६ ॥ तदर्थार्थेन ३।१।७२

चतुर्थ्यर्थेनार्थशब्देन चतुर्थ्यन्तं समस्यते। पुजार्था स्रग्।

ચતુર્થી વિભક્તિવાળું કોઇ પણ નામ, અર્થ શબ્દ સાથે સમાસ પામે, જો અર્થ શબ્દનો અર્થ 'માટે' હોય તો. તે ચતુર્થી તત્પુરુષ સમાસ કહેવાય.

પૂજાયૈ+અર્થા-પૂજાર્થા સ્રગ્-પૂજાને માટે માળા છે.

(A) "परः शतादिः" ३।१।७५। **पञ्चमीतत्पुरुषाः।**

परः શત વગેરે શબ્દોમાં પંચમી તત્પુરુષ સમાસ થયેલ છે.

शतात् परे-परः शताः-સોથી વધારે. सहस्रात् परे-परः सहस्राः-હજારથી વધારે.

(B) "सर्वपश्चादादयः।" ३।१।८०।

सर्व+पश्चात्-सर्वपश्चात्, सर्वपश्चात् વગેરે શબ્દોને ષષ્ઠી-તત્પુરુષ સમાસવાળા સમજવા.

(C) षष्ठीतत्पुरुषाः (पात्रे समितेत्यादयश्च) ३।१।९१ सप्तमीतत्पुरुषाः निपात्याः । (यत्नजषष्ठ्यन्तं न समस्यते) सर्पिषो नायितम् ।

નિંદા અર્થ જણાતો હોય તો પાત્રેસમિત આદિ શબ્દોને સપ્તમી તત્પુરુષ સમાસવાળા સમજવા.

પાત્રેસમિતાઃ=બીજા કોઈ વખતે નહિ પણ ખાવાના સમયે ભોજન માટે પાત્ર લઇને ભેગા થનારા પેટભરૂ લોકો.

(D) षष्ठ्ययत्नाच्छेषे ३।१।७६

શેષે ૨/૨/૮૧ સૂત્રથી જે નામને ષષ્ઠી લાગેલી છે તે નામ, બીજા નામ સાથે-બન્ને નામો વચ્ચે પરસ્પર અર્થની સંગતતા હોય તો-સમાસ પામે, તે ષષ્ઠી તત્પુરુષ સમાસ કહેવાય.

અહીં જે નામ ષષ્ઠીવાળું છે તેથી ષષ્ઠી. 'નાથઃ' ૨/૨/૧૦ સૂત્રથી લઇને ૨/૨/૧૭ સૂત્ર સુધીનાં સૂત્રો દ્વારા થયેલી ન હોય એટલે શેષની ષષ્ઠી કરવા માટે કોઇ જાતનો જુદો ખાસ પ્રયત્ન થયેલો ન હોય એવી ષષ્ઠી હોવી જોઇએ.

सर्पिषो नायितम् – ઘીનું માંગવું. આ પ્રયોગમાં नाथः ૨/૨/૧૦ થી સૂત્રથી કર્મસંજ્ઞા વિકલ્પે કરી છે તેથી શેષ ષષ્ઠી માટે યત્ન કરવામાં આવ્યો છે. માટે સમાસ ન થાય.

॥ ४७ ॥ न कर्त्तरि ३।१।८२

कर्तृजषष्ठ्यन्तमकान्तेन न समस्यते । तव शायिका ।

જે નામને કર્તાના અર્થમાં ષષ્ઠી લાગેલી હોય એવું ષષ્ઠી વિભક્તિવાળું નામ, अक प्रत्ययवाળા નામ સાથે સમાસ ન પામે.

तव शायिका–તારો સુવાનો વારો.

॥ ४८ ॥ कर्मजा तृचा च ३।१।८३

कर्मजषष्ठ्यन्तमकान्तेन तृजन्तेन च न समस्यते । भक्तस्य भोजकः । अपां स्रष्टा ।

જે નામને છેડે કર્મ અર્થમાં ષષ્ઠી થયેલી હોય એવું ષષ્ઠ્યંત નામ કર્તા–અર્થમાં આવેલા अक प्रत्ययवाળા નામ અને અને तृ (तृच) પ્રત્યયવાળા નામ સાથે સમાસ ન પામે.

भक्तस्य भोजकः–ભાતને ખાનારો. अपां स्रष्टा–પાણીને બનાવનારો.

(A) "तृतीयायाम्" ३।१।८४ कर्तरि । आश्चर्यो गवां दोहः अगोपेन ।

જ્યારે કર્તા તૃતીયામાં હોય ત્યારે કર્મ અર્થમાં લાગેલી ષષ્ઠી વિભક્તિવાળું નામ સમાસ ન પામે.

आश्चर्यो गवां दोहः अगोपेन–ગોવાળ વિના–ગોવાળ સિવાય–ગાયો દોહવાઈ, એ આશ્ચર્ય છે.

॥ ४९ ॥ तृप्तार्थपूर्णाव्ययातृशशत्रानशा ३।१।८५

तृप्तार्थैः पूरणप्रत्ययान्तैरव्ययैरतृशन्तैः शत्रन्तैरानशन्तैश्च–सह षष्ठ्यन्तं न समस्यते । फलानां तृप्तः । तीर्थकृतां षोडशः शान्तिनाथः । राज्ञः साक्षात् । रामस्य द्विषन् । चैत्रस्य पचन् । मैत्रस्य पचमानः ।

ષષ્ઠ્યંત નામ, તૃપ્ત અર્થવાળા શબ્દો સાથે સમાસ ન પામે, ષષ્ઠ્યંત નામ, પૂરણ પ્રત્યયવાળા (પંચમ, ષષ્ઠ, સપ્તમ, ષોડશ વગેરે) શબ્દો સાથે સમાસ ન પામે. ષષ્ઠ્યંત નામ અવ્યય સાથે સમાસ ન પામે. ષષ્ઠ્યંત નામ અત્ (અતૃશ્ તથા શતૃ) અને આન (આનશ્) પ્રત્યયવાળા શબ્દો સાથે સમાસ ન પામે.

તૃપ્તાર્થ૪-તૃપ્ત ફલાનાં તૃપ્તઃ–ફળોથી ધરાઈ ગયેલો. પૂર્ણ–સક્તૂનાં પૂર્ણઃ–સક્તુથી ભરેલો. પૂરણ પ્રત્યય–તીર્થકૃતાં ષોડશઃ શાન્તિનાથઃ–તીર્થ૪રોમાં સોળમાં શ્રી શાંતિનાથ નામના તીર્થ૪૨. અવ્યય–રાજ્ઞઃ સાક્ષાત્–રાજાની સામે. અતૃશ્–રામસ્ય દ્વિષન્–રામનો શત્રુ. શતૃ–ચૈત્રસ્ય પચન્–ચૈત્રનો રાંધનારો–રસોઇયો આનશ્–મૈત્રસ્ય પચમાનઃ–મૈત્રનો રસોઇયો.

(A) "ज्ञानेच्छार्चार्थाधारक्तेन" (३।१।८६) । राज्ञां ज्ञातः इष्टः पूजितः । इदमेषां यातम् ।

'જ્ઞાન' અર્થમાં આવેલા ક્ત પ્રત્યયવાળાં નામ 'ઇચ્છા'

અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ, અર્ચા-પૂજા-અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ અને આધાર અર્થમાં આવેલાં क्त પ્રત્યયવાળાં નામ-આ બધાં નામોની સાથે ષષ્ઠ્યંત નામનો સમાસ ન થાય.

જ્ઞાનાર્થક-राज्ञां ज्ञातः-રાજાએ જાણેલો. ઈચ્છાર્થક-राज्ञाम् इष्टः-રાજાને ઈષ્ટ. અર્ચાર્થક-राज्ञां पूजितः-રાજાનો પૂજેલો. આધારાર્થક-इदमेषां यातम्-અહીં-આ સ્થળે-એમનું ગમન.

(B) "अस्वस्थगुणैः" ३।१।८७। पटस्य शुक्लः। काकस्य काष्ण्यम्।

જે શબ્દો માત્ર ગુણવાચક જ હોય પણ ગુણિના વાચક ન હોય તે 'સ્વસ્થ ગુણવાચક' શબ્દો કહેવાય પણ જે શબ્દો ગુણ અને ગુણી બંનેના સૂચક હોય તે 'અસ્વસ્થ ગુણ વાચક' કહેવાય આ જાતના ગુણવાચી નામ સાથે ષષ્ઠ્યંત નામનો સમાસ ન થાય.

पटस्य शुक्लः-પટની શુકલતાનો ગુણ. પટનું ધોળાપણું. काकस्य काष्ण्यम्-કાગડાનું અત્યંત કાળા પણું છે.

॥ ૫૦ ॥ नञ् ३।१।५१

नञ् नाम्ना सह समस्यते, स तत्पुरुषः।

द्वौ नञौ प्रकृतौ लोके पर्युदासप्रसज्यकौ।
पर्युदासः सदृग्ग्राही प्रसज्यस्तु निषेधकृत् ॥ १ ॥

तधन्यतद्विरुद्धादयो नञोऽर्थाः ।

નિષેધવાચક ન (नञ्) નામ, બીજા નામ સાથે સમાસ પામે, તે સમાસનું નામ તત્પુરુષ–નञ્ તત્પુરુષ છે પર્યુદાસ नञ्–न गौः अगौः–ગાય નથી અર્થાત્ ગાય સિવાય બીજું કોઈ પશુ છે. પર્યુદાસ નञ્ ચાર પ્રકારના નિષેધનો સૂચક છે. (૧) જેનો નિષેધ હોય તેની સરખા બીજા પદાર્થની હયાતીનું સૂચન–अब्राह्मणः-બ્રાહ્મણ નથી પણ તેની સરખો મનુષ્ય ક્ષત્રિય વગેરે છે. (૨) જેનો નિષેધ હોય તેના વિરોધીનું સૂચન–असितः-ધોળો નથી પણ કાળો છે. (૩) જેનો નિષેધ હોય તેથી જૂદાનું સૂચન–अनग्निः–અગ્નિ નથી પણ અગ્નિથી ભિન્ન પદાર્થ. (૪) જેનો નિષેધ હોય તેના તદ્દન અભાવનું સૂચન–अवचनम्–વચનનો અભાવ–મૌન. પ્રસજ્ય નञ્ માત્ર અભાવને સૂચવે છે. નञ્ સમાસમાં ઉત્તર પદનો અર્થ પ્રધાન હોય છે.

(A) "नञत्" ३।२।१२५ । असाधुः ।

ઉત્તર પદ હોય તો નञ્ નો અ થાય છે. नास्ति साधुः यस्मिन इति–न+साधुः-अ+साधुः–असाधुः–જ્યાં સાધુ નથી.

(B) "त्यादौ क्षेपे" ३।२।१२६ । नञः अः स्यात् । अपचसि त्वं जाल्म ।

નञ્ પછી કોઈ પણ ક્રિયાપદ આવે અને નિંદા જણાતી હોય તો નञ્ નો અ કરવો. न+पचसि-अ+पचसि-अपचसि त्वं जाल्म !–હે જાલિમ ! તું રાંધતો નથી ?

॥ ५१ ॥ अन् स्वरे ३।२।१२९

स्वरादौ परे नञोऽन् स्यात्। अनार्यः। नख-नास-त्यादयो निपात्याः।

જો આદિમાં સ્વરવાળું ઉત્તરપદ હોય તો નञ્ નો अन् થાય છે. न आर्यः इति=अनार्यः–જે આર્ય નથી અર્થાત્ અનાર્ય છે.

(A) अत्र 'नखादयः' ३।२।१२८ इसि सूत्रं ज्ञेयम्।

નख વગેરે શબ્દોમાં નञ્ નો अ થતો નથી.

न असत्यः इति=नासत्यः–જે असत्य નથી અર્થાત્ સત્ય છે–સાચો માણસ. नास्ति खम् अस्य=न+ख=नखः–જેને જરા પણ ખ–પોલાણ નથી–નખ.

॥ ५२ ॥ दुर्निन्दाकृच्छ्रे ३।१।४३

निंदाकृच्छ्रवृत्ति दुर् इत्यव्ययम् नाम्ना समस्यते। दुर्जनः, दुष्कृतम्।

નિંદા અર્થવાળું અને કૃચ્છ્ર–કષ્ટ–અર્થવાળું दुर् અવ્યય, બીજા નામ સાથે નિત્ય સમાસ પામે, તે તત્પુરુષ કહેવાય. निन्दितः जनः=दुर्जनः–ખરાબ પુરુષ અથવા નિંદનીય પુરુષ. कृच्छ्रेण कृतम्=दुष्कृतम्–કષ્ટ વડે કરેલું.

(A) "सुः पुजायाम्" ३।१।४४ । सुजनः ।

પૂજા–સારા–અર્થવાળું સુ અવ્યય, બીજા નામ સાથે નિત્ય સમાસ પામે, તે તત્પુરુષ કહેવાય.

પ્રશસ્તો જનઃ=સુજનઃ–સારો માણસ.

॥ ૫૩ ॥ अतिरतिक्रमे च ३।१।४५

अतिरतिक्रमे पूजायां च समस्यते । अतिस्तुत्य । अतिराजा ।

અતિક્રમ–હદથી વધારે–અર્થવાળું અને પૂજા અર્થવાળું અતિ અવ્યય. બીજા નામ સાથે નિત્યસમાસ પામે–તે તત્પુરુષ સમાસ કહેવાય.

अतिक्रमेण स्तुतिं कृत्वा=अतिस्तुत्य–ઘણી–હદબહાર–સ્તુતિ કરીને. पूजितो राजा=अतिराजा–સારો રાજા.

(A) "आङल्पे" ३।१।४६ । आकडारः ।

અલ્પ અર્થવાળું આ (આઙ્) અવ્યય, બીજા નામ સાથે નિત્યસમાસ પામે, તે તત્પુરુષ કહેવાય.

ईषत् कडारः=आकडारः–થોડો પીળો.

(B) "पुर्वापराधरोत्तरमभिन्नेनांशिना" ३।१।५२ । समस्यते । पुर्वकायः ।

અંશ–અવયવ સૂચક પૂર્વ, અપર અધર અનેઉત્તર શબ્દો, તેનાથી અભિન્ન અંશીસૂચક–અવયવીસૂચક–નામ સાથે સમાસ પાસે અને તે તત્પુરુષ સમાસ કહેવાય. આ વિધાનમાં અંશ–અવયવ –અને અંશી–અવયવી–અભિન્ન જુદા જુદા પડી ન શકે –એવા હોવા જોઇએ તો જ સમાસ થાય.

सम्यक्प्रकारेण समस्यन्ते–સારી રીતે જેના ટુકડા કરી શકાય તે. कायस्य पूर्वः= पूर्वकायः=શરીરનો પૂર્વભાગ. अपरकायः–શરીરનો પાછલો ભાગ, अधरकायः–શરીરનો નીચેનો ભાગ. उत्तरकायः-શરીરનો ઉપલો ભાગ, અથવા ઉત્તમ ભાગ.

(C) **'समेंऽशेऽर्धं न वा"** ३।१।५४ । **अर्धपिप्पली पिप्पल्यर्धम्** ।

બરાબર સરખું અડધું–જરાયે વધુ કે ઓછું નહિ–એવા સરખા અંશનો–ભાગનો–સૂચક अर्द्ध શબ્દ. અંથી સૂચક નામ સાથે વિકલ્પે સમાસ પામે અને તે તત્પુરુષ સમાસ કહેવાય.

पिप्पल्याः अर्द्धम्= अर्धपिप्पली, पिप्पल्यर्द्धम्–એક પિપરી–મૂળના ગંઠોડાનો બરાબર અર્ધો ભાગ.

(D) **"जरत्यादिभिः"** ३।१।५५ । **अर्धो वा समस्यते। अर्धजरती जरत्यर्द्धः** ।

અર્ધ શબ્દ, તેનાથી અભિન્ન અંશીવાચક જરતી વગેરે શબ્દો સાથે વિકલ્પે સમાસ પામે અને તેને અંશી તત્પુરુષ

સમાસ કહેવાય. અર્ધોવા સમસ્યતે इति અર્ધજરતી અથવા અર્ધમ્ જરત્યા અર્ધજરતી જરત્યર્દ્ધમ્–જરતીનો અર્ધ ભાગ. વૃદ્ધાવસ્થાનો અર્ધ ભાગ.

(E) 'सायाह्नादयः ।' ३।१।५३ । साधवः ।

सायाह्न વગેરે શબ્દો અંશઅંશિના સમાસથી સાધિત થાય છે. તે સમાસનું નામ અંશી તત્પુરૂષ છે.

सायह्न અને अहन् આ પ્રયોગો સિદ્ધ છે.

॥ ५४ ॥ गतिकन्यस्तपुरुषः ३।१।४२

गतिसंज्ञाः कु इत्यव्ययं च नाम्ना समस्यते, स च समासो न्यो बहुव्रीह्यादिलक्षणरहितस्तत्पुरुषः स्यात् । उरीकृत्य । प्रणम्य । कुत्सितो ब्राह्मणः–कुब्राह्मणः । नित्यसमासोऽयम् । अविग्रहोऽस्वपदविग्रहश्च नित्यसमासः स्यात् ।

ગતિ સંજ્ઞાવાળાં નામ અને કુ એવું નામ, બીજાં નામ સાથે સમાસ પામે, તે ઉપર કહેલા સમાસથી અન્ય સમાસ કહેવાય એટલે તત્પુરૂષ કહેવાય પણ બહુવ્રીહિ કે અવ્યયીભાવ ન કહેવાય.

ગતિસંજ્ઞક–ઊરી કૃત્વા इति=ઉરીકૃત્ય–સ્વીકાર કરીને=અહીં ઊરી અને કૃત્વા નો સમાસ છે. પ્રણામં કૃત્વા इति=પ્રણમ્ય–નમસ્કાર

કરીને. કુ-કુ એટલે પાપ અથવા ઓછું– कुत्सितो ब्राह्मणः=कु ब्राह्मणः–ખરાબ બ્રાહ્મણ.

(A) **'केाः कत्तत्पुरुषे' ३।२।१३०। स्वरादौ परे। कदन्नम्।**

જો આદિમાં સ્વરવાળું ઉત્તરપદ હેત તો કુ શબ્દને બદલે તત્પુરૂષ સમાસમાં कद् રૂપ વપરાય છે.

कुत्सितं अन्नम्=कदन्नम्–બગડી ગયેલું અનાજ.

(B) **'रथवदे' ३।२।१३१। केाः कत्। कद्रथः कद्वदः।**

બહુવ્રીહિ કે તત્પુરૂષ સમાસ હોય તથા રથ અને વદ નામો ઉત્તરપદમાં હોય તો કુ ને બદલે कत् રૂપ વપરાય છે.

कुत्सितोरथः=कु+रथः= कत्+रथः= कद्रथः–ખરાબ રથ. कुत्सितोवदः=कु+वदः=कत्+वदः=कद्वदः–ખરાબ બોલનારો–કોદ્વિયો.

॥ ५५ ॥ काऽक्षपथोः ३।२।१३४

अनयोः परयोः केाः का स्यात्। काऽक्षः। कापथम्।

અક્ષ (અકારાંત અક્ષિ અને અક્ષ માંથી બનેલો અક્ષ એ બન્ને સમજવા) અને પથ શબ્દ ઉત્તરપદમાં હેત તો કુને બદલે તથા અક પ્રત્યયવાળા કુ ને એટલે ककु ન બદલે का રૂપ વપરાય છે.

कुत्सितः अक्षः=कु+अक्ष =का+अक्षः=काक्षः–ખરાબ પાસો.

कुत्सितः पन्थाः=कु+पथम्=का+प्रथम्=कापथम् ખરાબ રસ્તો.

(A) 'पुरुषे वा' ३।२।१३५ । कापुरुषः कुपुरुषः ।

પુરૂષ શબ્દ ઉત્તરપદમાં હોય તો કુ ને બદલે का રૂપ વિકલ્પે વપરાય છે.

कुत्सितःपुरुषः–कु+पुरुषः=का+पुरुषः= कापुरुषः, कुपुरुषः– કાયર–ખરાબ પુરૂષ.

॥ ५६ ॥ अल्पे ३।२।१३६

ईषदर्थस्य कोः का स्यात् । काऽच्छम् ।

જો ઉત્તરપદ હોય તો 'અલ્પ' અર્થવાળા પૂર્વપદ રૂપ કુ શબ્દનો का થાય છે. अल्पम् अच्छम्=कु+अच्छम्=का+ अच्छम्=काऽच्छम्–થોડું અચ્છું-સારું.

॥ ५७ ॥ का–कवौ वोष्णे ३।२।१३७

ईषदर्थस्य कोरुष्णे परे का–कवौ वा स्याताम् । कोष्णम् । कवोष्णम् । कदुष्णम् ।

उष्ण શબ્દ ઉત્તરપદમાં હોય તો 'અલ્પ' અર્થવાળા કે 'કુત્સિત' અર્થવાળા કુ ને બદલે का અને कव એવા બે રૂપો વિકલ્પે વપરાય છે.

अल्पम् उष्णम्–कु+उष्णम्–का+ उष्णम्–कोष्णम्, कव+उष्णम्–कवोष्णम्–थोडुं गरम अथवा खराब गरम कद्+उष्णम्–कदुष्णम्–अल्प उष्णु अथवा खराब गरम. अहीं त्रीजा कदुष्णम्–प्रयोगमां तत्पुरुष समास छे. जुओ–३/२/१३०.

॥ ५८ ॥ मयूरव्यंसकेत्यादयः ३।१।११६

एते तत्पुरुषाः समासा निपात्यन्ते । मयूरव्यंसकः । एहीडं वर्त्तते । अश्नीतपिबता क्रिया । एहिरेयाहिरा । कुरुकटो वक्ता । गतप्रत्यागतम् । शाकपार्थिवः । त्रिभागः ।

समासे यथायोगं लुग्दीर्घह्रस्वादिकं वाच्यम् । मांस्पाकः मांसपाकः ।

उदकादेरुदादिर्यथायोगम् । उदधिः । उदकुम्भः । उदक-कुम्भः उदबिन्दुः उदकबिन्दुः । लवणोदः । द्वीपम् । अनूपः ।

५२स्५२ संगतार्थक मयूरव्यंसक वगेरे शब्दोने तत्पुरुष समासवाळा समजवाना छे.

व्यंसकः मयूरः– मयूरव्यंसकः–शिक्षा पामेलो अने बीजा भोराने ठगनारो भोरलुच्चो माणस.

एहि इडे । एहीडंकर्म– 'हे इडे । अहीं आव' एवुं जे काममां बोलाय ते एहीड कर्म कहेवाय.

अश्नीत, पिबत, पिबत इति यस्यां क्रियायां सा इति–अश्नीत पिबता–निरंतर खाओ, पीओ એવું જે ક્રિયામાં બોલાય તે ક્રિયા अश्नीतपिबता ક્રિયા કહેવાય. एहिरेवाहिरा–રે ! આવ અને રે જા कटं कुरु इति यो वक्ति सः–कुरुकटो वक्ता–સાદડી બનાવો એમ જે બોલે તે માણસ कुरुकट કહેવાય. गतं प्रत्यागतं यस्मिन् कर्मणि तत्–गतप्रत्यागतम्–જેમાં જવું–આવવું થાય તે ક્રિયા. शाकप्रियः पार्थिव–शाकपार्थिवः–જેને શાક પ્રિય છે એવો રાજા. तृतीयो भागः–त्रिभागः–ત્રીજો ભાગ. चञ्च–मांस+पाकः–मांस्पाकः, मांसपाकः–માંસને રાંધવું આ પ્રયોગ જુઓ ૩/૨/૧૧૦. उदक+धिः–उद्+धिः–उदधिः घटः–પાણી ભરેલો ઘડો. જુઓ ૩/૨/૧૦૪ उदकस्य कुम्भः–उदक+कुम्भः–उदकुम्भः, उदककुम्भः–પાણીનો ઘડો જુઓ ૩/૨/૧૦૫. उदकस्य बिन्दुः–उदक+बिन्दुः–उद्+बिन्दु-उदबिन्दुः, उदकबिन्दुः=પાણીનું બિંદુ–ટીપું. જુઓ ૩/૨/૧૦૬. उदक-ઉત્તરપદ–लवणं उदकं यस्य-लवण+उदकः-लवण+उदः–लवणोदः–लवण समुद्र ખારું પાણી જુઓ ૩/૨/૧૦૭ द्वि-द्विधा आपः यस्मिन्-द्वि+अप्-द्वि+ईप्-द्वीपम्–જેમાં બન્ને બાજુએ પાણી છે દ્વીપ–બેટ જુઓ ૩/૨/૧૦૯. अनुगताः आपः यस्मिन्-अनु+अप्-अनु+उप्-अनूपो देशः, अनुपः देश–અનૂપ એટલે જ્યાં પાણી ખૂબ છે એવો છે–પ્રદેશ જુઓ ૩/૨/૧૧૦.

(A) "राजदन्तादिषु" ३।१।१४९। प्राङ्निपातार्हपदस्य परनिपातः। दन्तानां राजा–राजदन्तः।

राजदन्त વગેરે સમાસવાળાં શબ્દોમાં જે શબ્દ પહેલો

આવવાને યોગ નથી તે પણ પડેલો આવે.

दन्तानां राजा-राजादन्तः દાંતોનો રાજા

(B) तत्पुरुषाद् अत्अट् समासान्तौ यथायोगं वक्तव्यौ । "ऋक्पूःपथ्यपोऽत्" ७।३।७६ । राज्ञः पूः-राजपुरम् । मोक्षस्य पन्थाः-मोक्षपथः ।

ऋक्, पूर्, पथि અને अप् શબ્દો જે સમાસને છેડે આવે તે સમાસને अत्-अ સમાંસાંત થાય છે. राज्ञः पूः- (राजपुर्(+अ)-राजपुरम्-રાજાનું નગર અથવા રાજનગર.

मोक्षस्य पन्थाः-(मोक्षपथिन्+अ)-मोक्षपथः- મોક્ષનો માર્ગ.

(C) ब्रह्महस्तिराजपत्न्याद्वर्चसः ७।३।८३ । अत् स्यात् । ब्रह्मवर्चसम् ।

ब्रह्मन्, हस्तिन्, राजन् અને पत्न्य શબ્દો સાથે સમાસ પામેલા वर्चस् શબ્દને अत्-अ-સમાસાંત થાય છે. ब्रह्मणःवर्चः= ब्रह्मवर्चस्+अ=ब्रह्मवर्चसम्- બ્રહ્મતેજ. તા ક. જે જાતનાં તત્પુરૂષ સમાસને સાધવા માટે કોઈ ખાસ વિધાન નથી કર્યું તે જાતનો તત્પુરુષ સમાસ સાધવા સારુ આ ૩/૧/૧૧૬ સૂત્ર છે.

॥ ૫૯ ॥ गोस्तत्पुरुषात् ७।३।१०५

गवान्तात्तत्पुरुषादट् स्यात् । सुरगवी ।

જો તદ્ધિતનો લોપ ન થયો હોય તો તત્પુરુષ સમાસને છેડે આવેલા ગો શબ્દને અટ્ સમાસાંત થાય છે.

सुराणां गौः=सुरगो+अ=सुरगव+ई-सुरगवी-કામધેનુ-ઇચ્છિત દૂધ આપનારી ગાય.

(A) "राजन्सखेः" ७।३।१०६ देवराजः । राजसखः ।

તત્પુરુષ સમાસને છેડે આવેલા राजन् અને सखि શબ્દોને અટ્ સમાસાંત થાય છે.

देवानां राजा=देवराजः-દેવોનો રાજા ઇન્દ્ર. राज्ञः सखी=राजसखि+अ=राजसखः-રાજાનો મિત્ર

॥ ६० ॥ अह्नः ७।३।११६

अस्मादट् । देवाहः । पुण्याहम् ।

તત્પુરુષ સમાસને છેડે આવેલા अहन् શબ્દને अट् સમાસાંત થાય છે.

देवानां+अहः=देवाहः-દેવનો દિવસ. पुण्यं च तदहः=पुण्याहम्=પુણ્યનો દિવસ. પર્વ દિવસ.

(A) "सङ्ख्यातादह्नश्च वा" ७।३।११७ । सङ्ख्यातमहः-सङ्ख्याताह्नः, सङ्ख्याताहः ।

તત્પુરુષ સમાસને પામેલા संख्याताहन् શબ્દને अट् સમાસાંત

थाय छे अने अहन् शब्दने स्थाने विकल्पे अह्न शब्द बोलाय छे.

संख्यातम् अहः = संख्याताहन् + अट् = संख्याताह्नः अथवा संख्याताह-संख्या करेलो दिवस-गणेलो दिवस.

(B) "सर्वा शसङ्ख्याव्ययात्" ७।३।११८ । सर्वाह्णः । पूर्वाह्णः । द्वयेरह्नोर्भवो व्यह्नः पटः । अत्यह्नी कथा ।

तत्पुरुष समासवाळा सर्वाहन् शब्दने तथा अंशवाचक नाम पछी आवेला तत्पुरुष समासवाळा अहन् शब्दने, संख्यावाचक नाम पछी आवेला तत्पुरुष समासवाळा अहन् शब्दने, तथा अव्यय पछी आवेलां तत्पुरुष समासवाळा अहन् शब्दने अट् समासांत थाय छे अने अहन् शब्दने बदले अह्न शब्द बोलाय छे.

सर्व-सर्वम् अहः=सर्वाहन्+अ=सर्वाह्णः (सर्वाह्णः)-बधो दिवस. अंश-पूर्वम् अह्नः अथवा अहः पूर्वम्=पूर्वाहन्+अ=पूर्वाह्णः (पूर्वाह्णः)-दिवसनो पूर्व भाग संख्या-द्वयोः अह्नोःभवःद्वयहन् +अ=द्वयह्नः पटः-बे दिवसमां वणायेलु कापड अथवा कपडुं. अव्यय-अहः अतिक्रान्ता=अत्यहनी कथा-दिवसने वटावीने गयेली कथा-दिवस करतां लांबी कथा.

(C) "सङ्ख्यातैकपुण्यवर्षादीर्घाच्च रात्रेरत्" ७।३।११९ । सङ्ख्यातरात्रः । सर्वरात्रः । अर्धरात्र :

तत्पुरुष समासवाळां संख्यातरात्रि, एकरात्रि, पुण्यरात्रि, वर्षारात्रि अने दीर्घरात्रि, शब्दोने अत् समासांत थाय छे. तथा

तत्पुरुष समासवाळा सर्वरात्रि शब्दने, तत्पुरुष समासवाळा એવા अंशवाची नाम પછી આવેલા रात्रि शब्दने, संख्यावाचीं नाम પછી આવેલા रात्रि शब्दने अने अव्यय પછી આવેલા तत्पुरुष समासवाळा रात्रि शब्दने अत् समासांत थाय छे.

संख्याता रात्रिः = संख्यातरात्रि + अ = संख्यातरात्रः – ગણેલી રાત્રીઓ. सर्वा रात्रिः=सर्वरात्रि+अ=सर्वरात्रः–બધી રાત. अर्धा रात्रिः=अर्धरात्रि+अ–अर्धरात्रः–અડધી રાત અથવા રાત્રી.

॥ ६१ ॥ पुरुषायुष-द्विस्ताव-त्रिस्तावम् ७।३।१२०

एतेऽत्प्रत्यान्तास्तत्पुरुषाः साधवः ।

अथ डसमासान्तं सङ्क्षेपत आह—

क्वचित्तत्पुरुषांत् डः । न दश–अदशाः । क्वचिन्न–किंराजा सुसखा । इति तत्पुरुषः ।

पुरुषायुष, द्विस्ताव अने त्रिस्तावએ ત્રણ શબ્દોને तत्पुरुष समांसमां अत् समासांत थयेल छे.

पुरुषस्य आयुः=पुरुषायुष्+अ=पुरुषायुषम्=पुरुषनुं आयुष्य. द्विः तावती=द्वितान+अ=द्विस्तावीवेदिः=એક પ્રકારની વેદિકા. द्विस्तावती–બે વાર તેટલી त्रिस्तावती–ત્રણ વાર તેટલી. જેટલા વેદી હોય તેના કરતાં બમણી અથવા ત્રમણી વેદિ. न दश=अदशन्+ड=अदशाः –દશ નહીં અર્થાત્ નવ વગેરે. જુઓ ૭/૩/૧૨૩. केषां राजा= किंराजा= કોનો રાજા. અહીં किम् શબ્દ નિંદાઅર્થક નથી તેથી

સમાસાંત થયેા છે. જુએા ૭/૪/૭૦ સુ સખા-સારેા મિત્ર. જુએા ૭/૩/૭૩.

॥ ६२ ॥ विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ३।१।९६

एकार्थं विशेषणवाचि विशेष्यवाचिना समस्यते स तत्पुरुषः कर्मधारयश्च स्यात्। नील च तदुत्पलं च-नीलोत्पलम्। श्वेतगवी। एकार्थमिति किम्? वृद्धस्येोक्षा वृद्धोक्षा।

વિશેષણવાચી નામ, વિશેષ્યવાચી નામ સાથે સમાસ પામે, એ નામેા, જો એક સરખી વિભક્તિવાળાં હેાય તેા તથા અર્થની અપેક્ષાએ પરસ્પર સંબંધવાળાં પણ હેાય તેા આ સમાસ તત્પુરુષ કર્મધારય કહેવાય

नीलं च तत् उत्पलं च=नीलोत्पलम्-नીલું કમળ. वृद्धस्येोक्षा-वृद्धोक्षा-ઘરડાનેા બળદ-અહીં સરખી વિભક્તિએા ન હેાવાથી વિશેષણ વિશેષ્યભાવ જ નથી તેથી આ નિયમ ન લાગે.

॥ ६३ ॥ पूर्वकालैकसर्वजरत्पुरानवकेवलम् ३।१।९७

पूर्वः कालेा यस्य तद्वाचि, एकादीनि चैकार्थानि नाम्ना समस्यन्ते। पूर्वं स्नातः पश्चादनुलिप्तः—स्नातानुलिप्तः। एकशाटीत्यादि।

પૂર્વકાળમાં થનારી ક્રિયાનું સૂચક નામ અને એક, સર્વ, જરત્, પુરાણ, નવ અને કેવલ-એ બધાં નામો, બીજા નામ સાથે સમાસ પામે અને તે તત્પુરુષ કર્મધારય સમાસ કહેવાય.

શરત એટલી કે જે બે નામોનો સમાસ કરવાનો છે તેમની વચ્ચે પરસ્પર સંબંધ હોવો જોઇએ તથા એ બન્ને નામો એક સરખી વિભક્તિ વાળાંપણ હોવા જોઇએ.

પૂર્વકાલ-પૂર્વં સ્નાતઃ પશ્ચાદનુલિપ્તઃ-સ્નાતાનુલિપ્ત-પહેલાં સ્નાન કર્યું પછી લેપ કર્યો. અહીં સ્નાત શબ્દ પૂર્વકાળની ક્રિયાને સૂચવે છે. એક-એકા ચાસૌ શાટી ચ-એકશાટી-એક સાડી.

॥ ૬૪ ॥ निन्द्यं कुत्सनैरपापाद्यैः ३।१।१००

निन्द्यं निन्दाहेतुभिः समस्यते, स समासस्तत्पुरुषसंज्ञः कर्मधारयसंज्ञश्च स्यात् । तार्किकखसूची । अपापाद्यैरिति किम् पापमुनिः । हतविधिः ।

પાપ વગેરે શબ્દોને છોડીને કોઈપણ નિંદનીય નામ, નિંદાના હેતુરૂપ એવા બીજાં નામો સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, શરત એ છે કે સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોવા જોઇએ; તે સમાસ તત્પુરુષ કર્મધારાય કહેવાય.

तार्किकःखसूची-તાર્કિકખસૂચી-તાર્કિક શાસ્ત્ર જાણનારો ખસૂચી

છે. पापः मुनिः–पापमुनिः–પાપી મુનિ हतः विधिः–हतविधिः–ભાગ્ય વગરનો.

આ બન્ને પ્રયોગમાં નિષેધ કરેલાં પાપ વગેરે શબ્દો છે તેથી આ નિયમ ન લાગે.

॥ ६५ ॥ उपमानं सामान्यैः ३।१।१०१

उपमानवाचि उपमानोपमेयसाधारणधर्मवाचिभिः समस्यते, स तत्पुरुषः कर्मधारयश्च स्यात् । शस्त्रीव श्यामा–शस्त्रीश्यामा ।

ઉપમાનવાચી નામ, ઉપમાન અને ઉપમેયમાં જે ગુણ સાધારણ હોય એટલે જે ગુણ બન્નેમાં રહેલો હોય એવા ગુણ-વાચક નામ સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોવા જોઈએ. એ સમાસ तत्पुरुष કર્મધારય કહેવાય

शस्त्री इव श्यामा–शस्त्रीश्यामा-છરી જેવી કાળી.

॥ ६६ ॥ उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ ३।१।१०२

उपमेयवाचि उपमानवाचिभिर्व्याघ्राद्यैः साधारणधर्मानुक्तौ सत्यां समस्यते. स तत्पुरुषः कर्मधारयश्च । पुरुषो

व्याघ्र इव पुरुषव्याघ्रः । साम्योक्तौ तु–पुरुषो व्याघ्र इव शूर इत्यत्र न भवति ।

ઉપમેયવાચી નામ, ઉપમાનવાચી વ્યાઘ્ર આદિ નામો સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો સમાસ પામે, તે તત્પુરુષ–કર્મધારાય કહેવાય. જો અહીં ઉપમાન અને ઉપમેય વચ્ચેના સાધારણ ધર્મનું સૂચન શબ્દ દ્વારા ન થયું હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો.

व्याघ्र इव व्याघ्र,, पुरुषः स चासौ व्याघ्रश्च–पुरुषव्याघ्र –વાઘ જેવો પુરુષ પુરુષવ્યાઘ્રઃ શૂરઃ–વાઘ જેવો પુરુષ શૂરવીર–આવો પ્રયોગ ન થાય કેમકે, અહીં ઉપમાન અને ઉપમેય વચ્ચેનો શૂરતા રૂપ સાધારણ ધર્મ શૂર શબ્દ દ્વારા બતાવ્યો છે. તેથી આ નિયમ ન લાગે.

॥ ६७ ॥ सन्महत्परमोत्तमोत्कृष्टं पूजायाम् ३।१।१०७

पूजायां गम्यायाम् सत् महत् परम उत्तम उत्कृष्ट इति पञ्च पूज्यवाचिभिः समस्यन्ते, स तत्पुरुषः कर्मधारयश्च ।

सत, महत्, परम, उत्तम, उत्कृष्ट આ બધાં નામો, પૂજ્ય વાચી નામ સાથે પરસ્પર અર્થની સંગતતા હોય તો અને પૂજાનો અર્થ જણાતો હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી

વિભક્તિવાળાં હોય તો સમાસ પામે અને તે તત્પુરુષ કર્મધારય સમાસ કહેવાય.

सन् च असौ पुरुषश्च-सत्पुरुषः-सत् પુરુષ. महान् च असौ पुरुषश्च-महापुरुषः-મોટો પુરુષ. परमः च असौ पुरुषश्च-परमपुरुषः-ઉત્તમ પુરુષ उत्तमः च असौ पुरुषश्च-उत्तमपुरुषः-ઉત્તમ પુરુષ उत्कृष्टः च असौ पुरुषश्च-उत्कृष्टपुरुषः-ઉત્કૃષ્ટ પુરુષ.

॥ ६८ ॥ जातीयैकार्थेऽच्वेः ३।२।७०

महतोऽच्व्यन्तस्य जातीयरि प्रत्यये, एकार्थे च पदे परे डाः स्यात् । महाजातीयः । महाराजः ।

જેને च्वि પ્રત્યય લાગ્યો નથી એવા महत् શબ્દને जातीयर् પ્રત્યય લાગેલો હોય અથવા એકાર્થ-સમાન વિભક્તિવાળું ઉત્તરપદ હોય તો महत् નું મહા રૂપ થાય છે-महत् ના अत् ના आ થઈ જાય છે.

जातीय પ્રત્યય महान् पकारः-महत्+जातीय-महत्+आ+जातीयः-महाजातीयः-મોટો પ્રકાર. એકાર્થ महांश्चासौ राजेति-महत्+आ+राजः-महाराजः રાજાનો રાજા-મહારાજા.

॥ ६९ ॥ वृन्दारक-नाग-कुञ्जरैः ३।१।१०८

एभिः सहपूज्यवाचि समस्यते । मुनिवृन्दारकः ।

પૂજ્યવાચી નામ, વૃન્દારક, નાગ અને કુઞ્જર નામો સાથે જો પરસ્પર અર્થની સંગતિ જણાતી હોય તો અને પૂજા–આદર અર્થ જણાતો હોય તો તથા સમાસ પામનારાં નામો સરખી વિભક્તિવાળાં હોય તો સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારાય કહેવાય.

મુનિઃ ચ અસૌ વૃન્દારકશ્ચ-મુનિવૃન્દારકઃ–ઉત્તમ મુનિ–વંદન કરવા અંગે મુનિ.

(A) "किम् क्षेपे" ३।१।११०। समस्यते। क्षेपार्थात्किमः पूजार्थाभ्यां स्वतिभ्यां नञ्तत्पुरुषाच्च यथायोगं समासान्तनिषेधो वक्तव्यः। किंराजा। किंगौः।

किम् એવું નામ, નિંદાવાચી નામ સાથે અને અર્થની સંગતિ તથા સમાન વિભક્તિ હોય તો સમાસ પામે, તે તત્પુરુષ કર્મધારય કહેવાય.

કો રાજા–કિંરાજા–જે પ્રજાની રક્ષા ન કરે એવો કોણ રાજા? કો ગૌઃ-કિંગૌઃ–જે ભારવહન ન કરે એવો કોણ બળદ?

॥ ७० ॥ जात-महद्-वृद्धादुक्षणः कर्मधारयात् ७।३।९५

कर्मधारये एभ्य उक्षणोऽत्स्यात्। जातोक्षः।

કર્મધારય સમાસ પામેલા जातोक्षन्, महोक्षन्, वृद्धोक्षन् નામોને अत् समासांत थाय छे.

जातश्वासौ उक्षा च=जातोक्षन्+अ=जातोक्षः–જન્મેલો બળદ. महोक्षः–મોટો બળદ, वृद्धोक्षः–વૃદ્ધ બળદ.

॥ ७१ ॥ पुंवत्कर्मधारये ३।२।५७

परतः स्त्री अनूङ् स्त्र्येकार्थे उत्तरपदे पुंवत्स्यात्। कल्याणी चासौ प्रिया च–कल्याणप्रिया। इति कर्मधारयः।

વિશેષ્યને લીધે જે નામ સ્ત્રીલિંગી થયેલું હોય એવા ઊङ્ પ્રત્યય વગરના નામનો કર્મધારય સમાસ થયેલો હોય તો અને ઉત્તરપદમાં સમાન વિભક્તિવાળો સ્ત્રીલિંગી શબ્દ હોય તો પૂર્વપદનું સ્ત્રીલિંગી નામ પુંવત્ થઈ જાય છે.

कल्याणी च असौ प्रिया च=कल्याणप्रिया–કલ્યાણી પ્રિયા.

अथ द्विगुः।

॥ ७२ ॥ सङ्ख्या समाहारे च द्विगुश्चानाम्न्ययम् ३।१।९९

सङ्ख्यावाचि परेण नाम्ना समस्यते. संज्ञातद्धितयोर्विषये उत्तरपदे च परे समाहार्थे च, स समासस्तत्पुरुषसंज्ञः कर्मधारयसंज्ञश्च स्यात्। अयमेव चासंज्ञायां द्विगुसंज्ञश्च भवति। सप्तर्षयः। द्वैमातुरः। पञ्चगवधनः। संज्ञादिषु नित्यसमासः। समाहारे तु वाक्यमपि भवति—

સંખ્યા વાચી નામ, બીજા નામ સાથે જો અર્થની સંગતતા હોય તો અને બન્ને નામોની સરખી વિભક્તિ હોય તો સમાસ પામે, તે તત્પુરૂષ કર્મધારય કહેવાય. સમાસ થયા પછી સંજ્ઞાનું સૂચન થતું હોય તો તથા સમાસ કરતી વખતે તદ્ધિત પ્રત્યય લાગવાનો પ્રસંગ હોય તો.

આ જ સમાસ જો સમાહારરૂપ અનેક પદાર્થોના કોઈ અપેક્ષાએ એકત્વરૂપ–અર્થનું સૂચન કરતો હોય તો અને અસંજ્ઞાનું સૂચક કરતો હોય એટલે કોઇનાં વિશેષ નામનું સૂચન ન કરતો હોય તો દ્વિગુસમાસ કહેવાય.

સંખ્યા–सप्त ऋषयः= सप्तर्षयः–સપ્તર્ષિ નક્ષત્ર–વિશેષ નામ છે. તદ્ધિત द्वयोः द्वयोः मात्रोः अपत्यम्=द्वैमातुरः=બે માતાનો છોકરો ઉત્તરપદ–पञ्चगावः धनं यस्य=पञ्चगवधनः–પાંચ ગાયો જેનુ ધન છે.

॥ ७३ ॥ द्विगोः समाहारात् २।४।२२

